# સ્વાધ્યાય

પુસ્તક ૧૨
અંક ૩

અક્ષયતૃતીયા
વિ. સં. ૨૦૩૧



ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં ડૉ. જે. પી. અમીનનો લેખ

આકૃતિ ૨
બ્રહ્મા-સાવિત્રી, રણછોડજીનું મોટું મંદિર, ખંભાત

સ્વાધ્યાય
અને
સંશોધનનું
ત્રૈમાસિક

સંપાદક
અરુણોદય ન. જાની
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા



આકૃતિ ૬

લક્ષ્મીનારાયણ નગરા—ખંભાત

[ ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં ડૉ. જે. પી. અમીનનો લેખ ]

સ્વાધ્યાય

અક્ષયતૃતીયા, વિ. સં. ૨૦૩૧ પુસ્તક ૧૨

મે, ૧૯૭૫ અંક ૩

# નયચંદ્રસૂરિકૃત કુંભકર્ણ વસંતવિલાસ ફાગુ

અમૃતલાલ મોહનલાલ પંડિત

અદ્યાવધિ અપ્રાપ્ય આ ફાગુકાવ્યની એક પ્રતિ, આર્ય શ્રી જંબૂસ્વામિ જૈન મુક્તાબાઈ આગમમંદિરસત્ક—પૂ. આચાર્યશ્રી વિજયરૈવતસૂરિસંગૃહિત—પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયજંબૂસૂરિહસ્તલિખિત ચિદ્રંજનકોશ—ડભોઈ-(ગુજરાત)માં સુરક્ષિત છે. અંતમાં સંવત લખ્યો નથી છતાં લિપિના મરોડ અને પ્રતિના આકાર-પ્રકારના આધારે આ પ્રતિ વિક્રમના સોળમા શતકમાં લખાયેલી છે, એમ કહી શકાય. આની લંબાઈ-પહોળાઈ ૨૭×૯⅞ સેંટીમીટર છે. પત્રસંખ્યા ૬ છે. છઠ્ઠા પાનાની બીજી પૂંઠીની ચોથી પંક્તિમાં પ્રસ્તુત ફાગુકાવ્ય પૂર્ણ થાય છે, ચોથી પંક્તિના અંતમાં અને પાંચમીના પ્રારંભમાં "श्रीवसंतविलासः। कुंभकर्णनृपतेः" આટલો પાઠ લાલ શાહીથી લખેલો છે. લેખકે પુષ્પિકા-પ્રશસ્તિ લખી નથી. ત્રીજા પાનાની પહેલી પૂંઠીમાં અને ચોથા-પાંચમા પાનાની બન્ને પૂંઠીઓમાં ચૌદ પંક્તિઓ છે. પહેલા પાનાની બીજી પૂંઠીમાં, બીજા પાનાની બન્ને પૂંઠીઓમાં, ત્રીજા પાનાની બીજી પૂંઠીમાં અને છઠ્ઠા પાનાની પહેલી પૂંઠીમાં તેર પંક્તિઓ છે. પ્રથમ પાનાની પહેલી પૂંઠીમાં બાર પંક્તિઓ છે. છઠ્ઠા પાનાની બીજી પૂંઠીમાં ચાર પંક્તિઓ ઉપરાંત પાંચમી પંક્તિમાં અગિયાર અક્ષર છે. આમ પ્રતિની એકસો એકાવન પંક્તિઓમાં આ ફાગુકાવ્ય લખાયું છે. લેખકે પ્રત્યેક પત્રની બન્ને પૂંઠીઓના મધ્યભાગમાં ચોરસ રિક્ત ભાગ રાખીને એક પ્રકારનું શોભન બનાવ્યું છે. પ્રથમ ત્રણ પાનાની બન્ને પૂંઠીઓમાં મધ્યની ત્રણ પંક્તિઓમાં રિક્તાક્ષર શોભન છે, અને ચોથા-પાંચમા પાનાની બન્ને પૂંઠીઓમાં અને છઠ્ઠા પાનાની પ્રથમ પૂંઠીમાં મધ્યની ચાર પંક્તિઓ રિક્તાક્ષર શોભન છે. પ્રત્યેક પંક્તિમાં ઓછામાં ઓછા ૪૦ અને વધુમાં વધુ ૪૮ અક્ષર છે. પૂંઠીના મધ્યભાગના રિક્તાક્ષર શોભનમાં આવતી પંક્તિઓમાં પાંચ અથવા છ અક્ષર જેટલો કોરો ભાગ છે. પ્રતિના લેખકના અનવધાનથી કોઈક સ્થળે પાઠ છૂટી પણ ગયો છે.

પ્રતિના અંતમાં પ્રસ્તુત કાવ્યનું નામ कुंभकर्णवसंतविलास જણાવ્યું છે. અને પ્રારંભના સાતમા પદ્યમાં આવેલા 'श्रीकुंभकर्ण क्षितिपाल केरउ कीजइ वसंतोत्सवु तउ नवेरउ' આ અવતરણથી પ્રસ્તુત કાવ્યનું નામ 'कुंभकर्णवसंतोत्सव' કહી શકાય. આમ છતાં અન્ય ફાગુકાવ્યોની રચના-

શૈલી પ્રમાણે જ આ કાવ્યની રચના છે તેથી, અને પ્રારંભના ચૌદમા પદ્યના 'चतुर चतुरवर-कामिनियामिनिपूनिमचंद २, फागु भणिसु जगनाइक नाइक कुंभनरिंद २। આ વિધાનથી પ્રસ્તુત કાવ્યનું 'कुंभकर्णवसंतविलासफागु' નામ સ્પષ્ટ થાય છે.

આ કાવ્યમાં ત્રણ અધિકાર છે. પ્રથમ અધિકારનું નામ नायकवर्णन અને બીજાનું वसंतवर्णन છે. ત્રીજા અધિકારનું નામ જણાવ્યું નથી પણ તેમાં આવતા બે વિશ્રામના આધારે મેં તેનું નામ युवतीजनशृंगार-रतिरसाधिकार કલ્પ્યું છે. ત્રીજા અધિકારના બીજા વિશ્રામ પછી નવ પદ્યો છે. આમાં નવમા પદ્યના અંતમાં ગ્રંથકારે પોતાનું નામ જણાવ્યું છે. પ્રથમ અને દ્વિતીય અધિકારના અંતમાં સંસ્કૃત ભાષામાં એક અનુષ્ટુપ છંદમાં કર્તાએ અધિકાર-સમાપ્તિ અને પોતાનું નામ જણાવ્યું છે. આના ઉપરથી જણાય છે કે કર્તાએ પોતાનો ઓછો-વધતો પરિચય આપીને પ્રશસ્તિ બનાવેલી હોવી જોઈએ જે પ્રસ્તુત પ્રતિના લેખકને ન મળી હોય, એવું સંભવી શકે.

આ ફાગુકાવ્યના પ્રથમ અધિકારમાં આવતા ઐતિહાસિક ઉલ્લેખો અને બીજા તથા ત્રીજા અધિકારમાં આવતાં વસંતઋતુ તથા શૃંગારવર્ણનો તેમ જ કાવ્યની ભાષા અંગેનું વિવેચન તેના વિષયના અધિકારી વિદ્વાનો કરે તે ઇષ્ટ માન્યું છે. આથી કાવ્યનો ટૂંકમાં જ પરિચય આપું છું :—

## પ્રથમ નાયકવર્ણનાધિકાર

### પ્રથમ વિશ્રામ

આ વિશ્રામમાં મંગલ અને અભિધેયનું સૂચન છે. આમાં કુલ સોળ પદ્ય છે. તેમાં પ્રારંભનાં ૭ પદ્ય સંસ્કૃત ભાષામાં છે. સાતમાથી સોળમા સુધીનાં પદ્યની ભાષાને કર્તાએ અપભ્રંશ જણાવી છે.

પહેલા અને બીજા પદ્યમાં ગણેશજીની સ્તુતિ છે.

ત્રીજા પદ્યમાં 'વસંતવિલાસકાવ્ય સૌ કોઈના મનને પ્રમુદિત કરશે' એમ જણાવીને કર્તાએ પ્રસ્તુત રચના માટે પોતાનો સંતોષ વ્યક્ત કર્યો છે.

ચોથા પદ્યમાં તે તે પૂર્વજોના વંશજરૂપે કુંભકર્ણને પ્રાધાન્ય આપીને તેના ચાર પૂર્વજોનાં નામ જણાવ્યાં છે, તે આ પ્રમાણે—૧ હમ્મીરનરેશ, ૨ ખેતક્ષિતિપાલ (ક્ષેત્રસિંહ), ૩ લક્ષમહીપતિ (લક્ષસિંહ), અને ૪ મોકલ-મોકલસિંહ.

પાંચમાથી સોળમા પદ્યમાં પ્રસ્તુત રચનામાં સહાય કરવા માટે સરસ્વતિદેવીને પ્રાર્થનાપૂર્વક વંદન કરીને આ ફાગુકાવ્ય રચવાની પ્રતિજ્ઞા જણાવી છે. અહીં રાષ્ટ્રવીર કુંભકર્ણને, શૂર વીર સુરૂપ જણાવીને 'લખપતિવંશવિભૂષણ' તથા 'મોકલનંદન'રૂપે ઓળખાવ્યો છે.

### દ્વિતીય વિશ્રામ

આમાં અગિયાર પદ્ય છે. પ્રથમ પદ્ય સંસ્કૃત ભાષામાં અને શેષ કર્તાના નિર્દેશ મુજબ અપભ્રંશ ભાષામાં છે.

પ્રથમ પદ્યમાં, ગુજરાત, લાટ અને માલવના કુંભકર્ણને ઉપહાસપૂર્વક વિજયી સૂચવ્યો છે.

શેષ પદ્યોમાં બાહુબળને લક્ષીને કુંભકર્ણને અજોડ વર્ણવીને અનેક દુશ્મનોનો વિજેતા જણાવ્યો છે. અહીં દસમા પદ્યમાં કુંભકર્ણના ભુજબલનો પ્રભાવ સુલતાન ઉપર હતો એમ સૂચવ્યું છે.

## તૃતીય વિશ્રામ

આમાં અગિયાર પદ્ય છે. પ્રથમ પદ્ય સંસ્કૃત ભાષામાં અને શેષ અપભ્રંશ ભાષામાં છે.

પ્રથમ પદ્યમાં કુંભકર્ણને મુસ્લિમ રાજાઓનો વિજેતા જણાવ્યો છે.

બીજાથી અગિયાર સુધીનાં પદ્યોમાં કુંભકર્ણની વીરગાથા આ પ્રમાણે છે—૧. કુંભકર્ણે નાગોરના ખાનને હરાવીને તેની પાસેથી કર લીધો. ૨. ચંપાવતીના રાજાને હરાવીને તેનું અભિમાન મુકાવ્યું. ૩. ખીચીખાનને હરાવ્યો. ૪. મંડલકરનો કિલ્લો જીત્યો અને ૫. મુસ્લિમ શાસકોને હરાવીને તેમનાં સ્થાન હિંદુ રાજાઓને આપ્યાં.

## ચતુર્થ વિશ્રામ

આમાં એકત્રીસ પદ્ય છે. પ્રથમ બે પદ્ય સંસ્કૃત ભાષામાં અને શેષ અપભ્રંશ ભાષામાં છે. કર્તાએ છઠ્ઠા પદ્યની ભાષાને પૈશાચી જણાવી છે; આમાં મુસ્લિમ સ્ત્રીઓએ પોત-પોતાના પતિને કુંભકર્ણ સાથે દોસ્તી કરવા અને કુસ્તી-લડાઈ નહીં કરવા જણાવ્યાનો ભાવ છે.

પ્રથમ પદ્યમાં કુંભકર્ણનો મહમ્મદ ઉપર વિજય જણાવ્યો છે.

ત્રીજાથી પાંચમા તથા સાતમા પદ્યમાં તેમ જ આઠમા પદ્યના પૂર્વાર્ધમાં કુંભકર્ણના પૂર્વજોની વીરગાથા આ પ્રમાણે વર્ણવી છે:

૧. વેત્રવતી (વેડછ નદી) સમીપની લડાઈમાં ક્ષેત્રસિંહે–કુંભકર્ણના પ્રપિતામહે-અમીશાહને હરાવ્યો હતો.

૨. એકલિંગજી સમીપની લડાઈમાં લખપતિ રાણાએ–કુંભકર્ણના પિતામહે દિલાવર-ખાનને જીત્યો હતો.

૩. મોકલસિંહે, કુંભકર્ણના પિતાએ, પીરોજને હરાવ્યો હતો.

આઠમા પદ્યના ઉત્તરાર્ધથી અગિયારમા પદ્ય સુધીમાં કુંભકર્ણનો સારંગપુર તથા કવિલવાધ ઉપરનો વિજય વર્ણવ્યો છે. કવિલવાધના વિજયમાં ઘોડેશ્વારો તથા મુસ્લિમ સ્ત્રીઓનો પણ કબજો લીધો હતો, એમ જણાવ્યું છે.

બારમાથી અઢારમા પદ્યમાં કુમ્ભકર્ણના પૂર્વજ ક્ષેત્રસિંહ, લક્ષસિંહ અને મોકલસિંહના નામનો નિર્દેશ છે.

ઓગણીસમા અને વીસમા પદ્યમાં ક્ષેત્રસિંહ અને લક્ષસિંહની વીરગાથા જણાવી છે.

એકવીસમાથી એકત્રીસ સુધીનાં પદ્યોમાં કુંભકર્ણના સારંગપુરગઢ(માલવા) ઉપરના વિજયનું, યુદ્ધમાં માર્યા ગયેલા પુત્રના શોકથી ‘ મલિક ’ના ઝૂરી ઝૂરીને મરવાનું તથા મુસ્લિમ સ્ત્રીઓના પોકારનું વર્ણન છે. તેમ જ ‘ આઉરુથાણુ ’ અને અન્ય સ્થળોનો વિજય પણ જણાવ્યો છે. અહીં ૨૮મા પદ્યના પૂર્વાધમાં મસ્જિદ બાળ્યાની નોંધ છે તે, મુસ્લિમોએ કરેલા અનેક હિંદુમંદિરોના નાશ સામેની પ્રતિક્રિયાને સૂચવે છે અને ઉત્તરાર્ધમાં ક્ષેત્રસિંહ-કુંભકર્ણના પ્રપિતામહ અને હમ્મીર-ક્ષેત્રસિંહના પિતા—ના નામનો ઉલ્લેખ પણ છે.

પ્રસ્તુત ચોથા વિશ્રામના અંતે સંસ્કૃતભાષામાં એક અનુષ્ટુપ છંદમાં કર્તાએ પોતાનો નામનિર્દેશ કરીને કુંભકર્ણવસંતવિલાસના પ્રથમ અધિકારની સમાપ્તિ સૂચવી છે.

## દ્વિતીય વસંતવર્ણનાધિકાર

આ અધિકારમાં ત્રણ વિશ્રામની ટૂંકી નોંધ આ પ્રમાણે છે :

### પ્રથમ વિશ્રામ :

આમાં ચૌદ પદ્ય છે. પ્રથમ બે પદ્ય સંસ્કૃત ભાષામાં અને શેષ અપભ્રંશ ભાષામાં છે.

પ્રથમ પદ્યમાં વસંતઋતુ અને કુંભકર્ણનો જયવાદ છે.

બીજા પદ્યમાં પ્રિયતમાઓની સાથે વનવિહાર કરવા કુંભકર્ણને ઉત્સાહિત કરવા માટે વસંતઋતુનું આગમન સૂચવ્યું છે.

ત્રીજાથી ચૌદમા સુધીનાં પદ્યોમાં દક્ષિણ દિશાનો પવન, વસંતસમય તથા વિવિધ કુલજાતીય વનસ્પતિઓનું કવિત્વપૂર્ણ વર્ણન કરીને વસંતઋતુનું આગમન જણાવ્યું છે.

### દ્વિતીય વિશ્રામ

આમાં અગિયાર પદ્ય છે. પ્રથમ પદ્ય સંસ્કૃત ભાષામાં અને શેષ અપભ્રંશ ભાષામાં છે.

પ્રથમ પદ્યમાં વસંતઋતુનું પ્રમોદજનકત્વ વર્ણવ્યું છે.

બીજાથી અગિયાર સુધીનાં પદ્યોમાં પ્રફુલ્લિત વિવિધ વનરાજિ, નવયૌવનનારી-વૃંદના વૃક્ષડાળે હિંડોળા, રાસગાન, વિવિધ પુષ્પોનું માદકપણું વગેરેનું વર્ણન કરીને સૂચવ્યું છે કે આ વાતાવરણમાં માનિની સ્ત્રી પોતાનું માન મૂકતી હતી અર્થાત્ મનાવ્યા વિના પોતાના પ્રિયની સમીપ જતી હતી.

### તૃતીય વિશ્રામ

આમાં બાર પદ્ય છે. પ્રથમ સંસ્કૃત ભાષામાં અને શેષ અપભ્રંશ ભાષામાં છે.

પ્રથમ પદ્યમાં, વસંતઋતુ ખિન્ન વિરહિણીને મૃત્યુકારક બને તો તેમાં તે વિરહિણીના પ્રિયતમનો દોષ છે, એમ કવિએ કોકિલના કુહૂકાર દ્વારા જણાવ્યું છે.

શેષ પદ્યોમાં વિવિધ પુષ્પફલજાતીય વનરાજિના વિકસન દ્વારા વસંતઋતુની માદકતા વર્ણવી છે.

અહીં કુંભકર્ણને **પાટમદે-વર** તરીકે ઓળખાવ્યો છે. આથી તેને **પાટમદેવી** નામની રાણી હતી તેમ જાણી શકાય છે.

આ ત્રીજા વિશ્રામના અંતે સંસ્કૃત ભાષામાં એક અનુષ્ટુપ છંદમાં કર્તાએ પોતાનું નામ જણાવીને કુંભકર્ણવસંતવિલાસના દ્વિતીય અધિકારની સમાપ્તિ જણાવી છે.

## [ ? તૃતીય યુવતીજનશૃંગાર–રતિરસાધિકાર ]

આ ત્રીજા અધિકારના બે વિશ્રામની ટૂંકી નોંધ આ પ્રમાણે છે:

### પ્રથમ વિશ્રામ

આમાં નવ પદ્ય છે. પ્રથમ બે સંસ્કૃત ભાષામાં અને શેષ અપભ્રંશ ભાષામાં છે.

પ્રથમ પદ્યમાં કુંભકર્ણને સાક્ષાત્ વસંતઋતુસ્વરૂપે શ્લેષાલંકારથી વર્ણવ્યો છે.

બીજા પદ્યમાં વસંતઋતુને જોઈને વિવિધ આભૂષણો સજવામાં વ્યસ્ત સ્ત્રીઓને વર્ણવી છે.

શેષ પદ્યોમાં રાસરમણ અને પતિ સહ રમણનો નિર્દેશ કરીને સ્ત્રીઓના વિવિધ શૃંગાર આદિનું વર્ણન છે. અહીં ત્રીજા પદ્યમાં નારીવૃંદને કંદર્પસૈન્યની ઉપમા આપી છે.

### દ્વિતીય વિશ્રામ

આમાં દસ પદ્ય છે. પ્રથમ અને તૃતીય પદ્ય સંસ્કૃત ભાષામાં, ત્રીજુ પદ્ય પ્રાકૃત ભાષામાં અને શેષ પદ્યો અપભ્રંશ ભાષામાં છે.

પ્રથમ પદ્યમાં કુંડળરૂપી ચક્ર, વેણીરૂપી કૃપાણ અને નેત્રરૂપી બાણસમૂહ વડે શોભાયમાન નારીગણ વર્ણવ્યો છે.

બીજા પદ્યમાં નારીકટાક્ષનું વર્ણન છે.

ત્રીજા પદ્યમાં કર્ણ અને ભોજ વગેરે રાજાઓએ લાખ સોનામહોરનાં દાન આપ્યાં હતાં તેનો સાક્ષાત્કાર કરવા માટે કુંભકર્ણને જોવાની ભલામણ કરીને કુંભકર્ણને મહાદાની તરીકે વર્ણવ્યો છે.

શેષ પદ્યોમાં કંદર્પબાણપીડિત નારીની, કુંભકર્ણસંગમની અભિલાષા જણાવી છે. અહીં રતિસુખવર્ણન પણ છે.

અંતમાં ત્રીજા અધિકારની સમાપ્તિનું સૂચન નથી.

ઉપર જણાવેલા ત્રીજા અધિકારના બીજા વિશ્રામ પછી દસ પદ્યો છે. તેમાં બીજા પદ્યમાં કુંભકર્ણને છ ઋતુનો ભોક્તા જણાવ્યો છે.

અહીં પ્રથમ પદ્યમાં કુંભકર્ણને **પૂરા** ( ? )ના કાન્ત અને ત્રીજા પદ્યમાં **પાટમદે**ના વર તરીકે ઓળખાવ્યો છે.

ચોથાથી નવમા સુધીનાં પદ્યોમાં નારીવૃંદ અને કુંભકર્ણનું રાસવર્ણન છે.

અંત્ય દસમા પદ્યમાં કર્તાએ પોતાનું નામ સૂચવીને પ્રસ્તુત ફાગુકાવ્યની સમાપ્તિ જણાવી છે.

* * *

અહીં જણાવ્યા પ્રમાણે પહેલા અને બીજા અધિકારના અનુક્રમે ચાર અને ત્રણ વિશ્રામ છે. આ સાતે વિશ્રામની સમાપ્તિ સૂચક સંસ્કૃત ભાષામાં નાની ગદ્ય પુષ્પિકા છે. આ પ્રત્યેક પુષ્પિકામાં કુંભકર્ણને જુદાં જુદાં વિશેષણો આપ્યાં છે તે અનુક્રમે આ પ્રમાણે છે:

૧. **सुभटघटाघटमुद्गर**, ૨. **धीश्वरमहामुद्गरप्रज्वालनप्रलयज्वलन**, ૩. **ज्वलनोपशमनमहाघनाघन**, ૪. **महाघनाघनप्रचण्डपवन**, ૫. **प्रचण्डपवनग्रसनभुजगाधिप**, ૬. **धिपतिमहादर्पसर्पगुरुगरुड**, અને ૭. **धिपतिगरुडनारायण.**

* * *

## રચનાસમય

આ કાવ્યમાં કુંભકર્ણના વિજયો જણાવ્યા છે તેમાં સારંગપુરગઢનો વિજય પણ છે. કુંભકર્ણે સારંગપુરનો વિજય વિ. સં. ૧૪૯૪માં[૧] મેળવ્યો છે. આથી પ્રસ્તુત રચના વિ. સં. ૧૪૯૪ પછી થઈ છે.

અહીં જણાવેલા કુંભકર્ણના વિજયોની ચકાસણી કર્યા પછી આ રચનાનો સમય વિ. સં. ૧૪૯૪ પછી પણ છે કે કેમ? તે કહી શકાય.

## કવિ શ્રી નયચંદ્રસૂરિ

આ ફાગુકાવ્યના કર્તા નયચંદ્રસૂરિએ રચેલા બે ગ્રંથ આજ સુધી મળ્યા છે અને તે પ્રકાશિત પણ થયેલા છે.—૧. હમ્મીરમહાકાવ્ય અને ૨. રંભામંજરીનાટિકા જેનું ખરું નામ રંભામંજરીસટ્ટક છે. હમ્મીરમહાકાવ્ય બે વાર પ્રસિદ્ધ થયું છે: સૌ પ્રથમ સન્ ૧૮૭૯માં શ્રી નીલકંઠ જનાર્દન કીર્તને નામના વિદ્વાને સંપાદિત કર્યું છે અને ત્યાર પછી સન્ ૧૯૬૮માં પુરાતત્ત્વાચાર્ય મુનિ શ્રી જિનવિજયજી દ્વારા સંપાદિત થઈને રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન દ્વારા પ્રકાશિત થયું છે. સન્ ૧૮૮૯માં શ્રી રામચન્દ્ર શાસ્ત્રી દ્વારા સંપાદિત થઈને રંભામંજરીનાટિકા પ્રકાશિત થયેલી છે; સંપાદકે રંભામંજરીનાટિકા નામ આપ્યું છે પણ તેના રચયિતાએ આ રચનાને सट्टक નામથી ઉલ્લેખી છે.[૨]

---

૧ આ અને બીજી કુંભકર્ણ સંબંધિત અનેક પ્રામાણિક હકીકતો માટે જુઓ **उदयपुर राज्य का इतिहास, पहली जिल्द**, મહામહોપાધ્યાય ગૌરીશંકર હીરાચન્દ ઓઝા, પૃ. ૨૭૯ થી ૩૨૪ સુધીમાં આવેલો કુંભકર્ણવૃત્તાન્ત.

૨ "नटः—ता किं पयोजणविसेसं पडिवज्जिय एस सट्टयप्पबंधबंधप्पारं भो ?"

(रंभामञ्जरीनाटिका, पृ. १०)

નયચંદ્રસૂરિની ત્રીજી રચનારૂપે આ ફાગુકાવ્ય પ્રાપ્ત થયું છે.

પ્રસ્તુત નયચંદ્રસૂરિ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયના અનેક ગચ્છો પૈકીના કૃષ્ણર્ષિ ગચ્છની પરંપરામાં થયેલા છે.[૧] તેમના ગુરુનું નામ [૨]પ્રસન્નચંદ્રસૂરિ અને પ્રગુરુનું નામ [૩]જયસિંહસૂરિ હતું. જયસિંહસૂરિએ કુમારપાલચરિત્ર, ન્યાયસારટીકા અને નવા વ્યાકરણની રચના કરી હતી.[૪] નયચંદ્રસૂરિના ગુરુ પ્રસન્નચંદ્રસૂરિનું કવિત્વની દૃષ્ટિએ પાંડિત્ય નહીં હોય આથી જ નયચન્દ્રસૂરિએ પોતે જયસિંહસૂરિના પૌત્ર-પ્રશિષ્ય હોવા છતાં કવિત્વના વારસદાર તરીકે પુત્ર-શિષ્ય છે એમ જણાવ્યું છે.[૫]

નયચન્દ્રસૂરિ પોતાને રાજરંજક તરીકે ઓળખાવે છે.[૬] આ હકીકતની સત્યાર્થતા પણ ત્રણ કાવ્યો જોતાં સ્પષ્ટ થાય છે. વીર, શૃંગાર અને અદ્ભુત રસના વર્ણનથી પ્રાયઃ રાજાઓ રંજિત થાય એ સ્વાભાવિક છે. હમ્મીરમહાકાવ્યમાં આ ત્રણેય રસોને નયચંદ્રસૂરિએ પ્રાધાન્ય આપ્યું[૭] છે. રંભામંજરીનાટિકાગત નાયકવર્ણનમાં વીરરસનો નિર્દેશ કરીને સમગ્ર નાટિકામાં મુખ્યતયા શૃંગારરસ છે.[૮] પ્રસ્તુત ફાગુકાવ્યના પહેલા નાયકવર્ણનાધિકારમાં વીરરસ અને શેષ બે અધિકારોમાં શૃંગારરસ છે. રંભામંજરીનાટિકામાં તો અનેક સ્થળે શૃંગાર-સંભોગસુખનાં વર્ણનોમાં નયચન્દ્રસૂરિએ કોઈ મર્યાદા જ રાખી નથી. હમ્મીરમહાકાવ્યના અંતમાં પ્રશસ્તિમાં નયચન્દ્રસૂરિએ શૃંગારરસવર્ણન અને અપશબ્દપ્રયોગના વિરોધને રદિયો પણ આપ્યો છે.[૯] આથી પ્રો. શ્રી દશરથજી

---

૧ જુઓ हम्मीरमहाकाव्य ( राजस्थानप्राच्यविद्याप्रतिष्ठानद्वारा प्रकाशित ),
पृ. ११८, श्लोक २२.

૨ એજન, શ્લોક ૨૫. અહીં છંદોમેળ માટે प्रसन्नचन्द्रના બદલે प्रसन्नशशभृत શબ્દ મૂક્યો છે.

૩ એજન, શ્લોક ૨૩.

૪ એજન, શ્લોક ૨૪.

૫ એજન, શ્લોક ૨૭.

૬ " छब्भासासुकवित्तजुत्तिकुसलो जो सारदादेवयादिन्नप्पोढवरप्पसायवसओ रायाण जो रंजगो। जो पुव्वाण कईण पंथपहिओ एयस्स जो कारगो विक्खाओ नयचंदणामसुकई णीसेसविज्जाणिही ॥" ( रम्भामञ्जरी, पृ. ८-९ )। " चक्राणं काव्यमेतन्नृपतिततिमुदे चारु वीराङ्करम्यम् "
हम्मीर., पृ. ११८, श्लो. २६ ।

૭ " तद्भ्रूचापलकेलिदोलितमनाः शृङ्गार-वीरा-ऽद्भुतं चक्रे काव्यमिदं हमीरनृपतेर्नव्यं नयेन्दुः कविः ॥" हम्मीर., पृ. १२०, श्लो. ४३ ।

૮ 'अस्यैव जैत्रचन्द्रनाम्नो नरेश्वरस्य नलनृपस्येव धीरललितगुणोत्तरस्य दामोदरस्येव नानावराङ्गनाङ्गभोगपसङ्गरङ्गितानङ्गरससरित्परिस्फुरत्तरङ्गस्य शृङ्गाररससारनिबद्धं प्रबन्धमाविर्भावयन्तस्तेषां रङ्गमुत्पादयितुं प्रभवामः ।' रम्भामञ्जरीनाटिका, पृ. ७-८ ।

૯ જુઓ हम्मीरमहाकाव्य, पृ. ११९-२०, श्लो. ३१-४१ ।

શર્માએ 'રંભામંજરીનાટિકા' અને 'હમ્મીરકાવ્ય'ના કર્તા ભિન્ન હોવા જોઈએ' એમ [1]જણાવ્યું છે તે બરાબર નથી.

નયચંદ્રસૂરિના સમયનિર્ણયના આધાર માટે અહીં જણાવેલાં ત્રણ કાવ્યોના રચયિતા નયચંદ્રસૂરિની અભિન્નતા જાણવી આવશ્યક હોવાથી તેની વિગતો આપું છું :

અહીં પ્રાસંગિક જણાવું છું કે હમ્મીરમહાકાવ્યના ૧૨૧મા પૃષ્ઠમાં નયચન્દ્રસૂરિના સંબંધમાં પ્રતિના લેખક નયહંસમુનિએ લખેલાં જે પદ્યો છે તેનું શીર્ષક '**शिष्यकृता काव्यकर्तृप्रशस्तिः**' આપ્યું છે તે બરાબર નથી. પણ હમ્મીરમહાકાવ્યકાર નયચન્દ્રસૂરિના શિષ્ય જયસિંહસૂરિના શિષ્ય અર્થાત્ હમ્મીરમહાકાવ્યકાર નયચન્દ્રસૂરિના પ્રશિષ્ય નયહંસમુનિએ, રંભામંજરીગત અને બીજાં પદ્યોને લખીને પોતાના પ્રગુરુ નયચન્દ્રસૂરિ પ્રત્યે વિશેષ આદર બનાવ્યો છે. પુરાતત્ત્વાચાર્ય મુનિ શ્રી જિનવિજયજીએ જયસિંહસૂરિશિષ્ય નયહંસમુનિએ લખેલી હમ્મીરમહાકાવ્યની પ્રતિનો સંવત ૧૫૪૨ ન હોવો જોઈએ પણ ૧૪૫૨ હોવો જોઈએ એમ જણાવ્યું છે. અહીં પૂ. મુનિજીએ નયહંસમુનિ જેમના શિષ્ય છે તે જયસિંહસૂરિ અને કુમારપાલચરિત્રકાર જયસિંહસૂરિને અભિન્ન માનીને અનુમાન કર્યું છે. કુમારપાલચરિત્રની રચના વિ. સં. ૧૪૨૨માં થઈ છે તો તેના કર્તાના શિષ્ય નયહંસમુનિ વિ. સં. ૧૫૪૨માં હોય તે અસંભવિત છે. આ રીતે પૂ. મુનિજીનું વિધાન સંગત લાગે. પણ કુમારપાલચરિત્રકાર જયસિંહસૂરિના પ્રશિષ્ય હમ્મીરમહાકાવ્યકાર નયચન્દ્રસૂરિના શિષ્ય પણ જયસિંહસૂરિ થયા છે જેમણે વિ. સં. ૧૫૧૭માં ચન્દ્રપ્રભસ્વામિની ધાતુપ્રતિમાની પ્રતિષ્ઠા કરી[2] હતી. આ વિ. સં. ૧૫૧૭ વાળા જયસિંહસૂરિના શિષ્ય નયહંસમુનિએ વિ. સં. ૧૫૪૨માં હમ્મીરમહાકાવ્યની પ્રતિ લખી હોય તે બરાબર સંગત હકીકત છે.

હમ્મીરમહાકાવ્ય, રંભામંજરીનાટિકા અને કુંભકર્ણ વસંતવિલાસ ફાગુ, આ ત્રણ કાવ્યોમાં આવતાં કોઈક પદ્યોના સામ્યના આધારે ત્રણે કાવ્યોના કર્તા નયચન્દ્રસૂરિની અભિન્નતા માની શકાય છે. આનાં અવતરણો આ પ્રમાણે છે—

पीत्वा श्रीनयचन्द्रवक्त्रकमलाविर्भाविकाव्यामृतं,
को नामामरचन्द्रमेव पुरतः साक्षान्न[3] पश्येद् ध्रुवम् ।
आदावेव भवेदसावमरता चेत् तस्य नो बाधिका,
दुर्वारः पुनरेष धावतुत[4]मां हर्षावलीविभ्रमः ॥

હમ્મીરમહાકાવ્ય, પૃ. ૧૨૦, શ્લો. ૪૬; રંભામંજરીનાટિકા, પૃ. ૯, શ્લો. ૧૫.

વિ. સં. ૧૫૪૨માં હમ્મીરમહાકાવ્યની નકલ લખનાર નયચન્દ્રસૂરિના પ્રશિષ્ય નયહંસમુનિએ નોંધેલા શ્લોકો પૈકીના ત્રણ શ્લોક રંભામંજરીનાટિકાના છે, તે આ પ્રમાણે છે :

---

૧ જુઓ '**हम्मीरमहाकाव्य में ऐतिह्य सामग्री**', પૃ. ૪૮, રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન દ્વારા પ્રકાશિત હમ્મીરમહાકાવ્યગ્રંથમાં.

૨ જુઓ 'જૈન ધાતુપ્રતિમાલેખસંગ્રહ', લેખાંક ૫૨૨.

૩ °**न्न कुर्याद् ध्रुवम्, रम्भामञ्जर्याम्** ।

૪ °**तरां हर्षभ्रमश्चेतसि** ॥ **रम्भामञ्जर्याम्** ।

कार्यात् कारणसंविदं विदधते नैकान्तमुत्सृज्य यत्,
तत् तेषामिव नोऽपि कर्हिचन किं चेतश्च[१]मत्ताचिकीः ।
नैवं चेन्नयचन्द्रसूरि[२]सुकवेर्वाणीं विधायामृतं,
श्रीहर्षे त[३]मथामरं तमपि तत् किं संस्मरेयुर्बुधाः ॥

હમ્મીરમહાકાવ્ય, પૃ. ૧૨૧, શ્લો. ૧; રંભામંજરીનાટિકા, પૃ. ૧૦, શ્લો. ૧૬.

नयचन्द्रकवेः काव्यं रसायनमिहाद्भुतम् ।
[४]सन्तः स्वदन्ते जीवन्ति श्रीहर्षाद्याः कवीश्वराः ॥
लालित्यममरस्येव श्री[५]हर्षस्येव वक्रिमा ।
नयचन्द्रकवेः काव्ये दृष्टं लोकोत्तरं द्वयम् ॥

હમ્મીરમહાકાવ્ય, પૃ. ૧૨૧, શ્લો. ૩-૪; રંભામંજરીનાટિકા, પૃ. ૧૦, શ્લો. ૧૭-૧૮.

વિશેષમાં જણાવવાનું કે હમ્મીરમહાકાવ્યની ગ્રંથકાર પ્રશસ્તિમાં અને રંભામંજરીનાટિકામાં શ્રીહર્ષ અને અમરચન્દ્રનો ઉલ્લેખ અનેક વાર થયો છે. આ હકીકત પણ કર્તાની અભિન્નતાની સૂચક માનવી જોઈએ.

[६]एसो कडक्खाण सुतिक्खभावो दिट्ठो अहो को वि अदिट्ठपुव्वो ।
अमुक्कठाणो वि निरेइ पिट्ठे[७] भित्तूण अम्हाण वि जो हियाइं ॥

રંભામંજરીનાટિકા, પૃ. ૨૬, શ્લો. ૫૦; કુંભકર્ણવસંતવિલાસફાગુ, તૃતીય અધિકાર, દ્વિતીય વિશ્રામ, શ્લો. ૨.

અહીં આ મહત્ત્વના ફાગુકાવ્યનું પ્રકાશન, એ જ મુખ્ય આશય છે તેથી નયનચન્દ્રસૂરિની ત્રણે ય રચનાઓમાં ઋતુ, નાયક, નાયિકા આદિનાં વર્ણનોનું [૮]ભાવસામ્ય અનેક સ્થળે મળવાનો સંભવ હોવા છતાં સમયાભાવને લીધે આપવાના પ્રયત્ન કર્યો નથી.

---

१ °श्चमत्कारकृत् । रम्भामञ्जर्याम् ।
२ °सुगुरोर्वा°, रम्भामञ्जर्याम् ।
३ °थापरं, रम्भामञ्जर्याम् ।
४ सन्तः सुदन्ति जी°, रम्भामञ्जर्याम् ।
५ श्रीहर्षस्यैव हम्मीरमहाकाव्यग्रन्थे ।
६ नारीकडक्खाण કુંભકર્ણવસંતવિલાસ ફાગુ.
७ पिट्ठे लोयाण भित्तूण वि કુંભકર્ણવસંતવિલાસ ફાગુ.
૮ આનું એક ઉદાહરણ નીચે પ્રમાણે છે.

"मयणुद्दीवणमंतं जवइ व वेवंततणुलया एसा ।" રંભામંજરી નાટિકા, પૃ. ૩૭, ગા. ૧૯નું પૂર્વાર્ધ.

"इत्थंतरम्मि मणियं विणिसम्म तिस्सा, पारावएहि चलियं घणपत्तमग्गे ।" રંભામંજરીનાટિકા, પૃ. ૩૭, શ્લો. ૨૦નું પૂર્વાર્ધ.

"पारापत जिम कूजइं धूजइं रहसि रमंत २ ।"

કુંભકર્ણ વસંતવિલાસ ફાગુ, તૃતીય અધિકાર, દ્વિતીય વિશ્રામ, પદ્ય ૭.

અહીં જણાવ્યા પ્રમાણે વિ.સં. ૧૪૯૪ પછી પ્રસ્તુત ફાગુકાવ્યની રચના થઈ છે. તેથી નયચન્દ્રસૂરિનો સત્તાસમય પણ સહજ ભાવે સિદ્ધ થાય છે.

નયચન્દ્રસૂરિના સમયનિર્ણય માટે રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાનદ્વારા પ્રકાશિત હમ્મીરમહાકાવ્યમાં 'હમ્મીરમહાકાવ્ય—એક પર્યાલોચન' શીર્ષકમાં પુરાતત્ત્વાચાર્ય મુનિશ્રી જિનવિજયજીએ તથા તેમને અનુસરીને પ્રો. શ્રી દશરથ શર્મા એમ.એ.; ડી. લિટ્, મહોદયે 'વિ. સં. ૧૪૪૦માં નયચંદ્રસૂરિ પચાસ વર્ષના હશે એવું અનુમાન કર્યું છે. આ અનુમાનમાં મુખ્ય આધાર, જયસિંહસૂરિ (નયચંદ્રસૂરિના પ્રગુરુ)કૃત કુમારપાલચરિત્રની પ્રશસ્તિનો લેવાયો છે. આ પ્રશસ્તિમાં જયસિંહસૂરિએ કુમારપાલચરિત્રનો રચનાસમય વિ. સં. ૧૪૨૨ લખ્યો છે, અને આ ચરિત્રની પ્રથમ નકલ વિદ્વાન શિષ્ય નયચન્દ્રે કરી તેમ જણાવ્યું છે.

અહીં ચોકસાઈથી વિચારતાં એમ તારવી શકાય છે કે જો નયચન્દ્રસૂરિએ વિ. સં. ૧૪૨૨માં કુમારપાલચરિત્રની પ્રથમ નકલ કરી હોય તો તે, ૭૨ વર્ષ બાદ એટલે વિ. સં. ૧૪૯૪ પછી કુંભકર્ણ વસંતવિલાસ ફાગુની રચના કરે તે ઉંમરની દૃષ્ટિએ પણ સંગત નથી લાગતું. કુમારપાલચરિત્રની પ્રથમ નકલ કરનાર નયચન્દ્રની ઓછામાં ઓછી ૧૮ વર્ષની વય કલ્પીએ તો પણ પોતાની ૯૦ વર્ષની ઉંમર પછી આવું વીર-શૃંગારરસપ્રધાન ફાગુકાવ્ય તે રચે એ અસંગત વસ્તુ છે. વળી આ નયચંદ્રસૂરિએ વિ. સં. ૧૫૦૬માં શ્રી શ્રેયાંસનાથ ભગવાનની ધાતુપ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી.[1] આથી અહીં એટલું સ્પષ્ટ થાય છે કે અન્યાન્ય હસ્તલિખિત પ્રાચીન પ્રતિઓમાં અન્વેષણ કર્યા પછી પણ જો કુમારપાલચરિત્રનો રચના સંવત ૧૪૨૨ નક્કી જ થાય તો એમ માનવું જોઈએ કે તેની પ્રથમ નકલ કરનાર નયચંદ્ર અને હમ્મીરમહાકાવ્યાદિના રચયિતા નયચંદ્રસૂરિ ભિન્ન છે. આથી હમ્મીરમહાકાવ્યનો રચનાસમય પૂ. મુનિજી વગેરેએ કલ્પ્યો છે તે કરતાં પછીનો ઠરે.

ઉપર જણાવેલી માહિતી ઉપરથી નયચંદ્રસૂરિનો સત્તાસમય વિક્રમના ૧૫મા શતકના ઉત્તરાર્ધથી ૧૬મા શતકના પૂર્વાર્ધ સુધીનો કલ્પી શકાય છે.

સંસ્કૃતિરક્ષક વીરવર હમ્મીરનૃપના ગુણાનુવાદક નયચન્દ્રસૂરિ પ્રત્યે વિદ્વાન અને વિદ્યાપ્રેમી કુંભકર્ણનો સદ્ભાવ વધે તે સ્વાભાવિક છે. આથી જ નયચન્દ્રસૂરિ અને કુંભકર્ણના પારસ્પરિક ગુણાનુરાગના સંબંધથી પ્રસ્તુત ફાગુકાવ્યની રચના થઈ છે, એમ કહી શકાય.

નયચન્દ્રસૂરિ જૈન આચાર્ય હોવા છતાં રંભામંજરીનાટિકા અને કુંભકર્ણ વસંતવિલાસ ફાગુના મંગલાચરણમાં અજૈન દેવોની સ્તુતિ કરે છે તે, અને સ્વ-પરના આત્મકલ્યાણની પ્રેરણા એ જ મુખ્યતયા જૈન મુનિઓની આચારપરંપરા હોવા છતાં નયચન્દ્રસૂરિની તેથી વિપરીત કાવ્યરચના એક સૂચક સમસ્યા જેવું છે જ. આમાં ય વીરપુરુષોની વીરગાથા ગાવી એ તો એક મુનિ માટે અપવાદરૂપ હોવા છતાં રાષ્ટ્રીય એવં ધાર્મિક સંસ્કૃતિની રક્ષા માટે ઉપયોગી વસ્તુ ગણી શકાય. પણ શૃંગાર અને સંયોગનાં વર્ણનોમાં તો રાજાઓના રંજનની સાથે નયચન્દ્રસૂરિનું રસિક કવિહૃદય જ પ્રતિબિંબિત થાય છે.

---

૧ જુઓ 'જૈન ધાતુપ્રતિમાલેખસંગ્રહ' લેખાંક ૧૦૫.



‘ કુંભકર્ણ વસંતવિલાસ ફાગુ ’ની હસ્તપ્રતનું પૃ. I A



ंचालियाल्हइं बाउ२कुंत करग्रु ।गा विंडु कि हुंडु कि सोव्हइ रा आ २ रमइ हुं रासु २ सि हूं पिण हूं पिणि ना अवतार
म्हा मा ह्इं सुरलोक हं कोकहुं ते रइं विचारा २ सरल नयण वार सुक इं हु कइं नहीय विलासि २ रमइ हूं पिइं
डा णीयराणीय इम आवासि २ जिम हंदा वनि पावसि इरषित ।गा पीयइं इंडु २ का हू शुति म आनंद उनंद उकुं तन
रिंड २ ।। पउफा गुरसमंदि रु चंदरु जगदानंदु २ यमक विवकि आतालइ बोलइ कवि नयचंद्र ।। २ श्री कुं
त छिलात्तः श्रीकुंभकर्णनृपानः ।।

‘કુંભકર્ણ વસંતવિલાસ ફાગુ’ની હસ્તપ્રતનું પૃ. 6 B

श्रीनयचन्द्रसूरिविरचित

# कुंभकर्णवसंतविलासफागु

## [ नायकवर्णनो नाम प्रथमोऽधिकारः ]

### [ प्रथमो विश्रामः ]

देवानामग्रणीर्देवः पायाद् वः **श्रीगणाधिपः** ।
**महेश**मनपेक्ष्यैव चित्रं यं गौर्यजीजनत् ॥ १ ॥

**हेरम्बो** भवतां विभुर्वितनुतां श्रेयःश्रियं श्रायसीं
सिन्दूरप्रकरश्चकास्ति सुतरां यत्कुम्भपीठे लुठन् ।
निर्विघ्नं स्ववशं जगद्रचयता बन्धूकपुष्पोत्करः
क्षिप्तो वार्थमिव स्मरेण सुहृदा नीतो वसन्तर्तुना ॥ २ ॥

श्री**वसन्तविलासो**ऽयं श्रीमत्**कुम्भमहीपतेः** ।
कस्य चित्तद्विरेफस्य सम्मदाय न जायते ? ॥ ३ ॥

श्री**हम्मीरनरेश**वंशकमलासंश्लेशकौतूहली
श्री**खेतक्षितिपाल**विक्रमकथाविश्रामकल्पद्रुमः ।
श्रीम**ल्लक्षमहीपतेः** प्रतिनिधिर्न्यायाम्बुवारांनिधेः
श्रीमन्**मोकलनन्दनो** विजयतां श्री**कुम्भकर्णो** नृपः ॥ ४ ॥

कविहृदयनिवासां शश्वदुद्यद्विलासां **गिर**महमभिवन्द्य प्रार्थये वाग्विलासम् ।
गुणगणमहिमानं **कुम्भनाथ**स्य किञ्चित् प्रथयितुमभितस्तं सोऽपि नेशो गिरीशः ॥५॥

**शारदां** पारदां शास्त्रवारिधेस्तामुपास्महे ।
काव्यस्यापि यया चित्रं सुरसार्थेन सङ्गमः ॥ ६ ॥

अपभ्रंशः —

तूमइ किमइ श्रीकसमीरराणी, आपइ सुधासोदर सार वाणी ।
**श्रीकुंभकर्ण**क्षितिपालकेरउ, कीजइ वसंतोत्सवु तउ नवेरउ ॥ ७ ॥

अथ चैत्रः —

जग सचराचर कविजण जणणी, विहूअपरेरय हंसगयगमणी,
मनि सुमरउ सरसत्ते, [ हरि २ ] ।

दानि करणऊपम अलवेसर, **मोकलनंदन कुंभनरेसर,**
गुण गावउ बहुभत्ते, हरि २ ॥ ८ ॥

अथ सगर्भ छाहुली —

आवउ गावउ श्री**कुंभनरिंदो** २, नयणसुहावउ किरि पूनिमचंदो २ ॥ ९ ॥

अरियण कंपइ भइ थरहर जासु २, कंदरविवरिहिं गिरि करइं निवासो(सु) २ ॥१०॥

अथ अढैया—

शारद हृदय निवास, द्यउ अम्ह वचनविलास २, **कुंभमहीपति** ए दिनकर
दीपति ए, ३ आ ३ ॥ ११ ॥

गाइसु गुणभंडार, **लखपति**कुलशृंगार २, **मोकल**नंदन ए जगदानंदन ए, ३
आ ३ ॥ १२ ॥

अथ फाग —

हरषि हंसवरगामिणि सामिणि हृदय निवास [ २ ] ।
तूसि द्यउ अम्हं **सरसति** सरस ति वचनविलास [ २ ] ॥ १३ ॥

चतुर चतुरवरकामिनियामिनिपूनमचंद २ ।
फागु भणिसु जगनाइक नाइक **कुंभ** नरिंद २ ॥ १४ ॥

सुरतरुसदृश आराधित साधित धर नवषंड २ ।
शरणागतजनपालनलालन दृढभुजदंड २ ॥ १५ ॥

**लषपति**वंशविभूषण दूषणरहितशरीर २ ।
अरिघटघाटविदारण दारुणरणरसधीर २ ॥ १६ ॥

**इति सुभटघटाघटमुद्गरश्रीकुम्भकर्णवसन्तविलासे नायकवर्णने प्रथमो विश्रामः ॥**

[ द्वितीयो विश्रामः ]

गर्जि वर्जय गूर्जरेश ! भुजयोः, कास्मीर ! रे स्मेरतां,
दूरे विस्मर लाट ! पाटवमिदं दातुं कपाटानट ।
रे रे मालव ! मा लवोऽपि भवतो भावी न सम्भाव्यते
प्राप्तः **कुम्भनरेश्वरो** यदधुना युष्मज्जिगीषोन्नृपः ॥ १ ॥

अपभ्रंशः—

दीसइं घणा राय विवेकवंत, सदा सदाचारलसंत संत ।
**श्रीकुंभ**नी ऊपम कउण दीजइ, यन्नाममात्रे रिपुवंश षीजइं ॥ २ ॥

अथ चैत्र—

राय राणा भइ थरहर कंपइ, असपति रियबल सीम न चंपइ,
भुअबलि जसु बलि चंड, हरि २ ।
षूंट षरड सवि परहा त्रास्या, सुयण सगुण नर निकर निवास्या,
धर साधी नवखंड, हरि २ ॥ ३ ॥

अथ छाहुली—

भांजइ ए दुरगम गढ भुअहं पराणि २, जगजणरंज[ण] ए प्रियवचनविनाणि २॥४॥
धारधरालओ जसु करि करवालो २, भागि सोभागिहिं भालु विशालो २ ॥ ५॥

अथ अढैया—

धर साधी नवखंड, गुणगणरयणकरंड २, भीमभुजाबलु ए समरि न कुइ तुल ए,
[३ आ ३] ॥ ६॥
अरियण पडइं पराण, लोपइ कोइ न आण, इकंगि सुहडु भिडए समुहु न कोइ अडए
[३ आ ३] ॥ ७ ॥

[ अथ फाग— ]

गुणगणमणिरतनागर, नागरजनशृंगार २ ।
सहजसुरूप पुरंदर, सुंदर जगदाधार २ ॥ ८ ॥
**श्रीमोकलनृप**नंदन, चंदन जिम जगि सारु २ ।
**कुंभु** जयउ सुकृतागरु, सागरु गुणहं अपारु २ ॥ ९ ॥

भुअबलु जसु जगि वन्नइ, मन्नइ अनु सुरिताणु २ ।
अरियण हणइ प्रतापिहिं, चापिहिं एकु सुजाणु [ २ ] ॥ १० ॥

भइ थरहर नृप कंपइं, चंपइं किमइ न सीम २ ।
ओलग करइं दुवारिहिं, वारिहिं भुअबलभीम [ २ ] ॥ ११ ॥

**इति धीश्वरमहामुद्गरप्रज्वालनप्रलयज्वलनश्रीकुम्भनाथवसन्तविलासे नायकवर्णने द्वितीयो विश्रामः ॥**

[ **तृतीयो विश्रामः** ]

सन्ति क्षोणिभुजः क्षितौ कति न ते ये स्वप्रियाप्रीतये
वाहंवाहमनेकवाहनिवहान् प्रौढिं दृढां तन्वते ।
म्लेच्छातुच्छकिरीटघोटिघटनैर्यो दन्तुरं सत्वरं
युद्धे क्ष्मातलमातनोति स—— **श्रीकुम्भकर्णः** परम् ॥ १ ॥

अथापभ्रंशः —

बइसी सभामंडपि मूछ मोडइं, न बोलतां बोलइं गर्वि थोडइं ।
**श्रीकुंभ**आगइ क्षणमात्रु होई, संग्रामि हुंकारु करइ न कोई ॥ २ ॥

अथ चैत्र —

कर जोडी **नागउरउ षानु,** करु आपइ न करइ अभिमानु,
**चंपावतीय** पुरिंदो २, हरि २ ।
खग्गबलिहिं **मंडलकरु** लीधउ, धरमदुवारु बंभकुलि दीधउ,
धनु धनु **कुंभनरिंदो** २, [ हरि २ ] ॥ ३ ॥

अथ छाहुली —

मेछ महाभड नितु मानइ आण २, गावइ चतुदिसि गुण राय सुजाण २ ॥ ४ ॥
गोवलि माल्हए जिम गोपि गोविंदो २, कोडि जुग प्रतपउ तिम **कुंभनरिंदो** २ ॥५॥

अथ अढैया —

**कुंभकरणु** भूपालु, चउखंडि एकु मुंछालु [ २ ], कुमारी आरणि वर ए
भुअबलि धर धर ए, ३ आ ३ ॥ ६ ॥

दीप-दिपंतरराय, सेवइं अहनिसि पाय २, अगंजितगंजणु ए
गजघटभंजणु ए, ३ आ ३ ॥ ७ ॥

अथ फाग—

देइ दंडु **नागउरउ,** गउरउ मेल्ही **षानु** २ ।
अलप देसु परजालिउ, वालिउ **षीची षानु** २ ॥ ८ ॥

**मंडलकरु** गढु लीधउ, दीधउ धर्मदुवारु २ ।
बांभ वीरु मति चूकइ, मूकइ पउलि पगारु २ ॥ ९ ॥

देस वास गढ आपिय, थापिय हिंदूअ ठाणि २ ।
मेछायण सवि गांजिय, भांजिय छाइणि प्राणि २ ॥ १० ॥

षूंट षरड सवि त्रासिय, वासिय नियकरि देस २ ।
भामणडा भुअदंडहं, चंडहं **कुंभनरेस** २ ॥ ११ ॥

**इति ज्वलनोपशामनमहाघनाघनश्रीकुम्भकर्णवसन्तविलासे नायकवर्णने तृतीयो विश्रामः ॥**

**[ चतुर्थो विश्रामः ]**

सम्प्राप्तो विजयश्रियं स्वकुलजां **श्रीकुम्भनाथ** ! त्वया,
देवोद्वाहयितुं स्वयंवरधृतोत्साहां **महम्मदराट्** ।
एषा म्लेच्छकुलोद्भवेति विमुखोऽस्यां मा स्म भूः कर्हिचित्
स्त्रीरत्नं खलु दुःकुलोपजनितैर्नो दूषणैर्दुष्यति ॥ १ ॥

[ ........ ]फलं भवेदवाप्तं वंशस्य वेद चरितं न भवान् किमस्य ।
दोषोऽथवा न तव कोऽपि पतन्ति कूप( पे ) दीपे स्फुरत्यति करे विलसत्स्वरूपे ॥२॥

अपभ्रंशः—

किसा फलु तइं समाण्या, ए वंशना भुजपराक्रम ए न जाण्या ।
**श्रीषेत्रु वेत्र¹वतिषेत्रिं** तेम जाग्यउ, **गोरी** वली न वलिवा जिम सउणु माग्यउ ॥३॥

---

१ " चित्रउड ईशानपूर्वदिशि अछोडाग्रामे कोस ढूकडुं " इति प्रतौ टिप्पणी ।

**श्रीएकलिंगि** नृपि **लाषइ** घालि घाणइ,
मार्या तुरुष्क ति **दिलावरषानु** जाणइ ।
**पेरोज**नइ कटकि हेलि कहाइ राणा,
ते तूं न जाणइ किसउ प्रकटी अयाणा ॥ ४ ॥

[ ..............................
.............................. ।
.............................. ]
जाणेसही परियउ प्रकटइ सीसु ॥ [ ५ ] ॥

अथवसरप्राप्ता पैशाची—
हमारा मर्दानु सेरु हइ **कुंभु** दुनीनि दारा ।
ए सारिषि तिमिति सलामति कर्दु दोस्ती, मादा न कुन्न दिन दउलति हार्कि कुस्ति॥६॥

अथ चैत्र —
वीरषेत्रि **वेत्र**[1]**वतीय** तीरिं, **अमीसाहि षेंतइं** वड वीरिं, समरि मनाव्यउ हारि, [ हरि २ ] ।
षानु **दिलावरु लखपतिराणइ, एकलिंग**आगलि जगु जाणइ, जितउ जेम पचाहरि, [ हरि २ ] ॥ ७ ॥
**मोकलसिंहु पिरोज** अषाडइ, सीसउ दियउ कलसु कुलि चाडइ, एकु असुर-खयकालो, हरि २ ।
तहं छल-उधरणधीरु वदीतउ, रोडिउ सिंहु समरि जणु सूतउ, **कुंभकरण** भूपालो, हरि २ ॥ ८ ॥
**सारंगपुरि** त्रोडिउ तुरकालो, **कविलवाघु** पहुतउ मूछालो, भागा असुर असार, [ हरि २ ] ।
बाधी लीजइं असपति बीबी, पडइ पुकार चहूदिसि बीबी, राषि राषि किरतार, [ हरि २ ] ॥९॥

---

१ " वेडछनदी " इति प्रतौ टिप्पणी ।

गढपाषलि दीजइ नीसरणी, चडइ सुभट ओकंपइ धरणी, चउदिसि ऊठी झाल,
[ हरि २ ] ।

धड ऊपरि दीसइं धड पडता, सिर वड सेरि रुलइं रडवडता, रुहिरि वहाव्या षाल,
[ हरि २ ] ॥१०॥

कृतजुगि जिसउ तिपुरगढ वीतउ, त्रेता लंका सुण्यउ वदीतउ, द्वापरि जिम कुरुषेत्रि,
[हरि २ ] ।

**मोकलसिंहतणइ** तिम दाषिउ, कुलछलु **कुंभि** भुअहं बलु दाषिउ, **सारंगपुर** वीरषेत्रि, [ हरि २ ] ॥ ११ ॥

अथ छाहुली —

पुहविप्रसीधउ श्री**षेत** नरिंदु २, लषपति **लखराय**कुलि पूनिमचंद्रो( दु ) २ ॥१२॥

**मोकल** कलंकीय रायकेदारो २, **कुंभ**नरेसरु वीरवंशसिंगारो २ ॥ १३ ॥

मयमत गाजइं मयगल सार २, हिसिमिसि हीसइं तुरंग तुषार २ ॥ १४ ॥

नव नव झलकइं सिरि सोवन छात्र २, आगलि नाचइं उछरंगिहिं पात्र २ ॥ १५ ॥

चमर ढलावए **चित्रकूटि** चउवारइ २, प्रबलप्रतापिहिं अरियणचउ वारइ २ ॥ १६॥

सोहइ सोवनि सिंहासनि बइठउ २, सु गिरिसिहरिहिं जणु सुरतरु दीठउ २ ॥१७॥

ओलग आवइं कुलीय छत्रीस २, मेछ करइं स्यउ ए मनि रांकहं रीस २ ॥ १८ ॥

अथ अढैया —

**वेत्रवती** वीरषेति, **अमीसाहि** नृपि **षेति** २, रणरसि जीतउ ए समरि विदीतउ
ए, ३ आ ३ ॥ १९ ॥

वीरपवाडा वीर, **लषपति** साहसधीर २, कहियइं केवडा ए पुहवि न तेवडा ए,
[ ३ आ ३ ] ॥ २० ॥

**मोकल**ना अवदात, वीर उतार्या छात २, गजघट मोडी ए समरि न थोडी
ए, ३ आ ३ ॥ २१ ॥

तिहं छल-उधरणधीरु, सिंहरूपि वड वीरु २, **कुंभु** अतुलु बलु ए दाढा व दल दल
ए, ३ [ आ ३ ] ॥ २२ ॥

**मालवि** पडीय पुकार, धगडि न जाणी सार २, बांधीय तुरकिणि ए दस दस एकि-
णि ए, ३ आ ३ ॥ २३ ॥

**असपति** चूकउ दाइ, हिव करइ षुदाइ षुदाइ २, पडिउ **कुंभ**वसि ए सकइ न
ऊकसि ए, ३ [ आ ३ ] ॥ २४ ॥

पुत्रशोकिं निसिदीसु, झुरि झुरि **मलिक** मुगीसु [ २ ], जमहरि पुहतु ए अतिदुषु
वहतउ ए, ३ आ ३ ॥ २५ ॥

अथ फागु—

**मालवराउ** विगूतउ, गूतउ जसु भडिवाइ २ ।
**सारंगपुरगढ** बीबी बी बी करइ षुदाइ २ ॥ २६ ॥

लगु सहु लीधउ, कीधउ स्यउ सुरताणि २ ।
सूतउ सीहु जगाडिउ, पाडिउ आपु विनाणि २ ॥ २७ ॥

वयर सुरालय वालिय, बालिय अनइ मसीति २ ।
दाषीय **षेत-हमीर**हं, वीरहं अधिकी य रीति २ ॥ २८ ॥

**आऊरुथाणउं** भेलिउ, मेलिउ बांभकुटुंबु २ ।
पाल्हि ना पि न पि ( ? ) डाहइ, डाहइ कियउ विलंबु २ ॥ २९ ॥

जीतउ **षानु मुडाफरु,** डाफरु वाजिउ वाउ २ ।
दुसह जीह असि फणगरु, गुणगरु हिंदूअराउ २ ॥ ३० ॥

**षीमकरणु** गढि जानइ, छानइ करइ न वात २ ।
**मालवदेसु** विभाडइ, पाडइ अरिसिरिछात २ ॥ ३१ ॥

**इति महाघनाघनप्रचण्डपवनश्रीकुम्भकर्णवसन्तविलासे नायक-
वर्णने चतुर्थो विश्रामः** ॥

श्री**वसन्तविलासे**ऽस्मिन् श्रीमत्**कुम्भमहीपतेः** ।
आद्यः पूर्णोऽधिकारोऽयं **नयचन्द्र**कवेः कृतौ ॥ १ ॥

[ वसन्तवर्णनो नाम द्वितीयोऽधिकारः ]

[ प्रथमो विश्रामः ]

जयतु जयतु देवः कामनामाभिरामस्थितिरनु च वसन्तो दीप्यतां दीप्ततेजाः ।
अथ च युवतिचित्तानन्दसन्दोहकारी जयतु भुवनचन्द्रः **कुम्भ**नामा नरेन्द्रः ॥१॥
समागतः श्रीऋतुराज एष परिभ्रमन् षट्पदझंकृतेन ।
समं प्रियाभिर्विपिने विहर्तुं नरेन्द्रमुत्साहयतीव **कुम्भम्** ॥ २ ॥

अपभ्रंशः—

वाय वाइं मलयाचल हूंता, जाणियइं सखि ! वसंत पहूता ।
कोकिला लवइं पंचमरागिं, पिंजर्या वननिकुंज परागिं ॥ ३ ॥

आव्यउ वसंतु विलसंतु सुगंधपूरि, थ्या वस्तु शीतसमयोचित दूरि दूरि ।
जातीलता परिहरइं परहा विकास, मंदाइं पांथवनिता मुखचंद्रहास ॥ ४ ॥

अथ चैत्र—

वाय वाइं दक्षिणदिसि हूंता, श्रीवसंतऋतु पुहवि पहूता, कामिनि मनि सानंद, हरि २ ।
भमइ भ्रमर झंकारव करता, चंपककुसुम पह्ला परिहरता, सेवइ वनसइवृंद, हरि २ ॥५॥

चंपककुस(सु)म मयणदलदीवा, काजल भमइ भ्रमर अतिषीवा, विरहिणि विरहि पतंग, हरि २ ।
बउलसिरी परिमलि जगु मोहइ, तरुणीय करुणीय वेस म सोहइं, केसुअकुसुम सुरंग, हरि २ ॥ ६ ॥

अथ छाहुली—

पुहविहिं सोहए ऋतुराउ वसंतो २, सुरभि समीरण बहु विलसंतो २ ॥ ७ ॥
[1]रुणुझुणु रुणुझुणु भमर करंते २, टहुकारए कोइल मनु हरषि हरंते २ ॥ ८ ॥

अथ अढैया—

दक्षण वायउ वाउ, पुहतु ऋतुतणउ राउ २, विहसिय केवडां ए परिमलि के वडां ए, ३ आ ३ ॥९॥

---

१ ' रुणुझुणणु भमर ' इति प्रतिपाठः ॥

मधुकरनिकर अपार, करइं मधुर झंकार २, श्रवणसुहावणा ए मनमथभावणा ए, ३
आ ३ ॥ १० ॥

अथ फाग--

अह मलयानिलु वहतउ, पुहतउ मासु वसंतु २ ।
विउल बकुलकुल परिमल, कमल विमल विलसंतु २ ॥ ११ ॥

वनि वनि विहसियां केवडां, के वडां परिमलपूरि २ ।
भमरु भुयंगमु संगमु, किमइ न मेल्हइ दूरि २ ॥ १२ ॥

सरवरि विहसिय नलिनी य, अलिनी य मनि सानंद २ ।
वेउल नेउ लहेवि न भमरु भमइ मचकुंद २ ॥ १३ ॥

केसुअडाकलि वांकुडी, आंकुडी जिम विहसंती २ ।
जाणु कि धरणीय रमणीय, ऋतुपति प्रति नहपंति २ ॥ १४ ॥

**इति प्रचण्डपवनग्रमनभुजगाधिपश्रीकुम्भकर्णवसन्तविलासे वसन्तवर्णने प्रथमो विश्रामः ॥**

[ **द्वितीयो विश्रामः** ]

शीतांशुरुज्ज्वलरुचिर्मदनः सतेजा रक्तेक्षणाः कलरवाः पवनः सुगन्धिः ।
विष्वग् वनानि सुमान्यलिनोऽतिमत्ता जाते वसन्तसमये न कथं प्रमोदः ? ॥ १ ॥

अपभ्रंशः --

बांधियइं कुसुमसाख हिंडोला, रागु आलवइं रंगि इंडोला ।
दीप्तकांति शशिमंडलु सोहइ, कामिनीजनतणा मन मोहइ ॥ २ ॥

अथ चैत्र--

आंबामंजरी जिम जिम महकइं, तिम तिम कोइल कलरवि कुहकइ,
मानिनि मेल्हइं मान, [ हरि ] २ ।

कुसुमहं परिमलि मधुकर माचइं, रागवती रसि रागिणि राचइं
विरहिणि सान न वान, हरि २ ॥ ३ ॥

अथ छाहुली——

बांधइं तरुवरि तरुणि हिंडोला २, हिसिमिसि गावइं रागु इंदोला २ ॥ ४ ॥
कमलिणिकमलिहिं भमरु बईठउ २, मुखरसु लेतउ जणु प्रियतमु मीठउ २ ॥ ५ ॥

अथ अढैया—

मनु मोहइ मधुमासु, रंगि रसइं रसि रासु २, नवनवयोवनि ए कामिनि वनि वनि ए, ३ आ ३ ॥ ६ ॥
पाडलपरिमलपूरि, किमइ न मेल्हइ दूरि २, मधुकर मातउ ए जिम प्रिय रातउ ए, ३ आ ३ ॥ ७ ॥

अथ फाग——

पाडलपरिमलु पूरिन, दूरि न भमर भमंति २ ।
कोइल हरषित नियमणि, अंबवणि रंगि रमंति २ ॥ ८ ॥

पूरइ परिमलियालउ, वालउ मनमथआस २ ।
कामिय वरकदलीहर, दीहर करइं निवास २ ॥ ९ ॥

पेषिवि विरहिणि चंपय, संपय कंपु धरंति २ ।
पसरिय सेवति परिमल, सुविमल हियउ हरंति २ ॥ १० ॥

सखि ! प्रियंगुतरुमंजरि, पिंजरियां वनदेश २ ।
मोगरडउ महकारइ, वारइ माननिवेश २ ॥ ११ ॥

**इति धिपतिमहादर्पसर्पगुरुगरुडश्रीकुम्भकर्णवसन्तविलासे वसन्तवर्णने द्वैतीयीको विश्रामः ॥**

**[ तृतीयो विश्रामः ]**

वसन्तप्रारम्भे चिरविरहखिन्ना सहचरी
यदि प्राणान् मुञ्चेत् तदिह वधभागी भवति कः ? ।
अहं वा स्नेहो वा विषमविशिखो वेति विमृशन्
त्वमेवेति व्यक्तं पिककुलकुहूकारमशृणोत् ॥ १ ॥

अपभ्रंशः—

दाडिमी सहजभावि सुरंग, वागुरइं तरुणिनेत्र कुरंग [ २ ] ।
सेवती विकसती जगु वासइ, जाइनउ विरहु भृंगु विमासइ २ ॥ २ ॥

अथ चैत्र—

केतक केतक लहता विहसइं, सेवति सेवंति करता न हसइं, जाती जाती जोइ, हरि २।
वेउल वेउ लहइं रसु रसिया, भमर भमंता वासि जि वसिया, तरतम लहइ न कोइ, हरि २ ॥ ३ ॥
पाडलपरिमल पसर्यां दह दिसि, रमणी य रासु रमइं रसि हिसिमिसि, गावइ रागु वसंतो( त ), हरि २।
कुसुमह परिमल रसभरि पूरा, **पाटमदे-वर** सवि गुणि पूरा, केलि करइ विहसंत, हरि २ ॥ ४ ॥

अथ छाहुली—

जाति विछोहिय सोवनजाती २, तिणि दुषि परिमलि अतिहिं न माती २ ॥ ५ ॥
अह बोलए विहि विहि एह विणासो २, सुंदर सवि गुण नवि सहवासो २ ॥ ६ ॥

अथ अढैया—

सेवत्रडी सुकुमाल, मचकुंद कुंद विसाल २, मरुअडु महमहए दमणउ गहगहए, ३ आ ३ ॥ ७ ॥
बउलसिरी बहकाइ, भमर विसूरइ काइं २, कारणि जाती ए अणरस जाती ए, ३ आ ३ ॥ ८ ॥

अथ फाग—

सहजि सुरंगि य दाडिम, चाडि म करिसउ कोइ २ ।
भमर न जोइसि जाती य, जातीय रंगु न होइ २ ॥ ९ ॥
परिमलिभरि अतिगरुअउ, मरुअउ कहियइ केम २ ।
मानवतीमनदमणउ, दमणउ मातु एम २ ॥ १० ॥
सोहइ सुभर बिजउरिय, मउरिय अतिअभिराम २ ।
रंगि तरंगि य नारिंग, नारि गमइ न विराम २ ॥ ११ ॥
मदभरि भिंभल मधुकर-निकर करइं झंकार २ ।
जाणि कि मनमथ नायक, पायक जयजयकार २ ॥ १२ ॥

**इति धिपतिगरुडनारायणश्रीकुम्भकर्णवसन्तविलासे वसन्तवर्णने तृतीयो विश्रामः ।**

श्री**वसन्तविलासे**ऽस्मिन् श्रीमत्**कुम्भमहीपतेः** ।
द्वैतीयै( यी )कोऽधिकारोऽयं, **नयचन्द्र**कवेः कृतौ ॥ १ ॥

[ ? युवतीजनशृङ्गार-रतिरसवर्णननामा तृतीयोऽधिकारः ]

[ प्रथमो विश्रामः ]

मृगाक्षीणां कामं नयननलिनानन्दजननो
वनीतापव्यापक्षपणनिपुणो जाड्यरहितः ।
अशोकश्रीरुद्धद्विविधसुमनःश्रेणिसुभगो
वसन्तर्तुः साक्षादिव जयति **कुम्भक्षितिपतिः** ॥ १ ॥

इति वसन्तमवेक्ष्य विचिन्त्य वाहवमनङ्गभवं सह वल्लभैः ।
विविधभूषणकङ्कटसङ्ग्रहे निदधते सुतरां सुदृशो मनः ॥ २ ॥

अथापभ्रंशः--

कर्पूर-कुंकुमविलेपनि अंगु ओपइं, शृंगारसोदर नगोदरकंठि रोपइं ।
हारार्द्धहार मणि-मौक्तिकना झमाल, कंदर्पसैन्य जिम-चालइं रंगि बाल ॥ ३ ॥

कलितकमलमाला अर्पती हस्तताला, रमइ रतिरसाला कांतनी सेज बाला ।
विरहिणिमन धूजइं कोकिला रंगि कूजइं, सखि! सुरभि निरीषउ ए सुधाहइं सरीषउ॥४॥

अथ अढैया—

रसि पीयूषसमानु, आव्यउ सुरभिसमानु २, कामबाणवसि ए सेज रमइ रसि ए, ३
आ ३ ॥५ ॥

शृंगारित वर बाल, आपइ सखिकर ताल २, केवडपरिमलि ए के वड परिमिलइ ए,
३ आ ३ ॥ ६ ॥

अथ फाग—

कामरसागरि नागरि, नारि करइं शृंगार २ ।
सइवथडइं सिंदूरिय, पूरिय रेह सुतार २ ॥ ७ ॥

सहजि सुसामलु जूडउ, रूडउ कुसुमि सपूरु २ ।
भालि तिलउ गुण-माणिकि, जाणि कि ऊगिउ सूरु २ ॥ ८ ॥

अंजनि अंजिय नयणुला, हरिणुला मानइ हारि २ ।
नयनकमलमिसि अहनिसि सेवइं जाणु कि नारि २ ॥ ९ ॥

नाकिहि मोति य रोपिय, ओपिय अरहटमाल २ ।
हीरा जिम झलकंतहं, दंतहं कांति झमाल २ ॥ १० ॥

**इति श्रीकुम्भकर्ण० युवतीजनशृंगारवर्णने प्रथमो विश्रामः ॥**

**[ द्वितीयो विश्रामः ]**

श्रवणकुण्डल-वेणि-विलोचनाम्बुजमृजोपधिना सुदृशां गणः ।
स्फुरति चक्र-कृपाण-शरावलीप्रभृतिशस्त्रचयानिव सज्जयन् ॥ १ ॥

नारीकडक्खाण सुतिक्खभावो दिट्ठो अहो को वि अदिट्ठपुव्वो ।
अमुक्कठाणो वि निरेइ पिट्ठे लोआण भित्तूण वि जो हियाइं ॥ २ ॥

एकैकोचितदत्तलक्षकनकाः श्री**कर्ण-भोजा**दयो
यत् प्रोक्ताः कविधर्म एष तदिदं किं वाप्तजसं वचः ।
आक्षिप्ता इति सूरयोऽन्त्रहमपि प्राहुर्विकल्पैर्वृथा
किं प्रेक्षध्वमिहैकवेलमपि रे ! श्री**कुम्भकर्ण** नृपम् ॥ ३ ॥

[ अथापभ्रंशः— ]

कंदर्पनइ शायकि एक पीडि, वांछइ न कर्पूरु न पानबीडी ।
न गीत नृत्यादिक चित्ति लागइ, श्री**कुंभनउ** संगमु एकु मागइ ॥ ४ ॥

[ अथ अढैया – ]

कामिणि करइ विलास, पूरइ मनमथआस २, **कुंभ** नरेसरु ए अतिअलवेसरु ए, ३
आ ३ ॥ ५ ॥

मनि हूअउ परमानंदु, मिलियउ गोपि गोविंदु २, सोहगसुंदरु ए भोगपुरंदरु ए, ३
आ ३ ॥ ६ ॥

अथ फाग—

पारापत जिम कूजइं, धूजइं रहसि रमंत २ ।
सम-रत-रसभरपुलकित, सचकित नयन भ्रमंत २ ॥ ७ ॥

कुसुमसेज सुहिलाली य, वाली य प्रकटइं कामु २ ।
**कुंभनाथ** रससागर, नागरविधि अभिरामु २ ॥ ८ ॥
इकि तरुणी मदनातुर, कातर अतिरतिरंग २ ।
सेवइं वेणुविदारित, वारित मानतरंग २ ॥ ९ ॥
पंकजमुखि धृतपंकज, संक ज मनि न धरंति २ ।
प्रियतमप्रेमरसागलि, आगलि सेज सरंति २ ॥ १० ॥

**इति श्रीकुम्भ० रतिरसवर्णने द्वितीयो विश्रामः ॥**

**पूरा**तणउ कांतु विवेकि रूडउ, सौभाग्यु घइ मस्तकि केस जूडउ ।
संगीतसंकेत विशेष जाणइ, श्री**कुंभु** राजा रितुभोगु माणइ ॥ १ ॥

अथ अढैया—

माणइ छह रितु भोग, सरस सगुण संयोग २, **पाटमदे-वरु** ए कान्हड्ड घउ वरु ए, ३ आ ३ ॥ २ ॥
सोहगसुंदर देह, लीलाल्सित सनेह २, अतिरतिराती ए ऊतिमजाती ए, ३ आ ३ ॥३॥

अथ फाग—

किवि हीडोलइ हीचइं, सीचइं किवि प्रियअंगु २ ।
किवि रसणावलि षांचइं, वांचइ किवि छलसंगु २ ॥ ४ ॥
तरलनयणि किवि चंचलि, अंचलि घालइ वाउ २ ।
**कुंभकरणु** गोविंदु कि, इंदु कि सोहइ राउ २ ॥ ५ ॥
रमइ राउ रसि रूपिण, रूपिणिना अवतार २ ।
मनु मोहइं सुरलोकहं, कोकहं करइं विचार २ ॥ ६ ॥
सरलनयणसर मूकइं, चूकइं नहि य विलासि २ ।
रमइ रूपि इंद्राणी य, राणी य इम आवासि २ ॥ ७ ॥
जिम वृंदावनि पावनि, हरषित गोपीय वृंदु २ ।
कान्हड्ड तिम आनंदउ, नंदउ **कुंभ** नरिंदु २ ॥ ८ ॥
एउ फागु रसमंदिरु, सुंदरु जगदानंदु २ ।
यमकविवेकि अतोलइ, बोलइ कवि **नयचंदु** २ ॥ ९ ॥

**॥ श्रीवसन्तविलासः कुम्भकर्णनृपतेः ॥**

---

# ગુરુ શ્રીકૃષ્ણ

ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

[ સ્વાધ્યાય, પુ. ૧૨ અંક ૨ પૃ. ૧૬૧ થી ચાલુ )

શ્રીકૃષ્ણના પ્રવચનથી પ્રસન્ન થઈ ગયેલા અર્જુને પુનઃ પૂછ્યું: 'ભગવન્! બ્રહ્મ કે જે પરમ જ્ઞેય છે, તેને વિશે મને હજુ પણ ખૂબ સમજાવો. આપના પ્રસાદથી મારી બુદ્ધિ સૂક્ષ્મ વિષયોમાં રમણ કરે છે.' (૧૪-૩૫-૧)

એટલે શ્રીકૃષ્ણે જેને સમાધિપૂર્વક સાંભળીને અનુષ્ઠાન કરવાથી મોક્ષ મળે જ (મોક્ષસંયુક્ત) એવો ગુરુ અને શિષ્યનો સંવાદ કહેવાનો આરંભ કર્યો:

'કોઈ એક કઠિન વ્રતધારી બ્રહ્મવેત્તા આચાર્યને એમના મેધાવી શિષ્યે પૂછ્યું: 'શ્રેયનું સ્વરૂપ શું છે? હું નિઃશ્રેયસ (અનુત્તમ કલ્યાણ) પ્રાપ્ત કરવા તત્પર છું. આપ પૂજ્યશ્રીને શરણે આવ્યો છું, અને આપને પ્રણામ કરીને પ્રાર્થું છું કે મારી શંકાઓનું સમાધાન કરી આપો.' ગુરુએ પ્રશ્ન કરવાની અનુજ્ઞા આપતાં ગુરુવત્સલ શિષ્યે વિનયપૂર્વક પ્રશ્ન કર્યો: 'હું, તમે અને સ્થાવર-જંગમ ભૂતો ક્યાંથી જન્મ્યાં? પ્રાણીઓ કોના આધારે જીવે છે અને તેમના આયુષ્યનું પરિમાણ શું છે? સત્ય શું? તપ શું? તથા કયા ગુણોને સજ્જનો વર્ણવે છે? કયા પંથો સુખકારક છે? સુખ શું? દુષ્કર્મ શું? વિપ્રર્ષિ! ભગવન્! આ પ્રશ્નોનો તત્ત્વતઃ યથાતથ ઉત્તર આપવા માટે આપ સુયોગ્ય છો.' [૧૪-૩૫-૧ થી ૯. સર૦ 'શ્વેતાશ્વેતર'ના પ્રારંભે (૧-૧) આવતી પ્રશ્નાવલિઃ 'ॐ બ્રહ્મવાદીઓ (વેદવાદીઓ) કહે છેઃ જગતનું કારણ બ્રહ્મ કેવું છે? આપણે શામાંથી ઉત્પન્ન થયા છીએ? આપણી સંપ્રતિષ્ઠા (પાયો) શું છે? અને હે બ્રહ્મવેત્તાઓ! કોના દ્વારા અધિષ્ઠિત થઈને (કોના શાસનમાં રહીને) આપણે સુખદુઃખરૂપ વ્યવસ્થા (સંસાર-યાત્રા)નું અનુસરણ કરીએ છીએ?']

મેધાવી અને વ્રતધારી ગુરુએ આ સર્વગુણસંપન્ન, શાન્ત, બ્રહ્મચારી અને ગુરુવર્તી શિષ્યને પ્રશ્નોના સમ્યગ્ ઉત્તર આપવા માટે બ્રહ્માજી અને વૃદ્ધ આઙ્ગિરસ ઋષિની આગેવાની નીચે બૃહસ્પતિ, ભરદ્વાજ, ગૌતમ, ભાર્ગવ, વસિષ્ઠ, કાશ્યપ, વિશ્વામિત્ર તથા અત્રિ એ ઋષિઓ—કે જે સૌ જુદા જુદા માર્ગોએ સાધના કરી કરીને પોતાનાં કર્મોથી અત્યંત થાકી ગયા હતા—વચ્ચેનો સંવાદ કહ્યો.[૨૪] (૧૪-૩૫-૧૦ થી ૨૧).

---

૨૪ मार्गान्सर्वान्परिक्रम्य परिश्रान्ताः स्वकर्मभिः ॥ ૧૪-૩૫-૧૬ ગદ્ય

આ ભિન્નભિન્ન માર્ગો તે, આસક્તિ પ્રચુર, લાલચુ સાધનામાર્ગો. એ 'ધાર્મિક' અંચળો ઓઢતા પણ હોય કે નયે ઓઢતા હોય.

સર૦ ગીતાવર્ણિત કર્મકાંડીઓની ગતિ:

બ્રહ્માજીએ મુનિઓને સમજાવ્યું : 'સ્થાવર-જંગમ પ્રાણીઓ સત્યથી જન્મ્યાં છે અને તપના આધારે જીવે છે.[૨૫] તેથી તો નિત્ય (બ્રહ્મ-)યોગપરાયણ વિપ્રો ક્રોધ-સંતાપ છોડી દઈ, જિતેન્દ્રિય અને ધર્મનિષ્ઠ બની સત્યનો આશ્રય લે છે. પૂર્વકાળના મનીષીઓ આ બ્રહ્મપ્રાપ્તિના નિશ્ચિત અને મંગલકારી કલ્યાણમય માર્ગે ગયા છે...જે ધીર સર્વની ઉત્પત્તિ અને લય યથાતથ જાણે છે તે કદાપિ મોહ પામતો નથી. એનાં પાપ ધોવાઈ જાય છે, બન્ધન તૂટે છે અને સર્વ નિર્મળ લોકોનાં સુખ ભોગવે છે'. ('આશ્વમેધિકપર્વ' અ. ૩૫)

ત્યારબાદ તમસ્, રજસ્ અને સત્ત્વ એ ત્રણ ગુણના વર્ણનમાં પ્રથમ તમોગુણનું નિદર્શન કરાવતાં બ્રહ્માજી બોલ્યા : '...કામનાઓમાં અભિષ્વઙ્ગ—ઊંડી આસક્તિ તે મહામોહ. સુખની કામનાવાળા ઋષિઓ, મુનિઓ અને દેવો સુદ્ધાં એમાં મોહિત થઈ ફસાઈ જાય છે.' (બીજાઓ તો ફસાય એમાં શી નવાઈ ?) તમસ્, મોહ, મહામોહ, ક્રોધરૂપી તામિસ્ર અને મૃત્યુરૂપ અન્ધતામિસ્ર એ પાંચ તમોગુણનાં સ્વરૂપ છે.[૨૬] તમસ્‌ના આ ગુણોનો જ્ઞાતા મનુષ્ય તેમની પકડમાંથી સદા

---

'ત્રૈવિદ્યો—ત્રણે વેદનાં કર્મ કરનારા, સોમરસ પીને નિષ્પાપ થયેલા મનુષ્યો યજ્ઞોથી મારું યજન કરીને સ્વર્ગ માગે છે. તેઓ પવિત્ર દેવલોકને પામીને સ્વર્ગમાં અનેક દિવ્ય દેવયોગ્ય ભોગો ભોગવે છે. પછી તે વિશાળ સ્વર્ગલોકને ભોગવ્યા પછી, પુણ્ય ક્ષીણ થતાં મૃત્યુલોકમાં પ્રવેશે છે. આમ ત્રણે વેદનાં કર્મ કરનારા અને ફળના લાલચુઓ આવન-જાવનના (સ્વર્ગથી મૃત્યુલોક અને મૃત્યુલોકથી સ્વર્ગના, જન્મમરણના) ફેરા ફર્યા કરે છે.' (ગીતા ૯-૨૦, ૨૧)

વળી જુઓ 'મુણ્ડકોપનિષદ્' ૧-૨-૭ થી ૧૦

૨૫ सत्याद्भूतानि जातानि स्थावराणि चराणि च ।

तपसा तानि जीवन्ति इति तद्वित्त सुव्रताः ॥ १४-३५-२२

સર૦ 'મુણ્ડકોપનિષદ્'નું પ્રથમ અને દ્વિતીય મુણ્ડક.

૨૬ तमो मोहो महामोहस्तामिस्रः क्रोधसंज्ञितः ।

मरणं त्वन्धतामिस्रं तामिस्रं क्रोध उच्यते ॥ १४-३६-३३

જુઓ 'સાંખ્યકારિકા' ૪૮

भेदस्तमसोऽष्टविधो मोहस्य च दशविधो महामोहः ।

तामिस्रोऽष्टादशधा तथा भवन्त्यन्ध तामिस्रः ॥

(૪૭મી કારિકામાં કહેલ પાંચ વિપર્યયનાં નામ: તમસ્, મોહ, મહામોહ, તામિસ્ર અને અન્ધતામિસ્ર.); તમસ્‌ના આઠ ભેદ છે (પ્રધાન, મહત્, અહંકાર અને પંચતન્માત્રા એ આઠમાં આત્મબુદ્ધિ તે તમસ્); મોહના પણ આઠ ભેદ છે (અણિમાદિ આઠ સિદ્ધિઓમાં અસ્મિતા તે મોહ); મહામોહના દશ (પાંચ વિષયો : દિવ્ય તેમ જ અદિવ્ય પ્રકારના હોઇ કુલ દશ: તેમાં રાગ તે મહામોહ); તામિસ્રના અઢાર (ઉપર્યુક્ત મોહ અને મહામોહના આઠ+દશ=અઢારના સંઘર્ષથી જે દ્વેષબુદ્ધિ ઉદ્‌ભવે તે તામિસ્ર) અને અન્ધતામિસ્રના અઢાર ભેદ છે (ઉપર્યુક્ત અઢારેથી 'સુખ' મળે છે તે નષ્ટ થવાનો ડર તે અન્ધતામિસ્ર).

સાથે દ્રષ્ટવ્ય, કારિકા ૪૭, ૪૯ થી ૫૧.

'યોગદર્શન'માં આ પાંચ વિપર્યયને ક્લેશ સંજ્ઞા આપેલી છે :

अविद्यास्मितारागद्वेषाभिनिवेशाः क्लेशाः ॥ 'યોગસૂત્ર' ૨-૩

અવિદ્યા (તમસ્), અસ્મિતા (મોહ), રાગ (મહામોહ), દ્વેષ (તામિસ્ર), અને અભિનિવેશ (અન્ધતામિસ્ર) એ પાંચ ક્લેશ છે.

આ સાથે 'યોગસૂત્ર' ૨-૪ થી ૧૩ પણ દ્રષ્ટવ્ય.

મુક્ત રહે છે.' ('આશ્વમેધિકપર્વ' અ. ૩૬) એ પછી 'વ્યવહારકુશળતા' સહિત તીવ્ર મમત્વભાવને લીધે થતા કામનિક 'ગુણ-દોષ'ના સમુચ્ચયરૂપ રજોગુણનું વર્ણન કરી બ્રહ્માજી પુનઃ બોલ્યાઃ 'રજસ્‌ના આ ગુણોનો જ્ઞાતા મનુષ્ય તેની પકડમાંથી મુક્ત રહે છે.' ('આશ્વમેધિકપર્વ' અ. ૩૭) ત્યારબાદ પ્રાણીમાત્રનું હિત કરનારા, સત્પુરુષોના ધર્મરૂપ અનિન્દિત સત્ત્વગુણને વર્ણવતાં પિતામહે કહ્યું: 'આનન્દ, પ્રીતિ, ઉન્નતિ, પ્રકાશ, સુખ, ઔદાર્ય, ક્ષમા, સત્ય, અહિંસા, શૌચ, દક્ષતા ઇ.; જ્ઞાન-ચારિત્ર્ય-સેવા-શ્રમ-દાન-યજ્ઞ-અધ્યયન-વ્રત-પ્રતિગ્રહ-ધર્મ-તપ એ સૌ (જો કામનિકતાથી દૂષિત હોય તો) વ્યર્થ છે એવી સમજણ (તેથી અત્યંત સમતાપૂર્ણ, લોકસંગ્રહી વર્તન હોય); નિર્મમતા, નમ્રતા, નિરાશા (ભગ્નાશા ન હોતાં કામનાત્યાગ, સ્વાર્થત્યાગ), સર્વત્ર સમત્વ, વિશ્વાસ, હ્રી, તિતિક્ષા, આનૃશંસ્ય, અતંદ્રા, દયા, અપૈશુન, શુભબુદ્ધિ, બ્રહ્મચર્ય ઇત્યાદિ; આ ગુણોને આચારમાં ઉતારનારા, સત્ત્વગુણનો આશ્રય કરનારા બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણો (અર્થાત્ બ્રહ્મવેત્તાઓ) ધીર અને સાધુદર્શી (તત્ત્વદર્શી) કહેવાય છે. તેઓ નિઃશોક, અજર, અમર બની 'સ્વર્ગ' (તૃષ્ણાતુરોનું સ્વર્ગ નહિ પણ આપ્તકામત્વથી આવતું સ્વર્ગ) પામે છે. રિદ્ધિસિદ્ધિના પ્રવર્તક બને છે. (સંકલ્પસિદ્ધ હોઈ) ઇચ્છે તે સર્વ પ્રાપ્ત કરે છે અને વહેંચે છે. **સત્ત્વના આ ગુણોનો જ્ઞાતા નર (પ્રકૃતિના સર્વ) ગુણોને સદા ભોગવે છે પણ ગુણોથી ભોગવાતો નથી. नरस्तु यो वेद गुणानिमान्सदा गुणान्स भुङ्क्ते न गुणैः स भुज्यते ॥**[૨૭] ('આશ્વમેધિકપર્વ' અ. ૩૮; અધ્યાય ૩૬ થી ૩૮ સાથે જુઓ ભગવદ્‌ગીતા અ. ૧૪ 'ગુણત્રયવિભાગયોગ' અને અ. ૧૬ 'દૈવાસુરસંપદ્‌વિભાગયોગ.')

'આ ત્રણે ગુણોનું પૃથક્ પૃથક્ વર્ણન કરવું અશક્ય છે. એ ત્રણે પરસ્પર જોડાયેલા છે, પરસ્પરના કાર્ય ઉપર જીવે છે, પરસ્પરના આધારવાળા છે અને અન્યોન્યને અનુસરે છે. જેમ કે સૂર્યોદય પછી દુષ્ટ ચોર લોકો બીએ છે અને પ્રવાસીઓને તડકાથી પરિતાપ થાય છે. આમાં સૂર્ય સત્ત્વ ગુણ, સંતાપ રજસ્ અને ચોર લોકો તમોગુણ છે. આ ત્રણ ગુણો અવ્યક્ત (પ્રકૃતિ) કહેવાય છે. તેનાં ભિન્ન ભિન્ન નામ: તમસ્, અવ્યક્ત, શિવ (= કલ્યાણકર. કારણ કે જે એનો વિવેક કરે છે તેને મુક્તિપ્રદ છે. જુઓ 'સાંખ્યકારિકા' ૫૬ અને આગળ), નિત્ય, અજ, યોનિ, સનાતન, પ્રકૃતિ, વિકાર ('સાંખ્યકારિકા' ૩ માં પ્રકૃતિને 'અવિકૃતિ' અર્થાત્ કશામાંથી ઉત્પન્ન નહિ થતી કહી છે. અહીં એને 'વિકાર' અર્થાત્ વિકૃતિ કહી છે, એટલે એમ સમજાય છે કે એમાંથી વિકૃતિમાત્ર ઉદ્‌ભવે છે.), પ્રલય, પ્રધાન, પ્રભવ, અપ્યય (વિલય), અનુદ્રિક્ત (અવિકસિત), અનૂન (અન્યૂન), અકમ્પ, અચલ, ધ્રુવ, સત્ અને અસત્. જે અધ્યાત્મ-ચિન્તકો અવ્યક્તનાં આ નામ, ત્રણ ગુણો અને કેવળ ગતિઓને (નિર્મળ ગતિઓને) તત્ત્વતઃ જાણે છે તે દેહથી (દેહાભિમાનથી) મુક્ત થઈ, પ્રવિભાગવેત્તા બની સર્વ ગુણોથી મુક્ત નિરામય બને છે.' ('આશ્વમેધિકપર્વ' અ. ૩૯)

---

૨૭ જુઓ ભગવદ્‌ગીતા ૧૪-૨ (૬-૩૬-૨):

**इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः ।**
**सर्गेऽपि नोपजायन्ते प्रलये न व्यथन्ति च ॥**

આ જ્ઞાનનો આશ્રય લઈને જેઓ મારા સાધર્મ્યને (ભાવને) પામ્યા છે તેઓ ઉત્પત્તિકાળે જન્મતા નથી અને પ્રલયકાળે વ્યથિત થતા નથી.

હવે મહત્તત્ત્વ ('મહાન આત્મા') વિશે કથન કરતાં બ્રહ્માજી બોલ્યા: 'એ મહાન આત્માને મતિ, વિષ્ણુ, વિશ્વ, શંભુ, વીર્યવાન, બુદ્ધિ, પ્રજ્ઞા, ઉપલબ્ધિ, ખ્યાતિ, ધૃતિ, સ્મૃતિ વગેરે નામોથી ઓળખવામાં આવે છે. એને જાણનાર વિદ્વાન પ્રમૂઢ બનતો નથી. સર્વ તરફ હાથ, પગ, આંખો, મોં, કાનવાળો અને સર્વ વ્યાપક (જુઓ ગીતા ૧૩-૧૩ ઇ.) એવો એ મહાપ્રભાવશાળી પુરુષ દરેકના હૃદયમાં રહેલો છે. જિતેન્દ્રિય, નિર્લોભી, મન્યુરહિત, પ્રસન્ન મનવાળા, ધીર, નિર્મમ, નમ્ર જ્ઞાનીઓ (સાધનાને અંતે ત્રણે ગુણોથી) વિમુક્ત થઈને એ મહતતત્ત્વને પામે છે. આવો ધીર ક્યાંય મોહ પામતો નથી....

'જે બુદ્ધિશાળી પુરુષ (હૃદયરૂપી) ગુફામાં સૂતેલા, સર્વના પ્રભુ, પુરાણ પુરુષ, વિશ્વરૂપ, હિરણ્મય (હિતકર અને રમણીય) બુદ્ધિમાનોની પરમ ગતિને (પરમાત્માને) જાણે છે, તે બુદ્ધિને (મહત્તત્ત્વને) ઉલ્લંઘીને ('સ્વ'માં) સ્થિતિ કરે છે—સ્વસ્થ થાય છે.' ('આશ્વમેધિકપર્વ' અ. ૪૦)

એ પછી બ્રહ્માએ અહંકાર વિશે વિવરણ કર્યું. અહંકારથી પ્રજાઓની ઉત્પત્તિ થઈ છે માટે તે 'પ્રજાપતિ' કહેવાય છે, એ કહ્યું ('આશ્વમેધિકપર્વ' અ. ૪૧). ત્યારપછી મહાભૂતો અને તેમાંથી ઉત્પન્ન થતી સૃષ્ટિનું વિવરણ કરી અધિભૂત, અધિદૈવ અને અધ્યાત્મનું નિરૂપણ કરી, દેહને 'મોહ' નામના દુસ્તર—અગાધ મહાસાગરસમા ભયાનક સર્વસંહારકારી 'કાલચક્ર'ની ઉપમા આપી, મન અને ઇન્દ્રિયોના નિરોધ દ્વારા કામ, ક્રોધ, ભય, લોભ, અભિદ્રોહ અને અનૃતનો ત્યાગ કરી એ કરાળ કાળચક્રની પકડમાંથી છૂટવા અનુરોધ કર્યો; અને એમ સર્વ દોષોથી વિમુક્ત થયેલો મનુષ્ય મનને મનમાં જ સ્થિર સ્થાપીને પોતાના આત્મામાં જ સર્વથી પર રહેલા આત્માને (પરમાત્માને) જુએ છે. (જુઓ ગીતા ૬-૨૯ થી) સમયે સમયે સંકલ્પથી જ એક અથવા અનેક શરીર ધારણ કરે છે. ખરેખર, જેમ એક દીવામાંથી સેંકડો દીવા પ્રકટે છે એમ એ પણ એક આત્મામાંથી અનેક રૂપોને પ્રકટેલાં જુએ છે. ખરેખર, તે વિષ્ણુ, મિત્ર, વરુણ, અગ્નિ, પ્રજાપતિ, ધાતા, વિધાતા અને સર્વતોમુખ પ્રભુ છે. પ્રાણીમાત્રના હૃદયરૂપ એવો મહાન આત્મા (પરમાત્મા) એનામાં પ્રકાશે છે. (સર૦ ગીતા ૯-૧૫ થી ૧૮; ૧૦-૨૦ થી; ૧૧-૧૦, ૩૮, ૩૯ ઇત્યાદિ). વિપ્રસંઘો, દેવો, અસુરો, યક્ષો, પિશાચો, પિતરો, પક્ષીઓ, રાક્ષસો, ભૂતગણો અને મહર્ષિઓ તેની સદા સ્તુતિ કરે છે.' (સર૦ ગીતા ૧૧-૨૧, ૨૨) ('આશ્વમેધિકપર્વ' અ. ૪૨)

ત્યારબાદ બ્રહ્માજીએ કેટલીક વિભૂતિઓનો ખ્યાલ આપ્યા પછી અહિંસા એ ધર્મ અને હિંસા એ અધર્મ છે એમ જણાવી ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞના વિવેકનું રૂપ દર્શાવ્યું: 'ઉત્પત્તિ અને નાશરૂપ ક્ષેત્ર (શરીર)ને જાણે છે તેથી આ જ્ઞાનસ્વરૂપ આત્મા ક્ષેત્રજ્ઞ કહેવાય છે. ક્ષેત્રજ્ઞ ત્રણે ગુણોના ચેષ્ટિતને બરાબર જુએ છે. પરાત્પર મહાન સત્યને કેવળ ક્ષેત્રજ્ઞ જ સમજે છે, બીજું કોઈ નહિ. તેથી તત્ત્વવેત્તા પ્રકૃતિના ગુણો અને પંચભૂતાદિ તત્ત્વોનો ત્યાગ કરી, દોષરહિત ગુણાતીત થઈને ક્ષેત્રજ્ઞમાં પ્રવેશે છે. (ક્ષેત્રજ્ઞના સાધર્મ્યને પામે છે.) જે દ્વંદ્વરહિત, નમસ્કાર અને સ્વધાની ક્રિયાઓ રહિત, અચલ (ગુણાતીત; સ્થિતપ્રજ્ઞ) અને આલંબનરહિત છે, તે ક્ષેત્રજ્ઞ છે; તે વ્યાપક પરમાત્મા છે:' એમ સંક્ષેપમાં કહીને ('આશ્વમેધિકપર્વ' અ. ૪૩), વળી વિવેચન આગળ ચલાવતાં પિતામહ બોલ્યા કે: 'સર્વ સંચયોનો અંત ક્ષય છે, સર્વ ઉન્નતિઓનો અંત પતન છે,

સર્વ સંયોગનો અંત વિયોગ છે અને જીવનનો અંત મરણ છે. કર્મમાત્રનો વિનાશ છે. જન્મે છે તે અવશ્ય મૃત્યુ પામે છે. યજ્ઞ, દાન, તપ, અધ્યયન, વ્રતો અને નિયમો એ સર્વનો અંત વિનાશ છે, કેવળ જ્ઞાનનો અંત નથી. તેથી પ્રસન્નાત્મા, સમાહિત ચિત્તવાળો, મમત્વ અને અહંકારરહિત મનુષ્ય શુદ્ધ જ્ઞાન વડે સર્વ પાપોથી મુક્ત થાય છે. ('આશ્વમેધિકપર્વ' અ. ૪૪)... તપ એ પ્રદીપ છે. (મન, વચન, કર્મથી સદ્) આચરણ કરવાથી ધર્મપાલન થાય છે. જ્ઞાન જ પરમ છે, અને સંન્યાસ (કામનામાત્રનો પુરુષાર્થી પરિત્યાગ) એ ઉત્તમ તપ છે. આમ તપ અને સદાચાર દ્વારા જે પ્રાણીમાત્રમાં રહેલા આત્માને જાણે છે તે સર્વત્ર ગતિવાળો થાય છે. જે વિદ્વાન આત્માના સહવાસ-વિવાસને તથા તેવી જ રીતે એકપણા-અનેકપણાને જુએ છે તે દુઃખમાંથી વિમુક્ત થાય છે. (અર્થાત્ એ જુએ છે કે આત્મા તો સાથે જ વસે છે, તેનો વિયોગ એ ભ્રમ છે. સત્ એક છે, નાનાવિધતા એ એકની લીલા છે.)[૨૮] જે કશાયની કામના કે અવહેલના કરતો નથી (આત્મકામ છે) તે આ જગતમાં રહેવા છતાં બ્રહ્મીભૂત થઈ શકે છે (જીવન્મુક્ત બની શકે છે)...... દેહરૂપી વૃક્ષ ઉપર (વ્યક્ત અને અવ્યક્તરૂપી— મહત્તત્ત્વ અને પ્રકૃતિરૂપી) બે પક્ષીઓ છે. બન્ને નિત્ય સખા અને અચેતન છે. એ બન્નેથી પર જે બીજો છે તે સચેતન કહેવાય છે.[૨૯] દેહ-ઇન્દ્રિઓના સમુદાયવાળું સત્ત્વ તો અચેતન છે. જે સત્ત્વથી પર છે તેને (પ્રકૃતિને) અન્તરાત્મા ચૈતન્યયુક્ત કરે છે. એ ક્ષેત્રજ્ઞ સત્ત્વના સંઘાતથી—પ્રકૃતિના સંઘાતરૂપ આ જગત છે એવી બુદ્ધિયુક્ત થયેલ (ત્રણે) ગુણોથી, અતીત થઈને (ગુણાતીત) થઈને મૃત્યુના પાશમાંથી મુક્ત થાય છે.' ('આશ્વમેધિકપર્વ' અ. ૪૭)

---

૨૮ यो विद्वान्सहवासं च विवासं चैव पश्यति ।
तथैवैकत्वनानात्वे स दुःखात्परिमुच्यते ॥ ૧૪-૪૭-૭

સર૦

एको वशी सर्वभूतान्तरात्मा
एकं रूपं बहुधा यः करोति ।
तमात्मस्थं येऽनुपश्यन्ति धीरा-
स्तेषां सुखं शाश्वतं नेतरेषाम् ॥ કઠ. ઉ. ૨-૨-૧૨

જે એક નિયન્તા, સર્વ ભૂતોનો અન્તરાત્મા, પોતાના એકરૂપને અનેક પ્રકારનાં બનાવે છે; પોતાની અંદર રહેલા તેને જે ધીર (વિદ્વાન) પુરુષ નિરંતર જુએ છે (અનુભવે છે) તેમને શાશ્વત સુખ મળે છે, બીજાઓને નહિ.

૨૯ ૧૪-૪૭-૧૫ સાથે સર૦ 'સાંખ્યકારિકા' ૧૧:

त्रिगुणमविवेकी विषयः सामान्यमचेतनं प्रसवधर्मि ।
व्यक्तं तथा प्रधानं तद्विपरीतस्तथा च पुमान् ॥

ત્રણ ગુણવાળું, અવિવેકી, વિષય થનારું, સામાન્ય, અચેતન, પ્રસવધર્મીપણું (પરિણામશીલતા) —એ વ્યક્ત (મહત્તત્ત્વ) અને પ્રધાન (પ્રકૃતિ)ના ધર્મ છે. પુરુષ તેનાથી વિપરીત એટલે કે ત્રિગુણ-રહિત, વિવેકી, અવિષય, અસાધારણ, ચેતન અને અપરિણામી છે, અને (કંઇક અંશે) તે બન્ને જેવો પણ (तथा च) છે.

હવે ઋષિઓએ અનેક ધર્મસંપ્રદાયોના બહુસંખ્યક આચાર્યોના ધર્મ તથા તત્ત્વજ્ઞાન-વિષયક વિભિન્ન મતોમાં કયો મત શ્રેષ્ઠ એ જાણવા પ્રશ્ન કર્યો: 'આ જગતમાં કયો ધર્મ અત્યંત આચરવા યોગ્ય છે? આમ તો અમે એમ જ જોઈએ છીએ કે, ધર્મની વિવિધ ગતિ જાણે કે નષ્ટ-ભ્રષ્ટ થઈ ગઈ છે? (જુઓને આ ધર્મમતોનો ઢગલો!)...... આમ અનેક પ્રકારે ધર્મબોધ કરવામાં આવે છે એટલે હે સુરસત્તમ! અમે કંઈ નિશ્ચય કરી શકતા નથી. જનસમાજ 'આ શ્રેય છે, આ શ્રેય છે', આવા મતો સાંભળી વિચલિત થયો છે; અને જે મનુષ્ય જે સંપ્રદાયમાં હોય છે, તે સંપ્રદાયવાળાનો જ સત્કાર કરે છે! એટલે અમારી પ્રજ્ઞા મૂંઝાઈ ગઈ છે, તો 'શ્રેય' શું છે તે કહો.'[30] ('આશ્વમેધિકપર્વ' અ. ૪૮-૧૪ થી ૨૯)

એટલે લોકરક્ષક ધર્માત્મા બ્રહ્મદેવે સર્વ મતોનો ગોટાળો દૂર કરતું પ્રવચન કર્યું. તેમાં શરૂઆતનાં બે વચનોમાં સમગ્ર ધર્મતત્ત્વનો સાર મૂકી દીધો:

हन्त वः संप्रवक्ष्यामि यन्मां पृच्छथ सत्तमाः ।
समस्तमिह तच्छ्रुत्वा सम्यगेवावधार्यताम् ॥ १४-४९-१
अहिंसा सर्वभूतानामेतत्कृत्यतमं मतम् ।
एतत्पदमनुद्विग्नं वरिष्ठं धर्मलक्षणम् ॥१४-४९-२
ज्ञानं निःश्रेय इत्याहुर्वृद्धा निश्चयदर्शिनः ।
तस्माज्ज्ञानेन शुद्धेन मुच्यते सर्वपातकैः ॥ १४-४९-३

'હે સત્તમો! તમે મને પૂછ્યું તે તમને સારી રીતે કહીશ. એ સર્વ સાંભળીને તમે સમ્યક્ વિચાર કરજો. સર્વ ભૂતો પ્રત્યે (આચરેલી) અહિંસાને સર્વશ્રેષ્ઠ કૃત્ય માનેલું છે. આ પદ ઉદ્વેગ-રહિત છે અને વરિષ્ઠ ધર્મલક્ષણ છે. (આ અહિંસા) પરમ કલ્યાણકારી જ્ઞાન છે એમ નિશ્ચયદર્શી વૃદ્ધો—સિદ્ધાંત સ્થાપનારા ઋષિઓ કહે છે. માટે શુદ્ધ જ્ઞાનથી (આવી આચરેલી અહિંસાથી) મનુષ્ય સર્વ પાતકથી છૂટે છે.'

---

૩૦ (क) ઋષિઓએ ટાંકેલા મતો પૈકી થોડાક નમૂનારૂપે અહીં આપ્યા છે: દેહોત્સર્ગ પછી પણ ચૈતન્ય રહે છે એમ માનનાર, ચૈતન્ય નથી રહેતું એમ માનનાર, બધું સંશયાસ્પદ છે એમ માનનાર, બધું અસંદિગ્ધપણે નિશ્ચિત માનનાર, નિશ્ચયવાદીઓ, જગત નિત્ય છે એમ માનનાર, કંઈ છે જ નહિ એમ માનનાર શૂન્યવાદીઓ, છે પણ ક્ષણિક છે એમ માનનાર, અદ્વૈત છે પણ દ્વૈતરૂપે વ્યક્ત છે એમ માનનાર, દ્વૈત અને અદ્વૈત વ્યામિશ્ર થયું છે એમ માનનાર, એક બ્રહ્મ જ છે એમ માનનાર, અસાધારણ કર્મો સર્વનું કારણ છે એમ માનનાર, અનેક પરમાણુઓ કારણ છે એમ માનનાર વગેરે.

(ખ) જૈન સંદર્ભો ઉપરથી ૩૬૩ ધર્મપંથો—પાષણ્ડો—ના ઉલ્લેખ મળે છે. ૧૮૦ ક્રિયાવાદી (=આત્મવાદી), ૮૪ અક્રિયાવાદી (=અનાત્મવાદી), ૬૭ અજ્ઞાનવાદી, ૩૨ વૈનયિક (=વિનયવાદી) અર્થાત્ સર્વધર્મસમભાવી, કુલ ૩૬૩. જુઓ 'નન્દીસૂત્ર' સૂત્ર ૪૬, 'શ્રુતજ્ઞાનાધિકાર'માં દ્વાદશાંગી વર્ણનમાં; 'સૂતકૃતાંગ' પ્રથમ શ્રુતસ્કન્ધ, બારમું અધ્યયન; 'આચારાંગ' પ્રથમ શ્રુતસ્કન્ધ ૧-૧૦૩ની નિર્યુક્તિમાં પણ ૩૬૩ મત વિશે વિવેચન છે.

(ગ) બૌદ્ધ સંદર્ભો ઉપરથી પાલિ સાહિત્યના કાળમાં બૌદ્ધધર્મ સહિત જુદા જુદા ૬૩ પંથો હયાત હતા એમ જણાય છે. જુઓ 'સુત્તનિપાત'માં 'સભિયસુત્ત' ગાથા ૨૯; 'દીઘનિકાય'માં 'બ્રહ્મજાલસુત્ત' ૧-૧-૨; 'બુદ્ધચરિત' પૃ. ૧૧૫.

આગળ ચાલતાં બ્રહ્માજીએ સ્પષ્ટીકરણ કર્યું: 'જેઓ હિંસાપરાયણ, નાસ્તિક અને લોભી હોય છે તે ( તામસિકો ) નરકે જાય છે. જેઓ અતન્દ્રિતપણે ફલાશાથી કર્મ કરે છે તે ( રાજસિકો, કર્મફળ ભોગવવા ) પુનઃ પુનઃ જન્મમરણ પામે છે. પણ જે શ્રદ્ધાળુ વિદ્વાનો ફલેચ્છાનો ત્યાગ કરી ( અનાસક્ત કર્મ- ) યોગનિષ્ઠાવાળા હોય છે તે ( નિર્મળ પુરુષો ) ધીર અને સાધુદર્શી ( સત્યદર્શી ) છે. '( ૧૪-૪૯-૪ થી ૬ ) ત્યારબાદ સત્ત્વ (ક્ષેત્ર) અને ક્ષેત્રજ્ઞનો વિવેક સમજાવી અનુભૂત જ્ઞાનગ્રહણ કરવા અનુરોધ કરતાં તેઓ બોલ્યા : 'દુર્મેધ મનુષ્યને હજારો વખત ઉપદેશ કરવા છતાંય તેની સમજણમાં વૃદ્ધિ થતી નથી, જ્યારે ઉપદેશના એક ચતુર્થાંશથી પણ બુદ્ધિમાન સુખી થાય છે. ( સાનમાં સમજી જાય છે. ) આ રીતે ઉપાયપૂર્વક ધર્મસાધન જાણવું જોઈએ. ઉપાયને જાણનારો મેધાવી જ અનન્ત સુખ પામે છે.[૩૧] જેમ કે ખર્ચની અને પ્રવાસોપયોગી સાહિત્યની જોગવાઈ કર્યા વિના જ પ્રવાસ કરનાર દુઃખીદુઃખી થાય છે કે કદાચ મૃત્યુ પણ પામે છે, ( જ્યારે સાધનસામગ્રી સહિત પ્રવાસ કરનારને તકલીફ પડતી નથી. ) એ રીતે પરમ કલ્યાણ અંગે સમજવું. અથવા એક તત્ત્વદર્શન વિનાનો માણસ અજાણ્યા દૂર દેશની સફરે ઉપડે છે ( અને પરેશાન થાય છે ); જ્યારે બીજો બુદ્ધિશાળી માણસ ઘોડા જોડેલા ઝડપી રથમાં બેસીને યથાસ્થાને પહોંચે છે ( અર્વાચીન જમાનામાં મોટર કે એરોપ્લેનથી પહોંચે એમ ); અને ઊંચા પર્વત ઉપર ચઢીને એ નીચે જોતો પણ નથી. જ્યારે મૂર્ખ મનુષ્ય રથમાં સફર કર્યા પછી પણ પર્વતની પાસે પહોંચીને ( રથને છોડી શકતો નથી તેથી ) કષ્ટ વેઠે છે. પરન્તુ વિદ્વાન મનુષ્ય તો રથમાર્ગ સમાપ્ત થતાં રથને મૂકીને ( પોતાની અનુકૂળતા અને આવશ્યકતા અનુસાર પગપાળો કે ઘોડા, ડંડી, કંડીમાં ) પર્વત ચઢે છે.' વળી વધુ વિશદપણે સમજાવવા સમુદ્રતરણનું દૃષ્ટાંત આપ્યું: 'પ્રાજ્ઞ પુરુષ સારી નૌકા વડે મહાસાગરને અનાયાસ તરી જાય છે, અને સાગર પાર કર્યા પછી નૌકા ઉપરની મમતાનો ત્યાગ કરીને ચાલવા માંડે છે. પણ નાવ ઉપરની મમતાનો ત્યાગ નહિ કરનાર પુરુષ તો મૂર્ખ બનીને, નૌકા પર બેસી રહેનારા દાશની ( નાવિકની, ખલાસીની ) જેમ નાવમાં જ ભ્રમણ કર્યા કરે છે.[૩૨] નૌકામાં બેસીને ભૂમિ ઉપર અને રથમાં બેસીને જળમાર્ગ ઉપર સફર થઈ શકે નહિ. એવું દરેક બાબતમાં છે. ( તેથી પ્રાજ્ઞે વિચારપૂર્વક વર્તવું ).' ( ૧૪-૪૯-૭ થી ૩૧ )

---

३१ सहस्रेणापि दुर्मेधा न वृद्धिमधिगच्छति ।
चतुर्थेनाप्यथांशेन बुद्धिमान्सुखमेधते ॥ १४-४९-१७

આ શ્લોક સાથે સર૦ 'ધમ્મપદ,' 'સહસ્સવગ્ગો'ની ગાથાઓ ૧૧૦-૧૧૫.

एवं धर्मस्य विज्ञेयं संसाधनमुपायतः ।
उपायज्ञो हि मेधावी सुखमत्यन्तमश्नुते ॥ १४-४९-१८

સર૦ ગીતા ૬-૨૮ સાથે જ જુઓ ગીતા ૬-૨૧ થી ૨૭.

૩૨ રથ અને નૌકાનાં દૃષ્ટાંતોનું તાત્પર્ય એ છે કે, જ્યાં જે જે સાધનની જેટલી અને જેવી આવશ્યકતા હોય તે અનુસાર અનાસક્ત ભાવે સહાય લેવી અને યથાસમયે ત્યાગ પણ કરી દેવો. લક્ષ્ય કેવળ પૂર્ણ પુરુષ પરમાત્મા જ હોય. એનો અનુરાગ, આશ્રય અને એનું જ અનુસ્મરણ હોય. એના સિવાય બીજામાં વૈરાગ્ય અને બીજાનું વિસ્મરણ હોય.

ત્યારબાદ પ્રધાન ( અવ્યક્ત પ્રકૃતિ )માંથી સંસારની ઉત્પત્તિનું વર્ણન કરીને બ્રહ્માજીએ જણાવ્યું: ' પ્રકૃતિ શ્રેષ્ઠ છે અને પુરુષ ( આત્મા, પરમાત્મા ) પ્રકૃતિ કરતાં શ્રેષ્ઠ છે. ભૂતમાત્રની શ્રેષ્ઠતા અને ન્યૂનતાનો જાણકાર પુરુષ એને પ્રાપ્ત કરીને આનન્ત્યને ( અનન્ત બ્રહ્મને ) પામે છે. '[૩૩] ( ૧૪-૪૯-૫૫ )

એ પછી બ્રહ્માજીએ શરીરરૂપી બ્રહ્મમય રથનું વર્ણન કર્યું. ' એ રથને ઇન્દ્રિયોરૂપી ઘોડા, બુદ્ધિરૂપી લગામ અને મનરૂપી સારથિ છે. એમાં બેઠેલો ભૂતાત્મા ( મન ) ચોમેર ઘૂમે છે. જેને સદાકાળ આ બ્રહ્મમય રથનું ભાન રહે છે તે સમગ્ર જગતમાં ધીર કહેવાય છે, અને તે મોહ પામતો નથી. '[૩૪] ( ૧૪-૫૦-૧ થી ૬ ) બ્રહ્મરથ શરીરનું વર્ણન કર્યા પછી સંસારરૂપી બ્રહ્મવન અને પ્રાણીમાત્રને જીવાડનાર તથા પ્રાણીમાત્રની ગતિ એવો ક્ષેત્રજ્ઞ એમાં નિરંતર વિચરણ કરે છે એનું દર્શન કરાવી કહે છે કે ( વિશુદ્ધ ) તપ દ્વારા સર્વ વિદ્યાઓ અને વસ્તુઓ પ્રાપ્ત થાય છે; ' જે પ્રા.. કરવું દુર્લભ છે, જે શીખવું અત્યંત કઠિન છે, જેનો પરાભવ કરવો અત્યંત ભારે છે, જે પરિસ્થિતિઓ અટળ મનાય છે, તે સર્વ ( જગત્કલ્યાણકર નિર્મળ ભાવવાળા ) તપથી સાધ્ય થાય છે. કારણ કે તપનું અતિક્રમણ કરવું અત્યંત મુશ્કેલ છે. '[૩૫] વગેરે કહી સમજાવ્યું: ' ફળની

---

૩૩ तस्मात्तु परमव्यक्तमव्यक्तात्पुरुष परः ।
परांवरज्ञो भूतानां यं प्राप्यानन्त्यमश्नुते ॥ १४ ४९-५५

સર૦ ' કઠોપનિષદ્ ' ૧-૩-૧૦, ૧૧, ૧૭.

૩૪ દ્રષ્ટવ્ય : ' કઠોપનિષદ્ ' ૧-૩-૩ થી અને ૨-૧-૪; ' મૈત્રાયણી-ઉપનિષદ્ '-૨-૯.

જુઓ ખંડ ૨, પ્રકરણ ૧૦, સહાયક, પૃ. ૨૦૪-૨૦૬.

૩૫ ( १ ) यद्दुरापं दुराम्नायं दुराधर्षं दुरन्वयम् ।
तत्सर्वं तपसा साध्यं तपो हि दुरतिक्रमम् ॥ १४-५०-१७.

સર૦ ' મુણ્ડકોપનિષદ્ ' ૧-૧-૮, ૯:

तपसा चीयते ब्रह्म ततोऽन्नमभिजायते :
अन्नात्प्राणो मनः सत्यं लोकाः कर्मसु चामृतम् ॥
यः सर्वज्ञः सर्वविद्यस्य ज्ञानमयं तपः ।
तस्मादेतद्ब्रह्म नाम रूपमन्नं च जायते ॥

( જ્ઞાનમય ) તપ દ્વારા બ્રહ્મ ( સૃષ્ટિરૂપે ) વિકસે છે. તેનાથી અન્ન, અન્નથી પ્રાણ, મન, સત્ય ( = આકાશાદિ પંચભૂત. શંકરાચાર્ય ), જગતો, કર્મ અને તેનું અમૃત સંજ્ઞક ફળ ( કર્મનો નાશ ન થાય ત્યાં સુધી ફળનાશ પણ નથી તેથી અમૃત સંજ્ઞક ) ઉત્પન્ન થાય છે. જે સર્વજ્ઞ અને સર્વ સમજનાર છે, જેનું જ્ઞાનમય તપ છે તેમાંથી ( અક્ષર બ્રહ્મમાંથી ) આ ( સૃષ્ટિરૂપી ક્ષર ) બ્રહ્મ, નામ, રૂપ અને અન્ન પેદા થાય છે.

ભગવાન નર-નારાયણે વિશ્વના હિત અર્થે તપ કરેલું અને આજે પણ અતન્દ્રિતપણે તપ કર્યા કરે છે, એ વૈષ્ણવી સિદ્ધાંત અહીં મનનીય છે.

( ૨ ) ' સાંખ્યકારિકા ' ૬૦ જુઓ: ' અનુપકારી અને ગુણ વગરના સત્તામાત્ર પુરુષ ઉપર ઉપકાર કરનારી ગુણવતી પ્રકૃતિ, નાનાવિધ ઉપાયોથી તેનો અર્થ ( કલ્યાણ ) નિષ્કામપણે, અહૈતુકભાવે સિદ્ધ કરે છે. '

લોકસંગ્રહાર્થે કર્મ અથવા તપ જીવન્મુક્ત થયા પછીય ચાલુ રાખવું જોઈએ. તે શાથી ? એનું આમાં દર્શન છે.

ફળની લાલચ અને અહંકારથી તપ કરનારની પરમ ગતિ નહિ થતાં તે વચ્ચે અટકી પડે છે; જ્યારે નિર્મમ-નમ્ર થઈને શુદ્ધ ધ્યાનયોગથી, (વિશ્વની ભલાઈ માટે) તપ કરનારા મહાત્માઓ ઉત્તમ અને મહાન લોકને પામે છે (પરમાત્માનું સાધર્મ્ય પામે છે.)'. એ પછી રજસ્-તમસ્‌ની પકડમાંથી છૂટી ચિત્તને ચિત્ત દ્વારા પ્રાપ્ત કરી (આત્મા વડે આત્માનો ઉદ્ધાર કરી), સંયમી બની, ચિત્તને પરમાત્મામાં એકલીન કરવું તે સનાતન ગુહ્ય છે; 'મમ' આ બે અક્ષર મૃત્યુ અને 'ન મમ' આ ત્રણ અક્ષર એ અમૃતત્વ છે;[36] સાવ અક્કલહીનો (જ્ઞાન-તપહીન સ્વાર્થી) કર્મને પ્રશંસે છે, પણ **મહાત્મા બુદ્ધો** એવા કર્મની પ્રશંસા કરતા નથી. (અનાસક્ત) કર્મથી પ્રાણી સોળ વિકારવાળો (૧૧ ઇન્દ્રિયો + ૫ ભૂત) દેહધારી થાય છે. અગ્રાહ્ય અને અમૃતાશી પુરુષને અવિદ્યા આમ જન્મ (મરણ) આપે છે. તેથી પારદર્શીઓ આવાં (વિદ્યાહીન) કર્મમાં સ્નેહ રાખતા નથી. આ પુરુષ તો વિદ્યામય (જ્ઞાનમય) છે, (જડ) કર્મમય નહિ. (જ્ઞાની જ્ઞાનપૂર્વક લોકસંગ્રહાર્થે કર્મ તો કરે જ છે. કર્મ નહિ કરીને એ અજ્ઞાનીઓમાં બુદ્ધિભેદ ઉત્પન્ન નથી કરતો.) અપૂર્વ, અમૃત, નિત્ય, (ઇન્દ્રિઓ માટે) વિચારાવો અશક્ય હોઈ કલ્પનાતીત, અગ્રાહ્ય અને અમૃતાશી એવા આ આત્માને જે (મમત્વહીન, આસક્તિરહિત, જ્ઞાનમય કર્મ દ્વારા) પ્રાપ્ત કરે છે તે આ કારણોને લીધે અગ્રાહ્ય અને અમૃત બને છે એ નિશ્ચિત છે. સર્વ સંકલ્પોનો ત્યાગ કરીને, ચિત્તનો આત્મામાં સંયમ કરીને એ પુરુષ શુભ બ્રહ્મને જાણે છે, જેનાથી ઉત્કૃષ્ટ કંઈ છે જ નહિ.[37] (સ્વાર્થમૂલક કામક્રોધની આંધીઓમાંથી મુક્ત થઈને) જ્યારે ચિત્ત નિર્મળ થાય છે ત્યારે એને પ્રસાદ (શાન્તિ, 'સ્વસ્થતા') મળે છે. **પ્રસાદનું લક્ષણ એ જ કે એને (જગત) સ્વપ્નદર્શન જેવું લાગે છે.**[38] **(જાગ્રત એવા એને સદા સર્વત્ર ચૈતન્યમય**

---

૩૬ ૧૪-૫૦-૨૯. જુઓ ખંડ ૫, પ્રકરણ ૨, 'સ્વાસ્થ્યપ્રદાતા'માં નોંધ ૧૩.

૩૭ विद्यामयोऽयं पुरुषो न तु कर्ममयः स्मृतः ॥ ૧૪-૫૦-૩૨ ગદ્ય

अपूर्वममृतं नित्यं य एनमविचारिणम् ।

य एनं विन्दतेऽऽत्मानमग्राह्यममृताशिनम् ।

अग्राह्योऽमृतो भवति य एभिः कारणैर्ध्रुवः ॥ ૧૪-૫૦-૩૩

अपोह्य सर्वसंकल्पान्संयम्यात्मानमात्मनि ।

स तद्ब्रह्म शुभं वेत्ति यस्माद्भूयो न विद्यते ॥ ૧૪-૫૦-૩૪

'મૈત્રાયણી-ઉપનિષદ્' ૨-૧૦ દ્રષ્ટવ્ય: '...તે આત્મા, અવ્યક્ત, સૂક્ષ્મ, અદૃશ્ય, અગ્રાહ્ય અને મમતારહિત હોઈ અવસ્થારહિત છે. તે કર્તા નથી છતાં કર્તાની જેમ રહ્યો છે.'

જુઓ ગીતા ૬- ૨, ૩: 'પાંડવ! જે સંન્યાસ કહેવાય છે તેને તું યોગ જાણ. કારણ જેણે સંકલ્પનો ત્યાગ કર્યો નથી એવો કોઈ પણ મનુષ્ય યોગી થતો નથી. (કર્મ°, સમત્વ°, અનાસક્તિ°) યોગ પામવા ઇચ્છતા મુનિને કર્મ સાધન કહેવાય છે. પરન્તુ યોગારૂઢને તો **શમ** જ સાધન કહેવાય છે.' (એના વિચાર દ્વારા જગતનું હિત સિદ્ધ થાય છે. એની સ્વાભાવિકી ગતિ જગત્કલ્યાણની હોઈ, અહૈતુકી દિવ્ય ભક્તિ જ આપી શકે એવો શમ યોગારૂઢને મળે છે); વળી જુઓ ગીતા ૫-૧૦,૧૧,૧૨.

૩૮ प्रसादेनैव सत्त्वस्य प्रसादं समवाप्नुयात् ।

लक्षणं हि प्रसादस्य यथा स्यात्स्वप्नदर्शनम् ॥ ૧૪-૫૦-૩૫

સર૦ સમગ્ર રીતે ગીતાનું 'સ્થિતપ્રજ્ઞદર્શન' ૨-૫૫ થી ૭૨ અને ખાસ કરીને ૨-૬૪, ૬૫.

**પરમાત્મા દેખાય છે. )** જ્ઞાનનિષ્ઠ મુક્તોની આ ગતિ છે. તેઓ બધી પ્રવૃત્તિઓને પરિણામથી ( સર૦ 'સાંખ્યકારિકા' ૧૫, ૧૬ ) ઉત્પન્ન થતી નીરખે છે. ( અને પ્રશાન્ત થાય છે. ): આ અનાસક્તોની ગતિ છે. આ સનાતન ધર્મ છે. જ્ઞાનીઓને આ સ્થિતિ પ્રાપ્ત થાય છે. એ અનિન્દિત ચારિત્ર્ય છે. સર્વ પ્રાણીઓ તરફ એકસરખો સમભાવી, અપેક્ષા વિનાનો નિઃસ્પૃહ અને અનાસક્ત સમદર્શી આ ગતિને પ્રાપ્ત કરી શકે છે. હે વિપ્રર્ષિશ્રેષ્ઠો! મેં તમને પૂર્ણરૂપે ( ધર્મ અંગે ) આ વ્યાખ્યાન આપ્યું. **તમે હવે તે પ્રમાણે સત્વર આચરવા માંડો એટલે તમને શીઘ્ર સિદ્ધિ મળશે:**

एतद्वः सर्वमाख्यातं मया विप्रर्षिसत्तमाः ।
एवमाचरतः क्षिप्रं ततः सिद्धिमवाप्स्यथ ॥ ( १४-५०-७ थी ३९ )

હવે ગુરુએ શિષ્યને કહ્યું: 'ગુરુ બ્રહ્માએ આ પ્રમાણે શિષ્યોને પ્રેર્યા, એટલે એ મહાત્માઓ એ રીતે વર્ત્યા અને ઉત્તમ લોકોને પામ્યા. મહાભાગ! તું પણ બ્રહ્માજીના ઉપદેશ પ્રમાણે સમ્યગ્ રીતે આચરણ કર, એટલે શુદ્ધાત્મા! તને પણ સિદ્ધિ વરશે.' ( ૧૪-૫૦-૪૦,૪૧ )

બ્રહ્મવેત્તા મેધાવી ગુરુ અને બ્રહ્મચારી શિષ્ય વચ્ચેનો આ ઉત્તમ સંવાદ પૂર્ણ કરીને શ્રીકૃષ્ણ બોલ્યાં: 'કૌન્તેય! એ રીતે ગુરુએ ઉત્તમ ધર્મોપદેશ કર્યો, પછી શિષ્યે એ સર્વ ધર્મ આચારમાં ઉતાર્યો, અને ( પ્રકૃતિઓની આંધીઓમાંથી ) મોક્ષ પામ્યો, કૃતકૃત્ય થયો. કુરુકુલોદ્વહ! અને એ પદને પામ્યો કે જ્યાં પહોંચ્યા પછી કોઈ શોક કરતું નથી.

इत्युक्तः स तदा शिष्यो गुरुणा धर्ममुत्तमम् ।
चकार सर्वं कौन्तेय ततो मोक्षमवाप्तवान् ॥ १४-५०-४२
कृतकृत्यश्च स तदा शिष्यः कुरुकुलोद्वह ।
तत्पदं समनुप्राप्तो यत्र गत्वा न शोचति ॥ १४-५०-४३

શ્રીકૃષ્ણનું વક્તવ્ય પૂરું થતાં અર્જુને પૂછ્યું: 'જનાર્દન! કૃષ્ણ! એ બ્રાહ્મણ ગુરુ કોણ હતા? એ શિષ્ય કોણ હતો? હું જો એ સાંભળવા યોગ્ય હોઉં તો તે મને કહો.' ( ૧૪-૫૦-૪૪ )

---

रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन् ।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ॥
प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते ।
प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते ॥

રાગદ્વેષ ( કામક્રોધ )થી મુક્ત એવા આત્માને વશ ઇન્દ્રિયો વડે વ્યાપાર ચલાવતો વિધેયાત્મા—સંયમી, ચિત્તની નિર્મળતા પામે છે. ચિત્તની નિર્મળતામાં એ સંયમીનાં સર્વ દુઃખોનો નાશ થઈ જાય છે. નિર્મળ ચિત્તવાળાની બુદ્ધિ તરત જ સ્થિર થાય છે.

વળી જુઓ 'આવો મનુષ્ય પ્રસન્નાત્મા કહેવાય છે. એને શોક ( -હર્ષ ), આકાંક્ષા કંઈ હોતું નથી. સર્વ ભૂતો પ્રત્યે પક્ષપાતહીન સમદર્શી હોય છે, અને એટલે એને પરાભક્તિ પ્રાપ્ત થાય છે.' ( ગીતા ૧૮-૫૪ )

ગીતાને અંતે ભગવત્પ્રસાદથી અર્જુનનો મોહ જઇને એમને સ્મૃતિ લાધે છે. તેઓ શંકા રહિત, સ્થિર થઈ, ભગવાનના પૂર્ણ અનુશાસનમાં આવે છે. એમને 'પ્રસાદયોગ' સિદ્ધ બને છે. (ગીતા ૧૮-૭૩)

શ્રીકૃષ્ણે ઉત્તર આપ્યો: '**મહાબાહો! ધનંજય! (પ્રાણીમાત્રના હૃદયમાં બેઠેલો) હું ગુરુ છું અને (પ્રકૃતિની આંધીઓમાં ફસાતું પ્રાણીઓનું) મન તે શિષ્ય છે. તારા ઉપરની પ્રીતિને લીધે જ મેં આ રહસ્ય તને કહ્યું છે.** કુરુકુળધુરંધર! સુવ્રત! જો તને મારા (અર્થાત્ તારા નિત્ય સખા નારાયણ) ઉપર પ્રીતિ હોય તો આ અધ્યાત્મને (અન્તર્યામીના ઉપદેશને), સાંભળીને સદૈવ તે પ્રમાણે સમ્યગ્ આચરણ કર. એ ધર્મનું સમ્યગ્ પ્રકારે આચરણ કરવાથી તું સર્વ પાપોથી વિમુક્ત થઈને વિશુદ્ધ મોક્ષ પામીશ. મહાબાહો! પૂર્વે યુદ્ધ કરવાના સમયે પણ મેં તને આ જ (અનાસક્ત સમદર્શન, કર્મયોગનો આદેશ આપતું વચન) કહ્યું હતું, માટે તું આમાં મન લીન કરી દે.'૩૯ (૧૪-૫૦-૪૫ થી ૪૮; જુઓ ખંડ ૫, પ્રકરણ ૩, 'કરુણાસિન્ધુ'માં નોંધ ૧૪)

આમ પૂર્વે ગીતામાં કરેલા ઉપદેશનું બીજા શબ્દોમાં નિદર્શન કરાવીને ભગવાન શ્રીકૃષ્ણે પિતાજીને મળવા દ્વારકા જવાની પોતાની ઇચ્છા પુનઃ વ્યક્ત કરી: 'પિતાને જોયે ઘણો સમય વીતી ગયો છે, એટલે તારી સંમતિ લઈને એમનાં દર્શન કરવાની મારી ઇચ્છા છે.' (૧૪-૫૦-૪૯; જુઓ ખંડ ૫, પ્રકરણ ૩, 'કરુણાસિન્ધુ'માં ૧૪-૧૫-૧૨ થી ૨૧, ૨૨ના સંદર્ભ)

અર્જુન સંમત થયા, અને યુધિષ્ઠિરની સંમતિ લેવા માટે તે જ દિવસે હસ્તિનાપુર જવા નક્કી કર્યું. (૧૪-૫૦-૫૦, ૫૧)

શ્રીકૃષ્ણે દારુકને રથ જોડી લાવવા આદેશ આપ્યો. અર્જુને સૈનિકોને પ્રયાણ માટે સુસજ્જ થવા હુકમ કર્યો. પછી પ્રસન્ન મને જાતજાતની વાતો કરતાં બન્ને—શ્રીકૃષ્ણ અને અર્જુન ઊપડ્યા. વાતચીત દરમિયાન અર્જુન ભક્તિભાવથી બોલી ઊઠ્યા: 'વૃષ્ણિકુલોદ્વહ! તમારા પ્રસાદથી યુધિષ્ઠિરનો વિજય થયો છે. એમણે શત્રુઓનો નાશ કર્યો છે અને નિષ્કણ્ટક રાજ્ય પ્રાપ્ત કર્યું છે. આપને લીધે પાંડવો સનાથ છે. આપનારૂપી નૌકા મેળવીને અમે કૌરવસાગર તરી ગયા છીએ. વિશ્વકર્મન્! વિશ્વાત્મન્! વિશ્વસંભવ! હું તમને એવા જાણું છું અને મારું મન આપનામાં એ

---

૩૯ अहं गुरुर्महाबाहो मनः शिष्यं च विद्धि मे ।
त्वत्प्रीत्या गुह्यमेतच्च कथितं मे धनंजय ॥ १४-५०-४५
मयि चेदसि ते प्रीतिर्नित्यं कुरुकुलोद्वह ।
अध्यात्ममेतच्छ्रुत्वा त्वं सम्यगाचर सुव्रत ॥ १४-५०-४६
ततस्त्वं सम्यगाचीर्णे धर्मेऽस्मिन्कुरुनन्दन ।
सर्वपापविशुद्धात्मा मोक्षं प्राप्स्यसि केवलम् ॥ १४-५०-४७
पूर्वमप्येतदेवोक्तं युद्धकाल उपस्थिते ।
मया तव महाबाहो तस्मादत्र मनः कुरु ॥ १४-५०-४८

'આદિપર્વ' ૨-૬૬માં 'અનુગીતાપર્વ'ને અધ્યાત્મવાચક કહ્યું છે તે ૧૪-૫૦-૪૬ સાથે દ્રષ્ટવ્ય. સર૦ આસામમાં ભગવદ્ગીતા જેવું મહત્ત્વ ધરાવતા ગ્રંથ 'નામઘોષા'નો શ્લોક:

बाहिरे भीतरे तुमि हरि गुरु, आछहा चतन्य रूपे ।
दिओक सुमति, तुमि बिने गति, नाहिके कैलो फलस्वरूपे ॥ ३०५ ॥

હે હરિ! તું બહાર અને ભીતર મારો ગુરુ છે. તું ચૈતન્યસ્વરૂપે છે, મને સન્મતિ આપ. હું નિશ્ચયપૂર્વક કહું છું કે તારા સિવાય મારી કોઈ ગતિ નથી.

રીતે લાગેલું છે. હું આપને પ્રણામ કરું છું. તમારા તેજમાંથી હુતાશન પેદા થયો છે. તમારું રમણ ક્રીડામય છે. સ્વર્ગ-પૃથ્વી તમારી માયા છે. સ્થાવર-જંગમ આખું વિશ્વ તમારામાં રહેલું છે. તમે જ સનાતન ભૂતસમુદાયને ઉત્પન્ન કરો છો. પૃથ્વી, અન્તરિક્ષ અને સ્થાવર-જંગમ તમારું હાસ્ય છે. બળવાન ઇન્દ્રિયો તમારી નિર્મળ જ્યોત્સ્ના છે. સતત ગતિ કરનાર વાયુ તમારો પ્રાણ છે. ક્રોધ સનાતન મૃત્યુ છે. મહામતિ ! તમારા પ્રસાદમાં પદ્મા અને શ્રીદેવી સદા વસેલાં છે. રતિ (આનન્દ), તુષ્ટિ, ધૃતિ, ક્ષાન્તિ અને આ ચરાચર જગત તમારામાં રહેલું છે. યુગાન્ત સમયે તમે જ નિધન (વિશ્રામસ્થાન) કહેવાઓ છો. નલિનેક્ષણ ! તમારા ગુણોનું હું સુદીર્ઘકાળે પણ વર્ણન કરી શકું એમ નથી. પરમાત્મા એવા તમને હું (અત્યંત આત્મીય ભાવે સ્નેહથી) નમસ્કાર કરું છું. દુર્ધર્ષ ! મેં નારદ, દેવલ, કૃષ્ણ દ્વૈપાયન અને કુરુપિતામહ ભીષ્મ દ્વારા તમને ઓળખ્યા છે. સમગ્ર વિશ્વ તમારામાં સમાસક્ત છે. તમે એક જ જનેશ્વર છો. તમે મને આ જે અનુગ્રહયુક્ત વચન કહ્યું (કે, 'મેં પ્રબોધેલા અધ્યાત્મશાસ્ત્રનું સુપેરે આચરણ કર') તે સર્વ, જનાર્દન ! હું સમ્યગ્ પ્રકારે આચારમાં ઉતારીશ.' (૧૪-૫૧-૧ થી ૧૭)

એ પછી દુર્યોધન અને કૌરવ સેનાનો સંહાર થયો અને કર્ણ, જયદ્રથ, ભૂરિશ્રવા વગેરેને મારીને પોતે જીત્યા વગેરે જે અતિ અદ્‌ભુત ઘટનાઓ બની (તેમાં પોતે તો નિમિત્તભૂત હતા જ્યારે વસ્તુતઃ તો) એ સર્વ કાર્યો ભગવાન શ્રીકૃષ્ણની બુદ્ધિ, પરાક્રમ તેમ જ પાંડવોનું પ્રિય કરવાની તેમની ઇચ્છાને લીધે પાર પડેલાં ઇત્યાદિ વર્ણવી ખૂબ આભારવશ બની અર્જુન બોલ્યા: 'પ્રિયજન એવા તમે મને જે સૂચના આપી છે તેનું હું પાલન કરીશ, એમાં મારે કંઈ વિચારવાનું હોય નહિ. ધર્મજ્ઞ ! હું ધર્માત્મા યુધિષ્ઠિરને મળીને તમારા દ્વારકાગમનને અનુજ્ઞા આપવા પ્રેરીશ. તમે દ્વારકા જાઓ એ મને પણ રુચે છે. તમે હવે ટૂંકા ગાળામાં જ મામા વસુદેવ, દુર્ધર્ષ બલદેવ અને અન્ય વૃષ્ણિશ્રેષ્ઠોને મળશો.' (૧૪-૫૧-૧૮ થી ૨૩)

એમ વાતો કરતાં કરતાં બન્ને (અનુપમ સખા એવા ગુરુ-શિષ્ય) હસ્તિનાપુર પહોંચ્યા. પ્રથમ ધૃતરાષ્ટ્રના પ્રાસાદમાં ગયા. ત્યાં ધૃતરાષ્ટ્રની પર્યુપાસના કરતા વિદુર, યુધિષ્ઠિર, ભીમસેન, નકુલ, સહદેવ, યુયુત્સુ અને ગાન્ધારીની પર્યુપાસના કરતાં કુન્તી, દ્રૌપદી, સુભદ્રાને મળ્યા. બન્નેએ ધૃતરાષ્ટ્રને પોતપોતાનાં નામ જણાવી ચરણસ્પર્શ કર્યો. એ પછી ગાન્ધારી, પૃથા, ધર્મરાજ અને ભીમના ચરણસ્પર્શ કર્યા. ત્યારબાદ ક્ષત્તા (દાસીપુત્ર) વિદુરનો સત્કાર કરી અક્ષય કુશળ પૂછ્યું; અને પછી બધાની સાથે વૃદ્ધ ધૃતરાષ્ટ્રની સેવા કરવા લાગ્યા.[40] રાત્રે ધૃતરાષ્ટ્રે સૌને જવાની રજા

---

૪૦ क्षत्तारं चापि संपूज्य पृष्ट्वा कुशलमव्ययम् ।
तैः सार्धं नृपतिं वृद्धं ततस्तं पर्युपासताम् ॥ १४-५१-३०

આ સામાન્ય જણાતા નાનકડા પ્રસંગમાં શ્રીકૃષ્ણનું અજ્ઞાનાંધકાર ભેદતું ચારિત્ર્યતેજ દેખાય છે. રૂઢિચુસ્ત સ્મૃતિનિયમ અનુસાર તો બ્રાહ્મણને 'કુશળ' પૂછી શકાય અને શૂદ્રને 'આરોગ્ય'. વિદુરને 'દાસીપુત્ર' કહીને વારંવાર અપમાનવામાં આવતા, ખાસ કરીને કૌરવો તરફથી. પણ સ્ત્રીઓ, વૈશ્યો, શૂદ્રો અને પતિત-દલિત-દીનજનોના બન્ધુ, પ્રેમસ્વરૂપ શ્રીકૃષ્ણને એવા જડ નિયમોની પડી નથી. એમને તો સત્ય-પ્રેમપૂત નિર્મળતા, સાચું 'બ્રાહ્મણત્વ' ખપે.

સમાચાર પૂછવાના નિયમ માટે જુઓ 'મનુસ્મૃતિ' ૨-૧૨૭.

આપી. સૌ પોતપોતાના નિવાસે ગયા. સમર્થ શ્રીકૃષ્ણ અર્જુનને ઘેર ગયા. ત્યાં એમનું છાજતું ભવ્ય સ્વાગત થયું એમને જરૂરી બધી વસ્તુઓ હાજર કરવામાં આવી પછી મેધાવી શ્રીકૃષ્ણ અને અર્જુન નિદ્રાધીન થયા. પ્રભાતમાં પૂર્વાહ્નિક ક્રિયાઓ કર્યા બાદ ખૂબ માનપાન સાથે ધર્મરાજના ભવને ગયા. ત્યાં ધર્મરાજ અમાત્યોની સાથે બિરાજેલા હતા, તેમને મળ્યા. બન્નેને યુધિષ્ઠિરે પ્રેમપૂર્વક બેસવા કહ્યું. (૧૪-૫૧-૨૪ થી ૩૬)

વક્તાશ્રેષ્ઠ યુધિષ્ઠિરે એ બન્નેને કંઈક બોલવાની ઉત્કંઠાવાળા જોયા, એટલે પૂછ્યું: 'યદુકુળ અને કુરુકુળના ધુરંધરો! તમારે બન્નેને કંઈક કહેવું છે, તો જરાય અચકાયા વિના જલદી બોલો. હું તમારી ઇચ્છા પ્રમાણે જ વર્તીશ.' (૧૪-૫૧-૩૭, ૩૮)

ધર્મરાજાએ એમ પ્રોત્સાહિત કરતાં વાક્યવિશારદ અર્જુન વિનયપૂર્વક પાસે જઈને બોલ્યા: 'રાજન્! આ પ્રતાપી વાસુદેવ ઘણા લાંબા સમયથી અહીં રહ્યા છે. આપની અનુજ્ઞા લઈને તેઓ હવે પિતાજીને મળવા જવા ઇચ્છે છે. એટલે જો આપની અનુજ્ઞા તેમ જ સંમતિ હોય તો તેઓ આનર્તનગરી દ્વારકા જાય.' (૧૪-૫૧-૩૯ થી ૪૧).

યુધિષ્ઠિરે તુરત જ શ્રીકૃષ્ણને કહ્યું: 'મધુસૂદન! પુંડરીકાક્ષ! તમે પિતા વસુદેવનાં દર્શન કરવા આજે જ દ્વારવતી જાઓ. તમે ત્યાં જાઓ એ મને રુચે છે. તમને મારાં મામા-મામીને જોયે બહુ સમય થઈ ગયો છે. તમે ત્યાં મામા વસુદેવ અને બલદેવનો મારા તરફથી યથાયોગ્ય સત્કાર કરજો. (કુશળ પ્રશ્ન પૂછજો.) વળી ત્યાં જઈને મારું તથા ભીમ, અર્જુન, નકુલ, સહદેવનું દરરોજ સ્મરણ કરજો હોં કે. ત્યાં તમારા પિતાજી અને આનર્તવાસીઓને મળી લીધા પછી તમે મારા અશ્વમેધમાં પુનઃ પધારજો. સાત્વત! તમે અહીંથી જાતજાતનાં રત્નો (શ્રેષ્ઠ ચીજો), વિવિધ પ્રકારનાં ધન અને બીજું પણ તમારા મનને જે કંઈ ગમતું હોય તે પણ સાથે લેતા જાઓ. માધવ! તમારા પ્રસાદથી આ સમગ્ર વસુંધરા અમને પ્રાપ્ત થઈ છે તથા અમારા દુશ્મનો પણ વિનાશ પામ્યા છે.' (૧૪-૫૧-૪૨ થી ૪૮)

પણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણને શી કમી હતી? એમણે ઉત્તર આપ્યો: 'મહાભુજ! રત્નો, ધન અને સંપૂર્ણ પૃથ્વી હવે તમારી જ છે, એટલું જ નહિ પણ મારા ઘરમાં જે દ્રવ્ય છે તેના પણ માલિક તમે જ છો.' (૧૪-૫૧-૪૯, ૫૦)

---

ब्राह्मणं कुशलं पृच्छेत्क्षत्रबन्धुमनामयम् ।
वैश्यं क्षेमं समागम्य शूद्रमारोग्यमेव च ॥

(પરસ્પર મળતાં) બ્રાહ્મણને કુશળ, ક્ષત્રિયને અનામય, વૈશ્યને ક્ષેમ અને શૂદ્રને આરોગ્ય પૂછવું.

અહીં સર૦ આસામના સંત, 'મહાપુરુષ' માધવદેવનું, ભગવાને 'પુરુષોત્તમ' નામ શાથી ધારણ કર્યું તે વર્ણવતું સુભાષિત:

अधम पुरुषो, होवय उत्तम, भजिया यार चरणे ।
पुरुषोत्तम, नामक धरिया, आछन्त एहि कारणे ॥ 'નામઘોષા' । ૧૭૦ ।

એનાં (ભગવાન શ્રીકૃષ્ણનાં) ચરણોને ભજીને અધમ પુરુષ પણ ઉત્તમ બની જાય છે, આ કારણથી એમણે 'પુરુષોત્તમ' નામ ધારણ કર્યું છે.

ધર્મરાજે 'બરાબર છે' કહી એમને સામું માન આપ્યું. પછી શ્રીકૃષ્ણે ફોઈબા કુન્તીની પ્રદક્ષિણા કરી અનુજ્ઞા લીધી. ચાર ઘોડા જોડેલા દિવ્ય રથમાં બેઠા. યુધિષ્ઠિર અને કુન્તીની અનુમતિ લઈ સુભદ્રાને પણ સાથે લીધી અને નગરજનોથી વીંટળાઈને હસ્તિનાપુરથી પ્રસ્થાન કર્યું. પાછળ પાછળ અર્જુન, સાત્યકિ, નકુલ, સહદેવ, અગાધ બુદ્ધિશાળી વિદુર અને ભીમસેન વગેરે એમને વિદાય આપવા નીકળ્યા. ( નગરની બહાર ભાગોળે આવતાં ) શ્રીકૃષ્ણે એમનામાંથી સાત્યકિ સિવાય ભરતકુળના લોકોને તેમ જ વિદુરને પાછા વાળી સારથિ દારુક તથા સાત્યકિને આજ્ઞા કરી: 'હવે ઘોડાઓને સત્વર હાંકો. વિદાય આપવા આવેલા બધા ભરતો એમને ભેટીને રસાલા સાથે પાછા ફર્યા. પણ અર્જુન ? એ તો ( ક્ષેત્રજ્ઞ એવા પ્રાણપ્રિય સખા, ગુરુ ) શ્રીકૃષ્ણને વારંવાર ખૂબ ખૂબ ભેટ્યા તથા જ્યાં સુધી શ્રીકૃષ્ણ દેખાયા ત્યાં સુધી એમને અનિમેષ નયને જોઈ રહ્યા. શ્રીકૃષ્ણ પણ એ જ રીતે ( નરરૂપી નિર્મળ જીવ એવા પ્રાણપ્રિય સખા, શિષ્ય, ભક્ત ) અર્જુનને તે દેખાયા ત્યાં સુધી જોઈ રહ્યા; અને પછી બન્નેએ પરસ્પર ઉપર સ્થિર થયેલ દૃષ્ટિને મહાકષ્ટે પાછી વાળી. એ રીતે શત્રુગણોનો સંહાર કરીને શતક્રતુ ઇન્દ્ર જેમ સ્વર્ગ તરફ પ્રયાણ કરે એમ શત્રુગણોનું મર્દન કરનાર પ્રતાપવાન શ્રીકૃષ્ણ સાત્યકિની સાથે આનર્તપુરી દ્વારકા પધાર્યા. ( ૧૪-૫૧-૫૧ થી ૫૬; ૫૨-૧ થી ૩ )

* * *

પ્રસ્તુત પ્રકરણમાં 'અનુગીતા'ના ત્રણ પ્રમુખ ઇતિહાસ-સંવાદ પૈકી બાકીના બે: ( ૧ ) પતિ-પત્ની વચ્ચેનો અભય નામનો સંવાદ તથા ( ૨ ) ગુરુ-શિષ્ય વચ્ચેના મોક્ષસંયુક્ત સંવાદનો સમાવેશ થાય છે.

કુરુક્ષેત્રના મહાયુદ્ધ પ્રસંગની તમસ્-રજસ્ગ્રસ્ત ભૂમિકા બદલાઈ. શ્રોતા અને વક્તા એક જ છે પણ અત્યારે વિશ્વયુદ્ધનો પ્રક્ષોભક કાળ નથી. વાતાવરણ શાન્ત અને પ્રસન્ન છે. પ્રક્ષોભક કાળમાં મળેલું જ્ઞાન સ્વાભાવિક છે કે ભુલાઈ પણ જાય; અને આ તો સર્વસેનાપતિના પણ સેનાપતિ ( સર્વોપરી સેનાપતિ ) તરીકે યુદ્ધસંચાલન કરવાનું તથા લડવાનું. પ્રચંડ બોજો વહન કરવાનો. સાથે જ તે કાળે તેઓ તમસ્-રજસ્માં નિમગ્ન હતા. પરિણામે 'નર' અર્જુન એ જ્ઞાન ભૂલી ગયા. અત્યારે એ કીચડમાંથી તેઓ બહાર છે. એમની ભૂમિકા સાત્ત્વિક થઈ છે—થવા તરફ ગતિ છે. અર્થાત્ શિખાઉ બાળકને પડતું આખડતું બચાવી બ્રહ્મયોગના માર્ગે ચઢાવવા માટે ગીતા છે; અને માર્ગ ઉપર સ્થિર થતા આવતા યુવાનને માટે અનુગીતા છે.[૪૧] અર્જુન કહે છે કે 'હું ભૂલી ગયો છું' તેનો અર્થ 'મારા ચિત્તની ભૂમિકા બદલાઈ છે' એવો છે.

---

૪૧ કેટલાક વિદ્વાનો, અભ્યાસીઓ, ટીકાકારો અને વક્રચક્ષુઓ ગીતા તથા અનુગીતાના ઉપદેશમાં વિરોધાભાસ જુએ છે. વસ્તુતઃ એમ નથી. અનુગીતા ગીતાના ઉપદેશનું ઉદ્ઘાટન છે, વ્યાસપ્રોક્ત ભાષ્ય છે.

વિવિધ અર્થઘટનો અને મતભેદો રહેવાના જ. પણ અત્યારે ઋજુ મનુષ્ય એની નિરંતર શોધખોળમાં આગળ વધતાં, અનન્ય ભાવથી ચિંતન કરતાં હૃદયસ્થિત અન્તર્યામી પુરુષોત્તમને સ્વયંગુરુ અને પોતાને શિષ્ય બની રહેલો અનુભવે છે, ત્યારે અવશિષ્ટ રહે છે—જગત્કલ્યાણ અર્થે અહૈતુક પ્રેમપૂર્ણ કર્મરૂપી રસના સાગરમાં નિમગ્ન કરી દેતી ભક્તિ. એમાંથી લાધે છે જ્ઞાન, સમદર્શન, સર્વત્ર નારાયણનું દર્શન.

સર્વસેનાપતિ હતા ત્યારે પેલું ભવ્ય દૈવી ગાન સાંભળીને 'મોહ નષ્ટ થયો, સ્મૃતિ મળી, સંદેહ ગયો અને સ્થિર થયા' છતાં એમને એ (પુરાણા યુગના) વિશ્વયુદ્ધનું સક્રિય સંચાલન કરવું પડયું. એ સંચાલનમાં અનિવાર્યપણે હોવા જ જોઈએ એવા સદ્ગુણો સાહસ, વિક્રમશીલ્તા યુદ્ધકલા, ઔદાર્ય, નિર્ભયતા, ક્ષમા, બુદ્ધિલાઘવ, આત્મવિશ્વાસ વગેરેની સાથોસાથ, દિવ્યગાનમાં ભગવાને શ્રીમુખે ઉપદેશેલ દૈવી સંપતથી ઊલટા આસુરી ભાવોનું—તીખાશ, વૈર, દંશ, તીવ્ર આસક્તિનું પણ એમનાથી અનિવાર્યપણે સેવન થઈ ગયું.

અત્યારે બદલાયેલી પરિસ્થિતિમાં (જીવના પ્રતીક 'નર') અર્જુનનું ચિત્ત શરદ ઋતુના આકાશ જેવું નિર્મળ થઈ ગયું. ત્યારે એમના ઉપર 'સિદ્ધ બ્રાહ્મણ અને કશ્યપના સંવાદ' દ્વારા શ્રીભગવાને કરુણાની ઝડીઓ વરસાવી. એ પછી શ્રીકૃષ્ણ અહીં જગદ્ગુરુ સ્વરૂપે નિર્મળ માનવીના હૃદયમાં પ્રવેશી, દર્શન દઈ, ઉષ્માપૂર્વક હાથ પકડી એને અહેતુક, નિષ્કારણ, નિષ્કામભાવે જગત્કલ્યાણ કરવાની દીક્ષા આપે છે.[૪૨] પોતાની નિર્મમ, પ્રેમપૂર્ણ છતાં રાગવિહીન ત્યાગમયી વિભૂતિને અનાયાસે હૃદયમાં ઉતારી દે છે.

એમ 'અનુગીતા' શ્રીમદ્ ભગદ્વગીતાનું ભાષ્ય બને છે. એમાં ભારતીય દર્શનોની પરિભાષાનો વિનિયોગ છે. સાંખ્ય, યોગ, ઉપનિષદો વગેરેનાં શુભ તત્ત્વોનું સુચારુ સંમિલન તથા સમન્વય છે. તેમાંથી સર્વકલ્યાણકર નિષ્કર્ષનું દોહન કર્યું છે. એ સમગ્ર જ્ઞાનસારને ચરાચરના ગુરુ ક્ષેત્રજ્ઞ શ્રીકૃષ્ણે અપ્રતિમ, અતુલ, અવર્ણનીય તપઃસાધના વડે સુસૂક્ષ્મ અને ભવ્યતર બનાવ્યું. સખા-શિષ્ય-ભક્ત અર્જુનને આપ્યું. પૂર્વે જે ઉપદેશ્યું હતું તે જ સ્વયંજ્યોતિ આત્માનું પરમાત્માનું જ્ઞાન, કે જે સંક્ષેપમાં 'પોતે જ જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાનથી પમાય છે અને ક્ષેત્રજ્ઞરૂપે સર્વના હૃદયમાં વસી રહ્યું છે; જે પરમપુરૂષ ઉપદ્રષ્ટા (નિરીક્ષક, સાક્ષી), અનુમતિ આપનાર, ભર્તા, ભોક્તા, મહેશ્વર અને પરમાત્મા છે; એ પરમપુરુષને કેટલાક (અવિચ્છિન્ન) ધ્યાનથી પોતાની અંદર આત્મા વડે જુએ છે, કેટલાક સાંખ્યથી, કેટલાક યોગથી, કેટલાક કર્મયોગથી, અને કેટલાક અજાણ્યાઓ બીજા નિર્મળ સજ્જનો પાસેથી સાંભળીને એને નિહાળે છે અને મૃત્યુને—મૃત્યુરૂપ સંસારને તરી જ જાય છે; સર્વ નાશવંત પ્રાણીઓમાં જે અવિનાશી પરમેશ્વરને સમાનપણે વિહરતો જુએ છે, પ્રકૃતિ જ સર્વ પ્રકારે સર્વ કર્મો કરે છે અને આત્મા તો અકર્તા છે એમ જે જુએ છે; અને પ્રાણીઓના પૃથગ્ભાવોને, અલગ અસ્તિત્વોને એક આત્મામાં જ રહેલાં અને તેમાંથી જ આ બધો વિસ્તાર થયેલો છે એમ જે સતત નીરખે છે, અનુદર્શન કરે છે તે જ સાચું જુએ છે, સમજે છે (બીજા તો અંધ કે

---

૪૨ અન્તર્યામી ગુરુ હૃદયમાં કેવી રીતે દર્શન દે છે, તેનું મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ સંત નામદેવનું વર્ણન જુઓ : एसो रामराइ अंतरजामी ॥ जैसे दरपन माहि बदन परवानी ॥ १ ॥ रहाउ ॥ बसै घटा घट घट लीप न छीपै ॥ बंधन मुकता जातु न दीसै ॥ १ ॥ पानी माहि देखु मुखु जैसा ॥ नामे को सुआमी बीठलु ऐसा ॥ २ ॥ 'ગુરુ ગ્રન્થ સાહિબ', પૃ. ૧૩૧૮.

'જેમ દર્પણમાં શરીર દેખાય છે એમ અન્તર્યામી રાજા રામ (નિર્મળ ચિત્તમાં દેખાય) છે. (૧-ટેક) એ ઘટઘટમાં વ્યાપી રહેલો છે પણ લેપાતો નથી. એ બંધનમુક્ત છે છતાં બંધાયેલો દીસે છે. (૧) (સ્વચ્છ) પાણીમાં જેવી રીતે મુખ દેખાય એવી રીતે નામદેવનો સ્વામી વિઠ્ઠલ દેખાય છે. (૨)

મંદબુદ્ધિ છે).'૪૩ 'આમ સમ્યગ્દર્શન થવાથી જે પુરુષ સર્વત્ર સમપણે વસી રહેલા ઈશ્વરને પૂર્ણરૂપે નિરખે છે તે આત્મા વડે આત્માનો ઘાત (આત્મઘાત) કરતો નથી તેથી પરમ ગતિને પામે છે. અર્થાત્ પૂર્ણ અહિંસક અને પ્રેમસભર ભક્ત બને છે...':૪૪ એ બીજને અર્જુનના હૃદયમાં પુનઃ રોપ્યું; અને અતન્દ્રિતપણે જગતના હિતાર્થે આચારપરિણત કરવા આદેશ આપ્યો. સર્વનું નિષ્કામભાવે પ્રેમપરિપૂર્ણ હૃદયથી હિત ચાહવું એમાં પોતા સમેત સર્વનો પરમ અર્થ (પરમાર્થ, 'સ્વાર્થ') રહેલો છે તે એ ઋજુચિત્ત શિષ્યના હૃદયમાં ઊતરી ગયું. એમણે શ્રીકૃષ્ણનું

---

૪૩ ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते ।
ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्य विष्ठितम् ॥ गीता १३-१७
(મ. ભા. ૬-૩૫-૧૭)

ગીતા ૧૩-૭ થી ૧૧માં વર્ણવેલું જ્ઞાન; ૧૩-૧૨ થી ૧૭માં વર્ણવેલું જ્ઞેય; અને જ્ઞેયને જાણી લીધું તેથી જ્ઞાનનું ફળ, જ્ઞાન વડે પ્રાપ્ત તે જ્ઞાનગમ્ય એવું બ્રહ્મ. તે સર્વના ચિત્તમાં વસેલું છે.

उपद्रष्टानुमन्ता च भर्ता भोक्ता महेश्वरः ।
परमात्मेति चाप्युक्तो देहेऽस्मिन्पुरुषः परः ॥ गीता १३-२२
ध्यानेनात्मनि पश्यन्ति केचिदात्मानमात्मना ।
अन्ये सांख्येन योगेन कर्मयोगेन चापरे ॥ १३-२४
अन्ये त्वेवमजानन्तः श्रुत्वान्येभ्य उपासते ।
तेऽपि चातितरन्त्येव मृत्युं श्रुतिपरायणाः ॥ १३-२५
समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् ।
विनश्यत्स्वविनश्यन्तं यः पश्यति स पश्यति ॥ १३-२६
प्रकृत्यैव च कर्माणि क्रियमाणानि सर्वशः ।
यः पश्यति तथात्मानमकर्तारं स पश्यति ॥ १३-२९
यदा भूतपृथग्भावमेकस्थमनुपश्यति ।
तत एव च विस्तारं ब्रह्म संपद्यते तदा ॥ १३-३०
(મ. ભા. ૬-૩૫-૨૨, ૨૪, ૨૫, ૨૬, ૨૯, ૩૦)

૪૪ समं पश्यन्हि सर्वत्र समवस्थितमीश्वरम् ।
न हिनस्त्यात्मनात्मानं ततो याति परां गतिम् ॥ ६-३५-२८ (गीता १३-२८)

પ્રકૃતિની લીલારૂપ દેહમાં અજ્ઞાનને કારણે આત્મબુદ્ધિ કરી તેના પ્રકાશક ચૈતન્ય આત્માનો અનાદર કરવો અને સ્થૂલથી માંડીને સૂક્ષ્મતમ હિંસા કરવી તે એક પ્રકારનો આત્મઘાત. આવા અનાદરના પરિણામે ચાલુ મનુષ્ય દેહનો નાશ ઈચ્છીને તથા કર્મબંધોને પરિણામે દેહપાત પછી નવા નવા દેહોની પ્રાપ્તિ કરવી, અને જે તે દેહનો વ્યર્થ નાશ કરવો એ બીજા પ્રકારનો આત્મઘાત.

પણ જેને સર્વત્ર, સર્વ સમયે, સર્વ અવસ્થામાં આત્મદર્શન રહેતું હોય તે કોનો અનાદર કરે? કોની દ્વેષ-હિંસા કરે? કોના ઉપર પ્રેમ નહિ રાખે? એથી તે અહિંસક તો બનશે જ; સાથે તે પરમાત્માનું અનુચિન્તન, અનુદર્શન કરતો હોઈ સ્વાભાવિક રીતે ભક્ત બનશે જ, ગમે તેવો પાપી હોય તોપણ. મોટામાં મોટું પાપ 'આત્મઘાત'નું છે. સર્વ જીવનના સ્વામી પરમાત્મા શ્રીકૃષ્ણને વીસરી જવું તે છે. એ પાપ ધોવાઈ જતાં, જીવનસ્વામી સાથે ઐક્ય સ્થપાતાં એના અપરંપાર કરુણાથી ભરપૂર સ્વાસ્થ્યપ્રદાતા બાહ્ય-આભ્યંતર ગાઢ આશ્લેષમાં નિઃસંદેહ શમી જવાનું છે.

તત્ત્વતઃ દર્શન કર્યું. એમનું મન શ્રીકૃષ્ણમાં ઠર્યું. જે દ્વાર કદી પણ ઉઘડશે નહિ એમ લાગતું હતું તે હૃદયદ્વાર ખૂલી ગયાં. સંપૂર્ણ સક્રિયતા શું તે સમજાયું. તીવ્ર દોડાદોડવાળી રાગદ્વેશજનિત આવેશપૂર્ણ ધમાધમવાળી અને તેથી મોટે ભાગે નિષ્ફળ અને ક્વચિત્ અંશતઃ સફળ બનતી 'સક્રિયતા'ને સ્થાને પૂર્ણ સક્રિયતા એના ઉત્કટ રૂપમાં નિહાળી. એમણે જગદ્‌ગુરુએ પ્રબોધેલ અધ્યાત્મશાસ્ત્રને આચારપરિણત કરવા નિશ્ચય કર્યો.

અર્જુને, 'ઋજુચિત્ત નરે', ક્ષેત્રજ્ઞને—'સ્વ'ને ઓળખ્યો. એમનું અનાથપણું ચાલ્યું ગયું. તે સનાથ થયા. ભક્તિ આવી. પ્રેમની મધુર ગંગા નીસરી. (જીવનમાર્ગમાં) જે જે અન્ય નદી-ઝરણાં આવ્યાં તે આ ગંગાને પરિપુષ્ટ બનાવતાં ગયાં. અત્યારે પણ એ સનાતન ત્રિપથગા ગંગા એમાં સ્નાન કરનારનાં કિલ્બિષ કાપી, શુદ્ધ કરી એના હૃદયમાંથી વળી પુનઃ એવી જ પરિશુદ્ધ કરતી, પરિતૃપ્ત કરતી, સક્રિય કરતી, સમગ્ર અસ્તિત્વને માધુર્યમાં નિમગ્ન કરી દેતી પુણ્યસલિલા ભાગીરથીનું સર્જન કરતી અસ્ખલિત વહી રહી છે.

* * *

બન્ને પરમ સુહૃદો હસ્તિનાપુરમાં આવ્યા. ત્યાં ધૃતરાષ્ટ્રના પ્રાસાદમાં જઈને શ્રીકૃષ્ણે દાસીપુત્ર વિદુરનું જે વિશિષ્ટ રીતે સન્માન કર્યું, તે નાનકડો પ્રસંગ એમના 'એક હજાર સૂર્ય સામટા ઊગી નીકળે તો કદાચ એની પ્રભા એ વિશ્વરૂપ શ્રીકૃષ્ણની પ્રભા જેવી થાય કે ન પણ થાય', એવા તેજસ્વી ચારિત્ર્યનું નિર્માણ કેવા પ્રબળ આચારપરિણત સમદર્શનથી થયેલું છે તેની જરાક ઝાંખી કરાવે છે.

વિદાય વેળાએ છૂટા પડતા બે પરમ મિત્રો શ્રીકૃષ્ણ-અર્જુનનું સ્નેહથી તરબતર વર્તન, નિષ્કામ છતાં સ્નેહથી ભરપૂર, માધુર્ય રેલાવતી કલ્યાણકારી પ્રેમગંગામાં અંદર અને બહાર, પરિપૂર્ણ નિમગ્ન કરી દે છે.

[ લેખકના આગામી પુસ્તક **'શ્રીકૃષ્ણ-પુરુષોત્તમ અને અન્તર્યામી'**નું એક પ્રકરણ ]

મારા સ્વાધ્યાયની વાનગી

# દ્વારકાના પ્રદેશમાંથી જૈન સંસ્કૃતિની છાપવાળા સાંપડેલા બે અભિલેખ

કલ્યાણરાય ન. જોષી

દ્વારકાના પ્રદેશની સંસ્કૃતિના ઇતિહાસનાં પ્રકરણો લખવાના વ્યાસંગમાં હું અટવાયો હતો ત્યારે એક પ્રકરણ—"જૈન સંસ્કૃતિની દ્વારકાના પ્રદેશ પર છાપ" નામનું યોજાયું. એ પ્રકરણને બને તેટલું શિષ્ટ અને ઇતિહાસના ક્ષેત્રે સવિશેષ પ્રકાશ પાડતું બનાવવા અનેક તજવીજો મેં કરી છે. માત્ર તૂટી-ફૂટી હકીકતો મળ્યા કરી, તે સંઘરી રાખી છે પણ ખણુખણતો નિર્ણય આવી શકે એવી શોધ હજુ મારાથી થઈ શકી નથી. આ કાર્યને અંગે મને બે ઉત્કીર્ણ લેખો સાંપડ્યા છે. તે પ્રકટ કરવાનું ઔચિત્ય મને સમજાયું છે. વિદ્વાન પર્યેષકોની દૃષ્ટિ એ ઉત્કીર્ણ લેખ પર પડે અને કદાચ એ લેખને લગતી કેટલીક સત્ય હકીકત બહાર આવે, એવા હેતુથી આ બે લેખ રજૂ કરવામાં આવ્યા છે.

## લેખ પહેલો

દ્વારકાના પ્રદેશમાં જૈનસંસ્કૃતિની છાપવાળો એક અભિલેખ પ્રાપ્ત છે, તે અત્રે ટાંકવા યોગ્ય છે. બેટશંખોદ્ધારનાં હાલનાં મન્દિરોમાં શ્રી રાધિકાજીનું એક મન્દિર છે. શ્રી રાધિકાજીની ચલમૂર્તિ બિરાજે છે, તેની આસપાસ બીજાં ચલ સ્વરૂપો પણ ઘણા સમયથી બિરાજે છે અને તેમનું રોજિંદું અર્ચન, પૂજન સમ્પ્રદાયની રીતે થયા કરે છે. આ ચલ સ્વરૂપોમાં એક મૂર્તિ અન્નપૂર્ણા તરીકે પુજાતી રહી છે. તેના પર પીઠિકામાં અર્ધગોળાકારની લીટીઓમાં એક અભિલેખ કોતરાયેલો છે. તે અત્રે ઉતારવામાં આવે છેઃ

**१ संव १४५२ जेष्ट शुदी ६ शनौ श्रीमाल वंशे-**

**ठा. मंडलीक सूतैः ठा. धरासंग-, धनपाल**

**२ जुठा समा केरलिका मूर्ति कारापिता श्री. आगमगच्छैः शुभं भवनु-**

બેટના વૈષ્ણવી મન્દિરોમાંના એક દેવાલયમાં, વરસોથી પુજાતી આવતી-(સં. ૧૪૫૨ થી), આ મૂર્તિમાં મને જૈનસંસ્કૃતિની છાપ તરવરતી હોય એવું ભાસે છે. કારણ કે,

(૧) તે લેખમાં **आगम गच्छै** શબ્દો છે તે શબ્દો સ્પષ્ટ રીતે જૈનસંસ્કૃતિની પેદાશ છે.

(૨) **श्रीमाल वंशे- ठा. मंडलीक सूतैः**—આ શબ્દગુચ્છમાં શ્રીમાલી જાતિનો—ન્યાતનો ઉલ્લેખ વંશ શબ્દથી થયો છે. ઝીણવટથી જોનારને, એ શબ્દોમાં જૈન શ્રીમાલી સંઘનું દર્શન સહજ થઈ શકે તેમ છે.

(૩) धरासंग અને धनपाल, એ વ્યક્તિવાચક નામો જોકે કાળની છાપ દર્શાવે છે. છતાં તેમાં જૈનસંસ્કારનો રંગ આરોપવા માગીએ તો તેમ કહી શકાય.

"આગમગચ્છ"—તે કાળમાં કયા દેશમાં આસ્તિત્વ ધરાવતો હશે, તે જૈન આગમના અભ્યાસીઓને વિદિત હોઈ શકે. મને લાગે છે કે રાજસ્થાનના જેસલમેરના પ્રદેશમાંથી, કે કચ્છના પ્રદેશમાંથી **આગમ ગચ્છ**, આ લેખ પર અંકાયો હોય.

બેટ શંખોદ્ધારમાં, મારાં સંશોધનની પ્રવૃત્તિને અંગે મને, જૈન મન્દિરના જૂના અવશેષ અને જૂની મૂર્તિઓના ખંડિત અવશેષો સાંપડ્યા હતા. તે વિષે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તરફથી પ્રકટ થયેલા મારા પુસ્તક—"દ્વારકા અને વસઈના પુરાણા અવશેષો"—માં મેં સ્પષ્ટ નોંધ કરેલી છે. પ્રસ્તુત અભિલેખવાળી મૂર્તિ હજુ સુધી પૂજન-અર્ચન-ને પાત્ર ગણાયા કરે છે.

સદરહુ લેખ, પુરાતત્ત્વના પંડિત ગિરિજાશંકર ભટ્ટ અમરેલીવાળાએ પહેલાં શોધી કાઢ્યો હતો. કદાચ તે લેખ "ભાવનગર ઇન્સ્ક્રીપ્શન"માં છપાયો હોય, મને તે એ પંડિતની હસ્તલિખિત વહીમાંથી મળ્યો છે. તે વિષે વધુ ચર્ચા મેં "દ્વારકાને લગતા ઉત્કીર્ણ લેખો—" નામના પુસ્તકમાં લખી છે; પુસ્તક પ્રકટ થયું નથી.

## લેખ બીજો

દ્વારકાના પ્રદેશમાં, બારાડી મથકમાં ગઢકા ગામેથી મળી આવેલા અભિલેખના ઉતારા.
દેશવાળા સોઢાની ભલાણમાંથી શ્રી પાર્શ્વનાથની પ્રતિમા પરનો અભિલેખ.

श्री अंचलगच्छे पूज्यश्री कल्याणसागरसूरिणामुपदेशेन श्रीपार्श्वनाथबिंबं कारितं प्रतिष्ठा श्रीसंघेन।

આ સ્થળે જે **સિદ્ધચક્ર** સાંપડયું છે તેના પરના લેખનો ઉતારો વિશેષ પ્રકાશ આપે છે.

सं. १५१६ ज्ये सु. च शुक्रे प्रा. व्य. पद्म साश्वावु पुत्र व्य. कजाकेन भा. कदत्त पुत्र गणीवा वा गणपति परायण वेलादि कुटुंबयुतेन श्रीनेमिनाथबिंबं कारितं श्रीप्रभु वा श्री सोमसुंदरसूरिशिष्यश्रीरत्नगणिना.

આ લેખ તો જૈન સંસ્કૃતિનો સંપૂર્ણ સ્વાંગ સજીને વાચકની દૃષ્ટિએ ચડે છે.

આ લેખ પરથી સુસ્પષ્ટ થાય છે કે, દ્વારકાના પ્રદેશમાં જૈનસંસ્કૃતિ સારી રીતે ફૂલી ફાલી હતી. શ્રી કલ્યાણસાગરસૂરિનો પ્રભાવ એ પ્રદેશ પર ઠીક જામ્યો હોવો જોઈએ. એ સદ્ગુરુના ઇતિહાસમાં દ્વારકા વિષે કોઈ ઉલ્લેખ મળી શકતો હોય તો, જૈન આગમના અન્વેષકો મને જણાવશે તો અંધારામાં પ્રકાશ પાડવાનું સત્કાર્ય તેમને હાથે થયું ગણાશે.

બીજાં નામ આ લેખમાં **શ્રી સોમસુંદરસૂરિ** છે અને **શ્રી રત્નગણિ**નાં છે. તે પણ સંશોધન દૃષ્ટિવાળાની ધગશ અને ઉકેલ માગે છે.

# ખંભાતની દેવયુગલ પ્રતિમાઓ

જે. પી. અમીન

પૌરાણિક ઉલ્લેખ તથા લોક-અનુશ્રુતિ પ્રમાણે ખંભાત ઘણાં નામ—મહીસાગર સંગમ-ક્ષેત્ર, ગુપ્તક્ષેત્ર, કૌમારિકાક્ષેત્ર, સ્તંભતીર્થ, સ્તંભપુર, સ્તંભેશ્વરતીર્થ, મહીનગર, તારકપુર, ત્રંબાવટી (તામ્રલિપ્ત), ભોગવતી, કર્ણાવતી, ખંભાયત—ધરાવે છે.[1] એમાં મહીસાગર સંગમક્ષેત્ર, સ્તંભતીર્થ તથા મહીનગર પુરાણોલ્લેખિત છે.[2]

આમાં સ્તંભતીર્થ નામ અપ્રમાણ ગ્રંથો અને લેખોમાં પ્રયોજાયેલું નામ છે. જૈન વાઙ્-મયમાં ખંભાતને "સ્તંભતીર્થ" તરીકે વર્ણવેલ છે. આ "સ્તંભતીર્થ" એ સ્પષ્ટતઃ હાલના "ખંભાત"નું સંસ્કૃત રૂપ છે, તે સોલંકી કાળના અભિલેખોમાં પ્રયોજાયું છે.[3]

ખંભાતની નજીકમાં પૂર્વમાં એકાદ માઈલના અંતરે આવેલ મેતપુર ગામના હરશંકર મહાદેવના મંદિરમાં 'બ્રહ્મા-સાવિત્રી'ની હંસારૂઢ આલિંગન પ્રતિમા જોવા મળે છે. (આકૃતિ

---

૧ શાસ્ત્રી, શ્રી. કે. કા., 'પ્રાચીન ભૌગોલિક ઉલ્લેખો', "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ" (સંપાદકઃ શ્રી રસિકલાલ છો. પરીખ અને ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી), ગ્રંથ ૧, પૃ. ૩૮૮ તથા શ્રી રત્નમણિરાવ જોટે, 'ખંભાતનો ઇતિહાસ' (ખં. ઇ.), પ્ર. ૩, પૃ. ૧૪.

ગ્રંથોમાં ખંભાતનાં નામો અને જોડણી નીચે પ્રમાણે જોવા મળે છે. સ્તંભતીર્થ, સ્તમ્ભનપુર, સ્તંભતીર્થપુર, ખંભનયરિ (ષંભ), ખંભનયર, ખંભનગર, ખંભાવતી, ખંભાયતિ, ખંભાતિ, ખંભ, ત્રંબાવટી, થંભ. થંભતીરથ, થંભન, થંભણીઉ, થંભનપુર, ખંભાત, ખંભાયત, ખંબાત, અંગ્રેજીમાં Cambay.

ભટ્ટ, નર્મદાશંકર "ખંભાતનો પ્રાચીન જૈન ઇતિહાસ", પૃ. ૬

૨ સ્કંદપુરાણના માહેશ્વર ખંડ અંતર્ગત કૌમારિકા ખંડમાં આ ચાર નામનું વર્ણન વારંવાર જોવા મળે છે. જુઓ, મહીસાગર સંગમક્ષેત્ર, અધ્યાય ૬૬, ૧૨૫. ગુપ્તક્ષેત્ર, અધ્યાય ૧૩, ૧૨૦, ૫૫.૩, ૧૪૫, ૫૮. ૧-૨, ૬૩. ૧૨૮, ૬૬. ૧૨૫.

સ્તંભતીર્થ—અધ્યા. ૩૫, ૫૮-૩૭, મહીનગર, અધ્યા. ૪૮-૪૯.

૩ ખંભાત શબ્દની વ્યુત્પત્તિ વિષે વિવિધ મત પ્રચલિત છે. વિસ્તૃત વર્ણન માટે જુઓ :

૧. જોષી, ડૉ. ઉમાશંકર, "પુરાણોમાં ગુજરાત", પૃ. ૨૧૨–૨૧૩.

૨. જોટે, રત્નમણિરાવ, "ખંભાતનો ઇતિહાસ", પૃ. ૧.૭૪.

૩. મહેતા, ડૉ. રમણલાલ ના., 'કૌમારિકાખંડ અને ખંભાત', "સ્વાધ્યાય", પુ. ૨, અંક ૪, પૃ. ૪૬૭.

૪. અમીન, ડૉ. જે. પી. 'ખંભાતની વિશિષ્ટ શૈવ પ્રતિમાઓ', "વિદ્યા", ગુજરાત યુનિવર્સિટી, જાન્યુઆરી, ૧૯૭૩ વગેરે.

નં. ૧ ) ગર્ભગૃહની સામેની દીવાલના ગોખમાં એ સેવ્ય પ્રતિમા તરીકે પુજાય છે. બાજુમાં 'લક્ષ્મીનારાયણની અને પાર્વતીની પ્રતિમાઓ જુદા જુદા ગોખમાં પધરાવેલી છે.[૪]

કાળા આરસ-પાષાણમાંથી આ પ્રતિમા કંડારેલી છે. એમાં બ્રહ્મા લલિતાસનમાં બેઠા છે. અને એમના ડાબા ઉત્સંગમાં સાવિત્રી લલિતાસનમાં શોભે છે.

બંનેએ માથે મુકુટ ધારણ કર્યા છે. સાવિત્રીનો જટામુકુટ તથા મુખ પરનો રતિભાવ એકદમ આહ્લાદક છે.

ચતુર્મુખ બ્રહ્માના સંમુખનાં ત્રણે મુખ સ્પષ્ટપણે દશ્યમાન છે; એમાંનું મધ્યમુખ, સાવિત્રી અભિમુખ, વામ બાજુએ સહેજ વળાંક લઈ સાવિત્રી પર દૃષ્ટિપાત કરે છે. તે ભાવ-વિભોર ભક્તના અંતઃકરણમાં નૈસર્ગિક પ્રેમના ઝલકની ઝાંખી કરાવે છે. એ જ રીતે સાવિત્રીનું મુખ, બ્રહ્માજીના મધ્ય-મુખ તરફ અમી નજરે મંડાયેલું છે. એમનો શાંત રતિભાવ આહ્લાદક અને આનંદપ્રદ છે.

પ્રાચીન ઋષિના જેવી ભવ્ય દાઢીના કારણે બ્રહ્માજીના મુખારવિંદનો ઉઠાવ એકદમ આકર્ષક લાગે છે. એમના જમણા બે હાથ પૈકીના ઉપરના ઊર્ધ્વગામી હાથમાં અક્ષમાળા નજરે પડે છે. ડાબી બાજુની બંને ભુજાઓથી, બ્રહ્માજીએ સાવિત્રીને આલિંગન આપ્યું છે અને એમાંના એક હાથમાં 'વેદ' ધારણ કર્યા છે, તથા બીજો હાથ આલિંગન મુદ્રામાં, સાવિત્રીના સ્તન પ્રદેશને સ્પર્શે છે.

સાવિત્રી દ્વિભુજ છે, એમણે જમણા હાથથી બ્રહ્માજીને આલિંગન આપ્યું છે અને વામ હસ્તમાં પ્રફુલ્લિત પદ્મ ધારણ કર્યું છે.

નીચે વાહનમાં હંસ-બેલડી ( ૫" = ૧૨.૫ સે.મી. ઊંચો ) શોભે છે. લલિતાસાનસ્થ બ્રહ્માજીના જમણા પગની પાની વામ-હંસની પીઠને કોમળતાથી સ્પર્શે છે. જમણી બાજુના હંસના મુખ આગળ ત્રિભંગાવસ્થામાં દિગ્પાલ ( ? ) ઊભા છે. ડાબી બાજુના હંસના મુખ ઉપર કમળ નીકળતું દેખાય છે. તેના પ્રફુલ્લિત ભાગ પર સાવિત્રી માતાનો ડાબો પગ ટેકવેલો છે.

બ્રહ્મા-સાવિત્રી બંનેએ કાને કુંડલ, ગળામાં હાર, બાહુમાં બાજુબંધ, હાથમાં વલય, કમરે કટિમેખલા, પગમાં નૂપુર વગેરે અલંકાર ધારણ કર્યા છે, તેને પરિણામે એમનું સૌંદર્ય એકદમ ખીલી ઊઠે છે. એમાં બ્રહ્માજીનું ઉપવિત, શરીરસૌષ્ઠવમાં પુરુષાતન પ્રેરે છે. ગળાનો ત્રણ સેરવાળો હાર, કંઠસૌંદર્યમાં અનેરો વધારો કરે છે.

---

૪ લગભગ ૧૫૦ વર્ષ પહેલાં ખંભાતનિવાસી શેઠશ્રી મગનલાલભાઈ વખારિયાના, મેતપુર ગામની સીમમાં આવેલ ખેતરમાંથી હળ ખેડતાં આ પ્રતિમા પ્રાપ્ત થયેલી; આ સાથે લકુલીશ ભગવાનની તથા લક્ષ્મીનારાયણની પ્રતિમાઓ પણ પ્રાપ્ત થયેલી. આ કુટુંબે પોતાના ખર્ચે મોટું શિખર બાંધી, શિવાલય બનાવી આ પ્રતિમાઓની પ્રાણ-પ્રતિષ્ઠા કરાવી; અત્યારે પણ એમના વારસદારો—સર્વશ્રી પ્રાણલાલભાઈ, નિખિલાલભાઈ, ચંદુલાલભાઈ, જયંતિલાલભાઈ અને રમણલાલભાઈ મંદિરનો પૂજન-અર્ચન અને તમામ નિભાવ ખર્ચ પ્રેમપૂર્વક કરે છે.

૨૧" ( ૫૪ સે.મી. ) ઊંચી અને ૧૨" ( ૩૧ સે. મી. ) પહોળી એવી આ આલિંગન-પ્રતિમાઓ એની તક્ષણકલા, મુખ પરની અનુપમ સૌંદર્યપ્રભા, હાથનાં આયુધો અને અલંકારો પરથી અગિયારમા-બારમા સૈકા જેટલી પ્રાચીન પ્રતીત થાય છે.

આવી બીજી બ્રહ્મા-સાવિત્રીની હંસારૂઢ આલિંગન પ્રતિમા ખંભાતમાં ધનજી શાહની પોળમાં આવેલા રણછોડજીના મંદિરમાં મુખ્ય સ્વરૂપ રણછોડજીની જમણી બાજુએ પ્રતિષ્ઠિત કરેલી છે.[૫]

શ્વેત આરસ પાષાણમાંથી કંડારાયેલી આ પ્રતિમા ૭૦ સે.મી. ઊંચી અને ૩૫ સે.મી. પહોળી છે તથા પથ્થરનો શિરોભાગ અર્ધ વર્તુળાકારે સુશોભિત છે. એમાં બ્રહ્માજી લલિતાસનમાં બેઠા છે અને એમના ડાબા ઉત્સંગમાં સાવિત્રી દેવી લલિતાસનસ્થ શોભે છે.

ચતુર્મુખ બ્રહ્માના સંમુખ દશ્યમાન ત્રિમુખનું મધ્યમુખ, સાવિત્રી અભિમુખ વામ બાજુએ, સહેજ વળાંક લઈ સાવિત્રી પર દષ્ટિપાત કરે છે. તે ભાવવિભોર ભક્તના અંતઃકરણમાં નૈસર્ગિક પ્રેમના ઝલકની ઝાંખી કરાવે છે. એ જ રીતે સાવિત્રીનું મુખ બ્રહ્માજીના મધ્ય મુખ તરફ અમી નજરે મંડાયેલું છે. એમનો શાંત રતિભાવ એકદમ આકર્ષક અને આહ્લાદક છે.

પ્રાચીન ઋષિમુનિને મૂર્તિમંત કરતી ભવ્ય દાઢીને કારણે બ્રહ્માજીના મુખારવિંદનો ઉઠાવ એકદમ આકર્ષક અનુભવાય છે. એમના ચતુર્ભુજ પૈકીના ઉપરના જમણા ઊર્ધ્વગામી હાથમાં સ્રુવ અને નીચેના હાથમાં કુંભ શોભી રહ્યો છે. ડાબી બાજુની બંને ભુજાઓથી બ્રહ્માજીએ સાવિત્રીને આલિંગન આપ્યું છે, અને એમાંના એક હાથમાં પોથી ધારણ કરી છે અને બીજો હાથ આલિંગન મુદ્રામાં સાવિત્રીના વામ સ્તનને સ્પર્શે છે.

સાવિત્રી દેવીએ જમણા હાથથી બ્રહ્માજીને આલિંગન આપ્યું છે અને વામ હસ્તમાં પ્રફુલ્લિત પદ્મ ધારણ કર્યું છે; નીચે વાહનમાં હંસ શોભે છે.

બ્રહ્મા-સાવિત્રી બંનેએ માથે મુકુટ, કાને કુંડલો, ગળામાં હાર, બાહુમાં બાજૂબંધ, હાથમાં વલય, પગમાં નૂપુર વગેરે અલંકાર ધારણ કર્યા છે; પરિણામે પ્રતિમાનું સ્વરૂપસૌંદર્ય સોળે કળાએ ખીલી ઊઠે છે. મુખારવિંદની સૌંદર્યપ્રભા, તક્ષણ કળા, અલંકારો વગેરે જોતાં આ પ્રતિમા તેરમા સૈકા જેટલી પ્રાચીન પ્રતીત થાય છે.

---

૫ આ મંદિર સપ્તઋષિ-મંદિરના નામે પણ ઓળખાય છે, કારણ કે એના ગર્ભગૃહમાં ૧૫૦ સે.મી. લાંબા અને ૬૨ સે.મી. ઊંચા સળંગ શ્વેત આરસ પાષાણમાંથી કંડારેલ સપ્તઋષિ મુનિઓ અને માતા અરુંધતીની પ્રતિમા, પૂર્વાભિમુખ સ્થાપિત કરેલી છે. તેનો મહિમા લોકહૃદયમાં એટલો બધો અલૌકિક છે કે ઋષિપંચમીના પર્વદિને ( ભાદરવા સુદ પાંચમે ) અહીં મોટો મેળો ભરાય છે અને એમના દર્શનથી હજારો ભાવિક ભક્તો કૃતકૃત્યતા અનુભવે છે. એમાં ૫૫ સે.મી. ઊંચા અને ૧૭ સે.મી. પહોળા દરેક ઋષિના લંબકર્ણ ( ૫ સે.મી. લાંબા ), ગ્રીવા પ્રદેશ પર પથરાયેલી લાંબી દાઢી ( ૫ સે.મી. લાંબી ), મુખ પરની પુરુષાતનયુક્ત મૂછ, માથા પરની પાઘડી અને દરેકના ચરણ આગળ નમસ્કાર મુદ્રામાં અંકિત કરેલ દ્વિભુજ પુરુષાકૃતિ ( ૯ સે.મી. ઊંચી ) ખાસ ઉલ્લેખનીય છે. અંતે અષ્ટ પ્રતિમા તરીકે આવેલ અલંકારયુક્ત અરુંધતી માતાની મૂર્તિ અને એમના વામચરણ આગળ નમસ્કાર મુદ્રામાં આવેલ નાની સ્ત્રી-આકૃતિ પણ નોંધપાત્ર છે.

આવી ત્રીજી બ્રહ્મા-સાવિત્રીની આલિંગન-પ્રતિમા ખંભાતમાં સુપ્રસિદ્ધ રણછોડજીના મોટા મંદિરમાં પ્રવેશતાં જમણા હાથે ઓટલા પર આવેલી છે; ( આકૃતિ ૨ ). આ પ્રતિમા અર્ધ-ચંદ્રાકાર શિરોભાગવાળા ૨૩'' ( ૫૯ સે.મી. ) ઊંચા અને ૧૪'' ( ૩૬ સે.મી. ) પહોળા શ્વેત આરસ પાષાણમાંથી કંડારેલી છે; એમાં બ્રહ્માજી લલિતાસનમાં બેઠા છે, અને એમના ડાબા ઉત્સંગમાં સાવિત્રીજી લલિતાસનમાં બિરાજે છે. મસ્તકના પ્રભામંડલને કારણે તથા અર્ધ-વર્તુળાકાર ભાગમાં મંદિર જેવી કોતરણી કોરેલી હોવાથી, આ આલિંગન મૂર્તિના સૌંદર્યનો ઉઠાવ એકદમ અનુપમ અને અલૌકિક લાગે છે.

બંનેએ માથે મુગટ ધારણ કર્યા છે. સાવિત્રીનો જટામુકુટ તથા મુખ પરનો રતિભાવ એકદમ આકર્ષક અને આહ્લાદક છે. ચતુર્મુખ બ્રહ્માનાં સંમુખનાં ત્રણ મુખ સ્પષ્ટપણે જોઈ શકાય છે. એમાંનું મધ્ય મુખ સાવિત્રી અભિમુખ, વામ બાજુએ સહેજ વળાંક લઈ સાવિત્રી પર દૃષ્ટિપાત કરે છે, તે ભાવવિભોર ભક્તના અંતઃકરણમાં નૈસર્ગિક પ્રેમના ઝલકની ઝાંખી કરાવે છે. એ જ રીતે સાવિત્રીનું મુખ, બ્રહ્માજીના મધ્ય મુખ તરફ અમી નજરે મંડાયેલું છે. એમનો શાંત રતિભાવ આનંદપ્રદ છે.

પ્રાચીન ઋષિના જેવી ભવ્ય દાઢી( ૩" લાંબી )ને કારણે બ્રહ્માજીના મુખારવિંદનો ઉઠાવ એકદમ આકર્ષક લાગે છે. એમના જમણા બે હાથ પૈકીના ઉપરના ઊર્ધ્વગામી હાથમાં સ્રુવ ( ૯" લાંબો ) તથા નીચેના હાથમાં કુંભ શોભી રહ્યો છે. ડાબી બાજુની બંને ભુજાઓથી બ્રહ્માજીએ સાવિત્રીને આલિંગન આપ્યું છે, અને એમાંના એક હાથમાં 'પોથી' ( ૮'' લાંબી ) ધારણ કરી છે તથા બીજો હાથ આલિંગન મુદ્રામાં, સાવિત્રીના સ્તનપ્રદેશને સ્પર્શે છે.

સાવિત્રી બ્રહ્માજીના ડાબા ઉત્સંગમાં આખા શરીરને જમણી બાજુએ વળાંક આપી બેઠેલાં છે. એમનો જમણો હાથ, બ્રહ્માજીની પીઠ પાછળથી પસાર થઈને એમના જમણા ખભાને સ્પર્શી આલિંગન આપે છે. અને એમનાં વામ-હસ્તમાં પ્રફુલ્લિત પદ્મ શોભી રહ્યું છે.

નીચે વાહનમાં મૂર્તિની વામ દિશાએ સાવિત્રીજીના વામ-પદ નીચે મોતીનો ચારો ચરતો રાજહંસ ( ૫'' મોટો ) શોભે છે. એની નીચે મૂર્તિની બંને બાજુએ ખૂણામાં બે દિગ્પાલ ( દરેક ૫" ઊંચો ) લલિતાસનમાં નજરે પડે છે.

બ્રહ્મા-સાવિત્રી બંનેએ કાને કુંડલ, ગળામાં હાર, બાહુમાં બાજુબંધ, હાથમાં વલય, કમરે કટિમેખલા, પગમાં પાદજાલ, નૂપુર વગેરે અલંકાર ધારણ કર્યા છે; તેને પરિણામે એમનું સૌંદર્ય એકદમ ખીલી ઊઠે છે. એમાં સાવિત્રીના કંઠમાં તથા સ્તનપ્રદેશમાં શોભતો ત્રણ સેરોનો અલંકૃત હાર, શરીરસૌષ્ઠવને અનેરો ઓપ આપે છે,

આ આલિંગન-પ્રતિમાના મુખ પરની સૌંદર્યપ્રભા, તક્ષણકલા, હાથનાં આયુધો અને અલંકારો આદિ બારમા-તેરમા સૈકા જેટલાં પ્રાચીન પ્રતીત થાય છે.

ખંભાતના ર. પા. આર્ટ્સ અને કે. બુ. કોમર્સ કૉલેજ મ્યૂઝિયમમાં પીઠિકામાં લેખ કોતરેલ બ્રહ્મા-સાવિત્રીની એક અનુપમ આલિંગન-પ્રતિમા આવેલી છે ( આકૃતિ ૩ ). એમાં બ્રહ્મા-સાવિત્રી ત્રિભંગાવસ્થામાં ઊભાં છે. ખભાથી ઉપરનો આખો ભાગ કપાઈ ગયેલો છે અને એવી



આકૃતિ ૧
બ્રહ્મા-સાવિત્રી, હરશંકર મહાદેવ, મેતપુર (ખંભાત)



આકૃતિ ૩
બ્રહ્મા-સાવિત્રી, આર્ટ્સ-કોમર્સ કૉલેજ, ખંભાત



આકૃતિ ૪

લક્ષ્મીનારાયણ, હરશંકર મહાદેવ, મેતપુર, ખંભાત



આકૃતિ ૫

લક્ષ્મીનારાયણ, આર્ટ્સ-કૉમર્સ કૉલેજ મ્યૂઝિયમ, ખંભાત

રીતે એ ભાગ કપાયો છે કે જાણે બે ટુકડામાં મૂર્તિ બનાવી હોય અને એ સંલગ્ન ભાગ જુદો થઈ ગયો હોય. પ્રાપ્ત ભાગની ઊંચાઈ ૪૨ સે.મી. છે અને પહોળાઈ ૩૨ સે.મી. છે. અખંડ પ્રતિમા ૫૫ સે.મી. જેટલી ઊંચી હોવાનું અનુમાન તારવી શકાય.

બ્રહ્માજીએ ઉપલા જમણા હાથમાં શ્રુવ અને નીચલા જમણા હાથમાં અક્ષમાલા ધારણ કરી છે. શ્રુવનો શિરોભાગ ખંડિત થયેલો છે અને અક્ષમાળા ઘસાઈ ગયેલી છે.

બ્રહ્માજીએ વામ કર વડે સાવિત્રીજીને આલિંગન આપ્યું છે. ઊર્ધ્વ વામ કર સાવિત્રીની પીઠ પાછળથી પસાર થઈ, પોથી ધારણ કરે છે. પોથાનો ઉપરનો ભાગ ખંડિત છે. નિમ્ન વામ કર, સાવિત્રીને આલિંગન આપી, સ્તનપ્રદેશને સ્પર્શે છે.

સાવિત્રી વેણુવાદન શ્રીકૃષ્ણની જેમ ડાબા પગની આંટી મારીને આલિંગન અવસ્થામાં ઊભાં છે. એમણે જમણા હાથથી બ્રહ્માજીને આલિંગન આપ્યું છે અને ડાબા હાથમાં ઉત્પલ ધારણ કર્યું.

બ્રહ્મા-સાવિત્રી બંનેએ ગળામાં હાર ધારણ કરેલો છે. બ્રહ્માજીના ગળામાં ત્રણ સેરવાળો હાર શોભે છે. એની અંતર્ગત એક બીજો મોટો ત્રણ સેરવાળો હાર લગભગ નાભિપ્રદેશ સુધી પ્રસરતો શોભી રહ્યો છે. એની એકાવલી વક્ષઃસ્થલ પરથી પસાર થઈ ઠેઠ કક્ષભાગ સુધી પ્રસરે છે. એ જ રીતે સાવિત્રી દેવીએ ગળામાં એકદમ ફીટ ત્રણ સેરવાળો પેન્ડલવાળો હાર પહેર્યો છે. બીજો ત્રણ સેરવાળો હાર ઉત્તંગ સ્તન પરથી પસાર થઈ, લગભગ નાભિ પ્રદેશ સુધી પહોંચે છે. બંનેએ હાથમાં વલય, કમ્મરે કટિમેખલા, પગમાં નૂપુર વગેરે અલંકાર ધારણ કર્યા છે જેને પરિણામે એમનું સૌંદર્ય એકદમ ખીલી ઊઠે છે. એમાં બ્રહ્માજીનું ઉપવિત શરીરસૌષ્ઠવમાં પુરુષાતન પ્રેરે છે.

નીચેની ૭ સે.મી. પહોળી પીઠિકામાં ૩૫ અક્ષરનો શિલાલેખ કોરેલો છે. એની પ્રથમ પંક્તિમાં ૨૩ અક્ષર છે, દ્વિતીય પંક્તિમાં ૧૨ અક્ષર છે. લેખ નીચે પ્રમાણે વાંચી શકાય છે:

**પ્રથમ પંક્તિ :—**

**संवत् १२२७ फाल्गुन सुदि १० वुत्रेपे. सावदेवता ॥**

દ્વિતીય પંક્તિ :—

**ब्रह्मा सावित्री प्रतिमा कारापिता ॥**

લેખના ત્રણ અક્ષર **वुत्रेपे.** બરાબર બેસતા નથી. બાકીના અક્ષરો સ્પષ્ટ સમજાય છે. બ્રહ્મા-સાવિત્રીની આ પ્રતિમા સંવત્ ૧૨૨૭( ઈ.સ. ૧૧૭૧ )માં પાષાણમાંથી નિર્માણ કરેલી છે.

ટેકરી ઉપર રામનાથ મહાદેવના ખાંચામાં શાહીવાળાના ઘરમાં બ્રહ્મા-સાવિત્રીનું સુંદર સ્વરૂપ આવેલું છે. એમાં બ્રહ્માજીએ ડાબા હાથ વડે, ડાબા ઉત્સંગમાં બેઠેલાં સાવિત્રાદેવીને આલિંગન આપેલું છે. ઉપલો ડાબો હાથ સાવિત્રીના ગળા પાછળ આલિંગન આપી, ૯ સે.મી. મોટી પોથી ધારણ કરે છે તથા નીચલો ડાબો હાથ આલિંગન આપી સાવિત્રીના ડાબા સ્તનને સ્પર્શે છે. તેમણે ઉપલા જમણા હાથમાં શ્રુવ અને નીચલા જમણા હાથમાં કુંભ ધારણ કરેલ છે,

સાવિત્રીદેવી બ્રહ્માજીના ડાબા ઉત્સંગમાં બ્રહ્માજી અભિમુખ લલિતાસનમાં બેઠેલાં છે. એમણે જમણા હાથ વડે બ્રહ્માજીને આલિંગન આપ્યું છે અને ડાબા હાથમાં કમળ ધારણ કરેલું છે. બ્રહ્મા-સાવિત્રી બંનેના મસ્તકે મુકુટ, ગળામાં હાર, કાને કુંડલ, કમ્મરે કટિમેખલા, હાથમાં વલય, પગમાં નૂપુર આદિ અલંકાર શોભે છે. નીચે વાહનમાં રાજહંસ ૧૦ સે.મી. ( ૪ ઈંચ ) મોટો શોભે છે.

આ પ્રતિમા ૫૮ સે.મી. ( ૨૩ ઈંચ ) ઊંચી અને ૩૮ સે.મી. ( ૧૫ ઈંચ ) પહોળી છે, તથા સોલંકી યુગની પ્રતીત થાય છે.

ખંભાતની નજીકમાં પૂર્વમાં એકાદ માઈલના અંતરે આવેલ મેતપુર ગામના હરશંકર મહાદેવના મંદિરમાં ગરુડજી સહિતની "લક્ષ્મીનારાયણ"ની આલિંગન-પ્રતિમા જોવા મળે છે; ( આકૃતિ ૪ ). ગર્ભગૃહની સામેની દીવાલના ગોખમાં એ સેવ્ય પ્રતિમા તરીકે પૂજાય છે. બે બાજુએ જુદા જુદા ગોખમાં 'બ્રહ્મા-સાવિત્રી' અને પાર્વતીની પ્રતિમાઓ પધરાવેલી છે.

કાળા આરસપાષાણમાંથી આ પ્રતિમા કંડારેલી છે. એમાં વિષ્ણુ લલિતાસનમાં બેઠા છે અને એમના જમણા પગની પાનીને નીચે ગરુડજીએ જમણા હાથની હથેળીમાં, ભક્તિભાવથી અંગીકૃત કરી છે. એમના ડાબા ઉત્સંગમાં લક્ષ્મીજી લલિતાસનમાં બિરાજેલાં છે અને એમના વામચરણ નીચે ગરુડજીએ વામહસ્ત હથેળીમાં અંગીકૃત કર્યો છે.

બંનેના માથે મુકુટ શોભે છે. એમાં લક્ષ્મીજીનો જટા-મુકુટ તથા મુખ પરનો આહ્લાદક રતિભાવ, ભાવિક ભક્તના અંતઃકરણને આનંદવિભોર કરે છે.

વિષ્ણુ તથા લક્ષ્મીજી બંનેએ કાને કુંડલ, ગળામાં હાર, બાહુમાં બાજૂબંધ, હાથમાં વલય, કમ્મરે કટિમેખલા, પગમાં નૂપુર વગેરે અલંકાર ધારણ કર્યા છે જેને પરિણામે એમનું સૌંદર્ય એકદમ ખીલી ઊઠે છે. એમાં વિષ્ણુનું ઉપવિત, શરીરસૌષ્ઠવમાં પુરુષાતન પ્રેરે છે. ગળાનો હાર વક્ષઃસ્થલ પરથી પસાર થઈ ઠેઠ નાભિપ્રદેશ સુધી પ્રસરીને કંઠ તથા ઉદર-સૌંદર્યમાં અનેરો વધારો કરે છે.

ચતુર્ભુજ વિષ્ણુએ નીચલા હાથમાં શંખ ધારણ કર્યો છે અને ઉપલા ઉર્ધ્વગામી જમણા હાથમાં પ્રફુલ્લિત પદ્મ ધારણ કર્યું છે જેની દાંડી નીચેના હાથની હથેળીને સ્પર્શે છે. વિષ્ણુનો ડાબો ઉપલો હાથ, લક્ષ્મીજીની પીઠ પાછળથી પસાર થઈને ગદા ધારણ કરે છે. નીચલો ડાબો હાથ આલિંગન આપી લક્ષ્મીજીના સ્તનને સ્પર્શે છે.

લક્ષ્મી દ્વિભુજ છે. એમણે જમણા હાથથી વિષ્ણુ ભગવાનને આલિંગન આપ્યું છે, ડાબા હાથમાં કમળ ધારણ કર્યું છે.

બંનેની નીચે ગરુડજી ( ૯" ઊંચા અને ૮" પહોળા ) ભક્તિભાવથી ઊભા છે. એમણે જમણા હાથની હથેળીમાં વિષ્ણુ ભગવાનના જમણા પગનો ચરણ અને ડાબા હાથની હથેળીમાં, લક્ષ્મીજીના ડાબા પગનો ચરણ, અંગીકૃત કર્યા છે. એમના કાને કુંડલ, ગળામાં હાર, બાહુમાં બાજૂબંધ, હાથમાં વલય, કમ્મરે કટિમેખલા અને શરીરે ઉપવિત શોભી રહ્યાં છે.

નીચે બંને બાજુએ બે દિગ્પાલ ( ૫" ઊંચા ) શોભી રહ્યા છે. વિષ્ણુના ચરણ આગળ દિગ્પાલ સમાધિવસ્થામાં ઊભા છે જ્યારે લક્ષ્મીજીના ચરણ આગળ દિગ્પાલ ત્રિભંગાવસ્થામાં ઊભા છે. એ બંનેએ માથે મુકુટ, ગળામાં હાર, હાથમાં વલય, બાજૂબંધ વગેરે અલંકાર ધારણ કર્યા છે.

૨૯" ( ૭૪ સે.મી. ) ઊંચી અને ૧૫" ( ૩૮.૫ સે.મી. ) પહોળી એવી આ આલિંગન-પ્રતિમામાં સૂક્ષ્મ તક્ષણ કલા, મુખ પરનું અનુપમ સૌંદર્ય, હાથનાં આયુધો પ્રતીત થાય છે.

આવી બીજી ' લક્ષ્મીનારાયણ 'ની આલિંગન-પ્રતિમા, ખંભાતમાં ધનજી શાહની પોળમાં રણછોડજીના તથા સપ્તઋષિના મંદિરમાં, મુખ્ય સ્વરૂપ રણછોડજીની વામ બાજુએ પ્રતિષ્ઠિત કરેલી છે.

૬૨ સે.મી. ઊંચા અને ૫૮ સે.મી. પહોળી શ્વેત આરસ પાષાણમાંથી આ પ્રતિમા કંડારેલી છે. એમાં વિષ્ણુ ભગવાન લલિતાસનમાં બેઠા છે, અને એમના ડાબા ઉત્સંગમાં લક્ષ્મીજી લલિતાસનમાં બિરાજેલાં છે.

ચતુર્ભુજ વિષ્ણુ ઉપલા ઊર્ધ્વગામી જમણા હાથમાં ચક્ર અને નીચલા હાથમાં શંખ શોભી રહ્યાં છે. વિષ્ણુ ભગવાને બંને ડાબા હાથથી લક્ષ્મીજીને આલિંગન આપ્યું છે. ઉપલો ડાબો હાથ લક્ષ્મીજીની પીઠ પાછળ પસાર થઈ, આલિંગન આપી, ગદા ધારણ કરે છે; જ્યારે નીચલો ડાબો હાથ, લક્ષ્મીજીના-કટિપ્રદેશ પરથી પસાર થઈ, લક્ષ્મીજીની જમણી જાંઘ પર ટેકવેલો છે તથા એમાં પદ્મ ધારણ કરેલું છે. સામાન્ય રીતે આલિંગન-મૂર્તિઓમાં વિષ્ણુ ભગવાનનો આ હાથ, લક્ષ્મીજીને આલિંગન આપી વામ સ્તનને સ્પર્શે તો હોય છે; જ્યારે આ એક એવી પ્રતિમા છે કે જેમાં આ હાથ વડે કટિ પ્રદેશે આલિંગન આપી, પદ્મ ધારણ કરેલ છે.

વિષ્ણુ ભગવાનની છાતીમાં શ્રીવત્સ શોભી રહ્યું છે, અને એને કારણે વક્ષઃસ્થલ પ્રદેશ પુરુષાતનયુક્ત પ્રેરણાદાયી પ્રતીત થાય છે. વિષ્ણુ તથા લક્ષ્મીજી બંનેએ માથે મુકુટ, કાને કુંડલ, ગળામાં હાર, બાહુમાં બાજૂબંધ, હાથમાં વલય, કમરે કટિમેખલા, પગમાં નૂપુર, પાદજાલ વગેરે અલંકાર ધારણ કર્યા છે. તેને પરિણામે શરીરસૌષ્ઠવ અને સૌંદર્ય એકદમ ખીલી ઊઠે છે. એમાં ગળાનો હાર વક્ષઃસ્થલ પરથી પસાર થઈ, ઠેઠ નાભિપ્રદેશ સુધી પ્રસરીને કંઠ તથા ઉદર સૌંદર્યમાં અનેરો વધારો કરે છે.

વિષ્ણુ ભગવાનના ડાબા ઉત્સંગમાં શોભાયમાન લક્ષ્મીદેવીએ જમણા હાથથી વિષ્ણુ ભગવાનને આલિંગન આપ્યું છે અને ડાબા હાથમાં પ્રફુલ્લિત પદ્મ ધારણ કર્યું છે. બંનેની નીચે ગરુડજી ભક્તિભાવથી ઊભા છે. એમણે જમણા હાથની હથેળીમાં, વિષ્ણુ ભગવાનના જમણા પગનો ચરણ અને ડાબા હાથની હથેળીમાં, લક્ષ્મીજીના ડાબા પગનો ચરણ, અંગીકૃત કર્યા છે. એમણે કાને કુંડલ, ગળામાં હાર, કમરે કટિમેખલા, વગેરે અલંકાર ધારણ કર્યા છે.

લક્ષ્મીનારાયણની પ્રતિમાની આસપાસ વિષ્ણુ ભગવાનના દશાવતાર કંડારેલા છે. એમની ડાબી બાજુની પેનલ( ૧૦ સે.મી. પહોળી પટ્ટી )માં ચાર અવતાર કલ્કી અવતાર, પરશુરામ, નૃસિંહ તથા જમણી બાજુની પેનલમાં બીજા ચાર-વરાહ અવતાર, સમાવતાર વગેરે અને મુખ-મંડળના પૃષ્ઠ ભાગમાં બાકીના બે અવતાર કોતરેલા છે.

લક્ષ્મીનારાયણના ચરણકમળની એકદમ નીચે ગરુડજીની બંને બાજુએ, વામ બાજુએ માતા યમુના નદીના પ્રતીકરૂપે " કૂર્મ " (?) અને જમણી બાજુએ ગંગામૈયાના પ્રતીકરૂપે મકર (?) કોતરેલા નજરે પડે છે.

આ પ્રમાણે નીચે ગંગા-યમુના અને આસપાસ દશાવતારની નાની દેવાકૃતિઓ કંડારેલી હોવાથી, કેન્દ્રસ્થ લક્ષ્મીનારાયણના સૌંદર્યસ્વરૂપનો ઉઠાવ એકદમ કલાત્મક અને આહ્લાદક આવવાથી, આખું સ્વરૂપ દર્શનાર્થીના અંતઃકરણમાં તત્ક્ષણ વસી, ભાવિક ભક્તોને ભાવવિભોર કરે છે અને એકાદ ક્ષણ માટે ભક્તને આનંદસમાધિની ઝલક કરાવે છે.

૬૨ સે.મી. ઊંચી અને ૪૦ સે.મી પહોળી આ પ્રતિમા, મુખારવિંદની સૌંદર્યપ્રભા, તક્ષણકલા તથા અંગ-ઉપાંગના અલંકારો ઇત્યાદિ ઉપરથી બારમા-તેરમા સૈકા જેટલી પ્રાચીન પ્રતીત થાય છે.

ખંભાતના ૨. પા. આર્ટ્સ અને કે. બુ. કોમર્સ કૉલેજ મ્યૂઝિયમમાં ' લક્ષ્મીનારાયણ 'ની બે આલિંગન-પ્રતિમાઓ આવેલી છે. એમાં કાળા આરસ પાષાણમાંથી કંડારેલી ૫૫ સે.મી. ઊંચી અને ૪૦ સે.મી પહોળી એવી આ આલિંગન-પ્રતિમા ઊભી અખંડ અને અલંકારયુક્ત હોવાથી તથા ભાવવહનમાં અલૌકિકા અને અદ્દભુત હોવાથી દર્શનાર્થીના અંતઃકરણને તત્ક્ષણ આકર્ષે છે અને આનંદવિભોર બનાવે છે. ( આકૃતિ–૫ )

એમાં ચતુર્ભુજ વિષ્ણુએ ઉપલા ઊર્ધ્વગામી જમણા હાથમાં ચક્ર તથા નીચલા જમણા હાથમાં શંખ ધારણ કર્યાં છે. વિષ્ણુ ભગવાને બંને ડાબા હાથથી લક્ષ્મીજીને આલિંગન આપ્યું છે. ઉપલો ડાબો હાથ લક્ષ્મીજીની પીઠ પાછળ પસાર થઈ આલિંગન આપી ગદા ધારણ કરે છે; જ્યારે નીચેલો ડાબો હાથ લક્ષ્મીજીના વામસ્તનને સ્પર્શે છે.

લક્ષ્મીજીએ જમણા હાથથી વિષ્ણુ ભગવાનને આલિંગન આપ્યું છે. આ હાથ વિષ્ણુ ભગવાનના જમણા ખભા પર મૂકેલો છે.

વિષ્ણુ ભગવાનની છાતીમાં શ્રીવત્સ શોભી રહ્યું છે અને એને કારણે વક્ષઃસ્થલ પ્રદેશ પુરુષાતનયુક્ત પ્રેરણાદાયી પ્રતીત થાય છે. વિષ્ણુજી તથા લક્ષ્મીજી બંનેએ માથે મુકુટ, કાને કુંડલ, ગળામાં હાર, બાહુમાં બાજૂબંધ, હાથમાં વલય, કમ્મરે કટિમેખલા, પગમાં નૂપુર, પાદજાલ વગેરે અલંકાર ધારણ કર્યાં છે. તેને પરિણામે શરીરસૌષ્ઠવ અને સ્વરૂપસૌંદર્ય એકદમ ખીલી ઊઠે છે. એમાં ગળાનો હાર વક્ષઃસ્થલ પરથી પસાર થઈ, ઠેઠ નાભિપ્રદેશ સુધી પ્રસરીને કંઠ તથા ઉદર-સૌંદર્યમાં અનેરો વધારો કરે છે.

' લક્ષ્મીનારાયણ 'ના ચરણ પાસે બંને બાજુએ બે દિગ્પાલ શોભે છે.

મુખ પરની અનુપમ સૌંદર્યપ્રભા, સૂક્ષ્મ તક્ષણ કલા, હાથનાં આયુધો અને અલંકારો પરથી આ પ્રતિમા બારમા-તેરમા સૈકામાં મૂકી શકાય.

ખંભાતથી ઉત્તરે ત્રણ કિ.મી.ના અંતરે આવેલ નગરા ગામના પટેલવાસમાં આવેલા સૂર્યનારાયણ તથા મહાદેવના મંદિરમાં[૬] 'લક્ષ્મીનારાયણ'ની એક આલિંગન-પ્રતિમા (આકૃતિ ૬) આવેલી છે. ૫૪ સે.મી. ઊંચી અને ૪૨ સે.મી. પહોળી આ આલિંગન-પ્રતિમા એકદમ અનુપમ અને આકર્ષક અલૌકિક છે. એમાં વિષ્ણુ ભગવાન લલિતાસનમાં બેઠા છે અને એમના ડાબા ઉત્સંગમાં લક્ષ્મીજી શોભાયમાન છે. વિષ્ણુ ભગવાને જમણા ઊર્ધ્વગામી હાથમાં એક મોટી અલંકૃત અને ભવ્ય ગદા (૪૦ સે.મી. મોટી) ધારણ કરી છે; નીચલા જમણા હાથમાં પદ્મ શોભી રહ્યું છે. નીચલો ડાબો હાથ લક્ષ્મીજીના જમણા આલિંગિત હાથની આંટી મારીને, ચક્ર ધારણ કરે છે. સામાન્ય રીતે આલિંગન-મૂર્તિઓમાં વિષ્ણુ ભગવાનનો આ હાથ લક્ષ્મીજીની પીઠ પાછળથી પસાર થઈ લક્ષ્મીજીના ડાબા સ્તનને સ્પર્શતો હોય છે અને ચક્ર અથવા કોઈ અન્ય આયુધ ધારણ કરેલું નિહાળાય છે. અહીં વિષ્ણુ ભગવાનનો આ હાથ લક્ષ્મીજીના જમણા ખભા આગળ એમના જમણા હાથને આંટી મારીને આલિંગન આપીને, ઊર્ધ્વગામી દૃશ્યમાન થઈને, ચક્ર ધારણ કરે છે. ચક્રનો શિરોભાગ ખંડિત છે. એમનો ઉપલો ડાબો હાથ લક્ષ્મીજીની પીઠ પાછળથી પસાર થઈ શંખ ધારણ કરે છે.

વિષ્ણુ ભગવાનના ડાબા ઉત્સંગમાં લક્ષ્મીજી બેઠાં છે. સામાન્ય રીતે આલિંગન-મૂર્તિઓમાં દેવી લલિતાસનમાં બેઠાં છે. જમણા પગની એડીને ઊંધી કરીને એના પર નિતંબ ટેકવી, ડાબો પગ લટકતો રાખીને બેઠેલાં છે. એમણે જમણા હાથથી વિષ્ણુ ભગવાનને આલિંગન આપ્યું છે અને ડાબા હાથમાં મોટું ઉત્પલ (૧૫ સે. મી.) ધારણ કર્યું છે.

વિષ્ણુ ભગવાન અને લક્ષ્મીમાતા બંનેએ માથે મુકુટ, કાને કુંડલ, ગળામાં હાર, હાથમાં વલય, બાહુમાં બાજૂબંધ, કમ્મરે કટિમેખલા, પગમાં નૂપુર આદિ અલંકાર ધારણ કરેલા છે. વિષ્ણુ ભગવાનના વક્ષઃસ્થલ પર ઉપવિત શોભી રહ્યું છે.

શિરોભાગમાં બંને કોણમાં વામ દિશાએ બ્રહ્માજી અને દક્ષિણ દિશાએ શિવજીનાં નાનાં સ્વરૂપ (૧૦ સે.મી. ઊંચા અને ૭ સે.મી. પહોળા) અંકિત કરેલાં છે. ચતુર્મુખ અને ચતુર્ભુજ બ્રહ્માજી લલિતાસનમાં હંસારૂઢ શોભે છે; જ્યારે ચતુર્ભુજ શંકર ભગવાન નંદી પર લલિતાસનમાં બિરાજેલા શોભાયમાન છે.

લક્ષ્મીનારાયણના મુખારવિંદની અલૌકિક સૌંદર્યપ્રભા, એમનાં અનુપમ આયુધો અને અનુપમ અલંકારો તથા વિરલ તક્ષણ કલા પરથી આ પ્રતિમા દસમા-અગિયારમા સૈકા જેટલી પ્રાચીન પ્રતીત થાય છે.

---

૬ મૂળમાં આ એક અત્યંત નાનું શિવાલય (૭ ફૂટ × ૭ ફૂટ) છે. એમાં વર્ષોથી સૂર્યનારાયણની ભવ્ય પ્રતિમા (૮૪ ઊંચી સે.મી.) તથા એની આસપાસ વિ. સં ૧૨૯૨માં શિલાલેખવાળી શ્રી રાજલદેવી અને રન્નાદેવીની બે સૂર્યાણી મૂર્તિઓ આવેલી છે. ઉપરાંત બીજી એક અનુપમ કોતરણીવાળી સૂર્યપ્રતિમા તથા બીજી એક સૂર્યાણીની મૂર્તિ આવેલી છે. એને કારણે આ શિવાલય હવે લોકોમાં સૂર્યનારાયણ મહાદેવના નામે ઓળખાય છે. એમાં પ્રવેશતાં દક્ષિણ દિશાની દીવાલને અડેલીને લક્ષ્મીનારાયણની આ આલિંગન-મૂર્તિ મૂકેલી છે.

ખંભાતની પ્રતિજ્ઞેશ્વર-પતંગેશ્વરની પોળમાં આવેલા પુરાણોલ્લેખિત પ્રતિજ્ઞેશ્વર મહાદેવના મંદિરમાં ' લક્ષ્મીનારાયણ 'ની એક અનુપમ ઊભી આલિંગન-પ્રતિમા આવેલી છે ( આકૃતિ ૭ ). લક્ષ્મીનારાયણની અહીંથી પ્રાપ્ત અન્ય આલિંગન-પ્રતિમાઓ કરતાં આ પ્રતિમામાં એક વિશિષ્ટતા છે. વિષ્ણુ ભગવાનની વામ બાજુએ વેણુગોપાલ શ્રીકૃષ્ણની જેમ, લક્ષ્મીજી જમણા પગ પર ડાબા પગની આંટી લગાવી ઊભાં છે. એમનો મુખ પરનો રતિભાવ એકદમ આકર્ષક અને આહ્લાદક છે. એમણે જમણા હાથ વડે વિષ્ણુ ભગવાનને આલિંગન આપ્યું છે, અને ડાબો હાથ કમ્મર પર ટેકવેલો, કમળ કે ચક્રને ધારણ કરે છે. લક્ષ્મીદેવી તથા વિષ્ણુ ભગવાન બંનેએ માથે મુકુટ, કાને કુંડલ, ગળામાં હાર, કમ્મરે કટિમેખલા આદિ અલંકાર ધારણ કરેલા છે. ૭૦ સે.મી. (૨૮ ઈંચ ) ઊંચી અને ૩૮ સે.મી. ( ૧૫ ઈંચ ) પહોળી આ પ્રતિમા સોલંકી કાળની પ્રતીત થાય છે.

## ઉમા-મહેશ્વર

ખંભાત નગરપાલિકા દ્વારા ગટર આયોજન નિમિત્તે ખારવાડા નજીક ખોદકામ કરતાં તા. ૧૭-૧૨-'૭૨ના રોજ ઉમા-મહેશ્વરનું એક અનુપમ આલિંગન સ્વરૂપ પ્રાપ્ત થયું. તે નગરપાલિકાએ કૉલેજ મ્યૂઝિયમને અર્પણ કર્યું ( ચિત્ર ૫ ) છે. આ આરસ પ્રતિમાનો આખો પથ્થર ૬૨ સે.મી. ( ૨૫" ) ઊંચો, ૩૫ સે.મી. ( ૧૪" ) પહોળો છે. એનો શિરોભાગ અર્ધવર્તુલાકારે છે અને એ સર્પ વલયોથી સુશોભિત છે. ઉપરાંત એમાં સૂર્યનારાયણનું પ્રભાચક્ર શોભી રહ્યું છે. એમાં શિવજી લલિતાસનમાં બેઠા છે અને તેમના જમણા પગની પાની નીચે બેઠેલા નંદીના ઉરપ્રદેશને કોમળતાથી સ્પર્શે છે. એમના ડાબા ઉત્સંગમાં પાર્વતીજી લલિતાસનમાં બિરાજેલાં છે. એમનું શિવ અભિમુખ મુખારવિંદ, પ્રેમ-પ્રસન્ન-નયન, સ્મિતથી શોભતું વદન અને હાસ્ય-ઉત્સુક ઓષ્ઠ, શિલ્પસૌંદર્યસાધનાનું અદ્ભુત આવિષ્કરણ છે.

શિવજીના મસ્તકે જટા મુકુટ અને પાર્વતીજીના મસ્તકે કરંડ મુકુટ શોભી રહ્યા છે. શિવ અને પાર્વતી બંનેએ કાને કુંડલ પહેર્યાં છે, પણ પાર્વતીનાં કુંડલ વચ્ચેથી ગોળાકાર અને પોલાં હોવાથી એમનું કર્ણસૌંદર્ય એકદમ ઉપસી આવે છે.

બંનેએ ગળામાં હાર ધારણ કર્યા છે. શિવના વક્ષઃસ્થાન પરના અને એમના ગળામાં ત્રણ સેરવાળો હાર શોભે છે. એની અંતર્ગત એક બીજો મોટો ત્રણ સેરવાળો હાર લગભગ નાભિ-પ્રદેશ સુધી પ્રસરતો શોભી રહ્યો છે. એની એકાવલી વક્ષઃસ્થલ પરથી પસાર થઈ કક્ષભાગ સુધી પહોંચે છે. એ જ રીતે પાર્વતીજીએ ગળામાં પહેરેલ હાંસડીની અંતર્ગત આવેલ ત્રણ સેરવાળો હાર ઉત્તુંગ સ્તન પરથી પસાર થઈ લગભગ નાભિપ્રદેશ સુધી પહોંચે છે અને હાંસડીમાંથી પસાર થતા હારની એક સેર સ્તન મધ્યેથી પસાર થઈ ઠેઠ કક્ષભાગને સ્પર્શે છે.

ચતુર્ભુજ શિવજીએ ઉપલા જમણા હાથમાં ( ૨૭½ સે.મી. લાંબું ) ત્રિશૂલ ધારણ કર્યું છે. તેનો અધઃ ભાગ બીજા જમણા હાથના કાંડાને સ્પર્શે છે. નીચલો જમણો હાથ કોણીથી વળીને જમણી જાંઘને સ્પર્શતો હથેળીમાં માતુલિંગ ધારણ કરે છે.

શિવજીએ બંને ડાબા હાથથી પાર્વતીને આલિંગન આપ્યું છે. ઉપલો ડાબો હાથ કાંડામાંથી ખંડિત છે પણ એ ઉમાના ગ્રીવાના પૃષ્ઠ ભાગ પરથી પસાર થઈ સર્પ-ફણા ધારણ કરતો હોવો જોઈએ. નીચેનો ડાબો હાથ પાર્વતીજીના ડાબા સ્તનને સ્પર્શતો આલિંગિત છે.

પાર્વતીજીનો જમણો હાથ શિવજીના ગળા પાછળથી પસાર થઈ એમના જમણા ખભાને સ્પર્શીને આલિંગન આપે છે. એમણે ડાબા હાથમાં સર્પ-દર્પણ ધારણ કર્યાં છે, તેનો હાથો પાર્વતીજીની વામ જંઘાને સ્પર્શે છે.

બંનેએ હાથના ઉપકરણોમાં બાજૂબંધ અને વલય ધારણ કર્યાં છે. બંનેની કમરે કટિ-મેખલા શોભી રહી છે. પાર્વતીજીની ચાર સેરવાળી કટિમેખલા લંબાઈને એમના ડાબા પગના નૂપુરને સ્પર્શી સૌંદર્યની અભિવૃદ્ધિ કરે છે. પગના નૂપુર એકદમ સ્પષ્ટ શોભાયમાન છે.

પ્રતિમાના શિરોભાગસ્થ અર્ધવર્તુળના આદિ સ્થાને શિવ-પાર્વતીના જટામુકુટની બાજુમાં, જમણી બાજુએ બ્રહ્મા અને ડાબી બાજુએ વિષ્ણુનાં નાનાં પણ નમણીય સ્વરૂપો આવેલાં છે. બંને પ્રતિમાઓ ૭ સે. મી. ઊંચાઈ ધરાવે છે.

બ્રહ્માજી લલિતાસનમાં બેઠા છે. એમનો માથાનો મુકુટ તથા દાઢી શોભામાં અભિવૃદ્ધિ કરે છે. એમણે ઉપલા જમણા હાથમાં શ્રુવ ધારણ કર્યું છે. અને નીચલો જમણો હાથ જમણા પગના ઢીંચણ પર ટેકવેલો છે અને એ વરદમુદ્રા સૂચવે છે. એટલે એમની મુદ્રા કે હાથમાંની અક્ષમાલા સ્પષ્ટ થતી નથી. ઉપલા ડાબા હાથમાં પોથી અને નીચલા ડાબા હાથમાં કમંડલ શોભી રહ્યાં છે.

વિષ્ણુએ મસ્તકે કરંડ મુકુટ ધારણ કર્યો છે. એમના ઉપલા જમણા હાથમાં ગદા શોભે છે. અને જમણો હાથ વરદમુદ્રા સૂચવે છે. ઉપલા ડાબા હાથમાં ચક્ર અને નીચલા ડાબા હાથમાં શંખ શોભે છે.

શિવજીના જમણા ચરણ આગળ જમણી બાજુએ ગણેશનું નાનું પણ નમણીય સ્વરૂપ નજરે પડે છે. ગજ મસ્તક અને બે દંતશૂળ સ્પષ્ટ દેખાય છે. ચતુર્ભુજ ગણેશે ઉપલા જમણા હાથમાં પરશુ અને ઉપલા ડાબા હાથમાં અંકુશ ધારણ કર્યાં છે. નીચલો જમણો હાથ જમણી સાથળને સ્પર્શ કરતો હોવાથી હાથનું આયુધ સ્પષ્ટ દેખાતું નથી, જ્યારે નીચલા ડાબા હાથમાં મોદક રાશિ નજરે પડે છે. એમણે ઉપવિત તથા અલંકાર ધારણ કર્યા છે.

શિવજીના વાહન તરીકે બેઠેલો નંદી નજરે પડે છે. મુખ પરનું પ્રભા-સૌંદર્ય, તક્ષણકલા તથા અલંકાર આયુધો જોતાં આ પ્રતિમા બારમા સૈકા જેટલી પ્રાચીન પ્રતીત થાય છે.

આ ઉપરાંત કૉલેજ મ્યૂઝિયમમાં શિલ્પસંગ્રહમાં ઉમા-મહેશ્વરની બે આલિંગન-પ્રતિમાઓનો સમાવેશ થાય છે. એમાંની રેતિયા પથ્થરમાંથી બનાવેલી ૬૦ સે. મી. ઊંચી અને ૬૦ સે. મી. પહોળી પ્રતિમા અખંડ છે.

એમાંની બીજી પીત શ્વેત પાષાણમાંથી બનાવેલી ૭૫ સે. મી. ઊંચી અને ૪૫ સે. મી. પહોળી પ્રતિમા ખંડિત છે. આ ખંડિત પ્રતિમા ખરેખર અદ્દભુત છે મસ્તકનો ભાગ, બંને દક્ષિણ કર, બંને પગ ખંડિત હોવા છતાં શેષ ભાગનું સૌંદર્ય જો આટલું બધું આકર્ષક હોય તો અખંડ પ્રતિમાનું સૌંદર્ય કેટલું આકર્ષક, અનુપમ અને આહ્લાદક હશે એની માત્ર કલ્પના જ કરવાની રહી ! શિવજીના ડાબા ઉત્સંગમાં લલિતાસનમાં શોભાયમાન પાર્વતીજીના વામ-ચરણ નીચે જમણી સૂંઢવાળા ગણપતિનું નાનું પણ નયનરમ્ય સ્વરૂપ ( ૭.૫ સે. મી. ઊંચું ) આવેલું છે. જમણી બાજુએ બીજી દેવાકૃતિઓ કોરેલી છે. એને કારણે મૂર્તિનો ઉઠાવ એકદમ આકર્ષક બને છે.

બીજી અખંડ પ્રતિમા રેતિયા પાષાણમાંથી બનાવેલી છે. અને એમાં શિવજી લલિતાસનમાં બેઠા છે. તથા તેમના વામ ઉત્સંગમાં પાર્વતી માતા લલિતાસનમાં શોભાયમાન છે. શિવજીએ ઉપલા ઊર્ધ્વગામી જમણા હાથમાં માતુલિંગ કે અક્ષમાલા ધારણ કરેલ છે. શિવજીએ બંને વામ કરથી પાર્વતી માતાને આલિંગન આપ્યું છે અને એમના ઉપલા હાથમાં સર્પફણા ધારણ કરેલી છે. પાર્વતીદેવીએ જમણા હાથથી શિવજીને આલિંગન આપ્યું છે અને ડાબા હાથમાં દર્પણ ધારણ કર્યું છે. શિવ-પાર્વતી બંનેએ માથે મુકુટ, ગળામાં હાર, હાથમાં વલય, કમરે કટિમેખલા વગેરે અલંકાર ધારણ કર્યા છે.

તક્ષણકલા જોતાં આ પ્રતિમા બારમા સૈકા જેટલી પ્રાચીન પ્રતીત થાય છે.

લગભગ આવી જ ઉમા-મહેશ્વરની અનુપમ મૂર્તિ પાણિયારી દરવાજા આગળથી ૧૯૬૦-૬૧માં પ્રાપ્ત થયેલી, જે હાલ ગુપ્તેશ્વર મહાદેવમાં પ્રતિષ્ઠિત કરેલી છે.[૭]

એમાં શિવજી લલિતાસનમાં બેઠા છે અને એમના ડાબા ઉત્સંગમાં પાર્વતીજી બિરાજેલાં છે. એમનું શિવ અભિમુખ મુખારવિંદ, પ્રેમ-પ્રસન્ન નયન, સ્મિતથી શોભતું વદન અને હાસ્ય-ઉત્સુક ઓષ્ઠ, શિલ્પીની સૌંદર્યસાધનાનું અદ્‌ભુત આવિષ્કરણ છે.

આ આરસ પ્રતિમાનો આખો પથ્થર ૨૬" (૬૬.૫ સે. મી.) ઊંચો, ૧૩" (૩૩.૫ સે. મી.) પહોળો અને ૫" (૧૨.૫ સે. મી.) જાડો છે.

એનો શિરોભાગ અર્ધવર્તુળાકારે છે, એમાં સૂર્યનારાયણનું પ્રભાચક્ર છે અને એના મુખમાં જમણી બાજુએ બ્રહ્મા અને વામ બાજુએ વિષ્ણુનાં અત્યંત નાનાં સ્વરૂપ આવેલાં છે. ઠેઠ નીચે જમણા કોણમાં ઊભા કાર્તિકેય (?) અને વામ કોણમાં ઊભા ગણેશનાં નાનાં સ્વરૂપ શોભે છે. આ આસપાસની નાની દેવાકૃતિઓને કારણે તથા પાર્શ્વભૂમિકામાં અર્ધવર્તુળાકારે આવેલ સૂર્ય ભગવાનના પ્રભાચક્રને કારણે, કેન્દ્રના ઉમા-મહેશ્વરના સ્વરૂપનો ઉઠાવ એકદમ કલાત્મક રીતે આવવાથી, એનું સૌંદર્ય સ્વરૂપ, પ્રથમ દૃષ્ટિએ જ દર્શનાર્થીના અંતઃકરણમાં આખું ને આખું ઊતરી જાય છે. ભક્તિ સભર નયન કલાકો સુધી એને નિરખ્યા કરે તોપણ દર્શન-તૃષ્ણા છિપાય નહીં, એવું અદ્‌ભુત એનું સૌંદર્ય છે.

મુખ પરનું પ્રભા-સૌંદર્ય, તક્ષણકલા તથા અલંકાર-આયુધો જોતાં આ પ્રતિમા સોલંકી-કાળના આરંભના સમય જેટલી પ્રાચીન પ્રતીત થાય છે.

---

૭ આ પ્રતિમા પ્રાચીન અને દર્શનીય હોવાથી ધાર્મિક લોકોમાં એનો મહિમા વધ્યો. પરિણામે અહીંના ધાર્મિક શેઠશ્રી અમૃતલાલ તથા કાંતિલાલ મોહનલાલ પરીખે નજીકમાં નગરપાલિકા દ્વારા પૌરજનોના વિહારાર્થે અદ્યતન બનાવેલ પ્રાચીન માદળા તળાવના તટ પર સ્વજનોના સ્મરણાર્થે 'ગુપ્તેશ્વર મહાદેવ' નામે શિખરબંધી શિવાલય બનાવ્યું અને તેમાં તા. ૯-૧૨-'૬૮ના રોજ આ પ્રતિમાની પ્રાણ-પ્રતિષ્ઠા કરવામાં આવી.

વિસ્તૃત વર્ણન માટે જુઓ :

ડૉ. જે. પી. અમીન, 'ખંભાતની વિશિષ્ટ શૈવ પ્રતિમાઓ', "વિદ્યા", જાન્યુઆરી, ૧૯૭૩.

ચોકસીની પોળમાં ભીડભંજન મહાદેવના મંદિરમાં અંદરની બાજુએ દીવાલના ગોખમાં ઉમામહેશ્વરની મનોહર પ્રતિમા મૂકેલી છે એમાં શિવ લલિતાસનસ્થ છે, અને એમના ડાબા ઉત્સંગમાં ઉમા પણ લલિતાસનમાં બેઠાં છે. શિવે પોતાના ચાર હાથ પૈકી નીચલા જમણા હાથમાં લિંગ, ઉપલા જમણા હાથમાં ત્રિશૂલ, ઉપલો ડાબો હાથ પાર્વતીને ગળા આગળ આલિંગન આપતો અને સર્પ ધારણ કરેલો અને નીચલો ડાબો હાથ પાછળની બાજુથી પાર્વતીના ડાબા સ્તનને સ્પર્શ કરતો દર્શાવ્યો છે. દ્વિભુજ પાર્વતીનો જમણો હાથ આલિંગન આપતો તથા ડાબા હાથમાં દર્પણ દર્શાવ્યું છે. બંનેને માથે જયમુકુટ શોભી રહ્યો છે અને નીચે નંદી બતાવ્યો છે. પીળાશ પડતા સફેદ આરસમાંથી બનાવેલી આ પ્રતિમા ૧'-૭" ઊંચી અને તેરમા સૈકા જેટલી પ્રાચીન જણાય છે.

નાની ત્રણ પોળમાં વીરેશ્વર મહાદેવના મંદિરમાં ઉમા-મહેશ્વરની દર્શનીય મૂર્તિ આવેલી છે. એમાં શિવ લલિતાસનમાં બેઠેલા છે અને ડાબા ઉત્સંગમાં પાર્વતી દેવી દ્વિભુજ છે. શિવે ઉપલા જમણા હાથમાં ત્રિશૂલ, નીચલા જમણા હાથમાં માતુ-લિંગ, ઉપલા ડાબા હાથમાં સર્પફણા ધારણ કર્યાં છે અને નીચલા ડાબા હાથ વડે પાર્વતી દેવીને આલિંગન આપ્યું છે. પાર્વતીના ડાબા હાથમાં દર્પણ છે અને જમણો હાથ શિવના ખભા ઉપર ટેકવેલો છે. શિવે જટા-મુકુટ ધારણ કર્યો છે, અને પાર્વતીએ મુકુટ પહેર્યો છે. ઉપરાંત કંઠ, કટિ, હાથ અને પગના અલંકારો બંનેએ ધારણ કર્યા છે. નંદી પણ અલંકારોથી આભૂષિત છે, બંને બાજુએ બે અનુચરો ઊભા છે. ૨૪" × ૧૫ ૩/૪" માપની આ પ્રતિમા તેરમા-ચોદમા સૈકા જેટલી પ્રાચીન હોવાનો સંભવ છે.

ખંભાતથી ઉત્તરે ૩ માઈલના અંતરે આવેલા નગરા (ખંભાતની પૂર્વાવૃત્તિ)માં ઉમા-મહેશ્વરની પ્રતિમા આવેલી છે. બ્રહ્માની મૂર્તિની બાજુના ગોખમાં તે છૂટી મૂકેલી છે. તેમાં ચતુર્ભુજ શિવ નંદી પર લલિતાસનમાં બેઠેલા છે તેમના ઉપલા જમણા હાથમાં ત્રિશૂલ, જમણો નીચલો હાથ વરદમુદ્રામાં અને ડાબા ઉપલા હાથમાં સર્પ જોવા મળે છે. નીચલા ડાબા હાથ વડે ડાબા ઉત્સંગમાં બેઠેલાં પાર્વતીને તેઓ આલિંગન કરી રહ્યા છે. પાર્વતી પણ લલિતાસનમાં બેઠેલાં છે. તેમનું મુખ ખંડિત છે. શિવના માથે જટા-મુકુટ, કાને કુંડલ, ગળામાં હાર તથા એકાવલી, શરીરે યજ્ઞોપવીત, કમ્મરે કટિમેખલા તથા પગમાં કડાં પહેરેલાં જોવા મળે છે.

ખંભાતમાં રાધાકૃષ્ણનાં સુંદર સ્વરૂપ પણ જોવા મળે છે. માદળા તળાવના તટ પર આવેલા રામજી મંદિરમાં રાધાકૃષ્ણનું પ્રાચીન સ્વરૂપ આવેલું છે તથા ગુપ્તેશ્વર મહાદેવમાં પ્રતિષ્ઠિત કરેલું રાધાકૃષ્ણનું સ્વરૂપ એકદમ આકર્ષક, આહ્લાદક અને અનુપમ છે, પણ અર્વાચીન કાળનું છે.

આમ ખંભાતમાં પ્રાપ્ત અનેકાનેક શિલ્પ સ્વરૂપોમાં મુકુટમણિ જેમ શોભતાં બ્રહ્મા-સાવિત્રી, લક્ષ્મીનારાયણ, ઉમામહેશ્વર આદિનાં યુગલ સ્વરૂપો આગંતુકના અંતઃકરણને નૈસર્ગિક આનંદની ઝલક અને ઝાંખી કરાવે છે તથા ભક્ત હૃદયને આનંદવિભોર બનાવે છે.

આ લેખ લખવાની પ્રેરણા આપવા માટે ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી તથા ડૉ. કાંતિલાલ સોમપુરાનો અને ફોટોગ્રાફ્સ માટે ડૉ. હરિલાલ ગૌદાનીનો ઋણસ્વીકાર કરતાં આનંદ અનુભવું છું.

---

# પદ

### રણજિત પટેલ ( અનામી )

સાહિત્યનો આ પ્રકાર મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં વિશાળ પ્રમાણમાં ખેડાયો છે. જૈન કવિઓએ લખેલાં પદો અને જૈનેતર કવિઓની પદરચનાની સંખ્યા ઘણી મોટી છે. એક બાજુ મુક્તક અને બીજી બાજુ લાંબા સાહિત્ય પ્રકારો એ બેની વચ્ચેની કડી જેવો સ્વરૂપની દષ્ટિએ આ પ્રકાર છે. વર્ણનાત્મક અને કથનાત્મક રાસ, આખ્યાન, પ્રબંધ, પદ્યાત્મક લોકવાર્તા, શલોકો એ બેની વચ્ચે વિસ્તારની દષ્ટિએ પદનું સ્થાન છે. એનું કામ મુખ્યત્વે ઊર્મિને વ્યક્ત કરવાનું હોય છે. મુક્તકમાં ઊર્મિ ઘન ઘુંટાયેલા સ્વરૂપે કલાત્મક રીતે વ્યક્ત થયેલી હોય છે તો પદમાં શરૂઆતમાં ઘણી વખત પદનો અર્થસાર આવી જાય એવી એકાદ પંક્તિ અને ત્યાર પછી એજ ભાવને મધુર સુગેયરૂપે પુષ્ટ કરતી પંક્તિઓ દ્વારા પદની રચના સંપૂર્ણ થતી હોય છે. નરસિંહના જમાનાથી માંડીને દયારામ સુધી ઊર્મિગીતો માટે ‘ પદ ’ શબ્દ વપરાતો દેખાય છે. એના ઢાળનાં મૂળ પ્રાચીન સમયમાં પડેલાં છે. જે જૈન કવિઓએ ઢગલાબંધ સાહિત્ય વિક્રમના પંદરમા સૈકા પહેલાં રચેલું, તેમની રચનાઓમાં અને તેની પહેલાં અપભ્રંશસાહિત્યની રચનાઓમાં પણ પદનાં મૂળ જોવા મળે ખરાં. પણ માનવજીવન પદની સાથે ઠીક ઠીક સંકળાયેલું છે અને તેથી સામાન્ય લોકના રોજબરોજના જીવનના સુખદુઃખના ભાવો, આકાંક્ષાઓ અને આધ્યાત્મિક તેમ જ ઇતર અનુભૂતિઓને વ્યક્ત કરવામાં પદે ઘણો બધો ફાળો આપ્યો છે. આમ એક તરફથી પદ ઊર્મિગીત છે તો બીજી તરફથી ધર્મ અને અધ્યાત્મના ભાવો પણ પદમાં બહુ વિપુલ પ્રમાણમાં પ્રગટ થયા છે. સામાન્ય રીતે પદ એક જ ભાવ, અનુભૂતિ કે કોઈ વર્ણ્ય વિષયનો આવિર્ભાવ રજુ કરતું કાવ્ય-સ્વરૂપ છે. પણ ઘણી વખત પદ કોઈક લાંબા વર્ણનાત્મક રાસ, પ્રબંધ કે આખ્યાન જેવા કાવ્ય-પ્રકારમાં વચ્ચે વચ્ચે કોઈ ઊર્મિની ઉત્કટતા પ્રગટ કરવા માટે પણ પ્રયોજાયું હોય છે. આપણે ત્યાં કાન્હડદે જેવાં પ્રબંધ કાવ્યોમાં, ‘ અખેગીતા ’ જેવી આધ્યાત્મિક સિદ્ધાંત નિરૂપણ કરતી રચનામાં કે પ્રેમાનંદનાં આખ્યાનો જેવી આખ્યાન કૃતિઓમાં આ રીતે પદ પ્રયોજાયાં છે તે ઉપરના કથનનું સમર્થન કરે છે. પદોના ભિન્ન ભિન્ન પ્રકાર હોય છે. કેટલાંક પદોમાં લોકસામાન્યના જીવનના પ્રણય, વિરહ, નિર્વેદ જેવા ભાવો વ્યક્ત થાય છે. ભક્તિશૃંગારનાં પદો સેંકડોની સંખ્યામાં રચાયાં છે. ધર્મ, ઉપદેશ અને નીતિ વૈરાગ્ય વિષયક પદોની સંખ્યા પણ ઘણી મોટી છે. અને કવચિત નરસિંહની ‘ સુદામા ચરિત ’ જેવી રચનાઓમાં સંખ્યાબંધ પદો કોઈ એક વર્ણ્ય વિષયની ક્રમબદ્ધ રજૂઆત કરતાં હોય છે. ‘ હારમાળાનાં ’ કે ‘ હાર સમેનાં પદો ’, ‘ રાસસહસ્ર પદી ’, નરસિંહનાં ‘ વસંતનાં પદો ’, ‘ હિંડોળાનાં પદો ’, ‘ દાણલીલા ’ ‘ રાસલીલા ’, ‘ બાળ-લીલા ’, ‘ ગોવિંદગમન ’, ‘ શૃંગારમાળા ’ વગેરેનાં પદો એનાં કાવ્ય અને દર્શનના સંવાદને કારણે બહુ ઊંચી કક્ષાએ પહોંચી જતાં પ્રભાતિયાં, ભાલણનાં ‘ દશમ સ્કંધ ’નાં પદો ‘ રામબાળ ચરિત ’ જેવામાં આવતાં પદો, વિશ્વનાથ જાનીકૃત ‘ પ્રેમ પચીશી ’નાં પદો, જનાર્દનના ‘ ઉષાહરણ ’નાં

તથા વીરસિંહનાં ' ઉષાહરણ 'નાં તથા સુગેય રાગોમાં રચાયેલાં પદો, ( જેને એ પોતે કડવાં કહે છે ) મીરાંનાં રૂપેરી ઘંટડીના મધુર રણકાર સમાં ભિન્ન ભિન્ન ભાવો—મિલનનો આનંદ અને વિરહનો તલસાટ વ્યક્ત કરનારાં તેમ જ હરિભક્તિ કરવાનું સૂચવનારાં પદો—આ બધું પદ સાહિત્યના ભિન્ન ભિન્ન પ્રકારોનો ખ્યાલ આપે છે. જ્ઞાનાશ્રયી કવિતાના કવચિત્ પુષ્ટ અને કવચિત્ અપુષ્ટ એમ છેક ૧૯ મી સદી સુધી ચાલેલા પ્રવાહમાં પોતાની અનુભૂતિ ગાવા સાથે જ્ઞાન સિદ્ધાંતનું વિવિધ રૂપે નિરૂપણ કરનારાં પદો થાળ, આરતી, ચાબખા, કાફી, ગરબી, વગેરે રૂપે લખાયેલાં ઘણાં બધાં કાવ્યો પદના પ્રકારમાં આવી જાય છે. ભજન પણ પદ જ છે. મુખ્યત્વે ભક્તિ કે જ્ઞાનનું નિરૂપણ કરતું હોવાથી એને ભજન કહેવામાં આવે છે. લોકસાહિત્યમાં પણ જુદા જુદા પ્રકારોને માટે જુદા જુદા નામોનો પ્રયોગ થયો હોવા છતાં લોકસાહિત્યનું ધાર્મિક, આધ્યાત્મિક પાસું મુખ્યત્વે ભજન તરીકે જ ઓળખાયું છે. જૈન કવિઓએ પણ પદો ઠીક ઠીક સંખ્યામાં લખ્યાં છે. એ પદોમાં પૂજાવિધિ વખતે ગવાતાં કે કવચિત વૈરાગ્યપર્યવસાયી શૃંગારનું નિરૂપણ કરનારાં પદો પણ હોય છે. આમ ગુજરાતની મુખ્યત્વે ઊર્મિકવિની ગણાતી પ્રતિભાને અનુકૂળ એવો આ સાહિત્ય પ્રકાર આપણે ત્યાં ખૂબ ફાલ્યો છે.

આ પ્રકારને ખિલવામાં સાંમાજિક અને ધાર્મિક પરિસ્થિતિએ પણ સારો એવો ફાળો આપ્યો છે. મધ્યકાલીન જીવનમાં દિવસની શરૂઆત પ્રભાતિયાં જેવાં પદો સાથે થતી દેખાય છે; તો દિવસનો અંત ભજનો, આરતીઓ કે સ્તુતિઓ ઈત્યાદિ ભિન્ન ભિન્ન સાહિત્યપ્રકારોથી થતો દેખાય છે. પ્રજાના જીવનમાં ધર્મભાવના આજે ભોગવે છે તેના કરતાં વધારે પ્રાધાન્ય ભોગવતી ત્યારે આપણાં ગામડાંઓમાં અને શહેરોમાં એવા સંખ્યાબંધ લોકો મળતા જે અભણ હોય છતાં ઘણું સાહિત્ય કંઠસ્થ રાખતા અને એમાં પદો સુગેય અને કદે નાનાં હોવાને કારણે ઠીક ઠીક સંખ્યામાં રહેતાં. પદોને વિકસાવવામાં જેમ મધ્યકાલની ધર્મભાવનાએ અને ભક્તિશૃંગાર કે સામાન્ય ભક્તિએ મહત્ત્વનો ફાળો આપ્યો છે તેમ વૈષ્ણવ સંપ્રદાય, મંદિરો, એમાંના ઉત્સવો, પૂજાવિધિ, લોકજીવનના ઉત્સવો અને ભજનિક પરંપરાએ પણ સારો ફાળો આપ્યો છે. કેટલીક વખત આવાં પદો રૂપકાત્મક હોય છે. પ્રીતમનું ' તન રેંટિડોનું ' રૂપક પણ પદમાં જ રચાયું છે. ધીરાની કાફીઓ કે પ્રશ્નોત્તરમાળામાં પણ કાવ્યનું સ્વરૂપ પદનું છે. અખાનાં સંખ્યાબંધ કાવ્યોમાં ' અખેગીતા 'ને અંતે આવતું અને એની અનુભૂતિ સુંદર રીતે રજૂ કરતું ' અભિનવો આનંદ આજ, અગોચર ગોચર હવું એ 'થી શરૂ થતું પદ ગુજરાતી ભાષાનું એક પ્રથમ કક્ષાનું પદ છે. એવી જ રીતે ' હરિ કુ હેરતાં મેં રે હેરાણી ', ' સંતો ભાઈ રે વનસ્પતિ ફુલી, કાયા કેરા બાગમાં, ' ' લાજુ લાજ ન રહીએ ', જેવાં પદો, ધીરો, ભોજો, બાપુસાહેબ ગાયકવાડ, નીરાંત, રાજે, થોભણ, રઘુનાથદાસ, અને સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓની રચનામાં ઘણી વિશાળ સંખ્યામાં છે. એમાં ભક્તિશૃંગારનાં પદોમાં શૃંગારનું પ્રાધાન્ય હોય છે તો નીતિ, વૈરાગ્ય, અને જ્ઞાનનો બોધ આપનારાં ઘણાં ખરાં પદોમાં શાન્તરસનું પ્રાધાન્ય હોય છે. હાસ્યરસની જમાવટ કરનારાં પદોની સંખ્યા ઘણી મોટી નથી. પણ કરુણરસનાં પદો ઠીક ઠીક સંખ્યામાં જોવા મળે છે. પ્રેમાનંદે એનાં આખ્યાનોમાં સ્થળે સ્થળે કરુણરસની જમાવટ કરવા માટે પદ પ્રકાર પ્રયોજ્યો છે. દયારામની ગરબીઓમાં ભિન્ન ભિન્ન પ્રકારના ભાવ પ્રગટ થયા છે. ૧૭મા સૈકાના ભાણદાસના સમયથી ગરબો અને ગરબી શબ્દ એક વિશિષ્ટ

સાહિત્ય પ્રકાર માટે જુદા વપરાતા થયા છે પણ તે પહેલાં એવા સાહિત્યને માટે પણ સામાન્ય રીતે 'પદ' શબ્દ વપરાતો હશે એમ લાગે છે. છૂટું છવાયું પદ સાહિત્ય તો નરસિંહ પહેલાં પણ રચાતું હશે એમ લાગે છે, પણ ભક્તિશૃંગાર અને જ્ઞાનકવિતા એ બેઉ દિશાઓમાં નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરનાર ગુજરાતી સાહિત્યનો પ્રથમ કવિ નરસિંહ આ પદ સાહિત્યમાં જાણે કે એક પ્રચંડ ભરતી લાવી દે છે અને એની ઉપર લખેલી કૃતિઓમાં શૃંગારરસનાં અને શાન્ત રસનાં પદોની સંખ્યા સેંકડોની સંખ્યાએ પહોંચે એટલી છે, તેમાંય ઝૂલણાના પ્રલંબ સૂરોમાં ગવાતાં એનાં પ્રભાતિયાંની રચના, કેટલાંક મનોહર જ્ઞાન કાવ્યો, ગુજરાતી સાહિત્યને તે અર્પણ કરે છે. 'સમરને શ્રી હરિ મેલ મમતાં પરી, જોને વિચારીને મૂળ તારું', 'રાત રહે જ્યાહરે પાછલી ખટઘડી, સાધુ પુરુષને સૂઈ ન રહેવું'! 'જાગીને જોઉં તો જગત દીસે નહીં, ઉંઘમાં અટપટા ભોગ ભાસે', 'નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો, તે જ હું તેજ હું શબ્દ બોલે'! 'પ્રેમ રસ પાને તું મોરના પિચ્છધર, તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે' જેવાં પ્રભાતિયાંમાં જ્ઞાન અને કવિતાનો સુભગ સમન્વય થયો છે તો 'ધ્યાન ધર હરિતણું', 'નેત્રમાં નાથ છે', કે 'જીભલડી રે તને હરિગુણ ગાતાં આવડું આળસ ક્યાંથી રે' વગેરે પ્રભાતિયાંમાં ઉપદેશનો ધ્વનિ આગળ પડતો છે. 'સંતો! અમે રે વહેવારિયા શ્રી રામ નામના' જેવાં પદોમાં રૂપકનો ધ્વનિ છે. 'ઘડપણ કોણે મોકલ્યું' જેવાં પદોમાં ઘડપણમાં માનવીની જે અવદશા થાય છે તેનું ચિત્ર છે. આ બધામાં ઠીક ઠીક વૈવિધ્ય દેખાય છે. ઉપરાંત નરસિંહે ભિન્ન ભિન્ન સમયે ભિન્ન ભિન્ન રાગે ગાઈ શકાય અને ઉત્સવને વખતે કામ આવે એવાં પદો પણ ઠીક ઠીક સંખ્યામાં રચ્યાં છે. નરસિંહની 'ચાતુરી છત્રીશી', અને ચાતુરી ષોડશી' પદના પ્રકારમાં મૂકતાં સંકોચ થાય એમ છે અને કેટલાક વિદ્વાનો એના કાવ્યરૂપમાં કડવાનું પૂર્વરૂપ જુએ છે તેમ છતાં એક જ વિષય ઉપર રચાયેલી એ કાવ્યોની હારમાળામાં 'પદ'નું તત્ત્વ છૂપાયેલું પડયું છે એમ કદાચ કહી શકાય. 'સુદામા ચરિત' તો પ્રભાતિયાંની હારમાળા જ છે. નરસિંહે કેટલાંક આત્મચરિત્રાત્મક પદો પણ લખ્યાં છે. 'હારમાળા' અને 'હાર સમેનાં પદો'ની ઠીક ઠીક ચર્ચા થઈ છે અને એમાં નરસિંહનું કર્તૃત્વ કેટલું એ પ્રશ્ન એક ચર્ચાસ્પદ પ્રશ્ન બનેલો તેમ છતાં શ્રી કે. કા. શાસ્ત્રી એમાં નરસિંહની પોતાની રચના પણ છે જ એવું વિધાન કરે છે તે જોતાં એને પણ નરસિંહની કૃતિ તરીકે ગણાવી શકાય. આવાં પદોમાં સંવાદાત્મક પદોની સંખ્યા પણ ઠીક ઠીક છે, એ ધ્યાનમાં રાખવું જોઈએ. નરસિંહનાં પદોમાં મરાઠી અસરની છાંટ પણ દેખાય છે. ભાલણ પણ એક સમર્થ પદ કવિ છે. બલ્કે હવે અભિપ્રાય એ તરફ ઢળતો જાય છે કે ભાલણે ગુજરાતી આખ્યાનને પોષ્યું એ વાત સાચી છે છતાં કવિ તરીકે એ આખ્યાનોમાં ખીલી ઉઠે છે તેના કરતાં પદોમાં ઘણો વધારે સમર્થ કવિ દેખાય છે. 'ભાલણ : એક અધ્યયન' (કે. કા. શાસ્ત્રી)માં 'પદકાર ભાલણ' એ પ્રકરણમાં એમણે ભાલણનાં પદોની વિસ્તૃત ચર્ચા કરી છે. ત્યાં એ બતાવે છે કે ભાલણ વ્રજભાષાથી પરિચિત હતો અને એણે વ્રજભાષામાં ૬ પદ લખ્યાં છે. બાકીનાં ગુજરાતી ભાષામાં લખાયેલાં પદો પુષ્કળ રાગ વૈવિધ્ય બતાવે છે, અને એમાંનાં કેટલાંક ભાવગીતોની કોટિએ પહોંચે એવાં છે. 'રામબાલ-ચરિત'માં કવિના અંતરનો ઉમળકો સંખ્યાબંધ ગણનાપાત્ર પદો આપે છે. ત્યાં પણ ભાવગીતોની સાથે સાથે વર્ણનાત્મક અને કથનાત્મક પ્રકારનાં પદો પણ દેખાય છે. 'દશમસ્કંધ'માં પણ એ જ પરિસ્થિતિ છે. શ્રી શાસ્ત્રી લખે છે, "આપણને અહીં જયદેવના ગીતગોવિંદની તેમજ નરસિંહ

મહેતાની ચાતુરીઓમાંની નિરૂપણ પદ્ધતિની ભાલણુમાં ઝાંખી થાય છે..." 'દશમસ્કંધ'માં આગળ આવતાં ઉદ્ધવગોપી સંવાદનાં તેમજ અંત ભાગ તરફનાં દેવકી જશોદાના મુખમાં મૂકાયેલાં પદ પણ અષ્ટ છાપીય પ્રકારમાંથી ભાલણને ઉદ્‌ભવ્યાં (હોય) એ શક્ય છે. પદો ઉપરની ભાલણની હથોડી ગણ્ય પ્રકારની છે. એની પાસે બંધની વિવિધતા પણ છે; અને એના સમયની વિકટ ગેય કૃતિઓને પણ એણે અપનાવી ગણ્ય પ્રકારના ગાયક તરીકે પણ પોતાની પાત્રતા...... સ્પષ્ટ કરી આપી છે. દેશી બંધો એનાં પદોમાં રમતા હોય તેમ સિદ્ધ છે. નરસિંહથી બંધોના પ્રકારમાં એ થોડો આગળ પણ વધે છે." (પૃ. ૧૭૪) રાજકુંવરી, રાજરાણી અને રાજકવયિત્રીનું મહામોંઘુ બિરુદ પામનાર મીરાં પણ વિક્રમના ૧૬મા શતકની એક આદરણીય કવયિત્રી છે. મીરાંનું મોટાભાગનું સર્જન પદોમાં થયું છે અને એમાં વિષયોનું વર્તુલ નરસિંહના વિષયવર્તુલ જેટલું વિશાળ ન હોવા છતાં ભાવોત્કટતાની દૃષ્ટિએ મીરાં મહત્ત્વનું સ્થાન ભોગવે છે. મીરાં સ્ત્રી છે, એની ભક્તિ પ્રેમલક્ષણાભક્તિ છે અને એણે મુખ્યત્વે પ્રભુવિરહના તલસાટનાં અને ક્વચિત મિલનના આનંદના ઉદ્‌ગાર વ્યક્ત કરતાં પદો રચ્યાં છે. સરળ, પ્રાસાદિક, મંજુલ અને ભાવતરબોળ વાણીમાં મીરાંનું એક અનોખું સ્થાન છે. રહસ્યવાદની છાયા પણ એનાં કેટલાંક પદોમાં વ્યક્ત થાય છે. કૃષ્ણના પ્રેમમાં મસ્ત ગોપીઓના ઉદ્‌ગારો પણ એનાં કેટલાંક પદોમાં દેખાય છે. ભિન્ન ભિન્ન ભાવ છટાઓ પ્રકટ કરતાં મીરાંનાં પદોમાં સ્ત્રી-સહજ કોમળતા, મર્યાદા અને સુરુચિ દેખાયા વિના રહેતાં નથી.

'બોલ મા, બોલ મા, બોલ મા રે, રાધા કૃષ્ણ વિના બીજું બોલ મા', 'અંતરમાંથી નહીં રે વિસારું હરિ', 'જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું' વગેરે પદોમાં મીરાં એક પ્રકારનો ભાવ વ્યક્ત કરે છે તો 'પાયોજી મૈને રામ રતન ધન પાયો', 'મને રામ રંગ લાગો રે', 'હરિ તુમ હરો જનકી ભીર', 'મને ચાકર રાખોજી', જેવાં પદોમાં એ બીજા પ્રકારના ભાવો વ્યક્ત કરે છે. એનાં કેટલાંક પદોમાં એના જીવન પ્રસંગોના પડઘા પડ્યા છે; જેમ કે 'ગોવિંદો પ્રાણ અમારો રે, મને જગ લાગ્યો ખારો રે', 'રાણાજી હું તો ગિરધરને મન ભાવી'; કેટલાંક પદોમાં એણે પોતાની ભક્તિનું રહસ્ય સુંદર રીતે રજુ કર્યું છે જેમ કે 'મેરે તો ગિરધર ગોપાલ' તો વળી બીજાં કેટલાંક પદોમાં બાલ કૃષ્ણની મનોહારી લીલા અને ગોપીઓની કૃષ્ણ માટેની ભાવનાનું ચિત્ર રજૂ થયું છે. મીરાં પોતાનું દર્દ 'હે રી મેં તો દરદ દિવાની મેરો દરદ ન જાને કોઈ', 'હું રોઈ રોઈ અખિયાં રાતી કરું', 'તુમ્હારે કારન સબ સુખ છડિયાં', 'મારા જનમ મરણ રા સાથી' જેવાં પદોમાં એનો તલસાટ વ્યક્ત થાય છે. મીરાંના કાવ્યસર્જન વિષે કવિ નાનાલાલ કહે છે. "સ્વાભાવિક, સરલ, ઊછળતી, સ્નેહાળ સુંદરીકવિના સરીખડી સુંદર છે". (આપણાં સાક્ષરરત્નો ભાગ ૧). ૧૬મી સદીના ભારતના ક્ષુબ્ધ રાજકીય આકાશમાં મીરાંનું જીવન એક અદ્‌ભુત ઉન્મેષ જેવું હતું એમ કહી શકાય. મીરાં પછી ભક્તિ કવિતાનો આ પ્રકાર થોડાક સમય સુધી ઝાઝો ખેડાયો નથી કેમકે સાહિત્યનું સુકાન એકબીજા જ પૌરાણિક કાવ્યપ્રકાર તરફ વળેલું દેખાય છે છતાં આગળ કહ્યું તેમ આખ્યાનોમાં પદો રચાતાં એ ધ્યાનમાં રાખવું જોઈએ. ત્યારપછી પદપ્રવાહ વળી પાછો ૧૭મા શતકના અંતમાં વહેવા લાગે છે. એ સમયમાં ચાર સમકાલીન ગણાતા કવિઓએ જ્ઞાનસાહિત્યની ઠીક ઠીક રચના કરી છે એમાં અખો સૌથી વિશેષ નોંધપાત્ર છે અને એનાં પદોમાં મોટા ભાગનાં પદ અધ્યાત્મનું પરંપરાગત નિરૂપણ કરે છે તેમ છતાં

કેટલાંક પદો (જેનો આગળ ઉલ્લેખ કર્યો જ છે) એની સાચી ઊર્મિને વ્યક્ત કરનારાં અને તેથી નોંધપાત્ર બન્યાં છે. ગોપાલદાસ પણ આવા પ્રકારનાં થોડાંક પદો રચી ગયા છે તેમાં 'બુદ્ધિવહુને શિખામણ' નામનું ધોળ એક નોંધપાત્ર પદ ગણી શકાય એવું છે અને એમાં કવિએ એક સુંદર રૂપક પણ આપ્યું છે. નરહરિમાં પણ થોડી પદ રચના જોવા મળે છે, જેનાં થોડાંક પદ કાવ્ય દોહનના પાંચમા ભાગમાં છપાયાં છે. બૂટિયો એક સંસ્કારી કવિ હોય એમ એના પ્રાપ્ય સર્જન ઉપરથી તો લાગે છે. પણ એના જીવન વિશે કોઈ ખાસ માહિતી મળતી નથી. એ વેદાન્તી કવિ હતો એમ એનાં પદો ઉપરથી સ્પષ્ટ થાય છે. ભાણદાસ આ અરસામાં જ થઈ ગએલા એક બીજા નોંધપાત્ર પદકવિ છે. એમણે જે ગરબાઓ લખ્યા છે એ પણ એમના સમયથી જ જુદા નામે ઓળખાયેલો પ્રકાર છે બાકી તે પહેલાં એને પણ સામાન્ય પદપ્રકારમાં ગણવામાં આવતો. પ્રેમાનંદ અને શામળના સમયમાં પદરચના બહુ મોટી સંખ્યામાં થઈ હોય એમ અત્યાર સુધી પ્રગટ થયેલા સાહિત્ય ઉપરથી જણાતું નથી, તેમ છતાં સંભવ છે કે ઘણાં બધાં પદો હજી અપ્રગટ રહ્યાં હોય. પણ ૧૯મી સદીમાં જે સંખ્યાબંધ ભક્તકવિઓ આપણે ત્યાં થઈ ગયા એમણે ગુજરાતના પદ સાહિત્યમાં ઘણો મોટો ફાળો આપ્યો છે. અલબત્ત, એ સંખ્યાબંધ કવિઓમાંના બધા ઊંચી કક્ષાના કવિઓ હતા એમ કહેવાનો હેતુ નથી. એમાંના ઘણાખરા તો સામાન્ય કક્ષાના કવિઓ હતા અને કવિ ગણાવા માટે કવિ યશઃ પ્રાર્થી બનીને એમણે કાવ્ય રચના કરી હોય એવું પણ દેખાતું નથી. માત્ર ભક્તિભાવનો પોતાનો ઉભરો કોઈક રીતે વ્યક્ત કરવો કે આધ્યાત્મિક ઉન્નતિને માર્ગે લઈ જનાર જીવનની પ્રશંસા કરવી એ એમનું નિશાન રહ્યું લાગે છે અને તેથી પ્રતિભાના ઝાઝા ચમકારા આપણને દેખાતા નથી તેમ છતાં રાજે, રણછોડ, રામકૃષ્ણ, થોભણ, રઘુનાથદાસ, શાન્તિદાસ, જેવા કવિઓએ અઢારમા શતકમાં ઠીક ઠીક સારી કક્ષાની કવિતા આપી છે, તેમાંય રાજે કેટલીક રીતે નોંધપાત્ર છે. જાતે મોલેસલામ ગરાસિયો હોવા છતાં આ કવિની કૃષ્ણભક્તિ એની પાસેથી એવી ઊર્મિભરી અને શબ્દમધુર કવિતા અપાવે છે કે ઘડીભર તો એ મોલેસલામ છે એમ કહેવામાં ન આવે તો ખબર પણ ન પડે. રાજેની કવિતા ભક્તિશૃંગારની કવિતા છે અને એમાં પ્રેમલક્ષણા ભક્તિના વિપ્રલંભ અને સંભોગ શૃંગારના ભાવોનુ નિરૂપણ વગેરે જોવા મળે છે. કવિ રણછોડ કપડવંજ તાલુકાના તોરણા ગામના વતની હતા. એમણે અને ભાલેજના વતની હોવા છતાં ડાકોર જઈને રહેલા દ્વારકાદાસે, રામકૃષ્ણ, થોભણ, રઘુનાથ અને શાન્તિદાસે પણ મોટે ભાગે કૃષ્ણલીલાનાં પદો લખ્યાં છે. દયારામના પુરોગામીઓ તરીકે આ કવિઓની અસર કેટલી એ અભ્યાસનો એક રસિક વિષય બની શકે એમ છે. ૧૯ મા શતકમાં પ્રીતમદાસ એક નોંધપાત્ર કવિ છે. સંદેસરનિવાસી આ કવિએ રચેલી ગુજરાતી કવિતા 'પ્રીતમદાસની વાણી' નામક ગ્રંથમાં પ્રગટ થઈ છે. એમાં કેટલાંક 'કક્કા', 'સરસગીતા' અને 'કૃષ્ણલીલા'નાં લાંબા કાવ્યો ઉપરાંત પદસાહિત્ય પણ મોટી સંખ્યામાં પ્રગટ થયું છે. પ્રીતમની વાણીમાં જે પ્રાસાદિક્તા છે તે આ સૈકામાં તો નોંધપાત્ર ગણાય એવી છે. સરસ, અને પ્રાસાદિક તથા અંતરની ઉલટભરી આ કવિતા કેટલીક વખત ભાવનિરૂપણની ઊંચી કક્ષાએ પહોંચે છે. કેટલીક કવિતા રૂપવર્ણનની છે, કેટલીક રાધાકૃષ્ણ અને કૃષ્ણ ગોપીઓનો શૃંગાર વર્ણવે છે. કેટલીકમાં ભક્તિ, નીતિ અને વૈરાગ્યનો ઉપદેશ છે તો કેટલીકમાં અધ્યાત્મ નિરૂપણ જોવા મળે છે. એકને એક જ રાગમાં લખાયેલાં પદોમાં લઢણનું

અને નિરૂપ્ય વિષયનું પુનરાવર્તન જોવા મળે એ સ્વાભાવિક છે તેમ છતાં આપણે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે દીર્ઘ જીવન કાળ દરમિયાન રચાયેલાં કાવ્યોને એકઠાં કરી વ્યવસ્થિત રીતે રજૂ કરવામાં આવે ત્યારે આમ તો બનવાનું જ. સાવલી નજીક ગોઠડાનો વતની કવિ ધીરો પણ આવા પદ સાહિત્યના રચયિતા જ્ઞાનમાર્ગી કવિઓમાં નોંધપાત્ર કવિ છે. ખરું જોતાં અખાના જેવી જ્ઞાનમાર્ગી કવિતા લખનાર કવિઓમાં ધીરાનું સ્થાન મોટું છે. અખાની વાણી બળકટ હોવા સાથે બરછટ પણ છે અને કવિ થવાનો અભરખો કે કવિ થવાનો પ્રયત્ન અખાએ જરાય કર્યો નથી. સહજ રીતે જેમ વાણી સ્ફુરતી ગઈ તેમ એની રચનાઓ થતી ગઈ છે., અને બહુશ્રુત અખાની કવિતામાં ઘણી વખત પારિભાષિક શબ્દોની ભરમાર પણ દેખાય છે એ સ્થિતિ ધીરાની કવિતામાં હળવી બને છે. અને અખાની સરખામણીમાં સરળતા એ ધીરાનો મહત્ત્વનો ગુણ ગણાવો જોઇએ. ધીરાની કૃતિઓમાં કેટલીક આખ્યાન કવિતા છે. તેમ છતાં મોટાભાગની કવિતા પદ કવિતા છે. કાફી નામનો એક વિશિષ્ટ પદ પ્રકાર ધીરાની વિશેષતા છે જેમ નરસિંહનાં પ્રભાતિયાં, મીરાંનાં પદો, અખાના છપ્પા પ્રેમાનંદનાં આખ્યાન, શામળની વાર્તાઓ, પ્રીતમના જ્ઞાન માસ અને કક્કા, તેમ જ ધીરાની કાફીઓ, ભોજાના ચાબખા અને દયારામની ગરબીઓ પણ ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટ ગુણ ગરિમાવાળાં ગણાય છે તે યોગ્ય જ છે. આ વિશિષ્ટ કાફી રાગનાં પદોમાં એણે સ્વરૂપ જ્ઞાન કક્કો, પ્રશ્નોત્તર માલિકા, આત્મજ્ઞાન અને જ્ઞાનબત્રીશી રચ્યાં છે. એ બધાંમાં સ્વરૂપની કાફીઓમાં ભિન્ન ભિન્ન વિષયો લઈને તેમનું સ્વરૂપ સમજાવ્યું છે. કવિતા ઘણે સ્થળે અલંકારવતી અને રૂપકમયી પણ બને છે. એની પોતાનાં પદોના પ્રસાર માટેની, એમને ભુંગળીમાં બંધ કરી નદીમાં તરતાં મૂકવાની, પદ્ધતિથી એની કવિતા ઠીક ઠીક પ્રસિદ્ધ પણ થયેલી છે. એનાં પદોમાં એનું વિશાળ જ્ઞાન, ગુરુભક્તિ અને એને રજૂ કરવાની સરલ પદ્ધતિ ગણનાપાત્ર રીતે પ્રગટ થઈ છે. એમાં કવચિત અવળવાણીનો પણ આશ્રય ધીરાએ લીધો છે. નીરાંત ભકત, પણ આવા જ પ્રકારના જ્ઞાની ભકત-કવિ હતા. એમની વાણીમાં નિર્ગુણની ભકિત અને વેદાંતમાંની શ્રદ્ધા મુખ્ય વિષયો છે. ભાષા ધીરાના જેટલી પરિમાર્જિત નથી, કવિત્વશકિત પણ એટલી ઊંચી કક્ષાની ન ગણાય તેમ છતાં પોતાના વર્ણ્ય વિષયને સરલ રીતે કહી દેવાની આવડત એમનામાં પણ ઘણી છે. પ્રાચીન કાવ્યમાળામાં એમનાં કાવ્યો પ્રગટ થયાં છે. બાપુસાહેબ ગાયકવાડ એક રીતે ધીરા અને નીરાંતને ગુરુભાવે નિહાળનાર ભકતકવિ છે. બાપુસાહેબનાં પદોમાં જ્ઞાન નિરૂપણનાં પદો ખૂબ મહત્ત્વનાં છે તે ઉપરાંત એમણે પરંપરાથી ચાલ્યાં આવતાં નીતિ-વૈરાગ્ય-ઉપદેશનાં પદો અને ભકિતભાવનાં પદો પણ લખ્યાં છે. બાપુનું જ્ઞાન પણ ઉચ્ચ કક્ષાનું છે અને એનું નિરૂપણ એમણે ભિન્ન ભિન્ન ઢાળમાં કરેલું છે. ભોજો તો દંભની સામે ઉગ્ર રૂપે ચાબખાના પ્રહાર કરનાર કવિ તરીકે જાણીતો છે જ પણ આ બધા ભકતકવિઓ પણ બાહ્યાચારને નહીં પણ અંતર્શુદ્ધિને અને સમજણને મોટી માનનાર કવિઓ છે; એ એમનાં કાવ્યોમાંથી સ્પષ્ટ થાય છે. ભોજાના ચાબખા નોંધપાત્ર રચના પ્રકાર છે. તે ઉપરાંત એણે 'સેલૈયા આખ્યાન', 'નાની ભકતમાળ', 'બ્રહ્મબોધ' 'કક્કા', જેવી રચનાઓ પણ કરી છે. તેમ છતાં ભોજો માત્ર ચાબખા મારનાર કવિ નથી. એ જ્ઞાની, ભકત, ઉપદેશક અને કૃષ્ણલીલાનો ગાયક પણ છે. એના ચાબખા એના જમાનાનું ચિત્ર પણ રજૂ કરે છે. એની વાણીમાં સાદાઈ અને ચોટ છે; પ્રહારકતા અને ધાર પણ છે. આ કવિવૃંદ પછી નરભેરામનો ઉલ્લેખ કરવો પ્રાપ્ત થાય છે. પીજના મોઢ બ્રાહ્મણ આ કવિએ પોતાનાં પદોમાં

જગત પ્રત્યેની બેપરવાઈ અને ખુમારીનું ઠીક ઠીક દર્શન—'નાણું આપે નરભો રે, વાવરજો છોગાળા, ગાંઠ બાંધજો તાણી રે, ધોળી ધજાવાળા '—જેવાં પદોમાં કરાવ્યું છે તો બોડાણાની મૂછનાં પદોમાં અને ભક્તિ વૈરાગ્ય–વિષયક પદોમાં પરંપરાગત પ્રકારની કવિતા એણે રચી છે. દ્વારિકાથી ભગવાન રણછોડરાયને ડાકોરમાં લાવનાર બોડાણાની પ્રશંસાનાં—મૂછનાંપદો પણ આ કવિના સ્વભાવનું દર્શન કરાવે એવાં છે.

વૈષ્ણવ વણિક કવિ ગિરધરના સર્જનનો મુખ્ય પ્રકાર આખ્યાન હોવા છતાં એણે પણ થોડાં પદો લખ્યાં છે. ગુજરાતી પદસાહિત્યમાં ગણનાપાત્ર ફાળો આપનાર અને પ્રેમલક્ષણા ભક્તિમાં શુદ્ધિનો આગ્રહ ધરાવનારી સત્ત્વશીલ કવિતા આપનાર કવિઓ તરીકે સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓ પણ નોંધપાત્ર ગણવા જોઈએ. સામાજિક અને ધાર્મિક શુદ્ધિના ક્ષેત્રે શ્રીજી મહારાજ અથવા સ્વામી સહજાનંદે ગુજરાતમાં સ્મરણીય કાર્ય કર્યું છે. તેની સાથે સાથે એમના અનુયાયી કેટલાક કવિઓએ ગુજરાતી કાવ્યસાહિત્યને પણ સ્મરણીય રીતે સમૃદ્ધ બનાવ્યું છે. એમનાં કાવ્યોએ સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક વામી સહજાનંદના હેતુને બર લાવવામાં પણ સારો એવો ફાળો આપ્યો છે. સ્વામી મુક્તાનંદે 'મુકુન્દબાવની', 'ઉદ્ધવગીતા' અને 'સતીગીતા' જેવી દીર્ઘ કૃતિઓ રચવા ઉપરાંત કેટલાંય સુંદર પદો લખ્યાં છે. એ પદોનો વિષય ભક્તિશૃંગાર છે. એમાં કૃષ્ણ અને સહજાનંદ સ્વામી બેઉ પ્રત્યેની ભક્તિનો આવિર્ભાવ જોવા મળે છે. સ્વામી નિષ્કુળાનંદ પૂર્વાશ્રમના લાલજી સુથાર હતા. એમની કાવ્યરચના પણ ઠીક ઠીક વિખ્યાત છે. એમની પદકવિતામાં સૌથી વધુ નોંધપાત્ર તો એમનાં વૈરાગ્ય–વિષયક પદો છે. એ ઉપરાંત પણ વિવિધ પ્રકારનાં ઘણાં પદો અને એમાં ધોળ, ગરબી, વિરહવર્ણન, સ્વરૂપવર્ણન ઈ. પ્રકારની કવિતા આવી જાય છે. સ્વામી બ્રહ્માનંદની કાવ્ય-વિષયક વ્યુત્પત્તિ નોંધપાત્ર ગણાય એવી છે, કેમ કે વ્રજભાષાનું કાવ્યશાસ્ત્ર એમને પરિચિત હતું. એમની કવિતામાં લાંબી રચનાઓ ઉપરાંત કેટલાંક નોંધપાત્ર પદોમાં 'હરિનો મારગ છે શૂરાનો 'ની ભાવના વ્યક્ત થઈ છે. એમની ભાષાવિષયક શક્તિને પણ શ્રી મુનશીએ ઠીક ઠીક અંજલિ આપી છે. મૂળ એ બારોટના સંતાનને વ્રજભાષાના કાવ્યશાસ્ત્રનું શિક્ષણ મળ્યું અને એમાં અંતરની સાચી ઊર્મિ ભળે એટલે આ પરિણામ સિદ્ધ થાય એ સ્વાભાવિક છે. શ્રી મુનશી કહે છે ' એના શબ્દોના તેજથી ભાવો સૂર્યકિરણોમાં તરંગો નાચતા હોય એમ નાચે છે. કોઈક કોઈક ઠેકાણે તો ભાલણ, પ્રેમાનંદ, કે મુક્તાનંદ કરતાં યે સરસ શબ્દો એ વાપરી શકે છે અને દયારામની ચમકથી જુદી છતાં એવી જ મોહક ચમક એમાં દેખાય છે.' (મધ્યકાલનો સાહિત્યપ્રવાહ પૃ. ૩૮૭) એણે રચેલા ભક્તિસાહિત્યમાં ઊંચા પ્રકારની કલા છે અને શૈલીની મોહકતા છે." 'પ્રેમસખી 'નું બિરુદ પામનાર કવિ પ્રેમાનંદનાં કાવ્યોમાં ભક્તિશૃંગારમાં મનોહર ઊર્મિઓ, લલિત અને મધુર રીતે ભિન્ન ભિન્ન સુગેય સ્વરૂપે રજૂ થઈ છે એમને વિશે તેમ જ બ્રહ્માનંદને વિશે એમ કહેવાય છે કે દરરોજ અમુક પદરચના તો તે કરતા જ. આવી કવિતામાં પુનરાવર્તન આવે એ સ્વાભાવિક છે છતાં સાચી ઊર્મિને કારણે, સરળતા અને પ્રાસાદિકતાને કારણે આમની કવિતા આનંદપ્રેરક અને અસરકારક છે. એમનાં કાવ્યોમાં બે અષ્ટકો અને બીજાં કેટલાંક હિન્દી પદો નોંધપાત્ર છે. પ્રેમાનંદની કવિતાનો પ્રધાન ગુણ માધુર્ય છે એમ કહી શકાય.

'નરસિંહ-મીરાં-ભાલણની ભક્તિલક્ષી પદકવિતા' ફરી પાછી રાજે, રત્નો, રણછોડ, રામ-કૃષ્ણ, રઘુનાથ, થોભણ, મીઠો, શાંતિદાસ અને કબીરપંથી ઉદ્રેક તો સંતકવિઓમાં પુનર્જીવિત થતી વરતાય છે, પણ ઇયત્તા ને ગુણવત્તાની દૃષ્ટિએ એનો પ્રબળ ઉદ્રેક તો દયારામમાં જોવા મળે છે. 'દયારામ' પુસ્તકના સંપાદક: આલોચક ડૉ. ભોગીલાલ સાંડેસરા આ પુસ્તકના 'પ્રવેશક'માં (પૃ. ૨૦) લખે છે "દયારામનું લેખન એટલું વિપુલ છે કે આ સંક્ષિપ્ત લેખમાં એની બધી રચનાઓનો નામનિર્દેશ કરવાનું પણ શક્ય નથી. દયારામની 'ગરબીઓ'—એનાં ભક્તિ-શૃંગારનાં અને નીતિનાં પદો એના સમગ્ર લેખનનો અંશ માત્ર છે. આમ છતાં ગુજરાતમાં એની સર્વજનપ્રિયતા તેમ જ ગુજરાતી સાહિત્યમાં એનું ચિરંતન સ્થાન એ નાના અંશને આભારી છે."

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો આ પદ પ્રકાર ઠીક ઠીક સમૃદ્ધ હોવા છતાં પણ એની કેટલીક મર્યાદાઓ છે. 'આપણી ભાષાંઓના આરંભનું પદસાહિત્ય મુખ્યત્વે ધર્મવિષયક છે. પ્રેમ, પ્રકૃતિસૌંદર્ય, જીવનોલ્લાસ, મૃત્યુ, અગમનિગમ એમ બધાને જ વિશે પદો લખાયાં હોય એવું આપણી ભાષાઓનાં પદો અંગે જોવા મળતું નથી, પણ કેવળ ધર્મના વિષયનાં જ પદો ઘણુંખરું મળે છે'. ('શૈલી અને સ્વરૂપ'-શ્રી ઉમાશંકર જોષી), પૃ. ૧૪૦.

'મધ્યકાલીન ગુજરાતી કાવ્યપરંપરાના છેલ્લા તેજસ્વી પ્રતિનિધિ' દયારામ પછી પણ સાહિત્યનો આ પ્રકાર ખેડાયો છે ને શ્રી ઉમાશંકર જોષીએ યોગ્ય રીતે દર્શાવેલી ઉપર્યુક્ત મર્યાદાઓને આંબવાનો પ્રયાસ પણ એમાં થયો છે.

# 'શ્રીકૃષ્ણલીલાકાવ્ય' અને 'દશમસ્કંધ'

સુભાષ મ. દવે

'શ્રીકૃષ્ણલીલાકાવ્ય' અને 'દશમસ્કંધ' અનુક્રમે કાયસ્થ કવિ કેશવરામ[1]ની અને પ્રેમાનંદની, શ્રીમદ્‌ભાગવતના દશમસ્કંધને ગુજરાતી ભાષામાં અવતારતી, આપણા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની, પ્રશિષ્ટ કૃતિઓ છે. કેશવરામની 'શ્રીકૃષ્ણલીલાકાવ્ય' કૃતિ મૂળ દશમસ્કંધનો પદ્યમાં સારાનુવાદ છે, જ્યારે પ્રેમાનંદની 'દશમસ્કંધ' કૃતિ સંપૂર્ણપણે મૂળને અનુસરીને કરવા ધારેલો પદ્યાનુવાદ છે, એમ બંને કવિઓએ તેમની કૃતિઓમાં સ્પષ્ટ નિર્દેશ કરેલો છે.[2] પ્રેમાનંદે કરેલા નિર્દેશમાં તો અનુવાદકે મૂળ ગ્રંથ સાથે કામ પાડતાં જે ધર્મ બજાવવાનો હોય એનો જાણે એને પૂરતો ખ્યાલ છે, એમ પણ સૂચવાયું છે. પરંતુ, વાસ્તવમાં, શું કેશવરામ કે શું પ્રેમાનંદ મૂળ કૃતિનો સારાનુવાદ કે વફાદાર અનુવાદ આપીને અટકી ગયા નથી; બંનેએ દશમસ્કંધના મૂળ કથાનકમાં ફેરફારો-ઉમેરણો પણ કર્યાં છે. એ ફેરફારો-ઉમેરણો કરવામાં પ્રેમાનંદે પોતાની અન્ય આખ્યાન કૃતિઓની જેમ 'દશમસ્કંધ'માં પણ એક પ્રકારની 'પ્રેમાનંદીયતા' દાખવી છે. કેશવરામે પણ પોતાની કૃતિમાં ઉમેરણો કરીને મૂળની કથાને વિશદતા અર્પી લોકભોગ્ય બનાવવાનો ઉદ્યમ દાખવ્યો છે.

પરંતુ મૂળ કથાનકમાં ફેરફાર-ઉમેરણ કરતાં પ્રેમાનંદની કૃતિઓમાં જે 'પ્રેમાનંદીયતા' કલાત્મક વિશેષતા તરીકે ઓળખાવાય છે તે જ એની ક્યારેક મર્યાદા પણ બને છે, પૌરાણિક પાત્રોનું ગૌરવ ઘવાય એવી રીતે એ પાત્રોનું આલેખન કરવાના સંદર્ભમાં; જ્યારે કેશવરામે કરેલાં ઉમેરણો આવાં મર્યાદાસૂચક બન્યાં નથી. શ્રીકૃષ્ણના હાથમાંથી અન્નનો દાણો જમીન પર પડવાની રાહ જોતા બ્રહ્મા કે બ્રહ્માને અન્નનો દાણોય ન મળે એ માટે યુક્તિ કરતા કૃષ્ણ કે વસ્ત્રહરણલીલા-પ્રસંગમાં નિર્લજ્જ ઉક્તિ ઉચ્ચારતાં કૃષ્ણ કે ગોપાંગના જે રીતે પ્રેમાનંદના 'દશમસ્કંધ'માં આલેખાયાં છે[3] તે રીતે ગૌરવયુક્ત બની રહેતાં નથી, એ નિઃશંક છે. 'શ્રીકૃષ્ણલીલાકાવ્ય'માં કેશવરામે શ્રીમદ્‌ભાગવતકારને અનુસરીને શ્રીકૃષ્ણમહિમાનું સંકીર્તન કરવાનું સ્વીકાર્યું હોવાથી

---

૧ કાયસ્થ કવિ કેશવરામ, પ્રેમાનંદને મુકાબલે, અલ્પખ્યાત છે. એ પંદરમા શતકમાં થઈ ગયો. 'શ્રીકૃષ્ણલીલાકાવ્ય' એની એક જ ઉપલબ્ધ કૃતિ છે. આ કૃતિનું રચનાવર્ષ સૂચવતી પંક્તિ કૃતિના અંતમાં કવિએ મૂકી છેઃ તિથિ સંવત નિધિ દસકા હોય, સંવત્સર શોભનકૃત હોય'—એ પરથી કૃતિ વિક્રમ સંવત ૧૫૨૯ કે ૧૫૯૨ હોવાનું સૂચન મળે છે.

૨ જુઓ, 'શ્રીકૃષ્ણધીલાકાવ્ય' સર્ગ ૧, કડી ૬૯; સર્ગ ૪૦ કડી, ૧૩૯-૧૪૦ સં. અંબાલાલ જાની અને 'દશમસ્કંધ' ભા. ૧, અધ્યાય ૧૦, કડવું ૩૮; કડી ૫૮-૫૯, સં. ઉમાશંકર જોષી અને હરિવલ્લભ ભાયાણી.

૩ જુઓ, 'દશમસ્કંધ' અધ્યાય ૧૪ અને ૨૨, સંપાદક ઉપર પ્રમાણે.

પૌરાણિક પાત્રોની ઉચ્ચતા ભવ્યતા કે ગૌરવને એણે હાનિ પહોંચવા દીધી નથી, એથી આ ઘટના એની નોંધપાત્ર વિશેષતા બની રહે છે.

પ્રેમાનંદની જેમ કેશવરામની પણ કથાપ્રસંગને સ્વતંત્રરીતે ખીલવવા તરફની દૃષ્ટિ રહી છે ખરી. કૃષ્ણ-રાધાનો લીલાપ્રસંગ અને અભિનવો કૃષ્ણવિલાસ—આ બે ઉમેરણો આની પ્રતીતિ કરાવે છે. મૂળ શ્રીમદ્ભાગવતના દશમસ્કંધના કથાનકમાં રાધાનો પ્રકટ ઉલ્લેખ ક્યાંય મળતો નથી. વળી પ્રેમાનંદની 'દશમસ્કંધ' કૃતિમાં પણ રાધાનો આ રીતે ઉલ્લેખ નથી.[૪] એથી કેશવરામની કૃતિમાં મળતો રાધાનો સંદર્ભ એક મહત્ત્વના ઉમેરણ તરીકે ધ્યાન ખેંચે છે. 'શ્રીકૃષ્ણલીલાકાવ્ય'ના ૧૪મા સર્ગમાં કડી ૨૯ થી ૫૦માં કૃષ્ણ-રાધાનો લીલાપ્રસંગ અને સર્ગ ૧૫માં કડી ૧ થા ૨૬માં 'અભિનવો કૃષ્ણવિલાસ' આલેખાયા છે. કૃષ્ણ-રાધાના લીલાપ્રસંગમાં રાધાને વ્યંતરનું વળગણ થયું હોવાથી કૃષ્ણ ભૂવો બનીને કેવો ઉપચાર કરે છે, એ કથાનક રજૂ થયું છે. આ કથાનકનો આધાર કાંઈક લોકકથા હોઈ શકે. કૃષ્ણપ્રીતમનું નિત્ય માટે મિલન સધાય અને એમાં પતિ કે સગાંસંબંધી તરફથી કોઈ વિઘ્ન નડે નહિ એવી પરિસ્થિતિનું નિર્માણ કરવા માટે રાધાએ પોતાને વ્યંતર વળગ્યાની કરેલી યુક્તિમાં એનું ચતુર વ્યક્તિત્વ ઉપસ્યું છે તો ભૂવા તરીકેનો વેશ ભજવતા કૃષ્ણે એ વ્યંતરને દૂર ભગાડવાની યુક્તિરૂપે વ્યંતરને માટે ખીર ખાંડ ખાજાં લઈને અનુદિન એકલી મહાવનમાં રાધાને મોકલવાનો સૂચવેલો ઉપચાર કૃષ્ણનું દાક્ષિણ્ય પ્રગટ કરે છે. પ્રેમી પંખીડાં મિલનઝંખનાની પરિતૃપ્તિ અર્થે કેવો કૌતુકભર્યો માર્ગ શોધી કાઢે છે! એમ છતાંય આખો પ્રસંગ એવો સંયમશીલતાથી કેશવરામે આલેખ્યો છે કે જેથી પૌરાણિક કૃષ્ણની ઉદાત્તતાને હાનિ પહોંચી નથી. કેશવરામે તો કૃષ્ણના ભૂવા તરીકેના વ્યક્તિત્વને આલેખવામાં પન્નગવિમોચન પૂર્વેની દશમસ્કંધમાં નિરુપિત કૃષ્ણ-બાળલીલાઓનો જ સંદર્ભ આપ્યો છે અને તેય રાધાના સાસુ-સસરા તેમ જ અન્ય સગાંસંબંધીઓની ઉક્તિઓ દ્વારા. સંયોગના કાર્યમાં જે વિઘ્નરૂપ કારણો જેવાં તેમના દ્વારા જ અનુદિન એકાન્ત સંયોગની અનુકૂળતા રચાય એવો પરિસ્થિતિનો સંદર્ભ નાટ્યવક્રોક્તિનો કલાનુભવ પણ કરાવે છે.

કૃષ્ણ-રાધાના આ લીલાપ્રસંગ પછી તુર્ત જ કૃષ્ણ-રાધાના પ્રેમકલહનો પ્રસંગ પણ સંક્ષેપમાં આલેખાયો છે. આ પ્રસંગ પણ કેશવરામનું સ્વતંત્ર ઉમેરણ છે. એમાં રાધાનું માનિની સ્વરૂપ સુરેખ રીતે ઉપસ્યું છે. અહીં 'વનમાલી' 'ચક્રી' 'અનંગ' 'હરિ' જેવા શબ્દોનો શ્લેષાત્મક સંદર્ભ રચીને શબ્દચમત્કૃતિ પણ સર્જાઈ છે. આખો પ્રસંગ આશાવરી રાગના ગીતબંધમાં આલેખાયો છે.

રાગ ગોડીમાં રચાયેલો 'અભિનવો કૃષ્ણવિલાસ' એક સ્વતંત્ર ફાગુકાવ્ય તરીકે પણ આસ્વાદ્ય રચના બની રહે છે. આરંભમાં ગણપતિ અને સરસ્વતીને વંદન કર્યાં છે અને અંતમાં ફલશ્રુતિ પણ વર્ણવાઈ છે. ફાગણ માસના આગમનથી વૃંદાવનવાસીઓએ કૃષ્ણ સાથે ખેલેલો ફાગણખેલ અહીં કવિએ વર્ણવ્યો છે. ફાગણની પ્રકૃતિશોભા ફાગણખેલની મસ્તી, અચાનક ખેલમાંથી કૃષ્ણનું અદૃશ્ય થઈ જવું, ગોપીઓની વિરહવ્યથા અને વિલાપ અને અંતે પુનઃસંયોગથી

---

૪ પ્રેમાનંદે 'દશમસ્કંધ'માં રાધાનો ઉલ્લેખ ભક્તિના અવતાર તરીકે કડવું ૨, કડી ૨૨માં કર્યો છે.

થતો આનંદ—એવા ક્રમમાં સુશ્લિષ્ટ વસ્તુગ્રથન કરીને વિયોગ-સંયોગની ભાવસૃષ્ટિ સર્જાઈ છે. સર્ગ ૧૩માં રાસક્રીડાનું કથાનક રાસપંચાધ્યાયીને અધારે આલેખાયું છે તેનું જ, એક રીતે, અહીં પુનરાવર્તન જોઈ શકાય પણ મહત્ત્વનો ફેર એટલો છે કે રાસક્રીડામાં કવિએ શાર્દૂલવિક્રીડિતનો ઉપયોગ કર્યો છે અને શરદઋતુનું વર્ણન છે.

આ ત્રણ સિવાયના પ્રસંગોના નિરૂપણમાં કેશવરામ 'શ્રીમદ્ભાગવત'ના દશમસ્કંધને જ બહુધા વફાદાર રહે છે અને મૂળના કથાનકને સંક્ષેપમાં અસ્ખલિત પ્રસંગપરંપરામાં ગૂંથવામાં તેમ જ મહાકવિ વ્યાસને અભીષ્ટ દૃષ્ટિને અનુસરી શ્રીકૃષ્ણમહિમાનું ભક્તિગાન કરવામાં જ એણે પોતાની કૃતાર્થતા જોઈ છે. પ્રેમાનંદ જે રીતે પ્રસંગના સંભવિત ભાવગર્ભને ઓળખી કાવ્યક્ષમ નિરૂપણ કરે છે, એવી કલાઘટના 'શ્રીકૃષ્ણલીલાકાવ્ય'માં ઉપર દર્શાવ્યા તેવાં સ્થાનો સિવાય કેશવરામ ક્યારેક જ બતાવે છે.[૫]

વસુદેવ-દેવકીનાં લગ્નના કથાપ્રસંગનું બંને કવિઓએ કરેલું નિરૂપણ વિગતે જોઈએ, જે પરથી બંનેનો શક્તિભેદ સ્પષ્ટ રીતે પ્રતીત થઈ શકે. 'શ્રીમદ્ભાગવત'ના દશમસ્કંધના અધ્યાય પહેલાના સોળમાં શ્લોકથી ૨૫ સુધીમાં આ કથપ્રસંગ વર્ણવાયો છે. કેશવરામે સર્ગ ૧ની કડી ૮૦-૮૭માં આ પ્રસંગ અવતાર્યો છે. પ્રેમાનંદે આ જ પ્રસંગ માટે ૭૧ કડી જેટલો વિસ્તાર કર્યો છે. આ વિસ્તાર કરવામાં પ્રેમાનંદે પ્રસંગાધારિત વિધવિધ ભાવસ્થિતિઓનું ચિત્રણ કર્યું છે. માતાપિતાવિહોણી દેવકીની નિરાધાર સ્થિતિ, ઉગ્રસેનની એને પરણાવવાની ચિંતા, ઉદ્દંડ કંસને એ અંગેનું નિવેદન અને કંસની વસુદેવ સાથે દેવકીના વિવાહ કરવાની અનુમતિ, લગ્નનો નિર્ધાર, ગર્ગાચાર્યને તેડું, વિધિપુરઃસર થયેલાં લગ્ન, દેવકીનાં ઔત્સુક્ય અને ભાઈ કંસ પ્રત્યેની કૃતજ્ઞતા, આકસ્મિક દુઃખદ આકાશવાણીને કારણે કંસનો ક્રોધ, દેવકીની વ્યથા, વસુદેવની કંસને વિજ્ઞપ્તિ-એમ વિધવિધ પ્રસંગો સર્જી ભાવસ્થિતિઓનું હૃદયસ્પર્શી આલેખન કરવામાં પ્રેમાનંદે એની સર્જકપ્રતિભાની પ્રતીતિ કરાવી છે. કેશવરામે પ્રેમાનંદની જેમ દેવકીની નિરાધાર સ્થિતિનું કે ઉગ્રસેનની એને પરણાવવા અંગેની ચિંતાનું નિરૂપણ કર્યા સિવાય સીધો જ લગ્નનો ઉલ્લેખ કરી દીધો છે

'શૂરસુત વસુદેવ સુજાણ, અતિ સુન્દર વર વરે વખાણ,
દેવકી દીધી દુહિતા તદા, પાણિગ્રહણ મહોત્સવ મુદા.

પ્રેમાનંદ લગ્નપ્રસંગની પૂર્વભૂમિકારૂપે ઉગ્રસેનની ચિંતા અને કંસની કૌટુમ્બિક જવાબદારી પ્રત્યેની

---

૫ 'કૃષ્ણલીલાકાવ્ય' સર્ગ ૩માં કૃષ્ણજન્મોત્સવનો પ્રસંગ નિરૂપવામાં કેશવરામે પ્રેમાનંદ સમકક્ષ શક્તિ દાખવી છે: કૃષ્ણજન્મથી નંદને આનંદ થયો એવું પ્રથમ કથન નિરૂપીને જસોદાના વત્સલ-હૃદયનું ચિત્ર કેશવરામે અંકિત કર્યું છે, જ્યારે પ્રેમાનંદે, પહેલાં જસોદા ઝબકીને જાગી અને જદુપતિને પડખામાં જોયા એથી ઉત્સાહઘેલી થઈ એણે નંદને જગાડયા, એવું વર્ણન કર્યું છે. આ વર્ણન ભક્તિ-મહિમાપોષક અલૌકિકતાનો સ્પર્શ પામ્યું છે. કેશવરામે અલૌકિકતા સાથે વાસ્તવદર્શીતા પણ સિદ્ધ કરી આપી છે, જસોદાના હૃદયભાવને નિરૂપતી પંક્તિઓમાં પ્રેમાનંદની દૃષ્ટિ નંદ-જસોદાના ભાવ-પ્રતિભાવના નિરૂપણમાં સ્થિર થઈ છે અને એ રીતે દાંપત્યજીવનનું ભાવચિત્ર એ ઉપસાવે છે તો કેશવરામ વત્સલ માતાનું સુરેખ ચિત્ર આપી શક્યો છે.

ઉપેક્ષા આલેખી આખા પ્રસંગને હૃદયસ્પર્શી બનાવી શકયો છે. આ જ રીતે લગ્નપ્રસંગનો ઉત્સાહ, પ્રજાજનનો કંસ પ્રત્યેનો પ્રતિભાવ આદિ પ્રસંગચિત્રો આલેખવાં પડતાં મૂકી કેશવરામ કડી ૮૩ સુધીમાં તો ઉતાવળે આકાશવાણીની ઘટના સુધી પહોંચી જાય છે, જ્યારે પ્રેમાનંદ આ ઘટના પર પહોંચતાં પૂર્વે કંસને 'નિર્દયથી સહૃદય' બનતો અને એથી દેવકીને 'હરખ આંસુ' સારતી ચિતરવાનું ચૂકતો નથી. આકસ્મિક દુઃખદ આકાશવાણી સાંભળતાં વેંત કંસનું ક્રોધાવિષ્ટરૂપ નિરૂપતું વર્ણન કેશવરામે આ રીતે કર્યું છેઃ

વાણી સુણી વિમાસે કંસ, જાણીએ હઈએથી ઉડ્યો હંસ
કર સાહી કંસે દેવકી, ઉતારી રથ ઉપરથ થકી,
હણવાને કાઢયૂં કરવાલ, કોપ થકો જમ દીસે કાલ. ૮૫

'હઈએથી ઉડ્યો હંસ' એ ઉક્તિ દ્વારા કંસની વિમાસણની ઉત્કટતા સૂચવાઈ છે અને એ જ રીતે વિમાસણમાં એ નિર્દય કૃત્ય કરી બેસે છે, એ દ્વારા એની વ્યગ્ર મનોદશા પણ સૂચવાય છે. કંસના નિર્દય વર્તનના નિરૂપણમાં આમ કેશવરામે વિમાસણ અને તજ્જન્ય વ્યગ્રતા અને ક્રોધ એવી મનઃસ્થિતિની ગતિ આલેખી છે, તો પ્રેમાનંદે કંસની ક્રોધમૂર્તિનું સુરેખ ચિત્ર રચ્યું છે.[૬] અને એ પ્રસંગના સંદર્ભમાં દેવકીની કરુણ પરિસ્થિતિનું હૃદયસ્પર્શી આલેખન કર્યું છે.

આ પ્રમાણે જોતાં એ સ્પષ્ટ થાય છે કે પ્રેમાનંદે મૂળ દશમસ્કંધને ગુજરાતીમાં ઉતારતાં નેમ ભલે એક ભાષાન્તરકારની રાખી હોય, એની કૃતિ એક પ્રકારે મૌલિકતાની મુદ્રા ધારણ કરે છે. કેશવરામે 'શ્રીમદ્ભાગવત'ના દશમસ્કંધ ઉપરાંત બ્રહ્મવૈવર્તપુરાણ, 'શ્રીકૃષ્ણકર્ણામૃત', 'પાંડવગીતા', બિલ્વમંગળકૃત સ્તોત્રો તેમ જ કૃષ્ણકથા વિષયક લોકસાહિત્યનો ઉપયોગ 'શ્રીકૃષ્ણલીલાકાવ્ય'માં કર્યો છે, એ રીતે એની કૃતિ પણ રૂઢ અર્થમાં ભાષાન્તર કહી શકાશે નહિ; એમ છતાં પ્રેમાનંદની 'દશમસ્કંધ' કૃતિની તુલનામાં કેશવરામની 'શ્રીકૃષ્ણલીલાકાવ્ય' કૃતિ મૂળ કથાનકને એના વક્તવ્યના સૂર અને પાત્રના નિરૂપણની દૃષ્ટિએ વધુ વફાદાર જણાય છે, એ સ્પષ્ટ થશે.

---

૬ જુઓ, 'દશમસ્કંધ' અધ્યાય ૧, કડવું ૪, કડી ૧૯-૨૩ સંપાદક ઉપર પ્રમાણે.

# ગુજરાતી નવલકથા અને 'દિવ્ય ચક્ષુ'

મનસુખલાલ ઝવેરી

૧

ગુજરાતીમાં ઐતિહાસિક અને સામાજિક, બન્ને નવલકથાઓનો પ્રવાહ આજથી ૧૦૮ વર્ષ પહેલાં લગભગ એક સાથે જ શરૂ થયો છે; ને આજ સુધી લગભગ સમાન્તર વહી રહ્યો છે. એક ગોવર્ધનરામને બાદ કરીએ તો, એકેએક મહત્ત્વના ગુજરાતી નવલકથાકારે આ બન્ને પ્રકારોની નવલકથાઓ લખી છે.

ઐતિહાસિક નવલકથામાં ગુજરાતી લેખકની પ્રેરણા તત્ત્વતઃ દેશાભિમાન અને દેશભક્તિની રહી છે. તેણે ગુજરાતના અને ભારતના જીવનના વિવિધ કાલખંડોનું નિરૂપણ કર્યું છે. એમાં ક્યારેક એણે ઐતિહાસિક કથાવસ્તુને માત્ર બીજરૂપે સ્વીકારી, આખી રસસૃષ્ટિની નિર્મિતિ પોતાની કલ્પના દ્વારા જ કરી છે; તો ક્યારેક ઇતિહાસ અને કલ્પના, બન્નેના વત્તાઓછા મિશ્રણ દ્વારા પોતાની સૃષ્ટિનું સર્જન કર્યું હોય છે. એમાં કોઈ નવલકથામાં કલ્પનાનું પ્રમાણ ઘણું વધી જતું હોય છે તો એમાંના ઐતિહાસિક તત્ત્વની શ્રદ્ધેયતા ઘટી જતી હોય છે; કોઈમાં ઐતિહાસિક તત્ત્વને જ વળગી રહેવાનો આગ્રહ રાખવામાં આવ્યો હોય છે તો ઇતિહાસ તરીકે એ શ્રદ્ધેય હોવા છતાં, વાચકની કલ્પનાને સ્પર્શ કરીને તે એને લોકાન્તરસંક્રાન્તિ નથી કરાવી શકતી.

પરંતુ, નબળી હોય કે સબળી, ઐતિહાસિક નવલકથામાં લેખકની દૃષ્ટિ પોતે જે કાલખંડ પસંદ કર્યો હોય તેનું યથાતથ આલેખન કરવા પર—એ કાલખંડમાં જિવાતા જીવનનું કલ્પનાને સ્પર્શી જાય તેવી રીતે સર્જન કરવા પર—રહી છે તેના કરતાં વધારે તો એ કાલખંડને વર્તમાનના સંદર્ભમાં નિરૂપવા પર રહી છે. આને પરિણામે, કોઈ નવલકથામાં લેખકના સમકાલીન સામાજિક કે રાજકીય પ્રશ્નો અને સમસ્યાઓનું આલેખન થયું છે; તો કોઈ નવલકથામાં ઐતિહાસિક ઘટનાઓનું નિરૂપણ વર્તમાનમાં એ પ્રેરણા આપે એવી રીતે થયું છે. ઇતિહાસ પ્રત્યેની આ દૃષ્ટિ સાચી છે કે ખોટી, અને સાચી કે ખોટી જે હોય તે કેટલે અંશે તેની ચર્ચા કરવાને અહીં અવકાશ નથી. એટલે, જૂજ અપવાદોને બાદ કરતાં, ગુજરાતી ભાષાની મહત્ત્વની ઐતિહાસિક નવલકથાઓની એકંદર જે છાપ મારા મન પર પડી છે તે જ હું રજૂ કરું છું.

સામાજિક નવલકથાની વાત કરીએ તો એમાં લેખકે મોટે ભાગે પોતાના સમકાલીન સમાજજીવનનું આલેખન કર્યું છે. એ આલેખન કોઈ નવલકથામાં નિતાન્ત વાસ્તવદર્શી હોય છે, તો કોઈ નવલકથામાં ભાવનાશીલતાથી અંકિત થયું હોય છે. આ ઉપરાંત, લેખકનું સમકાલીન સમાજજીવન કોઈ નવલકથામાં એ જાણે સ્વતંત્ર અને સ્વાયત્ત જીવનખંડ હોય તેવી રીતે આલેખાયું હોય છે; તો કોઈ નવલકથામાં, બે કે ત્રણ પેઢીઓના સમાજજીવનના આલેખન દ્વારા એ પેઢીઓનાં સામ્યવૈષમ્યનાં તત્ત્વો ઉપસાવીને, સમકાલીન સમાજજીવનના સદસદ્ અંશોનું

નિરૂપણ કે દર્શન કરવામાં આવ્યું હોય છે. એવા નિરૂપણ કે દર્શનમાં લેખક ઘણી વાર ભૂતકાળનું રંગદર્શી અને વર્તમાનનું ધૂંધળું ચિત્ર આલેખતો હોય છે. એટલે કે ભૂતકાળ કેવો મહાન, ભવ્ય, પ્રતાપી, પુરુષાર્થી અને અભિજાત હતો અને તેની સરખામણીમાં વર્તમાન કેવો પંગુ, વામણો અને દરિદ્ર છે તે બતાવતો હોય છે.

ગુજરાતીની સામાજિક નવલકથાઓમાં પલટાતા જતા સમાજજીવનની ભાત આછેઘેરે રંગે આલેખાતી ગઈ છે. આજથી ૧૦૮ વર્ષ પહેલાં નવલકથાનો પ્રારંભ થયો તે કાલમાં, અંગ્રેજોના સંપર્કને લીધે, આપણને આપણાં બાળલગ્ન, વૃદ્ધલગ્ન, કન્યાવિક્રય, વરવિક્રિય, શારીરિક અને માનસિક કજોડાં, કુટુંબકલેશ, જડ અને નિર્જીવ રૂઢિઓ અને વહેમો, લગ્ન અને મરણ જેવા પ્રસંગોએ કરવામાં આવતું ગજા ઉપરવટનું ખર્ચ, ધર્મને નામે ચાલતાં ધતિંગો અને ધૂર્તતા, વગેરે સામાજિક અનિષ્ટો સાલવા લાગ્યાં હતાં. એટલે એ સમયની નવલકથાઓમાં કોઈ ને કોઈ રૂપે એ અનિષ્ટોનું પ્રતિબિંબ ઝિલાયું. લગભગ ૯૫ વર્ષ પહેલાં, યુનિવર્સિટી ગ્રૅજ્યુએટોની કૃતિઓ બહાર પડવી શરૂ થઈ એ લેખકોને વ્યવસ્થિત અને વિશાળ પાયા પરના ઉદારભાવી શિક્ષણનો લાભ મળ્યો હોવાથી, તેમની દૃષ્ટિ વિશાળ અને વ્યાપક પણ બની અને મૂલગામી અને મર્મગામી પણ બની. પશ્ચિમનાં ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય અને સમાજવિદ્યાના તથા પૂર્વના સંસ્કૃત ગ્રન્થમણિઓના એમના અભ્યાસને પરિણામે, તેમની દેશોન્નતિની ઝંખના પણ પ્રબળ બની; આ જીવન પણ શિષ્ટ અને સંસ્કારી મનુષ્યને શોભે એવી રીતે જીવવા જેવું છે એની પ્રતીતિ થતાં, તેઓ સંસારના અધિષ્ઠાનરૂપ ગૃહસ્થાશ્રમ કઈ રીતે નિરામય, નિર્મળ, સ્વસ્થ અને પ્રસન્ન બને એના ચિન્તન તરફ પણ વળ્યા. શહેરો વિકસતાં જતાં હતાં અને ગામડાં તૂટતાં જતાં હતાં, તેને પરિણામે સંયુક્ત કુટુંબોની પ્રથા જીર્ણ થવા લાગી હતી. તેથી તેમ જ ૧૮૮૫માં ઇંડિયન નેશનલ કૉંગ્રેસની સ્થાપના થઈ ત્યાર બાદ આખા રાષ્ટ્રના સુશિક્ષિત વર્ગમાં જે જાગૃતિ આવવા લાગી હતી તેને પરિણામે દેશી રાજ્યો, સ્ત્રીશિક્ષણ, નારીપ્રતિષ્ઠા, મધ્યમ અને મજૂર વર્ગનું જીવન અને ગરીબી વગેરે તરફ આપણા લેખકોનું ધ્યાન ખેંચાયું. એટલે એ યુગની ૧૮૮૦ થી ૧૯૧૫ સુધીના પંડિતયુગની—નવલકથાઓમાં આ પ્રશ્નોની છાયા કયાંક આછા તો કયાંક ઘેરા રંગે ઝિલાવા લાગી હતી.

આજથી ૬૦ વર્ષ પહેલાં પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થયું. તે ચાર વર્ષ ચાલ્યું તે દરમ્યાન અને ત્યાર પછી પૃથ્વીનો નકશો બદલાઈ ગયો. માનવસ્વાતંત્ર્ય અને માનવસમાનતાની ભાવનાનો નવો યુગ ઊગ્યો. ધર્મ, રાજ્ય અને સમાજ પ્રત્યેનું દૃષ્ટિબિન્દુ બદલાયું. ૧૯૧૫માં ગાંધીજી આફ્રિકાથી ભારત પધાર્યા. ગુજરાત એમની સર્વતોભદ્ર પ્રવૃત્તિનું કેન્દ્ર બન્યું અને ગાંધીજીના વ્યક્તિત્વ અને વિચારધારાની છાયા આખા દેશ પર અને સવિશેષ ગુજરાત પર છવાઈ ગઈ. સ્વાતંત્ર્ય, સત્ય, અહિંસા, સ્ત્રીપુરુષની સમાનતા, દીનજનવાત્સલ્ય, શોષણમુક્તિ, હિંદુમુસ્લિમ એકતા, અસ્પૃશ્યતા-નિવારણ, ગ્રામોદ્ધાર, વિશ્વબન્ધુત્વ વગેરેના વિચારોનું વાતાવરણ જામ્યું. જીવન સૌથી મોટું ઉપાસ્યદૈવત અને ત્યાગ, તિતિક્ષા, પુરુષાર્થ અને પરાક્રમ એનાં ઉત્કર્ષસાધન ગણાવા લાગ્યાં. જેમ ગુજરાતી સાહિત્યમાં સર્વત્ર તેમ નવલકથામાં પણ આ ભાવનાઓનો પ્રતિઘોષ પડવા લાગ્યો. એટલું જ નહિ પણ નવલકથાનાં સ્વરૂપ અને શૈલી વિશેની વિભાવનામાં પણ પરિવર્તન આવ્યું. પ્રસ્તાર ગયો, પાનાનાં પાનાં ભરીને થતાં તાત્ત્વિક અને સામાજિક વિષયોનાં મનનચિન્તન-

પર્યેષણુ ગયાં. આંજી નાખે તેવા અલંકારોનું બાહુલ્ય અને કવિત્વમય વર્ણનોની હારાવલિ ગયાં. ભાષાનો પાંડિત્યભાર ગયો. ગાંધીજીએ ઉચ્ચ નીતિમત્તાની ધર્મને સ્થાને પ્રતિષ્ઠા કરી હતી અને ગાંધીવિચારનો પ્રભાવ તત્કાલીન ગુજરાતના નાના કે મોટા કોઈ પણ લેખક પર ઓછેવત્તે અંશે પણ પડ્યા વિના નહોતો રહ્યો. તોપણ કલાને નીતિના સાયુજ્યથી મુક્ત રાખવાના આગ્રહવાળો એક વર્ગ ગુજરાતમાં ઊભો થયો. અને કલા ખાતર કલાના વાદનો પણ પ્રચાર થયો. ગુજરાતી નવલકથામાં ગ્રામજીવનને સ્થાન મળ્યું; અને ઐતિહાસિક કે સામાજિક, કોઈ પણ પ્રકારની નવલકથા સરળ અને સુવાચ્ય બનવાની દિશામાં વળી. એનું વસ્તુસંવિધાન સઘન અને સુશ્લિષ્ટ થવા લાગ્યું. પાત્રાલેખન સુરેખ થવા લાગ્યું. સંવાદો સ્વાભાવિક અને સજીવ થવા લાગ્યા. કથનશૈલીમાં નર્મ, મર્મ અને કટાક્ષનો સંચાર થવા લાગ્યો અને ગાંભીર્ય ઓછું થવા લાગ્યું. ભાર દર્શન પર નહિ તેટલો રસાવહતા પર મુકાવા લાગ્યો. અને નવલકથાનું લક્ષ્ય એક જ રહ્યું: આનન્દદાયિત્વ.

૩૫ વર્ષ પહેલાં બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું. એ છ વર્ષ ચાલ્યું તે દરમ્યાન અને ત્યાર પછી દુનિયામાં ફરી પાછી અભૂતપૂર્વ, અશ્રુતપૂર્વ ક્રાન્તિ થઈ. જગતે અણુયુગમાં પ્રવેશ કર્યો. સામ્રાજ્યવાદનાં મૂળ ઢીલાં પડ્યાં. ભારત સહિત એશિયા અને આફ્રિકાના અનેક દેશો સ્વતંત્ર થયા. વર્ચસ્વી ગણાતાં હતાં તે ઇંગ્લંડ અને યૂરોપ ખોખરાં થઈ ગયાં, અને મહાસત્તા તરીકે રૂઢ થયાં અમેરિકા અને રશિયા.

બીજા વિશ્વયુદ્ધે કોટ્યવધિ નિઃસહાય નિરપરાધીઓની જે ખાનાખરાબી કરી તેને લીધે માનવીની ઈશ્વરમાંથી, પોતાના પુરુષાર્થમાંથી, અને આવતી કાલમાંથી શ્રદ્ધા ઊડી ગઈ. જીવનની નિર્હેતુકતા, અતંત્રતા અને અર્થશૂન્યતા, વ્યક્તિની એકલતા, ગૌરવહીનતા, કિંકર્તવ્ય મૂઢતા અને હતાશા, વ્યક્તિત્વની છિન્નભિન્નતા અને વિશૃંખલતા: આ બધા ભાવોનું આલેખન પશ્ચિમના સાહિત્યમાં થવા લાગ્યું; અને તે ભાવોના પડઘા અહીં પણ પડવા લાગ્યા અને સાહિત્યમાં ઝિલાવા પણ લાગ્યા. સ્વાતંત્ર્યોત્તર ભારતમાં જે આર્થિક અને રાજકીય પરિસ્થિતિ સર્જાઈ અને તેને લીધે જે સ્વપ્નભંગ થયો તેણે પણ આ ભાવોને પુષ્ટિ આપી.

આ સમયમાં નવલકથાની વિભાવના ફરીથી બદલાઈ છે. કલા ખાતર કલાનો વાદ, ગાંધીયુગમાં પ્રસરવો શરૂ થયો હતો ખરો; પણ એનાં મૂળ ઝાઝું બાઝવા પામ્યાં નહોતાં. આ યુગમાં એ ફરીથી પ્રસર્યો અને દઢમૂલ પણ થયો. કલાકૃતિનો હેતુ કલાસર્જનથી વ્યતિરિક્ત બીજો કોઈ હોઈ શકે જ નહિ. ના, ભાવસંક્રમણ પણ નહિ, અને અમૂલ્ય બોધ પણ નહિ. નવલકથામાં નાયક સારો છે કે ખરાબ, ઉદાત્ત છે કે અધમ તે મહત્ત્વનું નથી. પણ એ સારો કે ખરાબ, ઉદાત્ત કે અધમ, જે હોય તે, શી રીતે બન્યો તે જોવું મહત્ત્વનું છે. એટલે પાત્રનું સ્થૂલ વર્તન અને તેની પાછળ રહેલા સૂક્ષ્મ અને જટિલ મનોવ્યાપાર, આ બન્ને ભૂમિકાઓ યુગપદ્ રચાતી આવે તેવી રીતે નવલકથાનું સંવિધાન થવું જોઈએ.

જ્યાં લક્ષ્ય નિશ્ચિત હોય ત્યાં તો, અલબત્ત, તેના પ્રત્યે જ ગતિ થતી હોય. પણ જ્યાં લક્ષ્ય શું છે તેનો જ નિશ્ચય ન થતો હોય ત્યાં ગતિ કઈ દિશામાં કરવી? એવી સ્થિતિમાં ગતિ રચતી હોય છે કેવળ આવર્તો જ; અને પદવિન્યાસ સીધી રેખા પર થવાને બદલે, થતો હોય છે આડીઅવળી રેખા પર જ. તેને માટે પ્રતીકની જરૂર પડે છે.

તેથી, આધુનિક નવલકથા પ્રતીકબહુલ બની છે. ઘટના પોતે નહિ, પણ ઘટનાનાં સર્જક જે સૂક્ષ્માતિસૂક્ષ્મ પરિબળો હોય તે આધુનિક—આધુનિક જ શા માટે? કોઈ પણ યુગના સાચા અને મોટા—નવલકથાકારની દૃષ્ટિએ મહત્ત્વનાં હોવાથી, નવલકથામાંથી ઘટનાલોપ થઈ રહ્યો છે. ચિત્તના જાગ્રત, અર્ધજાગ્રત અને અજાગ્રત સંવેદનવ્યાપારોનું આલેખન યુગપદ્ થઈ રહ્યું છે. આ બધાંને લીધે, તેનું જે કંઈ હોય તે અનુસંધાન માત્ર ગણ્યાગાંઠ્યા ઉત્તમાધિકારીઓ સાથે જ થતું હોય છે. મધ્યમાધિકારી અને કનિષ્ઠાધિકારી વાચકો સાથે તેનો સંબંધ તૂટી ગયો છે.

સાહિત્યકારને—અને તેમાં પણ નવલકથાકારને—આ ઇષ્ટ હશે?

અને મધ્યમાધિકારી અને કનિષ્ઠાધિકારી વાચકસમુદાય, પોતાની રસપિપાસા શમાવવા કે કેવળ કાલવિનોદને અર્થે સામાન્ય કરતાં પણ ઊતરતી ગણાય તેવી કક્ષાની નવલકથાઓ તરફ વળી રહ્યો છે.

## ૨

આ ૧૦૮ વર્ષ દરમ્યાન ગુજરાતમાં નવલકથાનું સર્જન એકધારી અને અવિક્ષિપ્ત ગતિએ થઈ રહ્યું છે. તેમાંથી ગુજરાતની સામાન્ય વાચકજનતાએ જેને પોતાની પ્રિય કૃતિઓ ગણી હોય અને ગુજરાતના ઉત્તમાધિકારી વિદ્વાનો અને વિવેચકોએ જેનું અનુમોદન કર્યું હોય તેવી જ કૃતિઓનું અહીં આપણે, સ્થળમર્યાદાને લક્ષમાં રાખીને, વિહંગાવલોકન કરીશું.

ગુજરાતી નવલકથાના પ્રારંભકાલથી આજ સુધીમાં લખાયેલી એવી કૃતિઓનો વિચાર કરીએ તો નવલકથાનો પ્રવાહ ત્રણ સ્પષ્ટ રીતે દેખાઈ આવે તેવા વળાંકો લે છે.

સર વૉલ્ટર સ્કૉટની નવલકથાઓ જેવી નવલકથાઓ ગુજરાતીમાં લખાવી જોઈએ એવા સરકારી કેળવણીખાતાના અધિકારી મિ. રસેલના સૂચનથી નંદશંકર મહેતા(૧૮૩૫-૧૯૦૫)ની 'કરણઘેલો'(૧૮૬૬)ને આપણી પ્રથમ નવલકથા તરીકે સ્વીકારવામાં આવી છે. એમાં ગુજરાતના છેલ્લા હિન્દુ રાજા કરણ વાઘેલાના જીવનના મહત્ત્વના પ્રસંગો લઈ ને, ગુજરાતનું હિન્દુ રાજ્ય સદાને માટે શી રીતે આથમ્યું તેની કથા કહેવામાં આવી છે. કથા તરીકે તેમાં રસની અને કલાતત્ત્વની દૃષ્ટિએ કેટલીક કચાશ છે, એટલું જ નહિ પણ તેમાં કરણના સમયના ગુજરાતનું નહિ તેટલું લેખકના પોતાના સમયના ગુજરાતનું ચિત્ર ઊપસી આવ્યું છે. પણ એનાં સ્થળકાળ, પ્રકૃતિ અને ઘટનાઓનાં મનોહર વર્ણનો અને છટાદાર ગદ્યશૈલીને લીધે એ ઐતિહાસિક નવલકથા આજે પણ ઠીક ઠીક આસ્વાદ્ય રહી છે. એ જમાનામાં તો એ એવી લોકપ્રિય થઈ હતી કે એના અનુકરણમાં 'રાણકદેવી', 'વનરાજ ચાવડો' અને 'સધરા જેસંગ' જેવી નવલકથાઓ લખાઈ હતી; અને મરાઠીમા પણ એનું ભાષાંતર થયું હતું.

'કરણઘેલો' જો આપણી પ્રથમ ઐતિહાસિક નવલકથા છે તો એથી થોડીક વહેલી, પણ એ જ અરસામાં લખાયેલી, મહીપતરામ નીલકંઠ(૧૮૨૯-૧૮૯૧)ની 'સાસુવહુની લડાઈ' (૧૮૬૬) આપણી પ્રથમ સામાજિક નવલકથા છે. એમાં તત્કાલીન સમાજનું પ્રતિબિમ્બ અને લેખકનું સમાજસુધારક તરીકેનું દૃષ્ટિબિન્દુ જોવા મળે છે. પણ લેખકની પાસે પોતાના વિચારો

અને સંવેદનોને અભિવ્યક્ત કરી શકે એવી ભાષા જ નથી. એટલે એ નવલકથાનું જે કંઈ મૂલ્ય છે તે એમાં વર્ણવવામાં આવેલી કેટલીક સત્યઘટનાઓને લીધે દસ્તાવેજ તરીકે જ છે. મહીપતરામે ‘વનરાજ ચાવડો’ અને ‘સધરા જેસંગ’એ બે ઐતિહાસિક વાર્તાઓ પણ લખી છે. સાહિત્યિક ગુણવત્તાની દૃષ્ટિએ એમાં કશું વિશેષ નથી.

સમયાનુક્રમે ‘સાસુવહુની લડાઈ’ પહેલી લખાઈ પણ નવલકથાનું કલેવર, ભલે ગમે તેટલું અણઘડ, પણ પહેલી વાર ઘડાયું ‘કરણઘેલો’માં. એટલે એને આપણી પહેલી ઐતિહાસિક નવલકથા જ નહિ, પહેલી નવલકથા ગણવામાં આવે છે.

નંદશંકરથી શરૂ થયેલા પ્રવાહમાં ‘રાણકદેવી’, ‘અંધેરીનગરીનો ગર્ધવસેન’, ‘બે બહેનો’, વગેરે વાર્તાઓ ભળતી જાય છે. પણ એનો પહેલો સ્પષ્ટ અને નિશ્ચિત વળાંક આવે છે ગોવર્ધનરામ ત્રિપાઠી(૧૮૫૫-૧૯૦૭)ના ‘સરસ્વતીચંદ્ર’ (૧૮૮૭-૧૯૦૧) પાસે.

‘સરસ્વતીચંદ્ર’ ચાર ભાગની નવલકથા છે. તેમાં સરસ્વતીચંદ્ર, કુમુદ અને કુસુમની પ્રણયકથાને નિમિત્તે સંસ્કૃતિની કથા કહેવામાં આવી છે; અને ભારતમાં પ્રાચીન પૂર્વ, અર્વાચીન પૂર્વ અને અર્વાચીન પશ્ચિમની સંસ્કૃતિઓનો ત્રિવેણી સંગમ થઈ રહ્યો છે તે કાળે સુશિક્ષિત ને સંસ્કારી, અભિજાત ને લોકસંગ્રહની વૃત્તિવાળા મનુષ્યનું પોતાની જાત પ્રત્યે, પોતાનાં સ્વજનો પ્રત્યે, પોતાના સમાજ પ્રત્યે, પોતાના દેશ પ્રત્યે, સમગ્ર મનુષ્યજાતિ પ્રત્યે અને જડ અને ચેતન ભૂત માત્ર પ્રત્યે શું કર્તવ્ય હોવું જોઈએ તેનું રસાત્મક દર્શન કરાવવામાં આવ્યું છે. ‘સરસ્વતીચંદ્ર’માં ક્ષુદ્રમાં ક્ષુદ્ર અને કેવળ પશુદશાની ભૂમિકા પર જીવતાં પાત્રોથી શરૂ કરીને ઊંચામાં ઊંચી ચૈતસિક અને આધ્યાત્મિક ભૂમિકાએ વિરાજતાં સ્ત્રીપાત્રો અને પુરુષપાત્રો સુધીની વિવિધ કક્ષાઓનું આલેખન છે; માનવહૃદયનાં ઊંડામાં ઊંડાં તલોમાં ચાલતાં મન્થનોનું આશ્ચર્યકારક નિરૂપણ છે; આંખો પાસે ચિત્રો બનીને નાચવા લાગે તેવાં વર્ણનો છે; અને જીવન સાથે સંબંધ ધરાવતા લગભગ એકે એક વિષયની તર્કશુદ્ધ અને બુદ્ધિગમ્ય રીતે કરવામાં આવેલી મીમાંસા છે.

‘સરસ્વતીચંદ્ર’માંના આદર્શોએ એ સમયના યુવાનોના હૃદયનો કબજો જ લઈ લીધો; અને ગુજરાતનો યુવાનવર્ગ સરસ્વતીચંદ્ર, કુમુદ અને કુસુમની જ દુનિયામાં જીવવા લાગ્યો. કેટલાક લેખકોએ ચાર ભાગમાં નવલકથા લખીને તેનું અનુકરણ કર્યું; કેટલાકે ‘સરસ્વતીચંદ્ર’ની પદ્ધતિએ વાર્તારસની ઓથે ધર્મનીતિ આદિનો ઉપદેશ આપ્યો; તો એકાદ લેખકે તેના અનુસંધાનમાં ‘પ્રમાદધનની પ્રભુતા’ નામક નવલકથા પણ લખી નાખી. પોતાના સમકાલીન અને અનુગામી વાચકો અને લેખકો પર, આ રીતે, ‘સરસ્વતીચંદ્રે’ જેટલી અસર કરી છે તેટલી ગુજરાતી સાહિત્યના કોઈ પણ પુસ્તકે કરી નથી. ‘સરસ્વતીચંદ્ર’માંના રાજકીય અને સામાજિક વાતાવરણ કરતાં આજનું વાતાવરણ બદલાઈ ગયું છે અને ‘સરસ્વતીચંદ્ર’ના જમાનામાં જે પ્રશ્નો હતા તેમાંના કેટલાય પ્રશ્નો આજે રહ્યા નથી. તેમ છતાં વસ્તુસંકલના, આલેખનરીતિ અને જીવન-દર્શનની કસોટીએ તપાસતાં, ‘સરસ્વતીચંદ્ર’નું સ્થાન આજે પણ અનન્ય છે. બીજી કેટલીક નવલકથાઓ સર્વાંગ સુન્દર ક્રીડાશૈલો હશે, ‘સરસ્વતીચંદ્ર’ દેવતાત્મા નગાધિરાજ છે.

'સરસ્વતીચંદ્ર' પાસેથી વળાંક લેતા પ્રવાહમાં મણિલાલ નભુભાઈ દ્વિવેદીનું 'ગુલાબસિંહ', રમણભાઈ નીલકંઠની ગુજરાતી સાહિત્યની પહેલી હાસ્યપ્રધાન સળંગ નવલકથા 'ભદ્રંભદ્ર', છોટાલાલ જીવનરામ માસ્તર—વિશ્વવંદ્યની 'યોગિનીકુમારી', ભોગીન્દ્રરાવ દિવેટિયાની 'ઉષાકાન્ત', 'આસિસ્ટંટ કલેક્ટર' અને 'અજામિલ' વગેરે, ઇચ્છારામ દેસાઈની 'ગંગા—એક ગુર્જર વાર્તા', ચૂનીલાલ વર્ધમાન શાહની 'સોરઠી સોમનાથ', મણિલાલ છબારામ ભટ્ટની 'પૃથ્વીરાજ ચૌહાણ અને ચંદબરદાયી', નારાયણ વિસનજી ઠક્કુરની 'પદ્મિની', મોતીલાલ સટ્ટાવાલાની 'વિક્રમની વીસમી સદી' અને અમૃત કેશવ નાયકની 'એમ.એ. બનાકે કયોં મેરી મિટ્ટી ખરાબ કી?' જેવી અસંખ્ય કૃતિઓ ભળે છે. આ બધી કૃતિઓ લોકપ્રિય પણ હતી. પણ એમાંની કોઈ પણ કૃતિ નવલકથાના ક્ષેત્રમાં કોઈ નવું પ્રસ્થાન કરી શકી નહોતી.

એ પ્રસ્થાન કર્યું કનૈયાલાલ માણેકલાલ મુનશી(૧૮૮૭-૧૯૭૧)એ. ૧૯૧૫માં ઘનશ્યામ ઉપનામથી મુનશીની 'વેરની વસૂલાત' 'ગુજરાતી' સાપ્તાહિકમાં ક્રમશઃ પ્રકટ થવા લાગી. એ નવલકથામાં મુનશી નવી વસ્તુ, નવાં પાત્રો, નવા સંવાદ અને નવી ભભક લઈને આવ્યા, અને ગુજરાતી નવલકથાના પ્રવાહમાં બીજો સ્પષ્ટ અને નિશ્ચિત વળાંક આવ્યો.

મુનશી પોતે જ કહે છે તે પ્રમાણે, નવલકથાલેખનનો તેમનો આદર્શ જીવંત પાત્રો, અને નાટ્યતત્ત્વમય પ્રસંગો અને સંવાદ દ્વારા વાર્તારસ વહાવવાનો હતો અને નીતિ-અનીતિના પ્રશ્ન સાથે એમને કશી લેવાદેવા નહોતી.

પોતાના આ આદર્શને લક્ષમાં રાખીને મુનશી પોતાની નવલકથાઓ લખતા જ ગયા. 'કોનો વાંક?', 'પૃથિવીવલ્લભ', 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ', 'રાજાધિરાજ' બહાર પડતી ગઈ. અને મુનશીની કીર્તિ મધ્યાહ્ને પહોંચી.

મુનશીએ તેરેક જેટલી ઐતિહાસિક, પૌરાણિક અને સામાજિક નવલકથાઓ લખી છે. એમાં સોલંકીયુગની કીર્તિગાથાને બિરદાવતી ઐતિહાસિક નવલત્રયી 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ' અને 'રાજાધિરાજ', મહમ્મુદ ગિઝની સોમનાથ પર ચડી આવ્યો તે સમયે તેનો પ્રતીકાર કરનાર ભીમદેવ સોલંકીનાં પ્રેમશૌર્યની કીર્તિગાથા જેવી 'જય સોમનાથ', બંગભંગ વખતે દેશને મુક્તિ અપાવવા માટે ગુજરાતનાં યુવાનોએ સેવેલાં સ્વપ્નો અને તેના કરુણ વિલયને નિરૂપતી 'સ્વપ્નદ્રષ્ટા' અને આર્યાવર્તની સીમા નર્મદાથી હિમાલય સુધી વિસ્તારનાર મહાભાર્ગવના મહિમ્નસ્તોત્ર જેવી 'ભગવાન પરશુરામ' સવિશેષ નોંધપાત્ર છે.

મુનશીએ પ્રતાપી પુરુષપાત્રો, તેજસ્વી અને જાજરમાન સ્ત્રીપાત્રો, નાટ્યતત્ત્વમય પ્રસંગો, કવિત્વમય વર્ણનો અને ભભકદાર ભાષાશૈલીથી અસંખ્ય વાચકોનાં શિર ડોલાવ્યાં છે. એમનો કથાપ્રવાહ અવિક્ષિપ્ત વહે છે ને વાચકને ઘડી પ્રેરે છે, ઘડી રોમાંચિત કરે છે, ઘડી હસાવે છે તો ઘડી રડાવે છે.

પણ મુનશીનું જીવનનું દર્શન ઘણું દુર્બળ અને દરિદ્ર છે. જીવનમાં કોઈ પણ ભોગે મેળવવા જેવી કોઈ વસ્તુ હોય તો તે સફળતા છે એવી કંઈક એમની માન્યતા હોય એમ લાગે છે. એટલે ભવ્યતા, મહત્તા, ગૌરવ, સામર્થ્ય, ચાતુર્ય વગેરે માટેના એમના ખ્યાલોના

મૂળમાં જ કશોક દોષ રહી જવા પામ્યો છે. તેથી એમનાં મહાન અને ભવ્ય પાત્રો પણ ક્યાંક ને ક્યાંક ચાતરી જતાં હોય છે, અને એ પાત્રોનાં વાણી અને વર્તન વચ્ચે અસંગતિ રહી જતી હોય છે.

મુનશીની કલ્પકતા પણ ઘણી મર્યાદિત છે, એટલે એમની પાત્રસૃષ્ટિ એકવિધ છે. એમની નાયિકાઓ અમુક જ પ્રકારની હોય છે; એમના નાયકો પણ અમુક જ પ્રકારના હોય છે; અને કેટલીક વાર તો એમને પસાર પણ થવાનું હોય છે પ્રકારાન્તરે અને નામાન્તરે એકની એક જ પરિસ્થિતિમાંથી. દર્શન અને કલ્પનની આ મૂલગત મર્યાદાને મુનશી વર્ણનચ્છટા, વાગ્વિભવ અને ઊંચી ઊંચી ભાવનાઓના ઉદ્‌ઘોષ દ્વારા કુશળતાપૂર્વક ઢાંકી દે છે, પણ એમની એકબે કરતાં વધારે નવલકથાઓ વાંચનાર, સવિવેક રસવૃત્તિવાળા વાચક પાસે એ છાની રહી શકતી નથી.

આ બધી મર્યાદાઓ હોવા છતાં મુનશી પાસે ગુજરાતી નવલકથાએ નવો વળાંક લીધો એ નિઃસંશય છે. આ બધું બન્યું તે કેટલું મુનશીની સર્જકતાથી, કેટલું યુગ બળોના પ્રભાવથી ને કેટલું વાચકના કશાક નવા, કશાક જુદા માટેના શોખથી તે નક્કી કરવું કઠણ છે. પણ મુનશી આવ્યા અને ગુજરાતી નવલકથાના સ્વરૂપમાં અને શૈલીમાં આમૂલાગ્ર પરિવર્તન થઈ ગયું એ વિવાદાતીત હકીકત છે.

મુનશીનો મધ્યાહ્ન તપતો હતો ત્યારે પણ સ્વકીય તેજે પ્રકાશીને લોકનયનોને પોતાના ભણી વાળનાર નવલકથાકારોમાં મુખ્ય છે રમણલાલ વસંતલાલ દેસાઈ (૧૮૯૨-૧૯૬૫).

મુનશીના સમકાલીન કે અનુગામી લેખકોમાં, ધૂમકેતુએ પણ સોલંકીયુગની બિરદાવલિ જેવી 'ચૌલાદેવી', 'રાજસંન્યાસી', 'કર્ણાવતી', 'સિદ્ધરાજ જયસિંહ' વગેરે નવલકથાઓ લખી, પણ ન એ મુનશીને આંબી શકયા; ન ટૂંકી વાર્તાના લેખક ધૂમકેતુથી આગળ નીકળી શકયા. ઝવેરચંદ મેઘાણીએ પણ 'વેવિશાળ', 'તુલસીક્યારો', 'સોરઠ, તારાં વહેતાં પાણી' અને 'ગુજરાતનો જય, ભાગ ૧-૨', જેવી સામાજિક અને ઐતિહાસિક નવલકથાઓ દ્વારા, વીતી ગયેલા યુગની ખાનદાની, રખાવટ અને મનમોટપને આલેખ્યાં, ગંગામૈયા જેવાં પતિતપાવન, વાત્સલ્યમૂર્તિ સ્ત્રીપાત્રો સર્જ્યાં અને ગુજરાતી ગદ્યની વિવિધ છટાઓનું રમ્ય દર્શન કરાવ્યું. પણ ન એ નવલકથાઓ નવી કેડી કોરી શકી; ન લોકગીતોના ગાયક અને 'સૌરાષ્ટ્રની રસધાર'ના લેખક ઝવેરચંદ મેઘાણીની કીર્તિને અતિક્રમી શકી. ગુણવંતરાય આચાર્યની, ખાસ કરીને, દરિયાઈ સાહસની કથાઓ 'સક્કરબાર', 'સરફરોશ', 'સરગોસ' વગેરે લોકહૃદયમાં સ્થાન પામી ખરી; પણ એ અને 'દેશદીવાન', 'દરિયાલાલ', 'હાજી કાસમ, તારી વીજળી' વગેરે બીજી નવલકથાઓ મુનશીની સરસાઈ ન કરી શકી કે વિદ્વત્સંમતિ ન મેળવી શકી. પન્નાલાલ પટેલે 'વળામણાં', 'મળેલા જીવ', અને 'માનવીની ભવાઈ'માં ગુજરાતના ગામડાને આબેહૂબ ખડું કરી દીધું અને કથાકાર તરીકેના પોતાના અદ્‌ભુત કૌશલથી વિદગ્ધોને પણ આંજી દીધા. પણ ગામડું જેમ એમનું બળ નીવડયું તેમ નિર્બળના પણ નીવડયું.

આ બધા લેખકોનાં નામ ગાજ્યાં પણ છે. પણ રમણલાલ દેસાઈએ પ્રજાહૃદયમાં નવલકથાકાર તરીકે જે સ્થાન મેળવ્યું ને વર્ષો સુધી ટકાવ્યું તે, એક પન્નાલાલ પટેલને બાદ કરીએ તો, બીજા કોઈ લેખકે મેળવ્યું કે ટકાવ્યું નથી.

રમણુલાલની નવલકથાઓ 'જયંત' (૧૯૨૫), 'શિરીષ' (૧૯૨૭) અને 'કોકિલા' (૧૯૨૯) વડોદરાના 'સયાજીવિજય'નાં વાર્ષિક ભેટ પુસ્તકો તરીકે પ્રકટ થઈ ત્યારે ગુજરાતનું ધ્યાન ખેંચી શકી નહોતી તેટલું ધ્યાન એ પાછળથી સુઘડ રૂપરંગમાં પ્રકટ થઈ ત્યારે તેણે ખેંચ્યું. અને ગુજરાતને મુનશી પછીનો બીજો ગણનાપાત્ર નવલકથાકાર મળ્યો.

ત્યાર પછી તો રમણુલાલની એક પછી એક નવલકથાઓ બહાર પડતી ગઈ. એ નવલકથાઓને અસાધારણ લોકપ્રિયતા પણ વરી. પ્રસન્નમંગલ દામ્પત્યચિત્રો, રસિક પ્રસંગઘટના, સૂક્ષ્મ અને સ્વચ્છ વિનોદવૃત્તિ, સંભવિતતાની મર્યાદામાં રહેતી આદર્શપરાયણતા અને ભાવનામયતા, વાસ્તવિક જીવનનું માર્મિક નિરૂપણ અને સરળ, મધુર, એકધારા પ્રવાહે વહી જતી શૈલી: આ બધાં લક્ષણોને લીધે રમણુલાલની નવલકથાઓએ ગુજરાતના વાચકવર્ગમાં, મુનશી મધ્યાહ્ને હતા ત્યારે પણ, પોતાનું સ્થાન લીધું.

મુનશીને નડી છે તે કલ્પકતાની મર્યાદા, બધા ગુજરાતી નવલકથાકારોની જેમ, રમણુલાલને પણ નડી છે. તંત્રીઓ, પ્રકાશકો કે વાચકોની માગણીને ન નકારી શકવાથી કે પ્રજાની નજર પાસે ને પાસે રહેવાની વૃત્તિથી પ્રેરાઈને લખ્યા કરનાર પ્રત્યેક લેખકને એ કદાચ, નડતી જ હશે; એવી કોઈ મર્યાદાને લીધે રમણુલાલનાં નાયકનાયિકાઓ એક જ ઢાળામાં ઢળ્યાં હોય છે. રમણુલાલની નવલકથાઓ કેટલીક વાર જાસૂસી ભેદભરમની વાર્તાઓ જેવી થવા જાય છે, ત્યારે બહુ પ્રતીતિકર બનતી નથી. રમણુલાલના કથનનો પ્રવાહ. આકર્ષક હોય છે ખરો; પણ એનો વેગ હંમેશાં મન્દ હોય છે. એમની વસ્તુસંકલના સુશ્લિષ્ટ હોય છે તેટલી, ક્યારેક, સ્વાભાવિક અને સંભવિત નથી હોતી. એમની 'દિવ્યચક્ષુ', 'ગ્રામલક્ષ્મી' અને 'ભારેલો અગ્નિ' પછી એમની શક્તિ ક્ષીણ થતી ચાલી છે; અને 'સૌંદર્યજ્યોત', 'ઝંઝાવાત' અને 'પ્રલય'માં એમનું પોત પાંખું પડી ગયું છે અને કલાવિધાન શિથિલ થઈ ગયું છે.

રમણુલાલ, આ બધી મર્યાદાઓ હોવા છતાં, મુનશીની સામે ટકી શક્યા અને સાચેસાચા અર્થમાં 'લોકલાડીલા' બની શક્યા તે હકીકત છે. સામાન્ય વાચનરસિક ગુજરાતી કુટુંબોમાં મુનશી કરતાં રમણુલાલ વધારે વંચાતા; ને યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં વારંવાર સ્થાન પામ્યા વિના પણ, વેચાણ પણ રમણુલાલની નવલકથાઓનું વધારે થતું. નરી લોકપ્રિયતા સાહિત્યની ગુણવત્તાની પારાશીશી, અલબત્ત, નથી જ. પણ રમણુલાલ માત્ર લોકપ્રિય લેખક જ નહોતા, એ સમયના ઉત્તમાધિકારી વિદ્વાનોનો આદર અને અનુમોદન પણ પામ્યા હતા. મુનશીએ નવલકથાના પ્રવાહને વળાંક આપ્યો ભલે, પણ એ સમયના અનેક નામાંકિત નવલકથાકારોમાંથી જો કોઈનું નામ એમની સાથે અવિયોજ્ય રીતે જોડાઈ ગયું હોય તો તે રમણુલાલનું છે.

ધૂમકેતુ, ઝવેરચંદ મેઘાણી, ગુણવંતરાય આચાર્ય વગેરે લેખકો તો રમણુલાલના લગભગ સમકાલીન ગણાય; ને ચૂનીલાલ વર્ધમાન શાહ તો મુનશીના પણ પુરોગામી કહેવાય. પણ રમણુલાલના અનુગામી કહેવાય તેવા લેખકોમાં પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર, પીતાંબર પટેલ, મનુભાઈ પંચોળી 'દર્શક', ચૂનીલાલ મડિયા, નિરંજન વર્મા અને જયમલ્લ પરમાર, રામનારાયણ નાગરદાસ પાઠક, યશોધર મહેતા, પુષ્કર ચંદરવાકર, જયંતી દલાલ, બચુભાઈ શુક્લ, હરજીવન

સોમૈયા, મોહનલાલ મહેતા—સોપાન, ધીરુબેન પટેલ, કુંદનિકા કાપડિયા, શિવકુમાર જોશી વગેરેએ નવલકથાના ક્ષેત્રમાં નિજનિજની વિશિષ્ટતાવાળું મૂલ્યવાન પ્રદાન કર્યું છે, અને તેમાં પણ પન્નાલાલ પટેલ અને દર્શકનું પ્રદાન તો ઘણો લાંબો સમય સ્મરણીય રહે તેવું પણ છે.

એમાંનો પ્રત્યેક લેખક પોતપોતાનું નવું વસ્તુ, નવાં પાત્રો, નવી શૈલી લઈ ને આવ્યો છે; અને દર્શક તો ઉદાત્ત દર્શન લઈ ને પણ આવ્યા છે. તેમ છતાં, નવલકથાની વિભાવનાની દૃષ્ટિએ આ બધા લેખકોનું અનુસંધાન મુનશી–રમણલાલની સાથે જ રહ્યું છે.

એ અનુસંધાન તૂટયું અને ગુજરાતી નવલકથાના પ્રવાહમાં ત્રીજો અને સ્પષ્ટ વળાંક આવ્યો આજથી પચીસેક વર્ષ પહેલાં, સુરેશ જોશી પોતાની પશ્ચિમના સાહિત્ય પરથી અને વિશેષ તો એ વખતે નવી લાગતી સાહિત્યમીમાંસા પરથી ઘડાયેલી વિભાવના લઈ ને આવ્યા ત્યારે.

અને ગુજરાતના તત્કાલીન તરુણ સાહિત્યરસિકો પર એની જેવી અસર થઈ તેવી અસર પ્રો. બલવંતરાય ઠાકોર સિવાય ભાગ્યે જ કોઈ પણ ગુજરાતી સાહિત્યકારની એના પોતાના સમયના તરુણો પર થઈ હશે.

નંદશંકર, ગોવર્ધનરામ ને મુનશી વિભાવના લઈ ને નહોતા આવ્યા, ખુદ નવલકથા લઈ ને આવ્યા હતા. સુરેશ જોશી પણ પાછળથી 'છિન્નપત્ર' લાવ્યા ખરા; પણ 'છિન્નપત્ર'ની ખાસ કશી અસર ન પડી; ને એમની વિભાવનાની અસર ટકી રહી.

એ વિભાવનાની જ અસર તળે કે એની થોડીઘણી પ્રત્યક્ષ કે પરોક્ષ પણ અસર તળે લખનાર નવલકથાકારોમાં ચન્દ્રકાન્ત બક્ષી, મધુ રાય, રઘુવીર ચૌધરી, શ્રીકાન્ત શાહ, દિગીશ મહેતા, રાધેશ્યામ શર્મા અને કિશોર જાદવ મુખ્ય છે. એમાંનો પ્રત્યેક લેખક શક્તિશાળી છે ને પ્રત્યેકને પોતપોતાની વિશિષ્ટતા પણ છે. એમને યથોચિત વિદ્વત્સંમતિ પણ મળી છે. પણ, રંગભૂમિ પર ભજવાતા નાટકને બાદ કરીએ તો, સાહિત્યનાં બધાં સ્વરૂપોમાં, જે એક માત્ર નવલકથાને માટે જ શક્ય છે તે, બહુજનસમાજના હૃદય સુધી પહોંચવાનું સામર્થ્ય આમાંના કોઈમાં ઝાઝું નથી ખીલ્યું.

## ૩

અસહકાર યુગમાં ગુજરાતના જીવનમાં જે ફેરફારો થયા અને ગુજરાત શૂર જીવન જીવવા લાગ્યું તેને નીરખવાના પોતાના પ્રયાસરૂપે રમણલાલ 'દિવ્યચક્ષુ'ને ઓળખાવે છે. પણ કથા જેમ જેમ આગળ વધતી જાય છે તેમ તેમ પ્રાધાન્ય અરુણ અને રંજનની પ્રણયકથાને મળતું જાય છે અને ગુજરાતમાં સ્ફુરાયમાણ થયેલા નવચૈતન્યનું ચિત્રણ ગૌણ બનતું જાય છે. એટલે 'દિવ્યચક્ષુ'ને ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક નવોત્થાનની કથાને નિમિત્તે લખાયેલી પ્રણયકથા તરીકે ઓળખાવી શકાય.

પ્રણયકથા તરીકે 'દિવ્યચક્ષુ'ને જોઈએ તો, એમાં અરુણ અને રંજનના એકબીજા પ્રત્યેના પ્રણયનું અને પુષ્પાના અરુણ પ્રત્યેના અને વિમોચનના રંજન પ્રત્યેના પ્રણયનું આલેખન કરવામાં આવ્યું છે.

આમાં વિમોચન તો માત્ર રંજન અને કૃષ્ણકાન્તનું જ નહિ, રમણલાલનું પણ રમકડું છે આખી નવલકથામાં એ એક જ પાત્ર એવું છે, જેની રમણલાલે માત્ર ઠેકડી જ ઉડાવી હોય—અને તે પણ, તે પોતે કહે છે તે પ્રમાણે,

'વિમોચન-સાક્ષર-ની લેખમાળા સ્વીકારવા વર્તમાનપત્રો અને માસિકો તલપી રહેતાં હતાં '[૧] તોપણ.

પુષ્પાની વાત જુદી છે. વિમોચનની માફક એનો સ્નેહ પણ એકપક્ષી જ છે. વિમોચનના સ્નેહની જેમ રંજનને નથી પડી તેમ પુષ્પાના સ્નેહની અરુણને પણ નથી પડી. પુષ્પા તેને પોતાનો બનાવવાને વલખાં રહી છે એ વાત અરુણના ધ્યાન બહાર નથી.[૨] પણ રંજન તરફ ઢળવું કે પુષ્પા તરફ, એ વિશે એના મનમાં લેશ પણ અવઢવ ઊભી થતી હોય એવું બન્યું નથી.

પુષ્પા અને રંજન સખીઓ છે, આપ્તજન જેવી છે. પુષ્પા ગંભીર અને સંકોચશીલ છે; રંજન લીંબુના પાણી જેવી, સૌ સાથે સહેલાઈથી ભળી જાય તેવી, ચબરાક અને હસમુખી છે. પક્કાઈમાં, અલબત્ત, કોઈ કોઈનાથી ઊતરે તેવી નથી; પણ આભિજાત્ય પણ બન્નેનું ઓછું નથી.

અરુણ અને રંજન એકબીજાના પ્રથમ દર્શને જ એકબીજા તરફ આકર્ષાયાં છે. અને તે એટલી હદ સુધી કે જે અરુણને જનાર્દનનાં ઉપદેશ, ચર્ચાવિચારણા, ચિત્રમાળા, પ્રેમ અને વિશ્વાસ આદિ અહિંસા પ્રત્યે વાળી શકતાં નથી તે અરુણ રંજનના સૂચન માત્રથી એક વર્ષ સુધી અહિંસાનું સંપૂર્ણ પાલન કરવાને વ્રતબદ્ધ થાય છે.

અને રંજન પણ લાઠીમારથી બેભાન બનતા અરુણના હાથમાંથી ધ્વજ પોતાના હાથમાં લઈ લઈ ને તેનું પૂર્વનિર્ણીત સ્થળે આરોપણ કરી એની, સૂક્ષ્મ અર્થમાં, સહધર્મચારિણી બને છે.

પુષ્પા પણ અરુણને જુએ છે. અને તે પણ હૃદયથી તેની થઈ જાય છે. રંજન અને પુષ્પા વચ્ચે થોડો સમય ઇર્ષ્યા જેવું પણ થાય છે. પણ અરુણ ઘવાઈને ધનસુખલાલને ત્યાં રહ્યો છે ત્યારે પોલીસ ધરપકડનું વૉરંટ લઈને આવી રહી છે એ સમાચાર કહેવા, રંજન અરુણને જગાડવા 'એક કુમળો ઉપચાર'—ચુંબન—કરે છે ને ભાવવિમૂઢ અરુણના 'પણ (મને) જગાડ્યો શી રીતે?'[૩] એ પ્રશ્નના જવાબમાં 'મેં તમને આમ જગાડ્યા હતા' કહી, રંજન દૂરથી આંગળી હોઠ પર મૂકી બુચકારો બોલાવે છે તે જ્યારે પુષ્પા જોઈ જાય છે ત્યારે પુષ્પાને પોતાના પરાજયનું પહેલી વાર ભાન થાય છે. પુષ્પા વેદનાવિકલ થઈ જાય છે તે જોઈ રંજન આપમેળે તેના અને અરુણના માર્ગમાંથી ખસી જાય છે, અલબત્ત, સખીને ચેતવીને કે, 'તું એટલું સંભાળજે કે એ તારા અને મારા બંનેના હાથમાંથી જતા ન રહે!'[૪]

રંજન માટે આ ત્યાગ જીરવવો સહેલો નથી. તેમ છતાં એ પોતાના વચનને વળગી રહે છે અને અરુણની નજરે ચડવાનું ટાળે છે. પણ અરુણના મનમાંથી રંજન ખસતી જ નથી; અને

૧ પૃ. ૮૭; અહીં જે પૃષ્ઠાંકો આપવામાં આવ્યા છે તે 'દિવ્યચક્ષુ'ની જુલાઈ ૧૯૭૩ની તેરમી આવૃત્તિના છે.

૨ પૃ. ૨૩૪ ૩ પૃ. ૨૪૭ ૪ પૃ. ૨૫૭

એને જ્યારે અદાલતમાંથી જેલકસ્ટડીમાં લઈ જવામાં આવે છે ત્યારે પુષ્પાની પાસે જઈને એ તેને પૂછે છે :

'પુષ્પાવતી ! રંજનગૌરી નથી આવ્યાં ?'[૫] અને પુષ્પાને પોતાના પરાજયનું બીજી વાર ભાન થાય છે.

આંખો ગુમાવી બેઠેલો અરુણ ઇસ્પિતાલમાં હોય છે ત્યારે રંજન એને જોવા રોજ એકબે વાર જતી હોય છે ખરી; પણ નથી એ પોતાનો અવાજ તેને કાને પડવા દેતી; નથી પુષ્પા ન હોય ત્યારે તેની પાસે જતી; અને છતાં અરુણ ભાનમાં આવે છે ત્યારે પુષ્પાનો પગરવ અને એની બંગડીઓનો ખણખણાટ સાંભળીને, રંજન આવી હશે એમ તેને લાગે છે ને એ આગન્તુક 'રંજન નથી'[૬] એવી જ્યારે તેને ખબર પડે છે ત્યારે તેના હૈયામાંથી નિસાસો નીકળી જાય છે, અને પુષ્પાનો પરાજય ત્રીજી વાર થાય છે.

પુષ્પા અરુણને પોતાના હાથમાં લેવાના પ્રયત્નો છોડી દે છે, અને રંજન પોતાનું પહેલું બાળક એને (પુષ્પાને) આપે એ શરતે, રંજન અને અરુણના માર્ગમાંથી ખસી જાય છે.

રંજન આ શરત સ્વીકારે છે કે નહિ તે સ્પષ્ટ થતું નથી. ઊલટું, પુષ્પા પોતાની શરત કહી બતાવતી હોય છે ત્યારે રંજન એના મોં પર હાથ મૂકે છે તેના પરથી એમ પણ કદાચ લાગે કે રંજનને પુષ્પાની શરત માન્ય નથી. પણ પુષ્પા શરત રજૂ કરે છે તેના પરથી બેત્રણ વસ્તુઓ સ્પષ્ટ થઈ જાય છે:

૧ પોતાને અરુણ નથી મળતો એટલે પુષ્પા યાવદાયુષ્ય અપરિણીત રહેવાનો નિશ્ચય કરે છે.

૨ પુષ્પા રંજનનું પહેલું બાળક માગે છે; રંજન અને અરુણનું પહેલું બાળક નહિ. પોતાને અરુણનું બાળક જોઈએ છે એમ કહેતાં એની જીભ હવે કેમ ઊપડે ?

૩ અરુણ નહિ તો અરુણની પ્રતિકૃતિ પણ હવે પુષ્પાને માટે બસ છે. પોતે અરુણના બાળકની જન્મધાત્રી માતા તો બની શકે તેમ નથી; તો એ એની ધાત્રી (foster mother) બનીને પણ એ પોતાની ઝંખનાને શમાવવા મથશે.

આમ, અરુણની આંખો ગઈ એટલે પુષ્પાને એનામાંથી રસ ઊડી ગયો એવો વહેમ કોઈને પડે—અને રંજનને તો પડે જ છે[૭]—તો એ પુષ્પાએ મૂકેલી શરતને લીધે નિર્મૂલ થઈ જાય છે.

પુષ્પાએ કરેલો ત્યાગ એ, ખરું જોતાં, ત્યાગ જ નથી કારણ કે અરુણ એના હાથમાં કદી આવ્યો જ નથી. અરુણને મેળવવા માટે વલખાં મારવાં એ વ્યર્થ છે એનું ભાન થતાં પુષ્પા રંજન અને અરુણના માર્ગમાંથી ખસી જાય છે એટલું જ ખરેખર તો બને છે.

પહેલાં રંજન પુષ્પાના માર્ગમાંથી ખસી ગઈ તો હવે પુષ્પા રંજનના માર્ગમાંથી ખસી જાય છે એ ખરું; પણ ખસી જવાની પ્રેરણા બન્નેની જુદી જુદી છે. રંજન પુષ્પાના માર્ગમાંથી

૫ પૃ. ૨૯૨ ૬ પૃ ૩૨૦ ૭ પૃ. ૩૨૮.

ખસી જાય છે, એને સુખી કરવા માટે. પુષ્પા રંજનના માર્ગમાંથી ખસી જાય છે એને સુખી કરવા માટે નહિ, પણ રંજન વિના અરુણનું જીવન અલૂણું થઈ જશે તેની ખાતરી થતાં, અરુણને સુખી કરવા માટે.

પુષ્પા રંજનના માર્ગમાંથી ખસી જાય છે તેનું કારણ, આમ, અરુણ પ્રત્યેની એની પ્રીતિનો પ્રબળ ઉદ્રેક જ છે, કારણ કે રંજન પ્રત્યે, અરુણ પૂરતી તો, પુષ્પાને ઈર્ષ્યા જ છે. અને એ ઈર્ષ્યાની પ્રેરી, અરુણ મારો ન થાય તો કંઈ નહિ, પણ રંજનનો તો ન જ થવો જોઈએ એવી ગાંઠ વાળીને પણ એ બેસી રહી શકત. અને તો પોતે જો સુખી ન થઈ શકી તો રંજનને ય સુખી થવા ન દેત.

પણ તો અરુણ પણ દુઃખી જ થાત. ભગ્નપ્રણય નારી, કૂલંકષ સરિતાની જેમ, કેવી રુદ્ર બની શકે છે તે, અલબત, આ રીતે બતાવી શકાયું હોત પણ રમણલાલ સૌમનસ્યના લેખક છે અને વિચક્ષણ વ્યવહારવિદ્ હોવા છતાં, ભાવનાશીલ ઓછા નથી. એટલે એ પુષ્પાને વૈરની વૃત્તિથી નહિ પણ પ્રેમની વૃત્તિથી પ્રેરે છે.

પુષ્પા આ પગલું ભરે છે તેની પાછળ રંજને એને આપેલી ચેતવણીનો[૮] ખ્યાલ પણ એને કદાચ હોઈ શકે. પણ પોતે જેને મેળવવાને ઝંખે છે તેને રંજન ઉપાડી જાય છે એ વિચાર માત્રથી જન્મવી જોઈએ તે ઈર્ષ્યા પુષ્પાના હૃદયમાં, અત્યારે તો, ભભૂકી ઊઠતી દેખાતી નથી. એટલે એવું અનુમાન કરી શકાય કે પુષ્પા અરુણ અને રંજનના માર્ગમાંથી ખસી જાય છે તેમાં બલવત્તર પ્રેરણા પેલી વ્યવહારુ ગણતરી—અરુણ પુષ્પા કે રંજન, બેમાંથી એકના જ હાથમાં રહે (એ ગણતરી પ્રમાણે જ વર્તવાનું અરુણને બંધન હતું ખરું?) અને અરુણ નહિ તો અરુણની પ્રતિકૃતિ તો પોતાને મળે એ,—કરતાં અરુણ પ્રત્યેની પ્રીતિની જ રહી છે.

રંજન અરુણને પરણે એમાં એનો કશો સ્વાર્થ નથી એ તો સ્પષ્ટ જ છે. પણ આંખો ગુમાવી બેઠેલો અરુણ શ્રીમંત રંજનને પરણે તો તે કદાચ સ્વાર્થબુદ્ધિથી પણ હોય, એવો વહેમ સરખો પણ ન રહે તે માટે રમણલાલ લગ્ન પહેલાં જ રંજનની મિલકત આશ્રમને અપાવી દે છે અને આમ પ્રણયત્રિકોણને એવી રીતે ઉકેલે છે કે પુષ્પા, રંજન અને અરુણ, ત્રણમાંથી કોઈ પણ વ્યક્તિ સ્વાર્થની ગણતરીએ પ્રેરાઈ છે એમ ન કહી શકાય.

ધનસુખલાલનો સુશીલા પ્રત્યેનો પક્ષપાત પણ આ નવલકથાનું એક નોંધપાત્ર બિન્દુ છે. ધનસુખલાલ પોતાની ધાર્મિક માન્યતાને આઘાત લાગે એવી રીતે વર્તતી સુશીલાના હજાર દોષ માફ કરવાની વૃત્તિવાળા કેમ દેખાય છે? પોતાની નમાઈ ને બાળવિધવા પુત્રી પ્રત્યે જાગતા વાત્સલ્યનું જ એ પરિણામ હશે? કે પોતાની રૂઢિજડતાએ પોતાની આ વહાલસોઈ પુત્રીનું જીવન બરબાદ કરી નાખ્યું એ હકીકત ધનસુખલાલના હૃદયને ડંખતી હશે? ધનસુખલાલના 'ધાર્મિક' સંસ્કાર જોતાં, તેમને એવો ડંખ રહે તે બનવા જોગ લાગતું નથી. તો, બીજી તરફ જનાર્દનથી સુશીલાને ગર્ભ રહ્યો હતો તે વાત પંદર વર્ષ દરમ્યાન તેમના કાન સુધી પહોંચવા ન

---

૮ પૃ. ૨૫૭.

પામી હોય તોપણ, જનાર્દન લાઠીમારથી ઘવાઈને એમના ઘરમાં આવે છે ને થોડા દિવસ રહે છે ત્યારે પોતાની વિધવા પુત્રી સુશીલા સાથે લગ્ન કરવા ઇચ્છનાર પેલા 'વંઠેલ' 'હરામખોર' માસ્તર તરીકે એ જનાર્દનને ઓળખી ન શક્યા હોય તે પણ બનવાજોગ લાગતું નથી.[૯] અને છતાં નથી એ જનાર્દનનું અપમાન કે ઉપેક્ષા કરતા કે નથી એ સુશીલાને જનાર્દનની સારવાર કરતાં અટકાવતા.

વાત સ્પૃશ્યાસ્પૃશ્યતાની હોય કે જનાર્દનની સારવારની હોય પણ ગમે તે ભોગે પણ સુશીલાનું મન સાચવવામી ધનસુખલાલની ઉદારતા મને તો માત્ર અંધ અપત્યવાત્સલ્યનું જ પરિણામ નથી લાગતી; એક આખાબોલા ને કડવાબોલા, પણ સાફદિલ ને પ્રેમાળ, શાણા ને વ્યવહારકુશળ સજ્જનની અન્તર્ગૂઢઘન વ્યથાનો અને અપરાધક્ષમાપનની વૃત્તિનો પણ આવિષ્કાર લાગે છે. રમણલાલે જનાર્દન-સુશીલાના સંબંધની ખબર ધનસુખલાલને પડી ગઈ છે એવું સૂચન ક્યાંય કર્યું નથી તોપણ.

રમણલાલ દેશનેતાઓ, દેશસેવકો, વેપારીઓ, સરકારી અમલદારો, કોઈને પણ વિશે કશા પણ ભ્રમમાં નથી. છતાં એમનું સૌમનસ્ય એવું છે કે એમણે વધારે ભાર તો માનવચિત્તના સદંશો પર જ મૂક્યો છે, અને નવલકથાનું આલેખન ભાવનાશીલતાની ભૂમિકા પર જ કર્યું છે. એ મૃદુચિત્ત એટલા છે કે, કિસનને, અન્તે, મારી નાખી શકતા નથી; ને કુશળ પણ એવા છે કે કિશનના ગંભીર મંદવાડનો ઉપયોગ અસ્પૃશ્યતાનિવારણના કાર્યમાં કરી લે છે.

'દિવ્યચક્ષુ' 'કૌમુદી' માસિક માટે કકડે કકડે લખાઈ હોવાથી તેમ જ લેખકના અનવધાન કે મર્યાદાઓને લીધે તેમાં કેટલેક સ્થળે કચાશ રહી જવા પામી છે.

જનાર્દનનો પરિચય આપતાં રમણલાલ એને 'બહુ વિચિત્ર પુરુષ'[૧૦] તરીકે ઓળખાવે છે, પણ કથાવસ્તુ જે રીતે વિકસતું જાય છે તેમાં ક્યાંય જનાર્દન ભેદી કે વિચિત્ર માણસ તરીકે વર્તતા આલેખાયા નથી. આશ્રમના કેટલાક યુવકોને અરુણની ઈર્ષ્યા હતી એમ રમણલાલ સૂચવે છે ખરા;[૧૧] પણ એ ઈર્ષ્યાનો અમથો એવો સ્ફોટ પણ આખી નવલકથામાં ક્યાંય થતો દેખાતો નથી. સુરભિનો કૃષ્ણકાન્ત માટેનો અભાવો એવી રીતે આલેખાયો છે કે કૃષ્ણકાન્ત સુધારાને નામે વંઠી ગયેલ દારૂડિયો ને એવું બીજું ઘણું ઘણું હશે એવી છાપ પડે અને નવલકથામાંથી એની જે મૂર્તિ ઊભી થાય છે તે છે કોઈ વ્યવસ્થિત, સ્વમાની, સંસ્કારી, વિનયી ને પ્રામાણિક, પ્રેમાળ ને બહાદુર, શોખીન ને મોજીલી વ્યક્તિની. સરકારના શકદારને કૃષ્ણકાન્તે પોતાને ત્યાં રાખ્યો તેટલા માટે સ્થાનિક ગોરા હાકેમોની એના પર ખફગી ઊતરી ને એના ગોરા મેનેજરે દગો કરતાં એને નાદારીમાં જવું પડે એવો વખત આવ્યો. એ શકદાર—અરુણ—તો કૃષ્ણકાન્તનો સગો હતો. પણ ધનસુખલાલ સરકારના એ અને બીજા શકદારો—શકદારો જ નહિ, ગુનેગારો—ને પોતાને ત્યાં ઉઘાડે છોગે આશ્રય આપે છે. અને છતાં સરકારની આંખ તેમના

૯ જનાર્દન, આમ તો, ધનસુખલાલને મોઢું દેખાડતાં ક્ષોભ અનુભવે છે (પૃ. ૧૩૫, ૧૩૬), પણ એ બેભાન હતા તે અવસ્થામાં તેમને ધનસુખલાલને ઘેર લાવવામાં આવ્યા છે.

૧૦ પૃ. ૩ ૧૧ પૃ. ૩

તરફ કરડી થતી નથી ને સરકારી અમલદારો તેમની શેહમાં તણાય છે. રંજન, અરુણને ભૂલવા માટે,[૧૨] ડૉક્ટરને લઈને માર માર કરતી મોટરે ઢેઢવાડામાં જાય છે; ને કિસનની સારવાર માટે—કે સારવારને બહાને ?—ધના ભગતને ત્યાં રાતદિવસ રોકાઈ જાય છે. કિસન માંદો છે તે ખબર તો તેને અલબત્ત, હતી; પણ કિસનની છેલ્લી ખબર રંજનને ક્યાંથી પડી તે અને કૃષ્ણકાન્તના કુટુંબને ધના ભગતના કુટુંબ સાથે આટલી હદ સુધીનો ઘરોબો ક્યાંથી થયો તે સ્પષ્ટ થતું નથી.

એક તો આ નવલકથાનો ક્રિયાવેગ શિથિલ છે. ને તેમાં વળી સ્થળે સ્થળે આવતી રમણલાલની ચિન્તનકંડિકાઓ અને ટીકાટિપ્પણીઓ ગતિભંજકો(Speedbreakers)નું કામ કરે છે. આ ગતિભંજકોમાંના કેટલાક કટાક્ષો અને વિનોદો, બેશક, આસ્વાદ્ય છે, તો કેટલાક તદ્દન સામાન્ય અને લક્ષ્યહીન છે. કેટલાક ગતિભંજકોમાં[૧૨અ] લેખક ચર્ચા ઉપાડે છે ખરા; પણ પોતાનો નિશ્ચિત અભિપ્રાય આપ્યા વિના અટકી જાય છે; તો કેટલાકમાં એ સમકાલીન લોકમાન્યતાનું ને રૂઢાચારોનું સમર્થન કરતા હોય છે. એકેએક અંગ્રેજ બચ્ચો ખરાબ હોય છે એ સાચું નથી એમ રમણલાલ પોતાના અનેક અંગ્રેજ પાત્રોનાં દૃષ્ટાન્તોથી બતાવે છે ખરા; પણ અંગ્રેજોની રહેણી-કરણી, વગેરે વિશેની એમની માન્યતા અસહકાર યુગના પ્રાકૃત લોકસમુદાયની માન્યતા કરતાં ખાસ જુદી નથી, અને અંગ્રેજી કેળવણીને હિંદમાં દાખલ કરનાર અંગ્રેજ અધિકારીઓની ધારણા વિશે એ જે કહે છે[૧૩] તેને ઇતિહાસનો આધાર નથી. આર્ય શાસ્ત્રકારોએ રચેલી સ્મૃતિઓ શ્લોકબદ્ધ છે તે આર્ય શાસ્ત્રકારોએ સ્વીકારેલા સંગીતના મહત્ત્વને લીધે અને 'દયાસાગર ઈસુના અનુયાયીઓ' પોતાનો પીનલ કોડ 'કર્કશ, કઠોર અને કઠણ ગદ્ય'માં રચે તે એમની સંગીતવિમુખતામાંથી જન્મતી કર્કશતાનું પ્રતિબિમ્બ,[૧૪] એ ભેદદર્શન પણ ત્રીશીના સામાન્ય ગુજરાતી વાચકના દેશાભિમાનની વૃત્તિને રુચી જાય તેવું હશે કદાચ; પણ હકીકતની દૃષ્ટિએ એ સત્ય છે ?

સમાજે સ્ત્રીપુરુષ વચ્ચેના ઈશ્વરસર્જિત આકર્ષણના સ્થૂલ અને ઇન્દ્રિયો દ્વારા વ્યક્ત થતા આવિષ્કારની વચ્ચે ન આવવું જોઈએ એમ જનાર્દન માને છે.[૧૫] રમણલાલ આ માન્યતાનું ખુલ્લેખુલ્લું પ્રતિપાદન નથી કરતા; તો જનાર્દનની આ માન્યતાનો વિરોધ કે ટીકા પણ નથી કરતા, અને જનાર્દન પ્રત્યે વાચકનો આદરયુક્ત સમભાવ પણ જળવાઈ રહે એવી રીતે એ પાત્રનું આલેખન કરે છે પણ એટલા પરથી આ માન્યતા રમણલાલની પણ છે એમ નિર્વિવાદ રીતે કહી ન શકાય. એટલે એને બાજુએ મૂકીએ તો, રમણલાલનું ચિન્તન મધ્યમાધિકારી પણ નહિ તેવા લોકસમુદાયની સામાન્ય માન્યતાઓનું વિરોધી નથી તે બતાવવા આટલાં જ ઉદાહરણો બસ થશે.

રમણલાલની ભાષાશૈલી વર્ણનોમાં ખીલે છે તેના કરતાં વિશેષ તો સંવાદોમાં ખીલતી હોય છે. એનો પદવિન્યાસ, અલબત્ત, ક્યાંક ક્યાંક શિથિલ રહી જતો હોય છે. મારી પાસે છે તે તેરમી આવૃત્તિમાં જે અસંખ્ય અને કેટલાક અર્થનો અનર્થ કરાવે તેવા અક્ષમ્ય મુદ્રણદોષો રહી ગયા છે તેની જવાબદારી, અલબત્ત, રમણલાલની નથી પણ તેમની ભાષામાં કોઈ કોઈ સ્થળે

---

૧૨ પૃ. ૨૮૭ ૧૨અ પૃ. ૭૪. કંજૂસ સારો કે ઉડાઉ તેની ચર્ચા.

૧૩ પૃ. ૧૨૯ ૧૪ પૃ. ૧૬૦–૧૬૧ ૧૫ પૃ. ૨૨૪

'વિરુદ્ધતા'[૧૬] જેવા વ્યાકરણદૃષ્ટિએ અશુદ્ધ ગણાય તેવા શબ્દપ્રયોગો થયા છે; તો કોઈ કોઈ સ્થળે 'વાજિંત્ર'[૧૭] (Organનું સીધું ભાષાંતર, 'મુખપત્ર' ચાલત) જેવા ભાષાંતરિયા પ્રયોગો પણ થયા છે. વાકચરચનામાં પણ ક્યાંક ક્યાંક અંગ્રેજી ગંધ રહી ગઈ છે. તેમ છતાં, ખાસ કરીને રંજનના અરુણ અને પુષ્પા સાથેના છે તેવા સંવાદો રમણલાલની સંવાદકલાનાં ઉત્કૃષ્ટ નિદર્શનો છે. એ સંવાદો દ્વારા પાત્રોનાં વ્યક્તિત્વ વિકસતાં જાય છે; ને વાચક 'ભાત ભાત કે લોગ'ની રસમધુર સૃષ્ટિનો જીવ બની જાય છે. ભાવોન્મત્ત નવલોહિયાઓનાં પ્રણયચિત્રો આલેખવાની જે કલા રંજન અરુણને જગાડે છે[૧૮] કે અરુણનો આત્મહત્યા કરવાનો પ્રયત્ન નિષ્ફળ બનાવીને તેનામાં સમાઈ જાય છે[૧૯] તેના જેવા પ્રસંગોમાં દેખાય છે તે ગુજરાતી સાહિત્યમાં જ્યાં ત્યાં જોવા નથી મળતી.

---

૧૬ પૃ. ૧૩૫ 
૧૭ પૃ. ૭૩ 
૧૮ પૃ. ૨૪૫-૨૪૭ 
૧૯ પૃ. ૩૫૭-૩૫૯.

# ડોલરરાયની સાહિત્યતત્ત્વવિચારણા

હસિત હ. બૂચ

સાહિત્યસ્વરૂપોની મીમાંસા જેમ આચાર્ય શ્રી ડોલરરાય માંકડની વિવેચનાનો મહત્ત્વનો હિસ્સો છે, તેમ કાવ્યસાહિત્યનાં તત્ત્વોના પરામર્શમાં પણ એમનો રસ મૂલગામી અને સ્થિર છે. 'કાવ્યવિવેચન' (૧૯૪૯) અને 'સાહિત્યમીમાંસાના બે પ્રશ્નો'(૧૯૫૮)માં મુખ્યત્વે, તો 'નૈવેદ્ય' (૧૯૬૨)માં અત્રતત્ર એવી વિચારણા-ચર્ચા સાંપડે છે.

'સાહિત્યમીમાંસાના બે પ્રશ્નો' એમણે મ. સ. વિશ્વવિદ્યાલયમાં આપેલાં બે વ્યાખ્યાનો છે. 'રસાભાસનું સ્વરૂપ' તથા 'અલંકારની વ્યંગ્યતા' એ બે પ્રશ્નો એમણે ચર્ચ્યા છે. દૃષ્ટાન્તો આપી એમણે અહીં તત્ત્વપરીક્ષણ કર્યું છે. સાદાસુઘડ નિરૂપણને આગવા ચિંતનનું ઓજસ્ બક્ષ્યું છે. 'રસાભાસનું સ્વરૂપ'માં "જ્યાં જ્યાં વ્યંગ્યપ્રધાનતા હોય ત્યાં ત્યાં બધે જ ઉત્તમ કાવ્ય હોય એમ નહિ, પણ જ્યાં જ્યાં ઉત્તમ કાવ્ય હોય ત્યાં ત્યાં વ્યંગ્યપ્રધાનતા હોય તે સાચું છે."[1] એમ અહીં એમનું સ્થાપન છે. વ્યંગ્યાર્થ ભલે પ્રધાન હોય પણ જો તે અસભ્ય અર્થ હોય, એમાં જો સમાજવિરોધી અંશ હોય, તો તેઓ ભારપૂર્વક કહે છે કે એમાં ઉત્તમ કાવ્ય શું, કાવ્ય પણ નથી. આવાં ખુલ્લાં દૃષ્ટાન્તો, વ્યંગ્યાર્થયુક્ત હોવા માત્રથી, ઉત્તમ કાવ્ય લેખે સંસ્કૃત કાવ્યશાસ્ત્રીઓ આપે, એમાં એમને તેઓ ભીંત ભૂલ્યાનું અને ધ્વનિ શોધની સિદ્ધિમાં એકમુખી થયાનું જણાય છે. આવેલા પંથીને અનીતિમય સંભોગનું નિમંત્રણ અર્પતી સ્ત્રીઉક્તિ વ્યંજિત થઈ હોય ત્યાં આલંબનનું અને 'તૂટેલી ચંપલ' પર અપ્રતીતિકર ચિંતનનો ઢોળ ચડાવતાં કાવ્યોમાં ઉદ્દીપનવિભાવનું અનૌચિત્ય ચીંધી એમણે ગોવાલણના ગોરસની કે એના ઊડતા છેડલાની ને એવી એવી વાતોવાળી વાર્તા-કવિતામાં ઘણે ભાગે લેખકનું વિકારગ્રસ્ત માનસ જોયું છે. આવાં કાવ્યો-વાર્તાઓમાં Pathetic fallacy—ઊર્મિજન્ય ભાવાભાસ, ભાવનું અનૌચિત્ય દોષરૂપે છે એમ બતાવી તેઓ કહે છે કે કાવ્યમાં શું ન જોઈએ એ ય સમજવું જરૂરી છે. વસ્તુ—આભાસ ઉભયને કાવ્યમાં સ્થાન છે. પરંતુ વસ્તુ વસ્તુરૂપે અને આભાસ આભાસ તરીકે હોય એમ એમણે સ્પષ્ટ કર્યું છે. કાવ્યમાં સમાજવિરોધી કે વિકારગ્રસ્ત કે આભાસી નિરૂપણ એમણે સામાન્યતઃ એવાં દૃષ્ટાન્તોમાં અત્રે વરતાયું લાગે છે કે, જ્યાં મુક્તક જેવું કાવ્યરૂપ હોય. તેથી આવી વાતે સંદર્ભ જ સાચો નિકષ, એ સહજ સૂચવાઈ જાય છે એમ સ્વીકારીશું. અક્ષમ વસ્તુ પર વિચારના ઘટાટોપે હસનીયતા જ રચાય એ એમની વીગત યોગ્ય છે. સ્ત્રી-પુરુષના સંબંધની વાતે એમનું જે વલણ તે અસાહિત્યિક હોવાનું ન કહીએ, એવો પ્રામાણિક દૃષ્ટિકોણ હંમેશાં અહીં-તહીં વ્યાપક છે એવું સ્વીકારીએ, તોયે કાવ્ય પરત્વે કૃતકતાને જ નિષિદ્ધ લેખવાની વાત સરવાળે પૂરી સંગીન છે. એમને 'અસભ્ય અર્થ' દ્વારા જો કૃતકતા સૂચવવી હોય, તો એ રીતે એમનો મુદ્દો વિકાર-

---

૧ 'સાહિત્યમીમાંસાના બે પ્રશ્નો', પૃ. ૨.

અનીતિ પૂરતો એમણે મર્યાદિત ન કર્યો હોત તો ઠીક. આ કૃતકતા સંદર્ભ પરથી જ કળાય. પુરાણું તે બધું 'સાધુ' એ એમની દૃષ્ટિ નથી જ. એ વાત આ લેખમાં બરાબર સ્પષ્ટ થઈ છે.

'અલંકારની વ્યંગ્યતામાં વાચ્ય નહિ પણ વ્યંગ્ય અલંકરણને મુદ્દે એમણે વાત બાંધી છે. 'અલંકાર વગર કાવ્ય ભાગ્યે જ રહી શકે'' [2] અને ગુજરાતી વિવેચનમાં કાવ્યના આ એક અંતસ્તમ તાત્ત્વિક સ્વરૂપના અંગની ચર્ચા પૂરતી કરાઈ નથી એમ કહીને એમણે આનંદવર્ધને અલંકારસિદ્ધાન્તને તાત્ત્વિક માંડણીએ અમર કર્યાનું નિર્દેશ્યું છે. અલંકારધ્વનિ કાવ્યપ્રકાર વિચાર જ વ્યંજિત કરે, પરંતુ તે કલ્પનાને સતેજ કરનારો, કલ્પિત વિચાર. અલંકારનું વ્યાવર્તક તત્ત્વ છે કલ્પના. એ રીતે જૂના અલંકારો તપાસીને અર્થાન્તરન્યાસ સમા અલંકારોને અલંકાર ન કહેવા જોઈએ. માંકડ સાહેબ આવા પરીક્ષણે સદ્ધર હોય છે. અલંકારધ્વનિનાં દૃષ્ટાન્ત ઓછાં જ અને મળે તે ટૂંકાં મુક્તક જેવાં રૂપોમાં એ ય એમણે સૂચક નિદાન કર્યું છે. સુરેખ પૃથક્કરણ અને લક્ષ્યગામી સાંગોપાંગ વ્યવસ્થાની એમની શાસ્ત્રીય વિશિષ્ટિતા આ વ્યાખ્યાનમાંયે જણાશે; અલબત્ત ક્યાંક દૃષ્ટાન્ત ટુંકાવવાની જરૂર અહીં જણાય ખરી. વિચાર-ઊર્મિને પ્રધાનપણે સતેજ કરે એમ કલ્પનાને ય સતેજ કરે એવી કાવ્યરચનાને આવકારવાનું એમનું વલણ ઠાકોર-ન્હાનાલાલની કવિતાના ઉપાડની પડછે ય હોઈ શકે. ''બલવન્તરાયની નક્કર વાસ્તવતા પછી જાણે કોઈ (કવિ) અલંકારનું નામ પણ ન લે.'' [3] એ પરિસ્થિતિ એમને રુચી નથી લાગતી. આ વ્યાખ્યાન ૧૯૫૬માં અપાયું છે એ જોતાં એમનો આ ભાર જરા જૂની અસરનો ઉચ્ચાર લાગે. 'કાવ્યવિવેચન' ગ્રન્થમાં પણ એમણે કેટલોક અલંકારવિચાર કર્યો છે. યૂરપીય સાહિત્યમાં અલંકારની પારિભાષિક ચર્ચા ન જેવી, આપણે ત્યાં કવિ-ભાવક બેઉ અલંકાર તરફ ઉદાસીન, અલંકાર શોભા પૂરતા જ એ કબૂલ પણ કાવ્યમાં તે આવવાના જ અને તેની ચર્ચા તેથી જ આવશ્યક, જેવું દિગ્દર્શન તેમાં છે. આપણી કાવ્યરચનાઓમાંના અલંકારો તેઓ સ્પષ્ટ કરે છે. મહાકાવ્ય માટે ઉપકારક-અનિવાર્ય એવી સંતત વાકચગા ઉપમાઓ-ઉપમાચિત્રો 'શેષ'ની કવિતામાં ''ઉદયોન્મુખ ગુજરાતી કવિતાસાહિત્ય'' [4] ને ઋણી કરે તેવું વૈશિષ્ટ્ય છે; 'મેટાફર'માં રૂપક-સમાસોક્તિ બન્ને આવે, તેથી અંગ્રેજી પૂરતો મેટાફર શબ્દ જ યોગ્ય; 'Irony' વિપરીતલક્ષણામૂલક ધ્વનિપ્રકાર છે—અત્યંત તિરસ્કૃત વાચ્ય ધ્વનિપ્રકાર એ જ 'Irony' છે, એને વ્યાજસ્તુતિ અલંકાર ન લેખાય;—આવાં તારતમ્યો સ્થાપિત કરતાં એમણે ઝીણી વીગતે ચર્ચા કરી છે. આપણી વિવેચનાને એક ઉત્કૃષ્ટ અલંકાર મીમાંસક મળ્યા કહીએ એવા બરનું એમનું અલંકારદર્શન છે. તેથી જ એમની 'અલંકારપ્રવેશિકા' આપણા અભ્યાસીઓની એક માતબર માર્ગદર્શિકા છે. દૃષ્ટાન્ત પરત્વે અત્રતત્ર એમનો ઝોક એકાંગી લાગે, તો યે વ્યાપકપણે કાવ્યની સમગ્ર શોભા જ તેઓ લક્ષે છે.

કાવ્યમાંનો આનંદ અને કાવ્યદેહનો આનંદ એવી પરિભાષા કઢંગી છે એમ પણ એમણે ખબરદારના 'ગુજરાતી કવિતાની રચનાકળા'ના [5] સંદર્ભમાં સ્પષ્ટ કર્યું છે; વૃત્તરચનામાં જે

---

૨ એજન, પૃ. ૨૨. ૩ એજન, પૃ. ૨૧.

૪ 'કાવ્યવિવેચન', પૃ. ૧૧૪.

૫-૬-૭, એજન, પૃ. ૬૫, પૃ. ૧૨૭, પૃ. ૮૬.

નિયમિત ડોલન યા સંધિની આવૃત્તિ છે, તે ન હોય ત્યાં યે કાવ્યત્વ રહે છે એમ સમજાવી એમણે કવિમતની કચાશ સૂચવી છે. રસાનુભવના કોઈ પણ સ્થિત્યન્તરે ડોલનની અનિવાર્યતા તેઓ સ્વીકારતા નથી. અન્યત્ર[૬] એમણે છંદોલયનો માનસિક ભાવ સાથેનો સંબંધ દર્શાવવા 'શેષ'ના 'પૃથ્વી'ને 'હરિણી'માં ઢાળી આપ્યો છે, તે એમની રસિકતા અને સ્ફૂર્તિ સૂચવે છે. શબ્દ–અર્થગત નહિ, પણ ડોલન સ્વરગત છે અને તેને કાવ્યમાં અનિવાર્ય ન લેખાય એમ કહીને ય એમણે 'સંગીન કાવ્યો'ની નોંધમાં[૭] સાચા સહૃદય વિવેચકને મને જેટલું મૂલ્ય સારાં અગેય કાવ્યનું એટલું જ સારાં ગેય કાવ્યોનું અને એટલું જ સારા સંગીત કાવ્યોનું હોવું જોઈએ એવી સ્પષ્ટતા પણ આમાં આપી છે જ. ગેય ઉપરૂપકોમાંનું સંગીતમૂલ્ય[૮] સ્વીકારીને એમણે પદ્યરૂપકોમાં અંત્યાનુપ્રાસને મર્યાદા ઇષ્ટ[૯] એમ પણ જણાવ્યું છે; જોકે બીજે મુદ્દે એમનો નિર્દેશ અલંકારતત્ત્વનો છે. છંદોલયની આવી• ત્રુટક ચર્ચા જોતાં થાય છે કે આ બાબત 'પિંગળપ્રવેશિકા' અર્પતા એમના જેવા અધિકારીએ ઊંડાણે ચર્ચી હોત તો ? કાવ્યત્વ સાથેનો લયનો સંબંધ સૂક્ષ્મ છે એ હકીકત જોતાં આવી અપેક્ષા રહે.

કાવ્યભાવનની પ્રક્રિયા અને લાક્ષણિકતા કે સર્જનપ્રક્રિયા વિશેની તત્ત્વચર્ચાના લેખો 'કાવ્યવિવેચન'માં સંગ્રહીત છે. કૃતિસમીક્ષા અંગે ય એવી વિચારણા 'નૈવેદ્ય'માંયે મળે એમાં મહદંશે ભાવકલક્ષી પર્યેષણા છે. આવી વિચારણામાં એમણે આપણી વિવેચનામાં પરિભાષા કે સમજની એમની દૃષ્ટિએ જે ચૂક છે તે સ્પષ્ટ ચર્ચી છે. એ સાથે અન્ય દૃષ્ટિબિંદુ સમજવા-સમજાવવા તેઓ જાગૃત પણ છે. સર્વત્ર આપણી પ્રાચીન કાવ્યમીમાંસાનો નક્કર આધાર એમણે રાખ્યો હોવા છતાં જ્યાં જુદો મત પડે ત્યાં તે બતાવી એમણે સમગ્રપણે પોતાની વિવેચનાને તત્ત્વગૌરવ અર્પ્યું છે. એની વિશદતા, સુવ્યવસ્થા, એ લેખનના ઝીણા આંકને આકર્ષક કરે છે. આ લેખોમાં 'અનુભાવના શકિત' લેખ પ્રા. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીના 'અનુભાવના' નામે પ્રતિષ્ઠિત વ્યાખ્યાનને વિચારે છે. વિવિધ કાવ્યો વિશે તદાકારતા સંભવી શકે છે એ માણસમાંની ગૂઢ અને સમર્થ સમાનભાવની, સમાન સંવેદનની શક્તિનું સૂચક છે અને જૂની પરિભાષામાં ભાવકની આ શકિતને ભાવનાશક્તિ કહીએ યા અનુભાવના કહીએ એ પ્રા. વિષ્ણુપ્રસાદનો મત કલ્પના દ્વારા સર્જનને અનુરૂપ અનુભવ કરવાની ભાવકની અમાપ શક્તિ પર ભાર દે છે. આપણી સાહિત્યમીમાંસામાં આ લેખ યથાર્થ નોંધજોગ નીવડયો છે. માંકડ સાહેબે દાખવ્યું છે કે પ્રા. વિષ્ણુપ્રસાદ આ ભાવકશક્તિ વિશે ઘણા વખતથી ચિંતવતા રહ્યા છે, પરંતુ "માત્ર કલાનુભવની ક્ષણે ભાવક પોતામાં રહેલી કોઈ શક્તિનો સંપ્રજ્ઞાત ઉપયોગ કરે છે એમ મને તો લાગતું નથી."[૧૦] ભાવકને થતા અનુભવમાં તેની શક્તિ નહીં, કલાકારની કલા જ કામ આપે છે. પ્રાચીન મતનો એ વાતને ટેકો છે. ભાવક તો કલાકારના હાથમાં પોતાને વિવશ મૂકી દે છે; ભલે પછી તેનું ચિત્ત અનુભવે અતીવ સમૃદ્ધ હોય એવી તેમાં જરૂરત હોય. સમાનભાવ તે શકિત નથી, વ્યાપાર છે. પરાક્રમ કવિનું છે તે પ્રા. વિષ્ણુપ્રસાદ પણ જાણે છે. તલ્લીનતા તે આનંદ નથી અને કાવ્યાનુભવનું

---

૬-૭ એજન, પૃ. ૧૨૭, પૃ. ૮૬.

૮ 'સૂરમંગલ', પુરોવચન.

૯ 'કાવ્યવિવેચન', પૃ. ૨૦૯. ૧૦ એજન, પૃ. ૭૮-૩.

તે પર્યવસાને નથી. વિવેચક જે પુનરપિ કલાનુભવ કરે તે તો કલાનુભવની ત્રીજી સ્થિતિ છે અને એમાં તેની ભાવયિત્રી પ્રતિભા છે; પરંતુ કલાનુભવની ક્ષણે જ હોય છે તે તલ્લીનતા, કે તે પછીની આસ્વાદ્યતા તે અનુભાવના શક્તિ નથી. ડોલરભાઈની આ વિચારણામાં કલાનુભવની ક્ષણ તે તત્કાલીન ક્ષણ જ અને ભાવક તે અ-વિવેચક હોય એવો જ એવું ગૃહીત પ્રા. વિષ્ણુપ્રસાદની ચર્ચામાં સૂચિત હોય એમ માનીને પ્રશ્ન છણાયો લાગશે. કવિકર્મમાં તેમ આસ્વાદનમાં વિવેચન અનુસ્યૂત માનીએ તો હરકત શી? એમને પરિભાષાની ભૂમિકા સ્પષ્ટ કરવા આ છણાવટ વધું જરૂરી લાગી છે એમ કહી શકાય; અનુભાવના શક્તિ નહીં, વ્યાપાર છે એમ એઓની મુખ્ય વાત છે. તેમાં યે વિવેચક પૂરતો એ પારિભાષિક પ્રયોગ એમને મંજૂર છે. સરવાળે આ ચર્ચાએ પ્રા. વિષ્ણુપ્રસાદના એક મહત્ત્વના લેખનો પ્રતિકાર નહીં, એનું ઉપયોગી સ્પષ્ટીકરણ કર્યું છે. બન્નેની દૃષ્ટિમાં ભાવકશક્તિ અને સર્જકશક્તિના સંબંધની પરસ્પર સહાયકતાનો નકાર નથી; તેમ સર્જકશક્તિના Initiative—પહેલકર્મ વિશે તો બેઉ સ્પષ્ટ છે જ.

બીજો મહત્ત્વનો લેખ, તે 'સાધારણીકરણ વ્યાપાર'. ડોલરભાઈએ આ શબ્દ ભાવકની માનસપ્રક્રિયાને સ્પર્શતો અને સંસ્કૃતમાં રસશાસ્ત્ર પૂરતો જ ઉદ્ભવ્યો દર્શાવીને, અભિનવ-ગુપ્તની પસંદગી સાધારણીકૃત કરતાં સાધારણીભૂત શબ્દ પર યથાર્થ વધુ ઝૂકી છે એમ તારવી "સાધારણીભવનમાં...કોઈ સંપ્રજ્ઞાત પ્રયત્ન વગર જ...વિભાવાદિનું સાધારણ સ્વરૂપ બંધાઈ ગયું હોય છે. એટલે સાધારણી કરાયેલા નહીં પણ સાધારણી બનેલા (એટલે બની ગયેલા) વિભાવાદિની વાત અભિનવ સ્વીકારે છે."[૧૧] અને સાધારણીકરણ શબ્દ તો ભટ્ટનાયકનો એમ સ્પષ્ટતા કરી છે. નરસિંહરાવનો 'સહભોગ' શબ્દ અયોગ્ય છે. પ્રા. વિષ્ણુપ્રસાદે આ શબ્દ ભ્રામક ગણીને, અર્થાત્ સાધારણીકરણ શબ્દ દૂર રાખી, આમાં ભાવકના અનુભવને કલ્પનાવ્યાપાર જ ગણાવ્યો છે તે ય યથાર્થ નથી. આમાં કલ્પના વ્યાપાર નથી; કારણરૂપે તો છે, સાધારણીભૂત ઊર્મિનું ભાન. કલાનુભવ વેળાએ એ અનાદિ સાધારણીભૂત વાસના આસ્વાદાય છે. કાવ્યચમત્કાર એ કારણે જ અનુભવાય છે. હાલની સમસ્ત વિવેચનામાં વસ્તુ એટલે Subject-matter, અલંકાર એટલે Figure of Speech એવી સામાન્ય સમજ છે તે સંસ્કૃત કાવ્યશાસ્ત્રના વસ્તુ, અલંકાર, રસ એ શબ્દો વિશેની યોગ્ય સમજ નથી. આજે તે ત્રણેને અનુક્રમે વિચાર, કલ્પના, ઊર્મિ રૂપે ઘટાવવાં જોઈએ. આ દૃષ્ટિએ ડોલરરાયે પ્રા. વિષ્ણુપ્રસાદના એ કથનને અનુમોદ્યું છે કે રસસિદ્ધાન્તથી આધુનિક સંવિતલક્ષી કાવ્યોને મૂલવવામાં બેહૂદાપણું છે. તે સાથે વિદેશી કૃતિમાંયે જે ઊર્મિતત્ત્વ તે તત્ત્વતઃ સર્વ-સાધારણ-સાધારણીકૃત હોઈ તેમાં રસ આવે તે કલ્પનાવ્યાપારને કારણે નહીં; અને એ પ્રકારે સાધારણીકરણવ્યાપાર વિષ્ણુપ્રસાદને અમાન્ય ન હોય, એમ તેઓ ઉમેરે છે. રામનારાયણ પાઠકે કલાના અન્તર્ગત સાધારણીકૃત અનુભવને અત્યંત વિશિષ્ટ રૂપ ન મળે તો તે આસ્વાદ્ય-પ્રત્યક્ષ ન થાય એમ કહ્યું તે સંભારીને ડોલરરાયે કહ્યું છે કે કલાનું આ વિશેષ રામનારાયણ નિરૂપણમાં અને વિષ્ણુપ્રસાદ તે કલાકારના અનુભવવૈશિષ્ટ્યમાં માને છે, પણ પોતાની દૃષ્ટિએ તે સર્જકની રહસ્યપરખમાં છે. એ રહસ્યપરખથી જ સર્જક સર્જક વચ્ચે જુદાપણું

૧૧ એજન, પૃ. ૧૧.

છે. વ્યવહારક્ષણનો નહિ, પણ સર્જનક્ષણનો સર્જકનો ભાવાનુભવ પૃથગ્જનના ભાવાનુભવથી ભિન્ન ખરો, રીતિભેદથા-નિરૂપણપ્રભાવે સર્જનને બાહ્યાંગે વૈશિષ્ટ્ય મળે ખરું:— એવી એમની બે સ્પષ્ટતા જોતાં એમ કહી શકાય કે, રામનારાયણ અને વિષ્ણુપ્રસાદની દૃષ્ટિનું સારતત્ત્વ એમને ય સ્વીકાર્ય છે. વસ્તુતઃ કલાની આસ્વાદ્યતામાં આ ત્રણેને પૃથક્ રૂપે તપાસતાં કચાશ જ રહેવાની; એ ત્રણેને એક બળ જ કહેવાય. આ લેખમાં સ્પષ્ટીકરણ સમર્થ પાસું છે અને મતભેદને અવકાશ તો યે પરામર્શ પણ ઊંડો છે. સાધારણીભૂત, સાક્ષાત્કૃત અનુભૂતિને મુદ્દે સર્જકને ય સાધારણીકરણ વ્યાપારનો સિદ્ધાન્ત લાગુ પડે એ એમનું વલણ અહીં પૂરતું સમર્થન પામ્યું નથી અને આ વ્યાપાર અંગે કલ્પનાના પૂરા નકારની એમની વાત પણ કાચી પડતી લાગે છે. નિરૂપણવૈશિષ્ટ્યને એમણે "માત્ર બાહ્યાંગ પૂરતું" લેખ્યું છે તે ય એમની કલા-સમજમાં જરા જુદી પડી જતી વાત છે. તો યે સંસ્કૃત કાવ્યમીમાંસાના આ મુદ્દાને તેના યથાર્થ પરિપ્રેક્ષ્યમાં વિશદ કરી આપી આપણી તે પરની વિવેચનાની ખૂટતી કે વીસરાયેલી કડીઓ એમણે અહીં રચી આપી છે.

"કવિમાનસમાંથી ગળાઈને જ્યારે કોઈ પણ સર્જકકૃતિ શબ્દદેહ ધારણ કરે છે ત્યારે મૂળ વાસ્તવિક વ્યાપાર ઉપર જ કવિમાનસમાં વ્યાપાર થાય છે તેટલે અંશે કવિસૃષ્ટિ વાસ્તવિક (Realistic) છે, પણ એ વાસ્તવિક ભાવાદિ ઉપર કવિમાનસમાં રહેલા ભાવાદિની અચૂક છાપ પડે છે જ અને તેટલે અંશે એ ભાવાદિ વાસ્તવિક (Realistic) નહિ પણ ભાવાન્વિત (idealised) હોય છે એ જ ખરું સત્ય છે."[13] એ વિચારણાને રજૂ કરતા 'કાવ્યસ્વરૂપ' લેખમાં લેખકે દર્શાવ્યું છે કે 'नियतिकृतनियमरहिताम्' તેમ જ 'अनन्यपरतंत्राम्' વર્ણવાઈ છે કાવ્યસૃષ્ટિ, એ સંસ્કૃત કાવ્યશાસ્ત્રે સર્જક પ્રક્રિયા અંગે દ્યોતક સૂચનો કર્યાનું સૂચવે છે. કુન્તકને અહીં એમણે ટૂંકામાં તો યે સાર્થ રીતે યાદ કરેલ છે. કુન્તકે સૂચવ્યું છે તે એ કે કાવ્યસૃષ્ટિમાં કવિનાં વિચાર-ઊર્મિ-કલ્પના ભળવાથી મૂળની લૌકિક સૃષ્ટિનું તિરોધાન થાય છે, એમ તેઓ તારવી આપે છે. આ પ્રક્રિયામાં નિર્ણાયક બળ તે કવિની દૃષ્ટિનું, એની સૂઝનું, ક્રાન્તદર્શી પ્રતિભાનું. તેને તેઓ જન્મસિદ્ધ કહે છે. દર્શન અને વર્ણન કરે છે તેથી કવિ, એ ભટ્ટ તૌતનો ઉદ્ગાર એમણે ગૂંથી આપ્યો છે. ડૉ. આનંદશંકરે સાહિત્યપ્રેરિત કવિ-લેખકની જે વાત કહી છે અને "સારસ્વત કવિઓનો જમાનો તો એક રીતે ક્યારનો યે વહી ગયો છે"[14] એમ નિર્દેશીને રાજશેખરકથિત જે 'આહાર્યા' કવિત્વશક્તિને વર્તમાને મ્હોરાવવા પ્રત્યે એકાગ્ર થવાની સૂચના કરી છે તે અહીં યાદ કરવા સમી છે; કારણ એ વધુ વ્યવહારુ ને પૂર્ણ છે. સર્જકની દૃષ્ટિએ આપણી કાવ્યમીમાંસા વિસ્તૃત યા વિશદ છણાવટ કરતી નથી એમ કહીને માંકડ સાહેબે 'દ્યોતક સૂચનો'ને સુપેરે સાંકળી બતાવ્યાં છે, એટલું નહીં, એનો કલાપ પણ સમર્થ પ્રકારે દગ્ગોચર કરી આપ્યો છે.

'દેવયાનીનું ભાવસંક્રમણ' લેખમાં રામનારાયણ પાઠકે વિભાવો શરૂ થાય તે ઉદય થવા સમાન કહેલ છે તેમાં પરિભાષાની અયોગ્યતા તેઓ બતાવે છે અને બે એક નથી એમ સ્પષ્ટ કરે છે. સાહિત્યમાં સચોટતા વિશેના મુનશીના લેખમાં પણ 'સચોટતા' શબ્દથી માંડી

૧૨ એજન, પૃ. ૧૪. ૧૩ એજન, પૃ. ૨૯. ૧૪ 'સાહિત્ય વિચાર', પૃ. ૬૧.

મુદ્દાની મૂળ સમજ લગી મુનશીની અતંત્રે કચાશ એમણે ચર્ચી છે. પોતે આ ચર્ચાને વિશ્વનાથ ભટ્ટના સૂચક ટૂંકા નિદાન પરનું ભાષ્ય કહે છે, પરંતુ આ ચર્ચા એનાં વ્યાપ-ઊંડાણે સ્વતંત્ર ચર્ચા નીવડી છે. ભારતીય પ્રાચીન કાવ્યશાસ્ત્રની સમીક્ષા બાહ્યાન્તરે કેવી સમૃદ્ધ છે તે અને પરિભાષામાં યે તે કેવી ક્ષમ છે, તે આ બંને લેખોમાં,[૧૫] ડોલરભાઈએ એના ઊંડા અભ્યાસી તરીકે સ્પષ્ટ કર્યું છે. કેશવ હ. ધ્રુવની 'પાંડિત્યમંડિત રસિકતા'ને સત્કારતાં એમણે કહ્યું છે કે "નિશ્ચિત સર્વપ્રમાણિત પરિભાષાના અભાવે વિવેચન પાંગળું બની જાય છે. તેથી જ કેશવલાલ ધ્રુવ તેમ જ નરસિંહરાવ જેવા પંડિતોની જરૂર છે."[૧૬] કેશવલાલ ધ્રુવનું "સિદ્ધાન્તને પ્રભેદાદિથી તેમ જ લક્ષણાદિથી વ્યવસ્થિત કરવાનું" કાર્ય માંકડ સાહેબે ય કર્યું છે એ અત્રે નોંધીશું.

સાહિત્યપ્રવાહ કે કૃતિની આલોચના વિષે ય આપણને એમનું કેટલુંક કીમતી તાત્ત્વિક વિવેચન મળે છે. 'નૈવેદ્ય'માંથી એ જોઈએ. 'વસંતોત્સવ'માંની ઉપમાચિત્રોની સંપ્રજ્ઞાત સુભગ પ્રયોગની પહેલ એમણે વધાવી છે. 'ઝેર તો પીધાં છે જાણી જાણી'માં મૈત્રી-કરુણા-મુદિતા-ઉપેક્ષાના બ્રાહ્મણ ધર્મોની કથા પોતાને જાણવા છતાં મુખ્ય આકર્ષણ એમાંની મૂર્ત સાહિત્યકલામાં એમણે બતાવ્યું છે. 'મૃચ્છકટિક' નાટકમાં અપૂર્વ કલાકૌશલ્ય દાખવી તેમાંની ધૂતા-વસંતસેના જેવી બીજી સ્ત્રી "બહુપત્નીત્વવાળા હિન્દુસંસારમાં...કેટલી થઈ?"[૧૭] એવી કંઈક કલેતર પૃચ્છા ય એમણે કરી છે. 'વિચારબળો' નામક ગુજરાતી અર્વાચીન સાહિત્ય-પ્રવાહની ચાલીસીને અવલોકતા વિસ્તૃત લેખમાં નરસિંહરાવ-ગોવર્ધનરામાદિમાં એ કાળે અનિવાર્ય એવો "આપણાં પ્રાચીન સંસ્કારજીવનનાં અમુક જ અંગોને અને તે પણ એ અંગોની સદ્યોદસ્ય સપાટીને જ વિશદ"[૧૮] કરવાનો યત્ન એમણે જોયો છે. પછીની ગાંધીવિચારદષ્ટિ સ્પષ્ટ રીતે ભારતીય આર્યદષ્ટિ છે. એનો ઝોક આપણામાંથી ભૂંસાઈ જાય એવી એમને ભીતિ જણાતી નથી. ન્હાનાલાલ–'ધૂમકેતુ'ના આર્યભાવનાનિરૂપણમાં 'Academic' રસ એમને વરતાયો છે; 'દ્વિરેફ'માં તેનું વ્યવહારનિષ્ઠ રૂપ છે. ગાંધી સમયના સાહિત્યમાં નિરૂપાતો સમાજ આગળના એવા સમાજથી વધુ વ્યાપક હોવાનું યે તેઓ નોંધે છે. "સર્જન એટલે પ્રતિસર્જન શુદ્ધ રીતે વાસ્તવિક હોઈ શકે જ નહિ."[૧૯] એ એમના વિધાનમાં કલાવૈશિષ્ટ્યનિર્દેશ કંઈક ગેરસમજ પણ સર્જે. વાસ્તવવાદી સાહિત્ય જ શ્રેષ્ઠ એ વિચારના પ્રતિકારમાં આ લખાયું છે. સમગ્રતયા પશ્ચિમની ઉત્કટતા ગળાઈ જાય અને પ્રાચીન આર્યભાવનાને તે સંગત થઈ રહે એટલી આર્યભાવનાની અસર ડોલરરાયે આપણા શિષ્ટ લેખકો પર પ્રવર્તતી જોઈ છે. એ નિરીક્ષણને આજે ભાગ્યે જ નકારી શકાય. 'શાકુન્તલ'ના બળવંતરાયના ભાષાન્તરની ચિવ્વટ એમને ગમી છે અને સમશ્લોકી અનુવાદમાં મૂળની વિચારવ્યક્તિ અર્થે મૂળ છંદ જ સ્વીકારવા એમણે હિમાયત કરી છે.

આમ આચાર્યશ્રી ડોલરરાય માંકડની સાહિત્યતત્ત્વવિચારણા એક બાજુ સહૃદય ભાવક, સમસ્ત સમાજની દૃષ્ટિએ સાહિત્યપ્રભાવને મૂલવે છે, તો બીજી બાજુ સતત એનાં ઘટકતત્ત્વો તેમ જ લક્ષણો ઉપરાંત સર્જન-આસ્વાદનની પ્રક્રિયાની શાસ્ત્રીય સૈદ્ધાન્તિક પર્યેષણા વ્યાપકરૂપે

---

૧૫ 'કાવ્યવિવેચન', પૃ. ૫૧. ૬૮, ૧૬ 'નૈવેદ્ય', પૃ. ૧૯૫-૧૯૬.

૧૭. 'નૈવેદ્ય', પૃ. ૧૯૫. ૧૮ એજન, પૃ. ૧૨૩. એજન, પૃ. ૧૩૧.

કરે છે. વિવેચનાને એમણે Gay Science કરતાં Science લેખે વધુ નિરૂપી છે, છતાં પરિભાષા કે તત્ત્વવિમર્શ યા વીગતનો ભાર ન જણાય એવી નરવી ને ગરવી સાદાઈ એમાં સહજ રીતે આવી ગઈ છે. તેથી તે રોચક રહે છે. પૃથક્કરણ, વ્યવસ્થા અને લક્ષણનિબંધનમાં એમની સૂઝ અને રજૂઆત ચોક્કસ લક્ષ્યગામી અને દ્યોતક છે. આગવો અભિગમ સળંગ એમની સાહિત્યિક વિચારણાનો વિશેષ થાય છે. ગુજરાતી ભાષામાંનાં એમનાં હજી અગ્રંથસ્થ લખાણો સાથે કૃતિસિદ્ધાન્તલક્ષી એમની સમીક્ષા હવે અલાયદા ગ્રંથરૂપે સુલભ થવી ઘટે. આપણા વિવેચનમાં એની તાત્ત્વિક છણાવટ અત્યંત મહત્ત્વની એ કારણ છે કે પરંપરાને એમાં વર્તમાન સંદર્ભમાં તપાસાઈ છે અને પશ્ચિમ અસરના સદંશની ય એમાં વિવેકપૂર્વક હિમાયત છે. સર્જન-વિવેચનને એમાં કેટલુંક સત્ત્વશીલ પાથેય મળે છે જ.

# अष्टावाहारविधिविशेषायतनानि

વૈદ્ય મણિભાઈ કાલિદાસ બ્રહ્મભટ્ટ

મનુષ્યોનો પરાપૂર્વથી ચાલ્યો આવતો ખોરાક ચાર મુખ્ય ઘટકોમાં વહેંચી શકાય છે. (૧) પ્રમુખ આહારદ્રવ્યો (staple diet)–ઘઉં, ચોખા, મકાઈ, બાજરી, જુવાર વગેરે. (૨) દ્વિદળ અથવા કઠોળ-શિમ્બીધાન્ય, તુવેર, મગ, અડદ, વાલ, વટાણા, ચોળા, મઠ વગેરે. (૩) લીલા કાળાં પાંદળાવાળી ભાજી-મેથી, અળવીના પાન, તાંદળજો, પાલખ, કાસુંદરો વગેરે. (૪) પ્રાણીજ દ્રવ્યો માંસ, દૂધ, દહીં, ઈંડાં, ચીઝ વગેરે. આ ચાર ઘટકોમાંથી પ્રમુખ આહારદ્રવ્ય ખૂબ જ મહત્ત્વ ધરાવે છે અને જે દેશમાં જેની અધિકતા હોય છે તદનુસાર પ્રમુખ આહારદ્રવ્યમાં ફેરફાર જણાય છે. એંડીઝના પ્રાચીન ઇંકાલોકો બટાટાને દેવીરૂપ (એકઝો-મમા) મહત્ત્વ આપી તેની પૂજા કરતા હતા. પૂર્વઆફ્રિકાના બાગાંડા લોકોની સંસ્કૃતિ સાથે 'કેળાં' વણાઈ ગયેલાં જણાય છે અને યુરોપમાં પણ હમણાં સુધી ઘઉંની પ્રમુખ આહારદ્રવ્ય તરીકે ગણતરી થતી હતી. પ્રમુખ આહારદ્રવ્ય ઉષ્માંક (calorie) અને પ્રોટીન–પ્રાપ્તિ માટેનું પ્રમુખ સાધન ગણાય છે. જગતમાં મુખ્યત્વે પ્રધાન આહારદ્રવ્ય તરીકે ઘઉં, ચોખા અને મકાઈ ગણાય છે. જે પ્રદેશોમાં આ પ્રમુખ આહારદ્રવ્યો ખોરાક માટે વપરાય છે ત્યાં પોષણવિષયક સ્થિતિ સારી હોય છે અને બાળકો માટે પણ એક 'સંગૃહિત ઉષ્માંકનો સ્રોત' બની રહે છે અને તે સાથે જ સાત ટકા પ્રોટીન પૂરું પાડે છે. પરંતુ જ્યાં પ્રમુખ આહારદ્રવ્ય તરીકે કંદનો ઉપયોગ થાય છે ત્યાંની પ્રજાનું પોષણ યોગ્ય જણાતું નથી કારણ કે, પ્રોટીનની પ્રાપ્તિ એક ટકા જેટલી હોય છે અને તેમાં રેસા અને પાણીનો મોટો જથ્થો હોવાથી ઉષ્માંકપ્રાપ્તિ પણ ઓછી થાય છે.

ઘણી જાતિઓના ખાસ ખોરાકમાં વિવિધ જાતનાં કઠોળ-વાલ, વટાણા, ચોળા, તુવર, મઠ વગેરે ઘટક તરીકે વપરાય છે. આ પ્રોટીનપ્રાપ્તિ માટેનો સુંદર સ્રોત (૨૦ ટકા પ્રોટીન) જ નથી પરંતુ જો તેનો ઉપયોગ પ્રમુખ આહારદ્રવ્યો–ઘંઉ, ચોખા, મકાઈ સાથે કરવામાં આવે તો–જેને દ્વિયોગ (Double mix) કહેવામાં આવે છે તેવો ખોરાક પ્રોટીન (આવશ્યક એમાઈનો એસીડઝ જીવનીયતિક્તામ્લો–(Essential amino acids)ની પૂર્તિ કરે છે કે જે માંસ, દૂધ અને ઈંડાંમાંથી પ્રાપ્ત થઈ શકે છે. આ દ્વિયોગો સેંકડો વર્ષોથી જે પ્રજામાં આહારમાં વણાઈ ગયેલાં છે તેમાંનાં થોડાંક નીચે પ્રમાણે છે :–મેક્સિકોના 'કોર્નટોર્ટીલાઝ' અને 'બીન ફ્રીજોલ્સ,' ગુજરાતમાં દાળભાત, અને લેબેનોનના બુર્ઘુલ હોમ્મોસ–(ઘઉં, વટાણા)ના દ્વિયોગ. એમ પ્રશ્ન થાય છે કે ઘરમાં બનતી આ બનાવટો ખૂબજ લાંબા સમયને અંતે પ્રાપ્ત પોષણવિષયક જ્ઞાનનું પરિણામ જ ન હોઈ શકે ?

જગતના મોટા ભાગના પ્રદેશોમાં જાતજાતની કાળા લીલા પાનવાળી ભાજી પ્રાપ્ત થાય છે. આપણે ત્યાં પણ કાસુંદરો, સરગવો, મેથી, તાંદળજો, પાલખ, અળવીનાં પાન, લૂણી વગેરે ભાજીઓ દ્વિયોગમાં જેની ઉણપ છે તેની પૂર્તિ કરે છે. આમાંના ઘણા છોડ ઘરની આસપાસ

અથવા જંગલમાં ઊગે છે. અત્યારે તો યુરોપ અને અમેરિકાને અંતર્ગત કરતા બધા જ દેશોમાં કાળાં લીલાં પાનવાળી ભાજીનો વપરાશ જે એક સૈકા પહેલાં પ્રચલિત હતો તે નહિવત્ થતો જોવા મળે છે.

ઘણી વખત આપણે ભૂલી જઈએ છીએ કે જગતના મોટા ભાગના દેશોના લોકો દ્વિયોગ પર જીવ્યા છે અને જીવી રહ્યા છે. ડેન્માર્કના પીટબોગ્ઝમાં જાળવી રાખેલા પ્રાગૈતિહાસિક મનુષ્યોનાં જઠરગત દ્રવ્યોની તપાસમાંથી સ્પષ્ટતા મળે છે કે તેઓ ઘઉં, ચોખા, મકાઈ, કઠોળ અને કાળાં લીલાં પાનવાળી ભાજીનો આહાર તરીકે ઉપયોગ કરતા હતા.[1]

ધર્મ અને દેશ પરત્વે પણ ખોરાકમાં ફેરફાર નજરે પડે છે. યહુદી પોતાના ધર્મ પ્રમાણે દૂધ અને દૂધની બનાવટો લે છે અને એક વખતના આહારમાં માંસ અને માંસની બનાવટો વાપરે છે પરંતુ તે માંસાહાર સાથે દૂધ લેતો નથી. ભારતમાં પણ ઘણા કુટુંબોમાં એ રૂઢ માન્યતા છે કે દૂધ સાથે દહીં કે છાશ ન જ લેવાય, મધ અને દૂધ સાથે ફણસ ન ખવાય; મૂળો લસણ, સરગવાનું શાક ખાઈને દૂધ ન પીવાય અને પીવામાં આવે તો કોઢ થાય. અડદ, મઠ, વાલ અને કળથીની બનાવટો દૂધ સાથે ન લેવાય, કારણ કે તે બલ, વીર્ય અને ઓજનો નાશ કરે છે. આવી ઘણી માન્યતાઓ છે અને પરાપૂર્વથી ચાલી આવતી માન્યતાઓમાં તથ્ય નથી જ એમ કહેવું મુશ્કેલ છે.

છેલ્લે ભોજનથાળમાં વાનગીઓની વિવિધતા જેટલી વધારે તેટલો આહાર વધુ સમતોલ ગણાય છે અને તે રીતે જોતાં ગુજરાતીઓનો (ઉચ્ચ સ્તરના) ખોરાક સમતોલ (Balanced) ગણી શકાય.

આપણે બધા જાણીએ છીએ કે જિંદગી ટકાવવા માટે આહાર અનિવાર્ય છે. જીવનને સ્વસ્થ રીતે ટકાવવા માટે, શરીર અને શરીરશક્તિ સાચવવા માટે અને તે રીતે સ્વસ્થ રહી સમાજ અને કુટુંબને ઉપયોગી થવા માટે માણસને ખાતાં આવડવું જોઈએ.

આયુર્વેદના આચાર્યોએ આહારને 'પ્રાણ' સંજ્ઞા આપી છે. શરીરમાં જે 'પાચન' રૂપી યજ્ઞ ચાલી રહ્યો છે તે યજ્ઞાગ્નિને પ્રજ્વલિત રાખવા આહારરૂપી સમિધની આહુતિ આપવાની હોય છે અને તેથી જ આ પ્રશસ્ત યજ્ઞમાં–કર્મમાં માણસે ખૂબ જ સાવધ રહેવું જરૂરી છે. 'ઉષ્મા એ જ જીવન છે.' અને તેને ટકાવવા માટે આહારની જરૂર છે. આચાર્ય ચરક પોકારીને કહે છે કે 'शान्तेऽग्नौ म्रियते दीप्ते चिरं जीवत्यनामयः[2] અર્થાત્ જ્યાં સુધી પાચકાગ્નિ-કાયાગ્નિ-જઠરાગ્નિ દીપ્ત છે ત્યાં સુધી માનવ રોગરહિત સ્વસ્થ જીવન જીવે છે અને તે શાંત થતાં માનવ મૃત્યુ પામે છે અને તેથી જ આ જઠરાગ્નિને પ્રદીપ્ત રાખી સ્વસ્થ જીવન જીવવા માટે માણસે ખાતાં શીખવું એ અત્યંત આવશ્યક છે.

---

1 Examination of the stomach contents of prehistoric people found in the peat bogs of Denmark, showed them to have been eating mixtures of cereals, legumes and green leafy vegetables.

Derrick B. Gelliffe–Health beings at home,
World Health Day, 7 April 1973

२ च. चि., अ. १४/१५.

કોઈ પણ આહારનો ઉપયોગ કરતાં અગાઉ આયુર્વેદના આચાર્યોએ નીચેના આઠ આહાર-વિશેષાયતનનો વિચાર કરવાનો ઉપદેશ આપ્યો છેઃ (૧) આહારની પ્રકૃતિ, (૨) કરણ–સંસ્કાર, (૩) સંયોગ–બે અથવા તેથી વધુ દ્રવ્યોનો સંયોગ, (૪) રાશિ–આહારનો ઉપયોગમાં લેવાનો જથ્થો–સર્વગ્રહ, અને પરિગ્રહ, (૫) દેશ, (૬) કાલ (૭) ઉપયોગ સંસ્થા, અને (૮) ઉપયોકતા–ઉપયોગ કરનાર–ખાનાર.[૧] (૧) આહાર માટે વપરાતાં દ્રવ્યો–ઘઉં, ચોખા, મકાઈ, મગ, અડદ, દૂધી, પરવર, છાશ, દૂધ તથા વિવિધ પ્રાણીઓનાં માંસ, ઘી, તેલ, ગોળ, ખાંડ અને મસાલા વગેરેના પ્રાકૃત ગુણની ગણના કરવી નિતાન્ત આવશ્યક છે. પ્રથમ તો આ દ્રવ્યો ગુરુ અથવા ભારે કે લઘુ અથવા હલકાં છે તે જાણવું જરૂરી છે. સામાન્ય રીતે આયુર્વેદના સિદ્ધાન્તાનુસાર જે દ્રવ્યોમાં પૃથ્વી અને જલભૂતની વિશેષતા હોય છે તે અને જે જઠરમાંથી ધીમેથી પસાર થાય છે તે દ્રવ્યોને ગુરુ અથવા ભારે કહેવામાં આવે છે. લઘુદ્રવ્યો વાયુ અને અગ્નિભૂતવિશિષ્ટ હોય છે. આ બન્ને ઊર્ધ્વગમનશીલ હોય છે તેમ જ અગ્નિને દીપ્ત કરે છે. આથી વિરુદ્ધ ગુરુદ્રવ્યો અધોગમનશીલ છે અને અગ્નિને પોતાના ભૂતાતિરેકને લઈને મંદ કરવાનો ગુણ ધરાવે છે, તેવાં આહારદ્રવ્યોનો ઉપયોગ ભરપેટ ન કરવા આચાર્યો ઉપદેશ આપે છે. गुरूणामर्धसौहित्यम्[૨] એમ ઉપદેશ આપતા આચાર્ય સુશ્રુતે લાડુ, બાસુદી વગેરે દ્રવ્યોને ભરપેટ ન ખાતાં આહરણશક્તિથી અર્ધ પ્રમાણમાં લેવાં જોઈએ એમ કહે છે. लघूनां तृप्तिरिष्यते લઘુ આહારદ્રવ્ય તૃપ્તિ પર્યંત અર્થાત્ ભરપેટ લેવામાં વાંધો નથી કારણ કે તેથી અગ્નિ મંદ થવાની બહુ ચિંતા રહેતી નથી. સામાન્ય રીતે આપણે જોઈએ છીએ તેમ જ અનુભવીએ છીએ કે માંદગીમાં તેમ જ જેનો અગ્નિ મંદ છે તેવા માણસોને ખોરાક દ્રવરૂપમાં આપવામાં આવે છે. પેયાના રૂપમાં અસંઘાતને લઈને પચવામાં તે હલકો રહે છે અને છતાંય તે અતિમાત્રામાં આપવામાં આવતો નથી. આયુર્વેદના આચાર્યોએ સ્પષ્ટતા કરી છે કે પેયા કરતાં લેહ્ય-મદ્ય વગેરે જે ચાટીને ખવાય તે અદ્ય-ભાત વગેરે જેમાં ચાવવાની બહુ મુશ્કેલી પડતી નથી તે અને ભક્ષ્ય લાડુ વગેરે ઉત્તરોત્તર ભારે છે. વ્યવહારમાં પણ આપણે લાડુ કરતાં શીરાને હલકો ગણીએ છીએ. લાડુ સંઘાતવાન્ હોઈ પૃથ્વીભૂતપ્રધાન છે. શીરામાં જલીય ભાગની વિશેષતા છે અને જલ અગ્નિગર્ભ છે અને તેથી પૃથ્વીભૂત-ભૂયિષ્ઠ આહાર દ્રવ્ય જેટલો પચવામાં ભારે નથી. ઘઉં, અડદ, વરાહનું માંસ વગેરે પ્રકૃતિથી જ ગુરુ છે. આહારદ્રવ્યોને કરણ અર્થાત્ સંસ્કારથી હલકાં બનાવી શકાય છે. ઘી, તેલ વગેરે પ્રકૃતિથી જ ગુરુ છે. જઠરગત આ સ્નેહદ્રવ્યો હોજરીમાંથી પસાર થતાં નથી અને તેથી તેઓનું ક્ષુધા-શામકમૂલ્ય( Satiety Value ) ઉચ્ચ છે, અને તેને લઈને માણસ જલદી ભૂખ્યો થઈ જતો નથી. આથી જ આ દ્રવ્યોને પચવામાં ભારે અથવા ગુરુ ગણવામાં આવે છે.

આયુર્વેદના આચાર્યોએ આધુનિક વિજ્ઞાને રસ-રક્તવાહિનીઓના વિવરમાં રોધ પેદા કરનાર દ્રવ્યો અંગે જ્ઞાન પ્રાપ્ત કર્યું તે અગાઉ સહસ્રો વર્ષો પૂર્વે આહારદ્રવ્યોમાં રહેલ આ ગુણનું જ્ઞાન મેળવ્યું હતું. આયુર્વેદમાં આ ગુણને 'અભિષ્યંદિ' કહેવામાં આવે છે. આની વ્યાખ્યા આપતાં આચાર્ય શાર્ઙ્ગધર કહે છે કે 'જે દ્રવ્ય પોતાના પિચ્છિલ અને ગુરુ ગુણને લઈને રસવહાસિરા–रसोद्वहक्' એ ન્યાયે રક્તવાહિનીઓના વિવરનો રોધ કરી શરીરમાં ગુરુતા પેદા કરે

---

૧ च. वि., अ. १/२५ २ सु. सू., अ. ४६/४६४

છે તેને અભિષ્યંદિ કહેવામાં આવે છે.[1] ઉદાહરણમાં દહીં જણાવ્યું છે. આ રીતે જોતાં પ્રાણીજ સ્નેહ અભિષ્યંદિ ( Atherogenic ) છે. દૂધ અને તેમાં પણ ભેંસનું દહીં, ઉકાળ્યા સિવાયનું દૂધ પ્રકૃતિથી જ અભિષ્યંદિ છે. વાનસ્પતિક તૈલને અભિષ્યન્દનો નાશ કરનાર ગણાવેલ છે. કારણ કે તેને સ્રોતઃશોધક કહેલ છે 'संकुचितानि स्रोतांसि तीक्ष्णादिभिर्गुणैर्झटित्येव प्रविश्य शोधयति'[1]। એમ કહી અરુણદત્ત તેલ તેના તીક્ષ્ણાદિ ગુણોને લઈને સ્રોતોદ્દઘાટક ગુણ ધરાવે છે એવી સ્પષ્ટતા આપે છે.[2] આ ગુણને કે જે શક્તિથી સ્રોતોમાં સ્થિત રોધ કરનાર મલ દૂર થાય છે તેને આયુર્વેદના આચાર્યોએ 'પ્રમાથિ' સંજ્ઞા આપી છે. તેઓ કહે છે કે 'જે દ્રવ્ય પોતાની શક્તિથી સ્રોતોમાં રહેલ મલસંચયને દૂર કરે છે તેને 'પ્રમાથિ' કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે મરી અને ઘોડાવજ.[3] જર્મનીમાં કટુ અર્થાત્ તીખા રસની ( Atherogenesis ) ધમનીજરઠ્ઠ પરની અસરનો અભ્યાસ કરવામાં આવ્યો હતો અને તે લાભપ્રદ પુરવાર થયો હતો. ડૉ. રોફોના જણાવ્યા પ્રમાણે રીંગણમાં આ પ્રાકૃતિક ગુણ છે જે રક્તગત કોલેસ્ટીરોલને ઝડપથી નીચું લાવે છે. ચણા, ડુંગળી વગેરેમાં પણ આ ગુણ જડી આવ્યો છે. આ રીતે આહારદ્રવ્યગત પ્રાકૃતિક ગુણોનું જ્ઞાન વાપરનારે ઉપયોગમાં લેવું જ જોઈએ.

ઘી અને દૂધને આયુર્વેદના આચાર્યોએ 'અભિષ્યંદિ' કહી તેમાં cholesterol જેવાં હૃદયધમનીનિરોધ કરનાર ભયજનક તત્ત્વોને વધારનાર ગુણ આરોપિત કર્યા છે. ઘીને દેવોનો ખોરાક કહેવામાં આવ્યો છે. જે દેશમાં ઘીની નદીઓ વહેતી હતી તે ભારતમાં 'ઘી' સંગ્રહસ્થાનની વસ્તુ બની છે. ઘી ખાવા માટે જ નહીં 'घृतं तु पेयम्' પીવા માટે વપરાતું. ન્યાતો-જમણવારોમાં ખાસ કરીને મોઢ બ્રાહ્મણોમાં તો જમણને અંતે ઘી પાવાનો રિવાજ હતો.[4] 'ઘી'ને 'બ્રહ્મતેજ' 'અગ્નિતેજ' એવું નામ આપવામાં આવ્યું છે. આચાર્ય ચરકે તો યજ્ઞના અગ્નિને પ્રદીપ્ત રાખવા માટે ધૃતરૂપી સમિધની પ્રશંસા કરતાં કહ્યું છે કે 'દુર્બલ અગ્નિને પ્રદીપ્ત કરવા માટે ઘીને શ્રેષ્ઠ માનવું. ઘીથી પ્રદીપ્ત થયેલ અગ્નિનું શમન કરવા માટે સારી પેઠે ગુરુ એવું અન્ન પણ શક્તિમાન નથી.[5] બુદ્ધિ અને અગ્નિને વધારનાર સર્વ ધાતુઓના સારરૂપ ઓજ-તેજની વૃદ્ધિ કરનાર આ પ્રાણીજ સ્નેહ( સંતૃપ્તસ્નેહ—Saturated fat )માં આધુનિક વિજ્ઞાન આયુર્વેદાચાર્યોના[2]

---

१ शा., प्र. खण्ड, अ. ४/२४. २ अष्टांगहृदयम्, सू., अ. ५/५६ उपरि अरुणदत्तः ३ शा., प्र. खण्ड, अ. ४/२३.

४ स्नेहमेव परं विद्याद्दुर्बलानलदीपनम् ।
नालं स्नेहसमिद्धस्य शमायान्नं सुगुर्वपि ॥ च. चि., अ. १५/२०२.

૫ આયુર્વેદના આચાર્યોએ ભોજનના અંતમાં 'मधुरेण समापयेत्' એમ ઉપદેશ આપી મધુરરસનો ઉપયોગ કરવા જણાવ્યું છે. ઘી મધુર છે અને તેનો યોગ લાડુ, શીરો, જલેબી જેવાં અન્ન અંતમાં લેવાથી તૃપ્તિમૂલ્ય ( Satiety value )માં વધારો થાય છે. આ દ્રવ્યો ગુરુ હોઈ જઠરમાંથી જલદીથી પસાર થતાં નથી. મેકલીસ્ટર અને ડર્બી તેમના 'ન્યુટ્રીશન ઍન્ડ ડાએટ ઈન હેલ્થ ઍન્ડ ડીઝીઝ' નામક ગ્રંથમાં જણાવે છે કે સાકરયુક્ત ખોરાક સાકર વિનાના ખોરાક કરતાં જઠરમાંથી ધીમેથી પસાર થાય છે. સાકરવિહીન ખોરાક જઠરમાંથી ત્રણ કલાકે પસાર થયો હતો જ્યારે સાકરયુક્ત મધુર ખોરાકને જઠરમાંથી પસાર થતાં આઠ કલાક લાગ્યા હતા.

જ્ઞાનનું અનુસરણ કરતાં (cholesterol) ને વધારનાર અને ધમની-જરઠતાનો વધારો કરનાર ગુણોનું આરોપણ કરી તેના વપરાશમાં અનાવશ્યક ભય બતાવ્યો છે. દૂધ અને ઘીનો 'હાઉ' ચિકિત્સકજગતમાં ખૂબ પ્રસર્યો છે અને ખોરાકમાં કરડીનું તેલ વાપરતા ચિકિત્સકોને જોઈ દયા ઊપજે છે; જોકે ઘી અત્યારે અલભ્ય જેવું જ બન્યું છે અને તેનો પ્રતિનિધિ મળતાં લોકો સુખી છે છતાંય 'ઘી'ને આટલું બધું ભયકારક બતાવવું યોગ્ય છે ખરું? ઘીનો પ્રચુર ઉપયોગ કરતા બ્રાહ્મણો અને મારવાડીઓ—જેમને મન 'ગોળ ખાય ઘોડા અને તેલ ખાય જોડા' એ કહેવત રૂઢ થયેલ છે. તેઓ ચિરંજીવી અને સ્વસ્થ રહેતા હતા. ગાયના ઘીને 'સહસ્રવીર્ય' કહેવામાં આવે છે. અત્યારે વધતા જતા ધમનીજરઠતાને વધારનાર, કોલીસ્ટીરોલના આંકને ઊંચો લાવનાર તરીકે ઘીને નિંદવાને બદલે 'શ્રમ'નો મહિમા જાણવાની જરૂર છે, જે રક્તગત સ્નેહને બાળી નાખે છે, ચયાપચયક્રિયાને વેગવતી બનાવે છે, અને તે રીતે ધમનીઓની રક્ષા કરે છે. તેથી વ્યાયામનો વધુ પ્રચાર કરવાની જરૂર છે. ભારતમાં ઘી ખાતાપીતા લોકો આ જાણતા હતા. આધુનિક વિજ્ઞાને શ્રમ બચાવવા શોધેલ યંત્રો જ આને માટે કારણભૂત છે. આટલું સમજાય તો ઘી ત્યાજ્ય નથી. 'સહસ્રવીર્ય' શબ્દ ઘી-ગાયના ઘીમાં આરોપિત છે, ભેંસનામાં નહિ. આપણે 'ગોપાલનને ભૂલ્યા અને આર્થિક રીતે ફલપ્રદ' મહિષીસેવાને અપનાવી. ભેંસના ઘી કરતાં ગાયનું ઘી ઓછું અભિષ્યંદિ છે એમ આચાર્ય ચરકનું કહેવું છે. તામસ્ એવી ભેંસનું દૂધ અને ઘી ભારતમાં જ વપરાય છે અને તેથી ભેંસ જેવા ગુણ ખાનારને પ્રાપ્ત થાય છે. ગોપાલનરૂપ સંસ્કૃતિ આપણે ગુમાવી છે અને અમેરિકા, ઓસ્ટ્રેલિયાએ અપનાવી છે. એ પણ વિધિની વિચિત્રતા જ છે ને? પ્રકૃતિનો આ રીતે વિચાર કરવો જરૂરી છે.

કરણ-સંસ્કારનો અર્થ છે ગુણાન્તરાધાન. આહારદ્રવ્યો કુદરતમાં મળે છે તેવાં જ પાકાં ફળો સિવાય ઉપયોગમાં લેવામાં આવતાં નથી. ઘઉં, કે મગ અને અડદ તે જ સ્વરૂપમાં કોઈ ખાતું નથી. શરીરમાં તે આસાનીથી શોષિત થઈ શકે તે જરૂરી છે પરંતુ તે સાથે જ તેમાં સ્વાદ, સોડમ, શ્લક્ષ્ણતા વગેરે પેદા કરવી ખૂબ જ આવશ્યક છે. ખળામાંથી આવતા ઘઉંને કોઈ એવા ને એવા ફાકીને ચાવતું નથી. રાતદિવસ મજૂરી કરી પકવેલા ઘઉંના ખળામાંથી પ્રથમ તેનો ઉપયોગ 'ટોઠા'ના રૂપમાં તેને પાણીમાં બાફીને ગોળ અને ઘી સાથે કરવામાં આવે છે. સારી પેઠે ચાવીને ખવાતા આ 'ટોઠા' અન્નદેવની પૂજા છે. બાળકને પારણામાં ઝૂલાવવાના પ્રથમ પ્રસંગે પણ કંસાર નહિ, ટોઠા—ગોળ ઘી સાથે મેળવીને વહેંચવામાં આવે છે. બાફીને પાચ્ય બનાવેલ આ ઘઉંના ટોઠા ઘી, ગોળ સાથે સંપૂર્ણ રીતે બલપ્રદ, વૃષ્ય અને બૃંહણ ખોરાક બને છે. ચર્વ્ય—ચાવવા યોગ્ય આ બનાવટ પ્રશસ્ય છે. આ પણ એક સંસ્કાર જ છે. ઘઉં જ્યારે આસન્નપક્વ હોય ત્યારે શેકીને તેનો પોંક તૈયાર કરવામાં આવે છે અને તે પણ એકલો અથવા ગોળ, તલ મેળવી ખાવામાં વપરાય છે. અર્થાત્ આગ્નેય સંસ્કાર આપી તેને સુપાચ્ય અને વધુ વાતહર બનાવવામાં આવે છે. અગ્નિસંયોગથી આ રીતે ઘઉં, જુવાર મકાઈ, તેમ જ મગ, ચોળા, મઠ, ચણા વગેરેને શેકીને તેમને વધારે હલકા બનાવી ધાણી તૈયાર કરવામાં આવે છે. આ રીતે ઘઉં હલકા બનાવવા અને તે રીતે સુપાચ્ય કરવા એ સંસ્કાર જ છે. આમ કરવાથી ગુરુ ગુણમાં અલ્પતા અને સૌરભ પેદા થાય છે. સમય જતાં ઘંટીના ઉપયોગથી લોટ તૈયાર કરવામાં આવ્યો અને પાણી અને અગ્નિની સહાયથી તેને બાફીને માનવ ખાતાં શીખ્યો. સ્વાદ, માટે તેમાં ગોળ

અથવા અથવ મીઠું-મરચું નાખી તેનો ઉપયોગ કરવામાં આવતો. આ પછી ઘી અને તેલમાં લસણ, હિંગ, અજમો, મરચાં, વગેરેનો વઘાર, વ્યાપક અર્થમાં સંસ્કાર માટે રૂઢ થયો. દાળ, શાક 'સંસ્કૃત' અને 'અસંસ્કૃત' આ અર્થમાં વ્યવહૃત બન્યાં. વઘારને લઈને આહારમાં સૌરભ અને વાતકફશામક, તેમ જ વાતપિત્તશામક ગુણો આરોપિત કરવામાં આવ્યા. શિખંડ કરવામાં પણ દહીંને સાકર અથવા ખાંડ સાથે છીણીને તાપડામાંથી કાઢવામાં આવે છે. તે એક સંસ્કાર જ છે. છીણેલ સાકર સાથેનું દહીં સંગ્રાહકને બદલે સ્રંસક ગુણ ધરાવતું થાય છે. દોષ પરત્વે છાસને પણ વઘારીને વાપરવામાં આવે છે. સમય જતાં આહારગત રેસાનો રોલરમીલમાં દળાતાં નાશ થયો અને તૈયાર મેંદાની બનાવટો વપરાશમાં આવી. બિસ્કીટ, ગાંઠિયા વગેરેના ઉપયોગે ખોરાકમાં વિહીનતા પેદા કરી. આયુર્વેદના આચાર્યો તો પોકારીને કહે છે કે 'મેંદાની બનાવટો ન જ ખાવી અને કદાચ ખાવી પડે તો ભૂખ્યા માણસે માત્રાપૂર્વક ખાવી અને તેના સમ્યક્ પાચન માટે બે ગણું પાણી પીવું.'[1] પરંતુ આજે તો માનવે પોતાના ખોરાકમાં પોતાને માફક આવે તેવા સંસ્કાર કરવા જોઈએ. બાફેલ, શેકેલ, તળેલ, વઘારેલ, દ્રવ, અર્ધદ્રવ-લેહ્ય, ભક્ષ્ય, ભોજ્ય કયા સ્વરૂપમાં ભોજન કરવું છે તેનો નિર્ણય કરી તે રીતે આહાર તૈયાર કરાવવો જોઈએ અને તેમ કરતાં આહાર દ્રવ્યગત દોષોનું શમન થાય અને ઇપ્સિત ગુણોનો ઉદય થાય તે રીતે ખોરાક તૈયાર કરવો એનું નામ જ કરણ-સંસ્કાર કહેવાય છે. આહારનો સ્વાદ, રૂપ અને સુગંધ મનને પસંદ પડે તેવી વાનગી બનાવવી તે પણ સંસ્કારમાં અંતર્ગત થઈ જાય છે.

**સંયોગ—**

સંયોગ એટલે બે અથવા તેથી વધારે દ્રવ્યોનો સમુદાય.[2] આચાર્યે અહીં સંયોગથી વિશેષ-અચિંત્ય ( વિકૃતિવિષમસમવેત ) ગુણોત્પત્તિનો નિર્દેશ કર્યો છે. મધ અને ઘી બંને નિર્દોષ છે અને તે બંનેનો યોગ સરખા પ્રમાણમાં લેવામાં આવે તો મારક છે એમ જણાવેલ છે. મધ, માછલી અને દૂધ ભેગું કરીને ખાવાથી કુષ્ઠોત્પત્તિ કરે છે. અહીં આચાર્ય વિરુદ્ધાન્ન( Incompatibles )નો નિર્દેશ કરતા જણાય છે. તે સમય સુધીમાં આવા સંયોગોથી પેદા થતાં લક્ષણો અને વ્યાધિ-સમૂહનો અનુભવે જે ખ્યાલ પ્રાપ્ત થયેલ તેને ચરકાદિ આચાર્યોએ ગ્રંથસ્થ કર્યો છે જે આપણે ટૂંકમાં જોઈ લઈએ. બધી જ જાતનાં માછલાં દૂધ સાથે ન ખાવાં. ગ્રામ્ય, આનૂપ, અને જલચર પ્રાણીઓનાં માંસ, મધ, તેલ, ગોળ, દૂધ, અડદ, મૂળા અને કમળકંદ તથા વિરૂઢધાન્ય સાથે એકત્ર કરીને ન ખાવાં. આથી બધિરતા, અંધતા, ધ્રુજારી, જડતા, મૂંગાપણું વગેરે પેદા થાય છે અથવા મૃત્યુ થાય છે. પુષ્કરમૂળનાં પાન અથવા કડુનાં પાનનું શાક અથવા હોલાનું માંસ સરસવના તેલમાં બનાવીને મધ તથા દૂધ સાથે ન ખાવું. આથી રક્તમાં અંભિષ્યંદ-ચરબીની વૃદ્ધિ, રક્તવાહિનીમાં રોધ ( धमनीउपलेप ), અપસ્માર, શંખક, ગલગંડ અને અગ્નિરોહિણીમાંથી એકાદ પેદા થાય છે અને મૃત્યુ પેદા થાય છે. મૂળો, લસણ, સરગવો, તુલસી વગેરે ખાઈને દૂધ ન પીવું

१ पिष्टान्नं नैव भुञ्जीत मात्रया वा बुभुक्षितः ।
द्विगुणं च पिबेत्तोयं सुखं सम्यक् प्रजीर्यति ॥ सु. सू., अ. ४२/४९२

२ संयोगस्तु द्वयोर्बहूनां वा द्रव्याणां संहतिभावः । च. वि., अ. १/२८,

નહિતર કોઢ પેદા થાય છે. બીજોરું, કેરી, દાડમ, લીંબુ, જાંબુ, કોઠું, નારિયેળ, બોર, કરમદાં વગેરે ખાટાં ફળો તેમ જ બધી જ ખાટી દ્રવ અથવા ઘનરૂપ વસ્તુઓ દૂધ સાથે ન લેવી.[૧] કાંગ, મઠ, કળથી, અડદ, વાલ વગેરે દૂધ સાથે ન લેવાં. આ બધાં વિરુદ્ધાન્નનાં ઉદાહરણ છે. જે સ્નેહનો ઉપયોગ કરે છે અને વ્યાયામાદિ કર્મથી જેનું શરીર સંઘટ્ટિત થયેલ છે તેને આ વિરુદ્ધાન્નજનિત રોગો થતા નથી એમ આચાર્યોનો ઉપદેશ છે.

બે અથવા તેથી વધુ આહારદ્રવ્યોને ભેગા કરીને ઉપયોગમાં લેવાથી જે પ્રકૃતિસમસમવેત અર્થાત્ સંયોગમાં જે દ્રવ્યો છે તેના ગુણના સરવાળા અનુસાર કર્મ જોવા મળે છે તે અંગે વિચાર કરીએ.

આપણે ત્યાં દાળભાત, ખીચડી, બટાટાપૌંઆ, ઢોકળાં, હાંડવો, રોટલી, શાક વગેરે દ્વિયોગો લાંબા સમયથી વપરાતા આવ્યા છે અને વપરાય છે. સામાન્ય રીતે દાળભાત, રોટલી, શાક, કઢી, ભજિયાં, લાડુ, શીરો, ચટણી, રાયતું, પાપડ, સાળેવડું વગેરે ગુજરાતીઓનો પ્રચલિત ખોરાક છે. જેમ વાનગીઓ વધુ એમ ખોરાક વધુ સમતોલ બને છે તે આપણે ઉપર જોયું. આયુર્વેદના આચાર્યોએ ઔષધયુક્ત પેયા, ભાત, યૂષ, યવાગૂનો ઉપદેશ કર્યો છે જે રુગ્ણાવસ્થા તેમ જ સ્વસ્થાવસ્થામાં પણ પ્રયુક્ત થઈ શકે છે. બેથી વધુ આહારદ્રવ્યો એકત્ર કરવાથી ગુણોદય સાથે જે ખામી હોય તેની પૂર્તિ થઈ શકે છે. એક જ દાખલો લઈએ. આયુર્વેદમાં દૂધને વૃષ્ય અને રસાયન જણાવ્યું છે. વૃષ્ય એટલે વીર્યના જથ્થાને વધારનાર. આ રીતે તે શુક્રાણુને પણ વધારે છે, એવો ધ્વનિ પ્રાપ્ત થાય છે. આધુનિક વિજ્ઞાન આ દાવાનું સમર્થન કરતું નથી. ઈ. સ. ૧૯૨૦માં મેટીલ અને કોંકણીએ એ હકીકત જણાવી કે દૂધ, દૂધનો પાઉડર અથવા સમગ્ર દૂધનો મેંદા સાથેનો પાઉડર તથા માખણની ચરબીનો ખોરાક આપવાથી મૂષકોની પ્રજનનશક્તિમાં ઘટાડો જણાયો હતો. તેઓએ એ અનુભવ પણ કર્યો કે જ્યારે ઉપરના ખોરાકમાં તેઓએ કેટલાક કુદરતી ખોરાક મેળવ્યા ત્યારે પ્રજનનમાં ખૂબ જ સુધારો જણાયો હતો. જ્યારે તેઓએ આ ખોરાકમાં ઘઉંનો ચાળ્યા સિવાયનો લોટ ( Whole wheat flour ) મેળવ્યો ત્યારે પ્રજનનમાં નોંધપાત્ર સુધારો જણાયો હતો. સંયોગ-કંસાર ને દૂધ, થૂલી ને દૂધનો જે ખોરાક પરાપૂર્વથી ચાલ્યો આવે છે તે કેટલો વૈજ્ઞાનિક છે તે ઉપરનો અભ્યાસ સિદ્ધ કરી આપે છે.

દૂધ વાનસ્પતિક પ્રોટીન સાથે લેવાથી જીવનીય તિક્તામ્લોની પૂર્તિ કરે છે. આયુર્વેદના આચાર્યોએ मलायत्तं बलं पुंसाम् એમ ઉપદેશ આપ્યો છે. ‘ મલ વધારે તે બલ વધારે ’. દૂધ મલનો વધારો કરે છે. બેલાંઝકીએ અવલોકનથી સિદ્ધ કર્યું કે એકલા દુગ્ધાહારથી અપેક્ષયા મલનો જથ્થો વધે છે. તેણે એ પણ અનુભવ્યું કે જે આહાર અલ્પ મલોત્પાદક ( Low residue diet ) હોય છે તેની સાથે જો દૂધ આપવામાં આવે તો તે પણ મલને વધારે છે. આયુર્વેદના આચાર્યોનો પણ આ જ અનુભવ છે. મલક્ષય નિશ્ચારકમાં આચાર્ય દૂધનો ઉપયોગ કરવાનું જણાવે છે જ.

બે અથવા વધુ આહારદ્રવ્યોનો ખોરાકમાં પરાપૂર્વના અનુભવે ઉપયોગ થઈ રહ્યો છે અને તેનાં પરિણામ જાણીતાં છે.

---

૧ ‘ ન્યુટ્રીશન ઇન હેલ્થ ઍન્ડ ડિઝીઝ ’ નામના પોતાના ગ્રન્થમાં કૂપર-સમુદાય જણાવે છે કે દૂધ અને મેંદા સાથે આમ્લરસવાળાં ફળો ન ખવાય એવી જે માન્યતા છે તેને વૈજ્ઞાનિક પાયો નથી.

રાશિ:—

જ્યારે ખોરાકનું પ્રમાણ ઓછું હોય છે ત્યારે લાંબા સમયે માણસનું વજન ઘટે છે. કીઝ સમુદાયના અભ્યાસમાં એ સ્પષ્ટતા પ્રાપ્ત થઈ હતી કે જે માણસો દરરોજના ૧૦૦૦ ઉષ્માંક જેટલા ખોરાક ઉપર જીવવા માંડ્યા હતા તેઓના વજનમાં છ માસ પછી ૨૫% જેટલો ઘટાડો દશ્ય બન્યો હતો. આ જ રીતે જેઓ પ્રચુર માત્રામાં ખોરાક લેવાની ટેવ ધરાવે છે તેઓ સ્થૂલતા પ્રાપ્ત કરે છે. આનું કારણ એ છે કે જેમ જેમ ખોરાક વધતો જાય છે તેમ તેમ અગ્ન્યાશયના લેંગરહાન્સદ્વીપગત કોષો વધુ 'ઈન્સ્યુલિન ( Insulin )'[1] પેદા કરે છે જે કેવલ ચરબીનો જમાવ કરે છે તેટલું જ નથી પરંતુ ( Glucocorticoids ) ગ્લુકોસ્ટીરોઈઝડના ( ઉપવૃક્કસારના ) સ્રાવને વધારી ઇન્સ્યુલિન પ્રતિરોધી તત્ત્વોની ઉત્તેજના કરે છે.

આયુર્વેદના આચાર્યોએ આહારમાત્રા—રાશિ અંગે ખૂબ જ વિશદતાથી વિચાર્યું હોય તેમ જણાય છે. રાશિ એટલે જથ્થો. માણસ ક્ષુધાનુસાર જેટલું અભ્યવહરણ કરી શકે તેને રાશિ કહે છે. તેના બે પ્રકાર છે: (૧) સર્વગ્રહખોરાક—રોટલી, દાળ, ભાત, શાક, પાપડ, ચટણી, વગેરેના બનેલ હોય તેમાંથી ક્ષુધાશમન માટે એક જ વસ્તુનો જે જથ્થો પોતાની રુચિ અનુસાર લેવામાં આવે તેને સર્વગ્રહ કહેવામાં આવે છે. (૨) પરિગ્રહ—જે ભોજનની વિવિધ વાનગીઓ ઇચ્છાનુસાર લઈ પોતાની ક્ષુધા શાંત કરે છે તેને પરિગ્રહ કહેવામાં આવે છે. અકરાંતીઆની માફક ખાધા જ કરવું અને પેટ ભરવું તેને માત્રાયુક્ત અશન ન જ કહી શકાય. આયુર્વેદના આચાર્યો ઉપદેશ આપે છે કે 'मात्राशी स्यात्, आहारमात्रा पुनरग्निबलापेक्षिणी' અર્થાત્ આહારની નિયત માત્રા નથી. તે અગ્નિ બલ પર નિર્ભર છે. માત્રાનું પ્રમાણ બતાવતાં આચાર્ય ચરક કહે છે કે, જે ષડ્રસ ભોજન ખાધા પછી શરીરમાં કંઈ જ વિકૃતિ—પેટ તણાવું, આળસ લાગવી, ઓડકાર ન આવવો, ગભરામણ થવી, વગેરે લક્ષણોત્પત્તિ થયા સિવાય સમયસર પચી જાય છે તેને માત્રા પ્રમાણ ગણી શકાય અને તે રીતે માણસે ભોજનમાત્રા રાશિનો ઉપયોગ કરવો.[2] અહીં પણ લઘુ અને ગુરુ ગુણવાળા ખોરાકનો વિચાર કરવો આવશ્યક રહે છે જ. લઘુ દ્રવ્યો માત્રા પ્રમાણે ભરપેટ લેવામાં વાંધો નથી કારણ કે તે અગ્નિને ગુરુ જેટલાં મંદ કરતાં નથી; જ્યારે ગુરુતમ આહાર અભ્યવહરણશક્તિથી ત્રીજા ભાગનો, ગુરુતર અર્ધભાગ અને ગુરુ કંઈક ઓછો લેવા આચાર્ય ઉપદેશ આપે છે. લઘુ આહાર પણ પેટ તણાય તેટલી માત્રામાં લઈ શકાય એવો અર્થ નીકળતો નથી અને તેથી જ આચાર્ય કહે છે કે 'लघूनामपिचनातिसौहित्यमग्नेः युक्त्यर्थम्। અગ્નિ યુક્ત-કાર્યકારી રાખવા માટે હલકાં-લઘુદ્રવ્યોનો પણ પેટપૂર ઉપયોગ ન કરવો. આ પ્રમાણમાં લીધેલ ખોરાક

---

1 As the food increases the Beta cells of the pancreas secrete more and more insulin, which not only promote the development of fat but by increasing the output of glucocorticoids stimulates the production of insulin antagonists.

F. W. Fox—The Enigma of Mass Regulation with special Reference to Obesity, South African Medical Journal, page 296, 16 Feb., 1974

૨ च. सू. अ. ५/१.

ખાનારના શરીરને બલ, વર્ણ અને સુખાયુષથી યુક્ત બનાવે છે. આચાર્ય ચરકે તો त्रिविधकुक्षीय નામના અધ્યાયમાં કુક્ષીના ત્રણ ભાગ કલ્પી એક ભાગ આહાર માટે, એક ભાગ પ્રવાહી માટે અને એક ભાગ દોષો માટે રિક્ત રાખવાનો ઉપદેશ આપ્યો છે.

**દેશ :** અહીં દેશ બે પ્રકારે વિચારવાનો છેઃ (૧) સૌમ્ય અને આગ્નેય. હિમાલય તરફના (સૌમ્ય) ભાગમાં ઉત્પન્ન દ્રવ્ય શીત અને ગુરુ ગુણવાળું હોય છે જ્યારે મારવાડમાં (આગ્નેય) ઉત્પન્ન થતું દ્રવ્ય મોટે ભાગે લઘુ હોય છે. (૨) મરુભૂમિ વાતપિત્ત પ્રધાન છે એટલે ત્યાં મુખ્યત્વે વાતપિત્ત જ વિકારો વધુ થાય છે. વાતપિત્તની શાંતિ માટે ઘીને શ્રેષ્ઠ ગણવામાં આવેલ છે. મારવાડમાં શીરો, લાડુ, બાસૂદી, રબડી અને ઘઉં તથા ખાંડની બનાવટો વધુ વપરાય છે અને દોષ દૃષ્ટિએ તે યુક્ત પણ છે. સુરત, વલસાડ તરફના આનૂપ પ્રદેશમાં કફજ વ્યાધિઓ વિશેષ કરીને થાય છે. ' तैलं वातश्लेष्मप्रशमनानामग्र्यम् '[1] વાતકફના શમન માટે તેલ શ્રેષ્ઠ છે અને ખાસ કરીને કટુપ્રધાન રસવાળાં દ્રવ્યો હિતકર ગણાય છે. ચેવડો, મસાલા જેમાં પ્રચુર માત્રામાં છે તેવી ફરસાણની વાનગીઓ ત્યાં પ્રચલિત છે તે વ્યવહારમાં વણાઈ ગયેલ આયુર્વેદના સિદ્ધાન્તની ઝાંખી કરાવે છે.

**કાલઃ**—' કાલ 'થી વર્ષાદિ ઋતુઓ અને ખાનાર ભોક્તાની ઉંમર બન્ને વિવક્ષિત છે અને તદનુસાર ખોરાકમાં ફેરફાર કરવો જરૂરી બને છે. કેટલાક માણસોને ઉનાળામાં સારી ભૂખ લાગે છે અને તે ઋતુમાં તેઓ વધુ ખાઈ શકે છે જ્યારે મોટા ભાગના માણસોનો અગ્નિ નિયમાનુસાર શિયાળામાં વધુ પ્રદીપ્ત હોય છે અને તે સમયે ગુરુ, સ્નિગ્ધ અને મધુર ખોરાકનો યથેચ્છ ઉપયોગ કરી શકે છે. ઉનાળામાં ખાટાં મીઠાં ફળો, શિખંડ, કેરીનો રસ તેમ જ કેરીનો બાફલો વગેરે વધુ યોગ્ય રહે છે.

' કાલ 'થી ભોજનકાલ પણ લઈ શકાય सायंप्रातर्मनुष्याणां भोजनं श्रुतिचोदितम् ( स्वस्थवृत्त-समुच्चयः ) અર્થાત્ આપણે ત્યાં પ્રાચીન કાલથી સવાર-સાંજ બે સમય જમવાનો રિવાજ છે. સમય જતાં ધંધા પરત્વે લોકોએ આમાં પરિવર્તન કર્યું જણાય છે. સવારમાં નાસ્તો અથવા શિરામણનો રિવાજ લગભગ રૂઢ થઈ ગયેલો જણાય છે. અત્યારે તો આધુનિક સંસ્કૃતિએ તેને પણ રવાના કરી દીધો હોય તેમ એક બે ચાના કપથી દિવસના ખાણાની શરૂઆત થાય છે. આયુર્વેદાચાર્યોએ ' याममध्ये न भोक्तव्यं यामयुग्मं न लङ्घयेत् '[2] એવો ઉપદેશ આપી ત્રણ કલાકથી અંદરના સમયમાં ન ખાવાની અને છ કલાક લંઘન-ખાધા સિવાય ન રહેવાની સલાહ આપી છે. તેઓ જણાવે છે કે યામ પૂર્વે જમવાથી ઉત્પન્ન થતા આહાર રસમાં વિકૃતિ પેદા થાય છે અને છ કલાક સુધીના સમયમાં ન ખાવાથી રસક્ષય થાય છે માટે જ ભોજન કાલ-સમય તે રીતનો રાખવો. આચાર્ય સુશ્રુતે તો ભોજનકાલનો નિયમ જ આ રીતનો રાખ્યો છે કે જ્યારે મલમૂત્ર ત્યાગ કર્યા પછી, દેહમાં લઘુતા પેદા થઈ હોય, બધી ઇંદ્રિઓ પ્રસન્ન રીતે કામ કરતી હોય, ઓડકાર સારી રીતે સ્વચ્છ આવતા હોય, ભૂખ—ખાવાની ઇચ્છા થઈ હોય, દેહમાં લઘુતા જણાતી હોય, અન્ન પ્રત્યે

---

૧ च. सू., अ. २५/२४३

૨ स्वस्थवृत्तसमुच्चये दिनचर्यायाम् .

કામના પેદા થઈ હોય ત્યારે વિધિનિયમિત ભોજનકાલ માનવો. આચાર્ય ચરકે અગ્ર્ય-સંગ્રહમાં 'एकाशनमारोग्यकराणामग्र्यम्' એમ આરોગ્યપ્રાપ્તિ માટે એકાશન—એક સમય જમવાને શ્રેષ્ઠ ગણાવેલ છે. આધુનિક વિજ્ઞાનનો અભ્યાસ આથી વિપરિત ઉપદેશ આપે છે. તેઓનું કહેવું છે કે એકાશન કરનાર માણસ સ્થૂલતાને પ્રાપ્ત થાય છે. એકાશનમાં લેવામાં આવતી માત્રા જો વારંવાર વહેંચીને વધુ વખત લેવામાં આવે તો માણસના શરીરમાં મેદનો જમાવ ઓછો થાય છે અને શરીરની શક્તિ અને ઉત્સાહ જળવાઈ રહે છે.[1]

આ જ રીતે 'કાલ'થી ઉંમર પણ લઈ શકાય. બાલ્યાવસ્થાથી ઘડપણ સુધીનો કાલ. બાળક માટેનું શ્રેષ્ઠ પોષણ 'ધાવણ' છે. પરંતુ આ અર્થ-પ્રધાનયુગમાં માતાઓને પણ નોકરી કરવાની હોય છે અને આધુનિક સંસ્કૃતિને અપનાવીને ઘણી માતાઓને ધવડાવવાની સૂગ આવે છે જેને લઈને જન્મથી જ બાળકનો ઉછેર કૃત્રિમ દૂધ વગેરેથી કરવામાં આવે છે.

જીવન-રસાયન-વિજ્ઞાને એ સ્પષ્ટ કર્યું છે કે જીવનના પ્રથમ છ માસમાં અપાયેલ શ્રેષ્ઠ પોષણ મગજની પ્રાકૃતવૃદ્ધિ માટે ખૂબ જરૂરી છે. અસમતોલ અને અપૂરતા પોષણને લઈને પાછળની જિંદગીમાં બાળક બિમારીથી ગ્રસ્ત થાય છે. ઓસ્બોર્નનું સંશોધન એ સ્પષ્ટ કરે છે કે જે બાળકોને કૃત્રિમ ખોરાક પર ઉછેરવામાં આવ્યાં હતાં તેઓમાં પહેલી વીસીમાં જ રક્તવાહિની-ઓમાં વિહ્વાવાસીપરિવર્તન ( Degenerative Changes ) દૃશ્ય બન્યાં હતાં અને ત્રણ માસની અંદર જ આકસ્મિક શય્યામૃત્યુ ( Cot deaths )[2] મૃત્યુના મુખ્ય કારણરૂપ બનેલ જણાતું હતું.

**છીરું :** નવદુગ્ધ જે ધાવણની શરૂઆત થતાં અગાઉ નીકળે છે તેમાં સંક્રામક રોગો ખાસ કરીને જઠરાંત્રિ પ્રણાલિના રોગો સામે પ્રતિરોધક શક્તિ રહેલી છે તેમ જ અનૂર્જતા ( Allergy ) સામે રક્ષણ આપવાની શક્તિ રહેલી છે અને આથી જ ધાવણ પર ઉછરેલાં બાળકો કરતાં કૃત્રિમ આહારથી ઊછરેલાં બાળકો અનૂર્જતાનો વધારે ભોગ બને છે. માતાથી વિમુખ બનતાં

---

1 The gain in mass is less with a number of small meals than with a few which are larger.

F.W. Fox—The Enigm of Mass Regulation with Special Reference to Obesity, South African Medical Journal, page 290, 16 Feb., 1974

2 Recent advances in biochemistry have made it apparent that optimal nutrition in the first six months of age is necessary for normal brain development and that unbalanced inadequate feeding tends to contribute to illness in later life. Research in the United Kingdom ( Osbourne ) has shown degenerative conditions in blood vessels occuring in the teenagers who had been artificially fed as infants. Sudden death in infancy ( Cot deaths ) have become one of the main causes of death under three months.

Clair Isbister—Mother on the Watch in World Healh Day, 7 April, 1973

બાળકોની માનસિક શક્તિ ઓછી હોય છે એમ અનેક અભ્યાસીએ પુરવાર કર્યું છે. ધાવણ દ્વારા બાળકોને મળતો માતાનો સ્નેહ અને મમતા કૃત્રિમ આહારમાં ક્યાંથી હોય ? આયુર્વેદના આચાર્યોએ માતાની ગરજ સારવા કુલોત્પન્ન, સહૃદયી અને સુંદર ' ધાવ ' રાખવા અને તે રીતે બાળકનો ઉછેર કરવાનો જે ઉપદેશ આપ્યો છે તેને આધુનિક વિજ્ઞાન હવે સમર્થન આપતું થયું છે. ધાવણની મહત્તા આધુનિક વિજ્ઞાન સમજતું થયું છે. જો એશિયા ખંડમાં જ બધી માતાઓ ધાવણ ધવડાવતી બંધ થાય તો બાળકો માટે દૂધના ડબ્બા તૈયાર કરવા માટે ૧૧૪,૦૦૦,૦૦૦ ઢોરની જરૂર ઊભી થાય.

દુગ્ધપ-ક્ષીરપ અવસ્થા પૂરી થતાં બાળકને ઘરમાં બનતી આહારની બનાવટો પર ધીમે ધીમે દૂધ સાથે ચઢાવવું જોઈએ. યુવાવસ્થામાં તો ખોરાક ઉપર જણાવ્યા પ્રમાણે લઈ શકાય છે. વૃદ્ધાવસ્થામાં ખોરાક નરમ, સુપાચ્ય અને પૂરતા પ્રોટીન અને ખનિજ તત્ત્વયુક્ત હોવો જોઈએ. અમેરિકાની નેશનલ એકેડેમી ઑફ સાયન્સીઝ—નેશનલ રીચર્સ કાઉન્સીલના ફૂડ અને ન્યુટ્રીશન બોર્ડે તૈયાર કરેલ ' Recommended Daily Dietary Allowances ' નામક ગ્રંથના છેલ્લા અને ૧૯૭૩ના આઠમા સંસ્કરણમાં વૃદ્ધ માણસના આહારમાં પ્રોટીન અને પ્રજીવક ઢની જે માત્રા આગલા સંસ્કરણમાં જણાવવામાં આવી હતી તેમાં ઘટાડો સૂચવ્યો છે. પ્રોટીનની માત્રા પુરુષ માટે ૬૫ ગ્રામ અને સ્ત્રી માટે ૫૫ ગ્રામ અનુક્રમે ૫૬ ગ્રામ અને ૪૬ ગ્રામ સૂચવવામાં આવી છે, જ્યારે પ્રજીવક ઢની માત્રા ૬૦ મિલિગ્રામથી સ્ત્રી-પુરુષ બન્ને માટે અનુક્રમે ૪૫ અને ૫૫ મિલિગ્રામ સૂચવવામાં આવી છે. પ્રજીવક ૧૨ની માત્રા ૫ મિલિગ્રામથી ૩ મિલિગ્રામ કરવામાં આવી છે અને પ્રજીવક ઈની માત્રા અર્ધી કરી દેવામાં આવી છે.

ડૉ. ફોકસ કટાક્ષ કરતાં જણાવે છે કે જ્યારે જનતાને તેઓના આહારમાં પ્રજીવકની મોટી માત્રામાં પૂર્તિ કરીને સમૃદ્ધ બનાવવાની સલાહ આપવામાં આવે છે ત્યારે આવી શ્રેષ્ઠ આધારભૂત સંસ્થા તેમાં ઘટાડો કરવાનું જણાવે છે. તે સલાહ આપનારા અને વાપરનારાઓ માટે આશ્ચર્યકારક આંચકા જેવું નથી ?[1] રક્તવાહિનીઓમાં પેદા થયેલ જરઠતા વાયુ અને કફજનિત હોય છે અને એક વખત તે સ્થિર થયા પછી ખોરાકમાંના ફેરફારથી તેમા ફેર પડતો નથી એટલે વૃદ્ધ માણસે તે સાથે જ જીવવાનું હોય છે. આયુર્વેદદષ્ટ્યા ' वार्धक्ये वर्धते वायुः ' ઘડપણમાં વાયુ વધે છે અને વાયુ માટેનું શ્રેષ્ઠ ઔષધ–આહારદ્રવ્ય તેલ છે. તેલ ' અસંતૃપ્ત સ્નેહ ' છે અને તેથી પણ તેનો ઉપયોગ આધુનિક વિજ્ઞાન દૃષ્ટ્યાયુક્ત છે. પરંતુ તેનો પણ અતિરેક યોગ્ય નથી. ઘડપણમાં વિદ્ધાસી-વિકારો અને અર્બુદાદિ-નૂતનવૃદ્ધિ ( Malignant new growths ) થવાની વધુ

---

1 At a time when the public is being urged to reach higher levels of health by supplementing their diet with massive doses of vitamins, it is significant that the amounts recommended by such an authoritative body continue to be so small and in some Instances have even been considerably reduced.

F.W. Fox—Recommended Daily Allowances of Nutrition Correspondence, South African Medical Journal, Page 1137, 8 June, 1974.

સંભાવના હોય છે અને હમણાં લૉસએંજેલસમાં કરવામાં આવેલ એક અભ્યાસમાં, જે વૃદ્ધ માણસો વધુ પડતા અસંતૃપ્ત સ્નેહનો આહારમાં ઉપયોગ કરતા હતા તેઓમાં કેન્સરને લીધે અસ્વસ્થતા અને મૃત્યુનું પ્રમાણ વધારે જણાયું હતું. અમેરિકન હાર્ટ એસોસીએશન પણ ચેતવણી આપતાં જણાવે છે કે વાનસ્પતિક તૈલનો અસીમિત વપરાશ અભિસ્તાવક નથી. આ રીતે માણસે પોતાના ખોરાક અંગે કાલ પરત્વે વિચાર કરવો જરૂરી છે.[1]

**ઉપયોગ સંસ્થા:**—ઉપયોગ સંસ્થાનો સામાન્ય અર્થ આહાર કરવાના નિયમો એવો થાય છે. તેનો બીજો અર્થ આહાર કરવાનું સ્થાન પણ લઈ શકાય.

જમવાનો ઓરડો વિશાળ, હવા-ઉજાસવાળો અને આજુબાજુ સુંદર વાતાવરણવાળો હોવો જરૂરી છે. જ્યાં માનવમનને શાંતિ થાય, મનોવિઘાતકર ભાવો જેવા કે બાજુમાં જ પુરીઆદિ પડ્યાં હોય, ખરાબ ઊબકા આવે તેવી વાસ આવતી હોય, અતિ ગડબડાટ થતો હોય, ધુમાડો આવતો હોય તેવા સ્થાનમાં માણસ શાંતિથી આહાર આરોગી શકતો નથી અને તે રીતે ખાધેલ ખોરાક તેને બરોબર પચતો નથી; માટે જ સુશોભિત, વિશાળ, સુગંધી પવનયુક્ત, જ્યાં સુંદર સૌમ્ય સંગીતવાદનના સૂર આવતા હોય તેવા સ્થાનમાં જમણ માટે વ્યવસ્થા કરવી જોઈએ. આ તો આદર્શની વાત થઈ. એક ઓરડામાં રહેતા કુટુંબ માટે આવી કલ્પના કરવી તે મૂર્ખાઈ જ ગણી શકાય ને ?

હવે આહાર કરવાના નિયમો :—કેમ ખાવું તે અંગેના આચાર્યના ઉપદેશ જોઈને
(૧) ગરમ ગરમ આહાર ખાવો:—ગરમ ખોરાક ખાવાથી તેનો સ્વાદ અને સૌરભ, રુચિ પેદા કરી પાચક રસોને તૈયાર કરે છે અને તે રીતે જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે. ખોરાક જલદીથી પચી જાય છે. વાયુનું અનુલોમન થાય છે અને કફનો નાશ થાય છે.

(૨) સ્નિગ્ધ ખોરાક ખાવો :—ઘી અથવા તૈલપક્વ અને યુક્ત ખોરાક ખાવો. આવો ખોરાક સ્વાદિષ્ટ લાગે છે. ખાધેલ ખોરાક જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે, જલદીથી પચી જાય છે, વાયુનું અનુલોમન કરે છે, શરીરને ઉપચિત અને દૃઢ બનાવે છે, બલને વધારે છે અને શરીરના વર્ણને પ્રસન્નતા આપે છે તેમ જ પ્રભા-કાંતિને વધારે છે. આયુર્વેદના આચાર્યોના મતે 'સ્નેહ એ જીવન છે'. અને ખોરાકમાં તેની જરૂર છે. આધુનિકોનો એક પક્ષ તો Fat is the artificial product of sedentary civilization (spira) અર્થાત્ સ્નેહ બેઠા-

---

1 The possibility of a heightened predisposition to cancer was raised by thc findings in a trial among elderly people in Los Angeles. The morbidity and mortality from Cancer were higher among subjects consuming a higher polyunsaturated fat diet.

American Heart Association—The unlimited intake of vegetable oils leading to an increased total fat consumption is not recommended.

Leader—Polyunsaturated Fats and
Coronary Heart Disease.
Sept. 16, 1972,

ખાઉ સંસ્કૃતિની એક કૃત્રિમ પેદાશ છે એમ કહી તે જીવન માટે અનિવાર્ય નથી એમ પણ જણાવે છે. અમેરિકાના પ્રસિદ્ધ હૃદ્રોગવિશેષજ્ઞ ડૉ. પોલ ડી. વ્હાઈટ તેના મરણનાં થોડાંક વર્ષ પહેલાં કહ્યું હતું કે 'એવો દિવસ આવશે જ્યારે ચિકિત્સકો એ સ્વીકારશે કે 'પ્રભુ ઈસુએ મોસીસ મારફત ત્રણ હજાર વર્ષ પૂર્વે જે સ્વાસ્થ્ય સિદ્ધાંત ( Health law ) આપ્યો હતો તે-'તમે ચરબી અથવા લોહી બન્નેમાંથી એક પણ ખાશો નહિ'—Ye eat neither fat nor blood. Lev 7:23; ye shall eat no manner of fat, of ox, or of sheep, or of goat. દઢીભૂત સત્ય છે જ્યારે તેલનાં પણ ફાંફાં છે ત્યારે આવા મત લોકોને શાંતિ આપવા આગળ ધરવા જેવા ખરા કે નહિ ?

( ૩ ) માત્રા પ્રમાણે ખાવું:—

કોઠાના ત્રણ ભાગ કલ્પી એક ખોરાકથી અને એક ભાગ પ્રવાહીથી ભરવો અર્થાત્ તે રીતે ખાવું અને એક ભાગ દોષગમન માટે ખાલી રાખવો અર્થાત્ જમ્યા પછી ભૂખની શાંતિ થાય, ખોરાક પાણીથી કૂખો ન તણાય, હૃદય પ્રદેશમાં અવરોધ ન જણાય, પેટમાં ભાર ન લાગે, ઇન્દ્રિયો પ્રસન્ન રહે, બેસવા, ચાલવા, વાતો કરવા વગેરેમાં સુખાનુભવ થાય તેટલું ખાવું. હૃદ્રોગ, શ્વાસ વગેરેથી પીડાતા દરદી માટે તેમ જ સ્વસ્થ માણસ માટે આ સોનેરી નિયમ છે. ખોરાકથી વિસ્તૃત થયેલ જઠર ઉદરપટલની ક્રિયા પર અયોગ્ય ભારણ કરીને શ્વાસોચ્છ્વાસક્રિયામાં મંદતા પેદા કરે છે અને શ્રેષ્ઠ નિઃશ્વસનમાત્રા( Vital capacity )માં ઘટાડો કરે છે. તે દરદીઓનું પોતાનું અવલોકન સ્પષ્ટ કરે છે અને વધુમાં અરતિ, છાતીમાં દબાણ, શ્વાસકૃચ્છ્રતા અને હૃદ્ધમની-વિકારથી પીડાતા દરદીમાં છાતીમાં દુખાવો પણ અનુભવાય છે. હૃદ્ધમનીનિરોધથી પીડાતા દરદીમાં પ્રચુર માત્રામાં લીધેલ ખોરાક ઘણી વખત મરણના પ્રધાન હેતુરૂપ બને છે.

માત્રા પ્રમાણે ખાધેલ ખોરાક વાત, પિત્ત અને કફને પ્રાકૃત સ્થિતિમાં રાખી આયુષ્યને વધારે છે અને પચ્યા પછી મલભાગને સુખેથી ગુદ મારફત નિષ્કાસિત કરે છે અને અગ્નિને બાધા પહોંચાડતો નથી.

( ૪ ) પ્રથમ ખાધેલો ખોરાક પચી ગયા પછી જ ખાવું. જીર્ણાહાર-આહાર પચી ગયાનાં લક્ષણો માધવકાર નીચે પ્રમાણે આપે છે : ઉદરશુદ્ધિ, ઉત્સાહ, ઝાડો-પેશાબ પ્રાકૃતરીતથી આવવો, શરીરમાં લઘુતા અને ભૂખ તરસની ઉત્પત્તિ—આ લક્ષણો પેદા થાય તે પછી ખોરાક લેવો જોઈએ; કારણ કે અજીર્ણ અથવા આગળનો ખોરાક પચ્યા પહેલાં ખાવાથી આગળના આહારનો અપકવ રસ ( આમ ) પાછળથી લીધેલ આહારના રસ સાથે મળીને બધા જ દોષોનો પ્રકોપ કરે છે; જ્યારે જીર્ણાહારમાં સ્વસ્થાનસ્થ દોષો અને અગ્નિસ્થાનસ્થિત હોઈ ને ભૂખ લાગતાં સ્રોતો વિવૃત્ત હોઈ મુખ મારફત વિશુદ્ધ ઓડકાર આવે છે. હૃત્પ્રદેશમાં લઘુતા હોય છે, વાયુનું અનુલોમન થાય છે અને લીધેલો ખોરાક પચી ગયા પછી બધી જ ધાતુઓને પુષ્ટ કરી આયુષ્ય બલ અને વર્ણને વધારે છે.

( ૫ ) આહાર કે જે વીર્યવિરુદ્ધ ન હોય તેવો લેવો જોઈએ—આગળ આપણે વિરુદ્ધાહાર( Incompatibles )ના દોષો જોઈ ગયા છીએ. આયુર્વેદમાં શીતવિરુદ્ધ ઉષ્ણ-વીર્ય, સ્નિગ્ધ વિરુદ્ધ રૂક્ષ વગેરે વર્ણવેલ છે. પરંતુ અમને લાગે છે કે અત્યારે પ્રચલિત આહારમાં આ ભાગ્યે જ શક્ય છે. સંયમિત મન છે જેનું તેવા જ માણસો આ રીતે ખોરાક લઈ શકે છે.

( ૬ ) ઇષ્ટ જગ્યામાં ખાવું—આપણે આહાર માટેના સ્થાનનો ઉપર વિચાર કરી ગયા છીએ.

( ૭ ) नातिद्रुतम्-नातिविलम्बितम्—બહુ ઝડપથી ન ખાવું. બહુ ધીમે ધીમે ન ખાવું.

આપણે આ ધમાલભર્યા સંસારમાં જોઈએ છીએ કે જે પેટ માટે આ બધા ઉધામા છે તે પ્રત્યે કેટલી ઉદાસીનતા સેવવામાં આવે છે. સમયના અભાવે કહો કે પડેલી ટેવના કારણે ઘણા માણસો મોમાં મૂક્યું કે ઉતાર્યું એ રીતે જાણે પેટમાં જ દાંત હોય તેમ ખોરાકના ડૂચા ઉતારે છે. આને ખાવું કહેવાય ? ઝડપથી ખાવાની અને ધીમે ધીમે ખાવાની તેમ જ અતિ ધીમેથી ગપાટા મારતા મારતા ખાવાની ટેવને આરોગ્ય સાથે ગાઢ સંબંધ છે એવું જ્ઞાન ઘણા ઓછાને હોય છે અને જે ટેવ પડેલી છે તદનુસાર માનવ ખાતો આવ્યો છે અને તે ટેવથી પેદા થતા રોગોથી અજાણે પીડાતો જોવા મળે છે.

ઝડપથી ખાવામાં ખોરાકમાં વાળ કચરો વગેરે કદાચ આવી ગયાં તો જોયા સિવાય જ પેટમાં દાખલ કરવામાં આવે છે. સ્વાદ અને સુગંધનું કંઈ જ જ્ઞાન થતું નથી. લાળ અને જીભના સંપર્કમાં આવે તો થાય ને ? ઘણી વખત ખાધેલ આંતરોસે ( આંતરસ્રોતોસિ ) જાય છે અને કણ નીકળે નહિ ત્યાં સુધી ઉધરસ આવે છે. ઘણી વખત ખોરાક છાતીમાં અટકી જાય છે અને પાણી પીને ઉતારવો પડે છે. આ બધું તો ઠીક પરંતુ આહારના સમ્યક્ પાચન માટે બાધાજનક છે. આ તો સામયિક વાત થઈ પરંતુ તેનાં દૂરગામી પરિણામો આવે છે. અતિ વાર કરીને ખૂબ ધીરે ધીરે ખાવાથી ખોરાકની તૃપ્તિ થતી નથી, વધુ પડતું ખવાય છે અને ખોરાક ઠરી જાય છે જેથી સ્વાદ સૌરભ ઓછાં થઈ જાય છે અને ખોરાક બરાબર પચતો નથી. આયુર્વેદના આચાર્યોએ આગળ સવારસાંજ બે ટંક ભોજન કરવાનો જે ઉપદેશ આપ્યો છે તે તેમ જ नातित्वरमाणम्-नातिविलम्बितम्-अजल्पन्-अहसन्-तन्मना भुञ्जीत—તે છેક રોડેશિયા સુધી પ્રસૃત થયો છે. ભારતમાં આધુનિક સંસ્કૃતિએ માનવચર્યામાં વૈપરિત્ય પેદા કર્યું છે પરંતુ રોડેશિયાના સોજા લોકોમાં આ ઉપદેશ દઢીભૂત થયો જણાય છે. તેઓ સવારસાંજ એમ બે વખત જ જમે છે. સવારે નાસ્તો કરતા નથી. જમવા માટે સ્ત્રી અને પુરુષો અલગ અલગ બેસે છે. જમતી વખતે શિષ્ટાચાર પૂરતી જ વાતચીત કરવામાં આવે છે. તદ્દન તન્મન થઈને તેઓ તેમને માટે બનાવેલ મકાઈ કે બાજરીનું લૈડકું અને સાથે સ્વાદ માટે શાકભાજી અથવા છાશ વાપરે છે. મસાલાનો ઉપયોગ કરતા નથી. જમતી વખતે પીરસવા માટે પણ સ્ત્રી-વર્ગ હાજર રહેતો નથી. વિષાદ કે ઊર્મિ પેદા થતાં નથી. વાદવિવાદ કે મનોવિઘાત પણ પેદા થતો નથી અને તેને લીધે જઠરસ્રાવ પર વિપરીત અસર થવાની સંભાવના રહેતી નથી. ભારતીય સંસ્કૃતિનો દૂર દૂર સુધી પ્રચાર અને ત્યાંના લોકોમાં સ્થિર થયાનો આ એક જીવંત દાખલો છે.

આ લોકોમાં જઠરક્ષત ( Gastric ulcer ) નહિવત્ અથવા ભાગ્યે જ જોવા મળે છે.[1] આયુર્વેદોપદિષ્ટ આહારવિધિના અનુસરણથી જઠરક્ષતાદિ ઉપદ્રવો દૂર રાખી શકાય છે તે ઉપરની

1 The meal is unhurried and in the traditional setting. There is no or little talking (for what might be called polite conversation) during the meal. Another feature is that men and women eat apart, and this too may have an effect on gastric secretion, as by separating the sexes at meal times, there is little chance of arguments or differences of opinion which lead to emotional upsets.

S. Warrick—Peptic Ulceraton in Rhodesian Africans,
South African Medical Journal, 16 April, 1972.

હકીકત સિદ્ધ કરે છે. ગુજરાતમાં સામાન્ય રીતે મોટા ભાગની પ્રજા નિરામિષાહારી છે અને તેના ફાયદા જાણીતા છે. અત્યારે જે માનસિક વિષાદ ( Mental stress ) વધતો જાય છે તેના પ્રતિકાર માટે વાનસ્પતિક આહાર એક મોટું રક્ષણ છે. સંતૃપ્તસ્નેહજનિત (પ્રાણીજ) આહારથી કોલીસ્ટીરોલનો રક્તમાં થતો વધારો કે જે હૃદ્ધમનીરોધાદિ-વિક્રિયા માટે જવાબદાર ગણાય છે તેના નિવારણ માટે પણ નિરામિષાહાર તેટલું જ રક્ષણ આપે છે, એવો થોમસ સમુદાયનો મત છે. તેઓ તેમના અભ્યાસના અંતે એ નિષ્કર્ષ પર પહોંચ્યા કે અમેરિકામાં પ્રવર્તમાન હૃદ્ધમનીનિરોધના પ્રમાણને કેવળ વાનસ્પતિક આહાર વડે ૯૭% જેટલો ઓછો કરી શકાય તેમ છે. ડેડીચેનના નાઝીઓના ઓસ્લો શહેર પરના કબજાના સમયમાં કરેલ અભ્યાસમાંથી એ નિષ્કર્ષ પ્રાપ્ત થાય છે કે જો પ્રાણીજ ચરબી અત્યલ્પ માત્રામાં લેવાતી હોય તો માનસિક વિષાદની અસર નહિવત્ અથવા બિલકુલ થતી નથી. આ વિષાદના યુગમાં નિરામિષાહાર કેટલો લાભપ્રદ છે તેનો આ એક દાખલો છે.[૧] ડૉ. એસ. એલ મલહોત્રાએ ઉત્તર ભારતના રેલવેના ચિકિત્સકોને થતા મધુમેહના વ્યાધિને દક્ષિણ ભારતની રેલવેના ચિકિત્સકોમાં થતા મધુમેહની સાથે સરખામણી કરવા અને તેનાં કારણો અને પ્રમાણને પ્રસ્થાપિત કરવા માટે કરેલ અભ્યાસમાં અનુભવ્યું કે ઉત્તર ભારતના ચિકિત્સકો કરતાં દક્ષિણ ભારતના ચિકિત્સકોમાં મધુમેહ ( Diabetes Mellitus ) ત્રણ ગણો વ્યાપક છે. તેમણે એ પણ અનુભવ્યું કે આ ફેરફાર સ્થૂલતા, આર્થિક તેમ જ સામાજિક પરિસ્થિતિ, કુલજ, ધુમ્રપાન અથવા શારીરિક વ્યાયામ પર આધારિત ન હતો. તેઓ તે નિષ્કર્ષ પર પહોંચી શકયા કે તેમાં પ્રધાન કારણ ખોરાક ખાવાની રીત હતી.

દક્ષિણ ભારતના લોકોનો મુખ્ય ખોરાક રાંધેલા ચોખા-ભાત, પાતળી દાળ-સાંભરનો હોય છે. તેઓ દૂધ અને છાશ, દહીંનો બહુ ઓછો ઉપયોગ કરે છે. પરંતુ વિશેષતા તેઓની ખાવાની રીતની છે. તેઓ ભાતના રસમ્ સાથે બનાવેલ ગોળા મોંમાં મૂકી ઉતારી જાય છે. ચાવવા જેવું કશું જ હોતું નથી. ( Merely they bolt down. ) આ રીતે ખાનારા ( Meal scampers ) દક્ષિણ ભારતીઓમાં મધુમેહ વધું પ્રચલિત છે. ઉત્તર ભારતીઓમાં પંજાબમાં ખોરાકનું પ્રમાણ અને ઉષ્માંક તેઓ કરતાં વધારે હોય છે. પરંતુ તેઓનો ખોરાક ઘઉંની ચપાટી, ઘીમાં બનાવેલ શાક અને ઓછામાં ઓછું બે લીટર જેટલું ઉકાળેલ દૂધનો હોય છે. જાડી ચપાટી તેઓ

---

1 Thomas and others investigated coronary disease in Negroes in St. Louis and in Uganad in 1960 ( Matched autopsies of those over 40 years of age ). They came to the starting conclusion that a vegetarian diet can prevent 97 % of coronary occlusion in the U.S.A.

Dedichen's report on Oslo citizens during Nazi occupation, namely, that stress has little or no effect if the diet is poor in animal fat.

C. G. Koster—Outlook or Coronary Heart Disease Sanguine or Sombre ?

Correspondence, South African Medical Journal, Page 1138, 8 June, 1974

શાક સાથે ખૂબ જ ચાવીને ખાય છે ( Meal chewers ) અને ઉકાળેલ ગરમ ગરમ દૂધ ઘૂંટડે ઘૂંટડે પીએ છે. આ રીતે ખોરાક અને દૂધમાં મોંની લાળનો પૂરતો જથ્થો મળે છે. આ ઉપરાંત તેઓ છાશ અને દહીં પણ આ જ રીતે લે છે. આમ જોઈએ તો ઉત્તર ભારતના લોકોનો ખોરાક રાશિ-માત્રા અને ઉષ્માંકની દૃષ્ટિએ ખૂબ વધારે છે છતાં ફક્ત ખાવાની રીતને લઈ ને દક્ષિણ ભારતમાં મધુમેહ વધારે છે એવો નિષ્કર્ષ પ્રાપ્ત થાય છે. ઉત્તર ભારતના લોકો પ્રમાણમાં દક્ષિણ ભારતના આ અભ્યાસમાંના ચિકિત્સકો કરતાં વધુ સ્થૂલ હતા છતાં મધુમેહનું પ્રમાણ ૧.૩નું જણાયું હતું.

ઉત્તર ભારતના ચિકિત્સકોના ખોરાકમાં ચરબીનું પ્રમાણ સવિશેષ હતું. દક્ષિણ ભારતના ચિકિત્સકોમાં કાર્બોહાઈડ્રેટ-શર્કરાનું પ્રમાણ વધારે હતું. વધુ ચરબીવાળો ખોરાક લેવા છતાં તેઓમાં મધુમેહનું પ્રમાણ ઓછું હતું. ડૉ. કેમ્પબેલ જણાવે છે કે શેરડીના વાવેતરમાં કામ કરતા આફ્રિકનો ચૂસીને ખૂબ જ શેરડી ખાય છે અને તે રીતે ખૂબ જ મોટા પ્રમાણમાં ગ્લુકોઝનો ઉપયોગ કરે છે અને છતાંય તેઓમાં મધુમેહ લગભગ નહિવત્ છે.[1]

પોતાના અભ્યાસનો નિષ્કર્ષ રજૂ કરતાં મલહોત્રા જણાવે છે કે આફ્રિકનોની માફક ઉત્તર ભારતના ચિકિત્સકો પણ શેરડી ચૂસીને જ ખાય છે. હવે જોકે કોલુમાં પીલેલ શેરડીનો રસ તેઓ પીવા લાગ્યા છે ખરા. આમાં પરિષ્કૃત સાકર અથવા અપરિષ્કૃત સાકરનો પ્રશ્ન મહત્ત્વનો નથી, પરંતુ તે કેવી રીતે લેવામાં આવે છે તે છે. ખાવાની રીતનો આ એક દાખલો છે.

આચાર્યે नातित्वरमाणम्-नातिविलम्बितम्[2] એમ બહુ ઝડપથી તેમ જ બહુ ધીમે ધીમે ન ખાવાનો જે ઉપદેશ આપ્યો છે તે પ્રમાણે ખાવાથી શરીર સમપ્રમાણમાં અને નીરોગી રહે છે. ખોરાક ખૂબ જ ત્વરાથી ગળી જવામાં આવે છે. અર્થાત્ ઝડપથી ખાવામાં આવે છે ત્યારે, તે ધીમે ધીમે ખાવામાં આવે ત્યારે શરીરમાં સંગૃહિત થાય છે તેના કરતાં વધુ અસરકારક રીતે

---

1 Among the Africans working in sugarcane plantations consuming large amounts of glucose in the unrefined state as sugarcane, the disease is almost absent.

G. D. Campbell, Quoted by Poonking et al from South African Medical Journal, Page 669, Journal of the Association of Physicians of India, Aug. 1973.

२ च. वि., अ. १/४३-४४.

Campbell's observation that diabetes is almost absent in the Africans in sugarcane plantations consuming large amounts of sugar as sugarcane is of interest because in Punjab North India similar habit exists and people chew of a large amount of sugarcane, The important point does not seem to be the refined or uurefined state of sugar, the way it is taken.

S. L. Malhotra—Diabetes Mellitus in Indian Male Railway Doctors from South and North of India and in Migrants with Special reference to causation. The Journal of the Association of Physicians of India, Page 569, August, 1973

સંગૃહિત થાય છે.[3] ખોરાકની માત્રાને વધુ ભાગોમાં વહેંચી દિવસમાં બેને બદલે પાંચ વખત લેવામાં આવે તો સ્થૂલ માણસ પોતાનુ વધુ વજન ગુમાવે છે.[4] બીજી રીતે જોતાં તે જ જથ્થો એક વખત લેવામાં આવે તો વજન વધે છે. ખોરાક અંગે કુદરતને અનુસરતાં જંગલી પ્રાણીઓ મોટે ભાગે જ્યારે તેઓને સ્થળાન્તર કરવાનું હોય ત્યારે અથવા શીત સ્વાપ ( Hibernation ) કરતાં અગાઉ–રીંછ, કેટલાંક જીવડાં અને પંખીઓ ભવિષ્યની આવશ્યકતા પૂરી કરવા માટે ચરબીનો જથ્થો એકઠો કરવા માટે સ્થૂલ થાય છે. બાકી તેઓ સ્પષ્ટ રીતે સ્થૂલ થતાં નથી પરંતુ માનવ તો બિચારો જિહ્વા લૌલ્યને તેમ જ ખાવાની રીતને લઈને જ સ્થૂલ થાય છે.

અંતમાં પાણી કેમ પીવું તે અંગેનો આચાર્યનો ઉપદેશ જોઈને આપણે આ લઘુ લેખ પૂરો કરીશું. समस्थूलकृशाभोक्ता मध्यान्तप्रथमाम्बुपाः[5] માણસે સમસ્થિતિમાં રહેવું હોય તો ખોરાકની મધ્યમાં પાણી પીવું, સ્થૂલ થવાનો વિચાર હોય તો અંતમાં પાણી પીવું, અને કૃશ થવું હોય તો પહેલાં પાણી પીવું—એમ આચાર્ય વાગ્ભટનો ઉપદેશ છે. આચાર્યો કહે છે કે અતિ પાણી પીવાથી ખોરાક બરોબર પચતો નથી. પાણી બિલકુલ ન પીવાથી પણ તે જ દોષ થાય છે. માટે અગ્નિને વધારવા અને ખોરાકનું સમ્યક્ પાચન થાય માટે માણસે થોડું થોડું પાણી વારંવાર પીવું.[6]

ઘણા માણસોનું માનવું છે અને અનેક ચિકિત્સકો એવી સલાહ આપે છે કે આંતરડારૂપી ગટર-આંત્રપથ સાફ રાખવા માટે અને ઝાડો સૂકાઈ જતો અટકાવવા માટે ખૂબ પાણી પીવું આવકારદાયક છે અને તેથી ઘણા માણસો ખૂબ જ પાણી પીએ છે. પરંતુ ઉપર જણાવ્યું તેમ અતિ જલપાનથી ખોરાક બરોબર પચતો નથી અને અપચો થાય છે. ડૉ. ઈંગલફીંગરના પ્રયોગો અને ઉપદેશ સ્પષ્ટતા આપતા જણાવે છે કે:—અતિ પ્રમાણમાં પાણી લેવાથી તે પુરીષગત પાણીના જથ્થાને વધારતું નથી[7] કારણ કે ઝાડો મોટે ભાગે અનાજ ખાધેલ આહારનો બનેલો

3 When food is ingested rapidly, it is stored more efficiently than when the same food is eaten over a longer period of time.

F. W. Fox—The Enigma of Mass Regulation,
South African Medical Journal,
Page, 290, Feb. 1974.

4 Miller and Mumford confirmed some of these findings in humans, while in 1974 Fabry noted that, obese hersono lost more mass, when the same intake of calories was distributed over five instead of the more usual three meals a day.

F. W. Fox—The Enigma of Mass Regulation,
Page 290, Feb. 16, 1974.

५ अ. हृ. सू., अ. ५/१५.

६ अत्यम्बुपानान्न विपच्यतेऽन्न मनम्बुपानाच्च स एव दोषः ।
तस्मान्नरो वह्निविवर्धनाय मुहुर्मुहुर्वारिपिबेदभूरि ॥

राजमार्तण्ड

7 A large intake of water does not increase the fecal water content ( Ingelfinger )

W. A. Sodeman–Pathologic Physiology,
Page 738, 1961 Edition

હોતો નથી પરંતુ સ્રાવો અને આંત્રગત પેદાશોનો બનેલો હોય છે.[1] એટલે સમ્યક્ પાચન માટે જમ્યા પછી વારંવાર થોડું થોડું પાણી પીવું એ જ યોગ્ય છે.

---

1 The feces consist in large part, not of food ingested, but of secretions and products of internal tract.

W. A. Sodeman Pathologic Physology
Page 738, 1961 Edition


ग्रन्थऋण :

| | | |
|---|---|---|
| ( १ ) | अग्निवेश-संस्कर्ता चरकाचार्य | चरकसंहिता |
| ( २ ) | आचार्य सुश्रुत | सुश्रुतसंहिता |
| ( ३ ) | आचार्य वाग्भट | अष्टाङ्गहृदयम् |
| ( ४ ) | शार्ङ्गधराचार्य | शार्ङ्गधरसंहिता |
| ( ५ ) | राजा भोज | राजमार्तण्ड |
| ( ६ ) | राजेश्वरदत्तमिश्र | स्वस्थवृत्तसमुच्चय: |
| ( 7 ) | F. W. Fox | The Enigma of Mass Regulations in South African Medical Journal, 16 Feb., 1974. |
| ( 8 ) | W. A. Sodeman | Pathologic Physiology, 1961 Edition. |
| ( 9 ) | S. L. Malhotra | Diabetes Mellitus in Indian Male Railway Doctors from South and North of India and Migrants with special reference to causation 'The Journal of the Association of Physicians of India.' Page 669, August. 1973. |
| (10) | Frank J. Hirschbroek | Treatment of Heart failure in Chest and Heart by Myers and Mckinley |
| (11) | Leader | Polyunsaturated Fats and Coronary Heart Disease, The Medical Journal of Australia, Sept. 16, 1972. |
| (12) | Clair Isbister | Mother on the World Health Day, 7 April, 1973 |
| (13) | Derrick B. Jelliffe | Health being at Home World Health Day, 7 April, 1973. |
| (14) | Lema Cooper et al | Nutrition in Health and Disease |
| (15) | Proudfit and Robinson | Normal and Therapeutic Nutrition |
| (16) | Howley and Corden | Art and Science of Nutrition |
| (17) | Mc Lester and Darby | Nutrition and Diet in Health and Disease. |
| (18) | S. Warrick | Peptic Ulceration in. Rhodesian Africans in South African Medical Journal, 16 April, 1972 |
| (19) | C. J. Koster | Outlook for 'Coronary Heart Disease Sanguine or Sombre Correspondence, South African Medical Journal, June 8, 1974' |
| (20) | F. W. Fox | Recommended Daily Allowances of Nutrition, 'Correspondence, South African Medical Journal, 8 June, 1974' |

# ગ્રન્થાવલોકન

**ભાષા, સમાજ અને સાહિત્ય :**—લે. અને પ્ર. યોગેન્દ્ર વ્યાસ, ૨૨, કરુણા સોસાયટી, નવા વાડજ, અમદાવાદ–૧૩; પૃ. ૨૦૬, કિંમત રૂા. ૧૦.

ગુજરાતી વિવેચનમાં નવા નવા અભિગમો આવિષ્કાર પામી રહ્યા છે. વિવેચનમાં મનોવૈજ્ઞાનિક અભિગમની સમજ આપતું 'સાહિત્ય વિવેચનમાં મનોવૈજ્ઞાનિક અભિગમ' નામનું શ્રી. મધુ કોઠારીનું પુસ્તક થોડા સમય પહેલાં જ પ્રકાશિત થયું છે. આ પુસ્તક પછી સાહિત્યમાં ભાષાવૈજ્ઞાનિક અભિગમનો પરિચય આપતું ડૉ. યોગેન્દ્ર વ્યાસનું પુસ્તક 'ભાષા, સમાજ અને સાહિત્ય' એક નવી જ દિશા ઉઘાડતું મહત્ત્વપૂર્ણ પ્રકાશન ગણી શકાય. અલબત્ત પુસ્તકનો વ્યાપ થોડો મોટો છે અને સાહિત્ય સાથેના ભાષાવિજ્ઞાનના સંબંધ ઉપરાંત સમાજ સાથેના ભાષાવિજ્ઞાનના સંબંધને પણ તે સ્પર્શે છે.

પુસ્તકમાં ૧૬ લેખો તથા બે પરિશિષ્ટો મળી કુલ ૧૮ લેખો સંગ્રહાયા છે. આ લેખોને લેખક 'માહિતી લેખો, અભ્યાસ લેખો તથા સંશોધન લેખો' તરીકે ઓળખાવે છે. પ્રારંભના સાત લેખોમાં ભાષાના સ્વરૂપ, ભાષા અને સમાજના સંદર્ભ તથા ભાષાશિક્ષણને લગતી વિચારણા પ્રસ્તુત કરવાનો લેખકનો ઉપક્રમ છે.

પ્રથમ લેખ 'ભાષા'માં 'ભાષા શું છે?' એ પ્રશ્નનો અધરો ઉત્તર મેળવવાની મથામણ લેખકે કરી છે. દૃષ્ટાંતોથી આ શાસ્ત્રીય વિષયને શકય તેટલો અવગમનક્ષમ કરવાનો તેમનો પ્રયત્ન રહ્યો છે. પૃ. ૧૧ પર એક ઉદાહરણ આપી તેઓ સમજાવે છે કે ભાષા એ માત્ર અનુકરણ નથી, પણ સર્જનાત્મક પ્રવૃત્તિ પણ છે. ભાષા બને છે કેવી રીતે? લેખક કહે છે: "જગતના અનુભવોના સમગ્ર સંદર્ભને જે અર્થ કહીએ તો અર્થ સાથે અભિવ્યક્તિ જોડાય છે અને ભાષા બને છે." (પૃ. ૧૩) ભાષાની વ્યવસ્થામાં એક બાજુ ભાષક કઈ રીતે ભાષા હાંસલ કરે છે તેનો અને બીજી બાજુ એ તેને કઈ રીતે પ્રયોજે છે તેનો સમાવેશ કરવો પડવાનો.

બીજા લેખ 'ભાષા-માનવ સંસ્કૃતિની સાથી'માં ભાષા અને સંસ્કૃતિ વચ્ચેનો સંબંધ અનેક દાખલા આપીને તેમણે સમજાવ્યો છે. સામાજિક માન્યતાઓ, વહેમો, ભાવનાઓ અને રૂઢિઓની સાથે શબ્દો કેવી રીતે સંકળાયેલા છે તે 'મૃત્યુ પામ્યા' એ ઉક્તિના ગુજરાતી, હિંદી અને અંગ્રેજી ભાષામાંથી અનેક પર્યાયો આપી તેમણે સમજાવ્યું છે, તો સંસ્કૃતિની અસર ભાષાના માળખા (Structure) પર કેવી પડે છે તે સિંધી ભાષાનાં કેટલાંક ઉદાહરણો આપી સ્પષ્ટ કર્યું છે. જુદી જુદી ભાષાઓમાં એક સરખો અર્થ સૂચવતા લગભગ સમાન શબ્દો મળે છે જેના અભ્યાસ પરથી ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓના પ્રાચીન કાળના સંપર્કનો ખ્યાલ મળી શકે છે. આ બાબત લેખક 'જિંજર' શબ્દનું ઉદાહરણ આપી તે શબ્દ મૂળ દ્રાવિડી ભાષામાંથી ગ્રીક, લેટિન અને અંગ્રેજી ભાષાઓની પ્રદક્ષિણા કરી ફરી પાછો ભારતની વર્તમાન ભાષાઓમાં કેવી રીતે

આવ્યો તે દર્શાવી સમજાવે છે. લેખના ઉત્તરાર્ધમાં દ્રાવિડી, અંગ્રેજી, અરબી-ફારસી વગેરે ભાષાઓના સંખ્યાબંધ શબ્દો ગુજરાતી ભાષામાં કેવા તો આત્મસાત્ થઈ ગયા છે તે ઉદાહરણ સહિત બતાવ્યું છે.

'ભાષાભિવ્યક્તિના પ્રશ્નો' એ ગુજરાતીના અધ્યાપકોના સંઘ સમક્ષ કરેલું પ્રવચન છે. આ પ્રવચનમાં ડૉ. વ્યાસે મુખ્યત્વે બે પ્રશ્નો છણ્યા છે. પ્રથમ તેમણે ભાષાભિવ્યક્તિની એકવાક્યતા કેળવવાનો પ્રશ્ન લઈ તેનું અનૌચિત્ય દર્શાવ્યું છે. તેઓ કહે છેઃ "ભાષાની તાસીર જ એવી છે કે એની સંપૂર્ણ એકવાક્યતા હોઈ શકે જ નહીં, માત્ર બોલચાલમાં જ નહીં પણ લેખનમાં પણ" (પૃ. ૩૩). 'સંપૂર્ણ એકવાક્યતા'ના ખ્યાલનું અનૌચિત્ય દર્શાવી તેઓ ભાષાભિવ્યક્તિનું સામર્થ્ય કેળવવાનો પ્રશ્ન ચર્ચે છે. આ માટે કરેલાં કેટલાંક વ્યવહારુ સૂચનો માત્ર ગુજરાતીના અધ્યાપકોએ જ નહીં પણ શાળા-કૉલેજના બધા જ શિક્ષકોએ વિચારવા જેવાં છે.

'વિશ્વભાષા' લેખમાં કૃત્રિમ વિશ્વભાષા (International language) નિર્માણ કરવાના પ્રયત્નોની વિગતો આપી તેની નિષ્ફળતાનું કારણ આપતાં તેઓ જણાવે છે કે વિશ્વ-ભાષાઓના નિર્માણના આજ સુધીના પ્રયત્નો મુખ્યત્વે યુરોપની ભાષાઓને જ નજર સામે રાખીને થયા છે તેથી બિનયુરોપીય ભાષકોને તે અનુકૂળ ન નીવડે તે સ્વાભાવિક છે. તેઓ કહે છે કે બધી જ ભાષાઓની લાક્ષણિકતાઓ એક જ ભાષામાં સમાવવી તો અશક્ય છે. તેથી સાચા અર્થમાં વિશ્વભાષાનું નિર્માણ અશક્ય છે. ધારો કે આવી વિશ્વભાષા બનાવી શકાય, તોપણ ભાષા-વ્યવહારની ઘનતાના સિદ્ધાંત પ્રમાણે થોડાંક વર્ષોમાં જ અનેક બોલીઓમાં વિભાજિત થઈ જવાની. આમ તાત્ત્વિક રીતે વિશ્વભાષાની કલ્પનાની અશક્યતા બતાવ્યા પછી તેઓ કહે છે કે જે સમસ્યાઓના ઉકેલ માટે આ કલ્પના કરવામાં આવી છે તે સમસ્યાનું કારણ ભાષા નથી. ભાષાકીય સંઘર્ષનાં કારણો તો સ્વાર્થ, ઈર્ષ્યા, મહત્ત્વાકાંક્ષા, વગેરે બિનભાષાકીય જ છે. આવી પરિસ્થિતિમાં 'ભાષાવિજ્ઞાનના અભ્યાસીઓ બહુ બહુ તો ભાષા વિશેનો બૌદ્ધિક-તટસ્થ-સ્વસ્થ દૃષ્ટિકોણ પૂરો પાડી શકે, એથી વધુ કંઈ નહીં.'

'આદિ લેખન અને સાહિત્ય'માં લેખનની શરૂઆત કેવી રીતે થઈ તેની રસપ્રદ વિગતો આપી જગતના પ્રાચીનતમ સાહિત્યનો પરિચય લેખકે કરાવ્યો છે. 'વૉલ્યુમ', 'બુક', 'પુસ્તક', 'ગ્રંથ' જેવા શબ્દોની ઉત્પત્તિની કથા પણ તેમને વિગતવાર આપી છે. સામાન્ય રીતે આપણે 'ઋગ્વેદ'ને દુનિયાનું જૂનામાં જૂનું પુસ્તક માનીએ છીએ પણ ડૉ. વ્યાસ જણાવે છે તેમ 'બુક ઑફ ધ ડેડ' એ આપણને ઉપલબ્ધ જગતનું પ્રાચીનતમ પુસ્તક છે, અને આપણા વેદોની રચના થઈ તેના લગભગ દોઢ હજાર વર્ષ પૂર્વે રચાયું છે પણ લેખકનું નીચેનું કથન મને ચિંત્ય જણાય છે: "ઈ. સ. પૂર્વે બે હજાર વર્ષ પર ભારતમાં વેદો રચાયા અને લગભગ એ જ સમયે ઈરાનમાં અવસ્તા સાહિત્ય રચાયું અને ત્યાર બાદ ચારસો વર્ષે બૌદ્ધ સાહિત્ય રચાયું." (પૃ. ૫૩) આપણે જાણીએ છીએ કે બુદ્ધ ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદીમાં થઈ ગયા. તેમના જન્મ અગાઉ એક હજાર વર્ષ પહેલાં બૌદ્ધ સાહિત્ય કેવી રીતે રચાય?

ઉપરના પાંચ લેખો પછીના બે લેખોમાં તેઓ વ્યાકરણના મુદ્દાને સ્પર્શે છે. 'ગુજરાતી ભાષામાં બહુવચનના પ્રત્યયો લેખમાં બોલાતી ગુજરાતી ભાષાને કેન્દ્રમાં રાખી પૃથક્કરણાત્મક

પદ્ધતિએ એકવચન અને બહુવચનનો ભેદ દર્શાવતા પ્રત્યયો કેવી રીતે લિંગ સાથે સંકળાઈને ચાલે છે તે સોદાહરણ દર્શાવી તેના નિયમનો વિશેનાં વિધાનો તેમણે કર્યાં છે. 'વ્યાકરણનું શિક્ષણ'માં વ્યાકરણના શિક્ષણની વર્તમાન અવદશાનો ખ્યાલ આપી તેની સુધારણા માટે ઉપયોગી વ્યવહારુ સૂચનો તેમણે કર્યાં છે. તેમના મત મુજબ 'વ્યાકરણના અભ્યાસનું પ્રયોજન પ્રાથમિક અને માધ્યમિક શાળાની કક્ષાએ મુખ્યત્વે બૌદ્ધિક વિકાસની તાલીમ આપવા માટેનું અને ઉચ્ચતર શિક્ષણની કક્ષાએ ભાષાશિક્ષણ કે ભાષા સાથે સંકળાયેલ અન્ય વ્યવસાયોમાં પડવા માટેની પૂર્વ-તૈયારીરૂપે ગણાય.' (પૃ. ૬૫)

આ પછીના પાંચ લેખોમાં સાહિત્ય અને વિવેચન સાથેના ભાષાવિજ્ઞાનના સંબંધની સૈદ્ધાંતિક ચર્ચા કરી તેનો પ્રત્યક્ષ વિનિયોગ કરવામાં આવ્યો છે, જે ગુજરાતી વિવેચન ક્ષેત્રે ડૉ. વ્યાસનું વિશિષ્ટ પ્રદાન ગણી શકાય.

'ભાષાવિજ્ઞાન અને સાહિત્ય' એ લેખમાં સાહિત્ય અને ભાષાવિજ્ઞાનને સાંકળવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. સાહિત્યકાર સામાન્ય રીતે રોજબરોજની ભાષાનો ઉપયોગ કરી ઉત્કૃષ્ટ સાહિત્યનું સર્જન કેવી રીતે કરે છે તેનો અભ્યાસ ભાષાવિજ્ઞાન કરી શકે; જોકે આવા અભ્યાસની મર્યાદા પણ છે. લેખક આ મર્યાદાથી વાકેફ પણ છે. જુઓ તેમના શબ્દો : "એક વસ્તુ સ્પષ્ટ છે કે ભાષાવિજ્ઞાન ભાષાનો અભ્યાસ કરે છે છતાં ભાષા જ જેનું માધ્યમ છે તે સાહિત્યની પ્રક્રિયાને વર્ણવી શકતું નથી." (પૃ. ૬૮) ભાષાવિજ્ઞાન સાથે સંકળાયેલી સાહિત્યની ઓરણી તરીકે કામ આવતી સમગ્ર સામગ્રીને નીચે મુજબ ચાર વિભાગોમાં તેઓ વિભાજિત કરે છે : (૧) ભાષાની વિવિધતાપૂર્ણ સંપૂર્ણ સામગ્રીનું વિભાગીકરણ, (૨) ભાષા ઉપયોગના જુદા જુદા થર, (૩) શૈલી, (૪) અવગમનના સામર્થ્યની તપાસ. આ ચારે બાબતોની વિગતવાર ચર્ચા તેમણે કરી છે. સામાન્ય રીતે ભાષાવિજ્ઞાની કૃતિની ભાષાનું વર્ણન કરીને અટકી જાય છે તો વિવેચક માત્ર કૃતિનું મૂલ્યાંકન કરે છે. પરંતુ ડૉ. વ્યાસ સૂચવે છે તેમ 'ખરેખર તો કૃતિની ભાષાના સંપૂર્ણ પૃથક્કરણ અને વર્ણન દ્વારા જ કૃતિનું મૂલ્યાંકન કરવાની પદ્ધતિ વિકસાવી શકાય.'

ઉપર્યુક્ત લેખમાં સાહિત્ય સાથે ભાષાવિજ્ઞાનને સાંકળવાના પ્રયત્ન પછી 'ભાષાવિજ્ઞાન અને સાહિત્યવિવેચન'માં સાહિત્યવિવેચનમાં ભાષાવિજ્ઞાનનો અભ્યાસ કઈ રીતે ઉપકારક થઈ શકે તેની તપાસ તેઓ હાથ ધરે છે. આપણે એમ માનીએ છીએ કે રોજબરોજના વપરાશની ભાષાથી સાહિત્યની ભાષા ભિન્ન છે અને ભાષાવિજ્ઞાન તો રોજબરોજની ભાષાનો જ અભ્યાસ કરે છે તેથી ભાષાવિજ્ઞાનના અભ્યાસક્ષેત્રમાં સાહિત્યની ભાષાનો અભ્યાસ આવી શકે નહીં. એ સાચું છે કે સાહિત્યની ભાષામાં સર્વસ્વીકૃત સરખાપણાથી ઉફરા જવાનું વલણ હોય છે. પરંતુ ડૉ. વ્યાસ કહે છે તેમ 'ભાષાના સર્વસ્વીકૃત સરખાપણાથી માત્ર ઉફરાપણું જ નહીં પરંતુ ભાષાનાં જુદા જુદા સ્તરનાં જે ઘટકતત્ત્વો અને તેમના આંતર સંબંધોની જે ગોઠવણો હોય છે તેની અમુક ખાસ પ્રકારની પસંદગી અને ચોક્કસ પ્રકારનું પુનરાવર્તન સાહિત્યકૃતિની ભાષાને વિશિષ્ટતા અર્પે છે.' (પૃ. ૮૫-૮૬) સાહિત્ય એ ભાષાની કલા હોવાથી સાહિત્યકૃતિના ભાષાપક્ષને તપાસવા માટે અર્થઘટનનો આશ્રય લેવો પડે. લેખક એ તો બરાબર જાણે છે કે સાહિત્યસર્જનની પ્રક્રિયા એટલી બધી આત્મલક્ષી અને રહસ્યમય છે કે માત્ર પૃથક્કરણથી તેને પામવી શક્ય જ નથી. પરંતુ

અર્થઘટનમાં જ્યારે આત્મલક્ષીપણું પ્રવેશે છે ત્યારે તેમાંથી વૈજ્ઞાનિક ચોકસાઈ અને વસ્તુલક્ષી તત્ત્વ ઓસરવા માંડે છે. તેઓ કહે છે તેમ ભાષાવિજ્ઞાનનો અભ્યાસ વિવેચનમાં પ્રવેશતા આત્મલક્ષીપણાના અંશોને ઘણા ઓછા કરવામાં મદદરૂપ થઈ શકે.

ઉપરના બે લેખોમાં કરેલી સૈદ્ધાંતિક ચર્ચાને મૂર્તરૂપ આપવા ડૉ. વ્યાસે કાન્તકૃત ખંડકાવ્ય 'વસંતવિજય'ની સંરચનાની તપાસનો તથા નિરંજન ભગતના કાવ્ય 'ફાઉન્ટનના બસ સ્ટૉપ પર'ની ભાષાના પૃથક્કરણનો નોંધપાત્ર પ્રયાસ કર્યો છે. 'વસંતવિજય'ના Linguistic Structureની તપાસ દ્વારા કવિતાના હાર્દ સુધી પહોંચવાનો ડૉ. વ્યાસનો પ્રયત્ન અલબત્ત પ્રમાણમાં સપાટી પરનો લાગે છે. પશ્ચિમના ભાષાવિજ્ઞાનીઓએ કૃતિના ખંડખંડ કરી તેના સૂક્ષ્મતમ પૃથક્કરણ દ્વારા તેના રહસ્યને ભાષાવૈજ્ઞાનિક દૃષ્ટિએ પામવાના જે સમર્થ પ્રયત્નો કર્યા છે તેની સાથે સરખાવી જોતાં આ પ્રયત્નનું છીછરાપણું સ્વયં સ્પષ્ટ બની રહે છે. કાવ્યમાં છંદ અને કાળ, વર્તમાન–ભૂતકાળ, 'ન'કારનું મહત્ત્વ, વિરામચિહ્નોનો ઉપયોગ, ભાષાની પ્રચ્છન્ન ભાતો( latent patterns in particular )નો ઉપયોગ ઇત્યાદિ તપાસ કર્યા પછી કાન્તની શૈલીમાં કોમળતા અને માધુર્ય કેવી રીતે નિષ્પન્ન થાય છે તેનું પૃથક્કરણ તેમણે કર્યું છે. પરંતુ, જાણે કે કાવ્યના રહસ્યને પહેલેથી સ્વીકારી લઈને પછી તેને સાબિત કરતા પુરાવા લેખક રજૂ કરતા હોય તેવી છાપ ઊભી થાય છે. વાક્ય અન્વય કે પદક્રમ( Syntax )ની તપાસને કેન્દ્રમાં રાખીને 'ફાઉન્ટનના બસ સ્ટોપ પર' કાવ્યના પૃથક્કરણ—અર્થઘટન દ્વારા નિરંજન ભગતની મનઃસ્થિતિ( Mood ) સ્પષ્ટ કરવાનો અને તેમની શૈલીનાં કેટલાંક મહત્ત્વનાં લક્ષણો તારવવાનો તેમનો પ્રયત્ન પણ બહુ ઊંડાણવાળો ન બનતાં શૈલીતપાસ જ બની રહે છે.

આ બે લેખ સાથે જ 'વળામણાંમાં લોકબોલી' એ લેખ પણ જોઈ જઈએ. ડૉ. વ્યાસ કહે છે કે કોઈ પણ સાહિત્યકૃતિમાં પાત્રોએ પ્રયોજેલી ભાષા વાસ્તવની કેટલી નજીક છે તેની ચકાસણી કૃતિમાંનાં પાત્રોને સમજવામાં, કૃતિના લેખકની શૈલીની તપાસમાં અને કૃતિના સમગ્ર સંદર્ભના આસ્વાદમાં ઉપયોગી થઈ શકે. આ દૃષ્ટિએ તેમણે પન્નાલાલની નવલકથા 'વળામણાં'નાં મુખ્ય બે પાત્રો—મનોરદા મુખી અને ઝમકુ—ના ભાષાપ્રયોગોની તપાસ કરી તે દ્વારા લેખકની પાત્રાલેખનની વિશિષ્ટ પદ્ધતિને અને કૃતિની રજૂઆતમાં તેના મહત્ત્વને સમજાવવાનો અભિનવ પ્રયાસ કર્યો છે.

સંગ્રહના છેલ્લા ચાર લેખોમાં ગુજરાતી ભાષાવિજ્ઞાનના ક્ષેત્રે ભિન્ન ભિન્ન વિદ્વાનોએ કરેલા કાર્યનું યથાર્થ મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. 'ગુજરાતીમાં ભાષાવિચાર' એ લેખને સ્થૂળમાને ત્રણ વિભાગમાં વિભાજિત કરી પહેલા વિભાગમાં ગુજરાતી ભાષાના ઇતિહાસને તપાસવાના વ્રજલાલ શાસ્ત્રી, નરસિંહરાવ દિવેટિયા, ડૉ. સાંડેસરા, ડૉ. ભાયાણી વગેરેના પ્રયત્નોની સમીક્ષા તેમણે કરી છે. બીજા વિભાગમાં ગુજરાતીના સ્વરૂપને તપાસવાના કે. કા. શાસ્ત્રી, ડૉ. ટી. એન. દવે, ડૉ. પ્રબોધ પંડિત, ડૉ. ટર્નર, ડૉ. ભાયાણી, ક. પ્રા. ત્રિવેદી, ડૉ. કાર્ડોના વગેરેના પ્રયત્નોનું તટસ્થ રીતે વસ્તુલક્ષી મૂલ્યાંકન કર્યું છે; તો ત્રીજા વિભાગમાં ભાષાના સૈદ્ધાન્તિક અભ્યાસક્ષેત્રે ડૉ. પંડિતના અલ્પ પણ મહત્ત્વપૂર્ણ પ્રદાનને દર્શાવ્યું છે. લેખના અંતમાં તેઓ ઉચિત રીતે જ નોંધે છે: "મોટે ભાગે આપણે ત્યાં ભાષાનો ઐતિહાસિક જ અભ્યાસ જ થયો છે અને તેમાં ય

ઘણુંખરું તો છૂટક શબ્દો અને ધ્વનિપરિવર્તનોનો ઇતિહાસ જ તપાસાયો છે. ભાષાનો વર્ણનાત્મક અને સૈદ્ધાન્તિક અભ્યાસ આપણે ત્યાં પ્રમાણમાં ઓછો થયો છે. ભાષાવિજ્ઞાનનું ક્ષેત્ર પરદેશોમાં અને ભારતના અન્ય પ્રાંતોમાં જે વિકસી રહ્યું છે તે જોતાં આપણે ત્યાં થયેલો અભ્યાસ સાવ પ્રાથમિક જ ગણાય. અભ્યાસીઓને માટે ક્ષેત્ર મોટું છે પણ પડકાર કંઈ નાનો નથી." (પૃ. ૧૪૫)

સ્વ. કે. હ. ધ્રુવ અને સ્વ. કમળાશંકર ત્રિવેદી અંગેના પરિચયાત્મક લેખો પણ આ પુસ્તકમાં સંગ્રહિત થયા છે. પોતાના વૈજ્ઞાનિક ચોકસાઈ માટેના અતિ આગ્રહ પર શકય તેટલો સંયમ રાખી સહૃદયતાપૂર્વક આ બે વિદ્વાનોના પ્રદાનનું ઐતિહાસિક તેમ જ નિરપેક્ષ દૃષ્ટિકોણથી સમુચિત મૂલ્યાંકન તેમણે કર્યું છે. બન્ને ભાષાવિદોના જીવનનો સંક્ષિપ્ત પરિચય આપી, તેમણે સાહિત્યનાં ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં કરેલા પ્રદાનની વિગતો આપી, તેમની મર્યાદાઓ દર્શાવીને પણ તેમની મહત્તા કયાં અને કેટલી છે તે ડૉ. વ્યાસે બતાવ્યું છે; જોકે 'રમણભાઈ ભાષાશાસ્ત્રી' એ લેખમાં તેમની સહૃદયતા ઘણી ઓછી થઈ ગઈ છે અને અપ્રિય સત્ય કથનની તેમની સાહજિક વૃત્તિ પુનઃ ડોકાઈ છે. સ્વ. રમણભાઈના ભાષાશાસ્ત્રવિષયક ચાર-પાંચ લેખોનું ખંડનાત્મક પૃથક્કરણ કર્યા પછી તેઓ નિર્ણય આપે છે: "ભાષાશાસ્ત્રના અભ્યાસને થોડો ય આગળ લઈ જવામાં એમણે કોઈ ફાળો આપ્યો નથી." (પૃ. ૧૧૬)

પુસ્તકમાં છેલ્લે બે પરિશિષ્ટો પણ મૂકયાં છે. પહેલા પરિશિષ્ટમાં અર્થ, અક્ષર, ધ્વનિ, ધ્વનિઘટક (Phoneme), રૂપઘટક (Morpheme), વાક્ય, શ્રુતિચિત્ર (Acoustic Image), સૂર, સ્વરભાર, જેવા ભાષાવિજ્ઞાનના અગત્યના વિભાગો વિશે સંક્ષેપમાં ચોકસાઈપૂર્ણ નોંધ આપી છે જે ભાષાવિજ્ઞાનનો અભ્યાસ કરવા ઇચ્છનાર માટે ખૂબ જ ઉપયોગી છે. બીજા પરિશિષ્ટમાં સંરચનાવાદી ભાષાવિજ્ઞાન(Structural linguistics)ના ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ પ્રદાન કરનાર પાશ્ચાત્ય ભાષાવૈજ્ઞાનિકો–સુસુર, સપીર, બ્લુમફિલ્ડ, ફર્થ, હાસીડે, ચોમ્સ્કી વગેરેના પ્રદાનની ટૂંકમાં સમીક્ષા કરી છે જે વિદેશોમાં આ ક્ષેત્રમાં થયેલા વિકાસનો આછો ખ્યાલ પૂરો પાડે છે.

પુસ્તકનો સમગ્રતયા વિચાર કરતાં ડૉ. વ્યાસની કેટલીક લાક્ષણિકતાઓ આપણા ધ્યાનમાં આવે છે. ઊડીને આંખે વળગે તેવી વિશિષ્ટતા છે વૈજ્ઞાનિક ચોકસાઈ માટેનો અતિ આગ્રહ. ભાષાવિજ્ઞાનને તેઓ એક પ્રકારનું વિજ્ઞાન જ માને છે. તેથી વિજ્ઞાનના જેવી જ ચોકસાઈ અને સ્પષ્ટતાની અપેક્ષા તેઓ રાખે છે. તેથી કંઈક અંશે ગોળગોળ, ઉપરછલ્લાં અને શિથિલ વિધાનો કરતાં (-કહેવાતા) ભાષાવૈજ્ઞાનિકો પ્રત્યે તેમને ભારે અણગમો છે. આ અણગમો પ્રદર્શિત કરવા તેઓ સ્પષ્ટ વક્તૃત્વનો આશરો લે છે. સ્પષ્ટ (અને મોટે ભાગે તો અપ્રિય) કથન કરતાં કોઈને ખોટું લાગશે તેની ચિંતા તેઓ ભાગ્યે જ કરે છે.

"ભાષાશાસ્ત્ર અને ગુજરાતી ભાષા"(૧૯૬૯) પુસ્તકમાં શ્રી. કે. કા. શાસ્ત્રીએ ગુજરાતી ભાષામાં અગિયાર સ્વરો અને ઓગણચાલીસ વ્યંજનોને ધ્વનિઘટકો (Phonemes) ગણાવ્યા છે તે વિશે 'ગુજરાતીમાં ભાષાવિચાર' લેખમાં ટીકા કરતાં ડૉ. વ્યાસ લખે છે: "ગુજરાતી ભાષાના અગિયાર સ્વરો અને ઓગણચાલીસ વ્યંજનો કઈ રીતે અર્થભેદ કરવામાં ઉપયોગી થાય છે તેની સમજ શાસ્ત્રીજીએ આપી નથી—અને એની સમજ આપી શકાય એમ પણ નથી."

( પૃ. ૧૩૫ ). ' રમણભાઈ-ભાષાશાસ્ત્રી ' એ લેખના પ્રારંભમાં ડૉ. બિપિન ઝવેરીનું એક અવતરણ ઉદ્ધૃત કરી તેઓ લખે છે : " આપણે ત્યાં જે જે વિદ્વાનોએ (?) કોઈ પણ સાહિત્યકાર ઉપર પીએચ. ડી. પદવી માટેનો મહાનિબંધ લખ્યો છે તે તે સાહિત્યકાર વિશે તે તે પીએચ. ડી. પદવી-ધારીઓ અંતિમ નિર્ણાયકો મનાયા છે ! " ( પૃ. ૧૫૭ ). આવાં તો સંખ્યાબંધ ઉદાહરણો પુસ્તકમાંથી દર્શાવી શકાય તેમ છે. આ વિશિષ્ટતા જેમ તેમના સ્વભાવની પરિચાયક છે તેમ ભાષાવિજ્ઞાન પ્રત્યેની તેમની નિષ્ઠાની પણ દ્યોતક છે.

મોટા ભાગે પોતાના લેખોમાં અમુક ભાષાવિજ્ઞાની આમ માને છે અને અમુક તેમ એવાં મંતવ્યો દર્શાવી તેના આધારે ખંડનમંડન પરાયણ ચર્ચા કરવા કરતાં પોતાની રીતે જ જે યોગ્ય લાગે તે મુદ્દાસર, વ્યવસ્થિત અને સંક્ષિપ્તમાં તેઓ દર્શાવે છે. અલબત્ત સૈદ્ધાંતિક ચર્ચામાં પાશ્ચાત્ય ભાષાવિજ્ઞાનીઓની વિચારણાનો ઉપયોગ તેમણે અવશ્ય કર્યો છે, પણ તે તેમની રજૂઆતમાં સહજ રીતે સમાવિષ્ટ થઈ જાય છે. તેમના લેખોમાં સાંધા કે થીગડાં દષ્ટિગોચર થશે નહીં. સામાન્ય રીતે તે સુશ્લિષ્ટ આકાર ધારણ કરે છે.

ડૉ. વ્યાસની એક બીજી લાક્ષણિકતા તે શાસ્ત્રીય પરિભાષાને બને તેટલી ઓછી સ્પર્શી સરળ ભાષામાં રજૂઆત કરવાની છે. ખાસ કરીને વ્યાખ્યાનરૂપે લખાયેલા લેખોમાં તો આ લાક્ષણિકતા સ્પષ્ટ રીતે તરી આવે છે. અન્ય લખાણો પણ ભારેખમ બનવામાંથી એકંદરે બચી ગયાં છે. આવા શાસ્ત્રીય વિષયને પણ તેઓ કંટાળાજનક બનવા દેતા નથી એ ( જેમ અધ્યાપક તરીકે તેમ ) લેખક તરીકે તેમની સિદ્ધિ ગણી શકાય.

પુસ્તકનું ફલક એકંદરે વિસ્તૃત છે. ભાષા વિશેનો સામાન્ય વિભાવ, ભાષા અને સંસ્કૃતિનો સંબંધ ભાષાભિવ્યક્તિના પ્રશ્નો, વિશ્વભાષાની કલ્પના, વ્યાકરણ, સાહિત્ય અને વિવેચન સાથેનો ભાષાવિજ્ઞાનનો સંબંધ, ગુજરાતીમાં થયેલો ભાષાવિચાર વગેરે ભાષા અને સાહિત્યના અનેક મુદ્દાઓની સૂક્ષ્મ, સરળ અને ચોકસાઈપૂર્ણ ચર્ચા આપણને પુસ્તકમાંથી સાંપડે છે. આ પ્રકારનું ગુજરાતી ભાષામાં આ પહેલું જ પ્રકાશન છે. ' બોલીવિજ્ઞાન અને ગુજરાતની બોલીઓ 'ના મહત્ત્વપૂર્ણ પ્રકાશન પછી થતું ' ભાષા, સમાજ અને સાહિત્ય 'નું આ વિશિષ્ટ પ્રકાશન ગુજરાતી ભાષાવિજ્ઞાનના ક્ષેત્રે ઉદીયમાન થઈ રહેલ એક નવતર પ્રતિભાનો સંતર્પક પરિચય કરાવે છે.

**પ્રસાદ મૂ. બ્રહ્મભટ્ટ**

* * *

**અપ્પય દીક્ષિત :** કવિ અને આલંકારિક : ગુજરાત યુનિવર્સિટી મહાનિબંધ પ્રકાશન શ્રેણી-૧૨; લેખક : ભગવતીપ્રસાદ દેવશંકર પંડ્યા; પ્ર. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૪; પૃ. ૪૯૬, કિંમત રૂ. ૩૦.

ઈ. સ.ની સોળમી શતાબ્દીના સંસ્કૃતના પ્રકાંડ પંડિત અપ્પય દીક્ષિતની કવિ અને આલંકારિક તરીકેની વિશિષ્ટતાઓનું સચોટ અને વિસ્તૃત સમીક્ષણ કરતો મહાનિબંધ ગુજરાતી

ભાષામાં લખી લેખકે ગુજરાતી સાહિત્યમાં એક સુંદર અને પ્રશંસનીય કૃતિનો ઉમેરો કર્યો છે, તે બદલ લેખક અભિનંદનને પાત્ર બને છે.

પ્રથમ પ્રકરણમાં, લેખકે સંસ્કૃત સાહિત્યના વિવિધ ક્ષેત્રોમાં અપ્પય દીક્ષિતે મેળવેલા ઉત્કૃષ્ટ કોટિના પાંડિત્યનો ખ્યાલ આપી લેખકે તેમના અધ્યયન અને જીવનનો પરિચય આપ્યો છે અને પં. સુબ્રહ્મણ્ય શાસ્ત્રી અને શિવાનન્દ યોગી વગેરે વિદ્વાનોએ રચેલા ગ્રન્થોના આધારે અપ્પય દીક્ષિત નામધારી અનેક અપ્પય દીક્ષિતોનો સંક્ષિપ્ત પરિચય આપી આપણા અપ્પય દીક્ષિતનું તેમનાથી ભિન્નત્વ સિદ્ધ કર્યું છે.

બીજા પ્રકરણમાં અપ્પય દીક્ષિતના સમય અંગે વિચારણા કરતાં લેખકે પ્રાચીન અને અર્વાચીન વિદ્વાનોના અભિપ્રાયોની સુંદર સમીક્ષા કરી છે અને અપ્પય દીક્ષિતના વંશજ શ્રી મહાલિંગ શાસ્ત્રીના અભિપ્રાયને અનુસરી દીક્ષિતનો સમય ઈ. સ. ૧૫૨૦થી ૧૫૯૩ નો સ્વીકાર્યો છે અને પોતાની સારાસારગ્રાહી સમીક્ષક બુદ્ધિની પ્રતીતિ કરાવી છે.

ત્રીજા પ્રકરણમાં અપ્પય દીક્ષિત અને પંડિતરાજ જગન્નાથ બન્ને સમકાલીન નથી એ વસ્તુનું સમર્થન કર્યું છે. ચોથા પ્રકરણમાં પ્રસિદ્ધ ગ્રંથ સૂચિઓના આધારે દીક્ષિતરચિત વિવિધ વિષયક કૃતિઓથી આપણને પરિચિત કર્યા છે અને પાંચમા પ્રકરણમાં સ્તોત્રસાહિત્યના ઐતિહાસિક ક્રમિક વિકાસની રૂપરેખા આપી અપ્પય દીક્ષિત-રચિત ૧૬ ઉત્કૃષ્ટ કૃતિઓનું વર્ણ્યવિષય અને રસ, ગુણ, અલંકાર વગેરેની દૃષ્ટિએ વિગતવાર વર્ણન આપ્યું છે. છઠ્ઠા પ્રકરણમાં અપ્પય દીક્ષિતની કમનીય કવિત્વ શક્તિ, વર્ણનકલા, કલ્પનાસૃષ્ટિ, રસિકતા, વિવિધ શાસ્ત્રોની વિદ્વત્તા અને અપ્રસિદ્ધ માત્રામેળ અને અક્ષરમેળ છંદો ઉપરની પકડ વગેરેની સુંદર ઝાંખી કરાવી લેખકે દીક્ષિતને શાસ્ત્રી તરીકે વર્ણવ્યા છે.

'અપ્પય દીક્ષિતના અલંકારગ્રન્થો' નામના સાતમા પ્રકરણમાં લેખકે અપ્પય દીક્ષિતના વૃત્તિવાર્તિક, ચિત્રમીમાંસા અને કુવલયાનન્દ નામના ત્રણે ગ્રન્થોના વર્ણ્યવિષયોનો વિગતવાર અભ્યાસ કર્યો છે. પ્રત્યેક વર્ણ્યવિષયની તુલનાત્મક અને સમીક્ષાત્મક છણાવટ કરી છે અને સ્થળે સ્થળે દીક્ષિતજીના મૌલિક ચિન્તનોનું સ્પષ્ટ અને સચોટ નિરૂપણ કર્યું છે તેમ જ તે દ્વારા અપ્પય દીક્ષિતના પ્રગાઢ પાંડિત્યનો, તેમની લોકોત્તર પ્રતિભા અને માર્મિક ચિન્તનનો અને તેમના નિર્ભીક વિવેચકત્વનો સુંદર પરિચય આપ્યો છે.

આઠમા પ્રકરણમાં ભામહથી અલંકાર કૌસ્તુભના લેખક વિશ્વેશ્વર સુધીના તમામ આલંકારિકોનું વૈશિષ્ટ્ય જણાવતાં લેખકે ધ્વનિમાર્ગના પ્રાધાન્યને લીધે ક્ષીણ થતી જતી અલંકાર શાખાને પલ્લવિત કરવાના કાર્યમાં કયા આલંકારિકે કેટલો વિશિષ્ટ ફાળો આપ્યો છે, કોણે કેટલે અંશે અલંકારને કાવ્યનો જીવાતુભૂત માન્યો છે, અલંકારોની અભિવૃદ્ધિમાં નવીનોએ કેવું વલણ અપનાવ્યું છે અને દીક્ષિતજીથી અત્યંત પ્રભાવિત થયેલા આલંકારિકો ઉપર તેમનો કેવો પ્રભાવ પડ્યો છે વગેરે બાબતો ઉપર સુંદર પ્રકાશ ફેંક્યો છે.

અપ્પય દીક્ષિતનું અલંકારશાસ્ત્રમાં પ્રદાન, તેમના નવા અલંકારો અને અલંકારિક તરીકે તેમનું સ્થાન એ નામના નવમા પ્રકરણમાં લેખકે દીક્ષિતજી પોતાની સ્વતંત્ર મૌલિક પ્રતિભાના બળે ખંડનમંડનાત્મક શૈલીથી સમાલોચના કરતાં નવું શું રજૂ કરે છે તે તેમ જ ધ્વનિવિરોધી

આલંકારિક તરીકે તેમનો શો ફાળો છે તે સ્પષ્ટ કર્યું છે. દીક્ષિતજીએ સ્વીકારેલા નવા ૧૭ અલંકારોની બાબતમાં અલંકાર કૌસ્તુભના લેખક આચાર્ય વિશ્વેશ્વરના શબ્દોમાં કહીએ તો ઉક્તિ વૈચિત્ર્ય કે કલ્પના વૈચિત્ર્યને લીધે ઉત્પન્ન થતા વિચ્છિત્તિ વિશેષથી અનેક અલંકારો થઈ શકે; અલંકારોની સંખ્યાની અનન્તતાથી ડરવાની જરૂર નથી. રૂય્યક, દંડી, જયદેવ અને કુવલયાનંદના ટીકાકાર વૈદ્યનાથ આ જ મતના છે. પ્રધાન વ્યંગ્યને પણ અલંકારવાદીઓ અલંકાર માનીને અલંકારવર્ગમાં સમાવેશ કરવા લાગ્યા હતા. કુવલયાનંદકાર દીક્ષિતજીએ પણ ધ્વન્યાલોકકારે પ્રધાન ધ્વનિ તરીકે ઉલ્લેખેલો શ્લોક વ્યાજોક્તિ અલંકારના ઉદાહરણ તરીકે સ્વીકારેલો છે જ. પંડિતરાજ જગન્નાથ, વિશ્વેશ્વર અને નાગેશે દીક્ષિતના અમુક અલંકારોનો કેટલાક અલંકારોમાં અન્તર્ભાવ કરી બતાવ્યો છે છતાં વિદ્વાન લેખકે અલંકાર ચંદ્રિકાકાર વૈદ્યનાથને અનુસરીને દીક્ષિતજીના નવા અલંકારોનું સમર્થન કર્યું છે તે ઉચિત જ છે. આ દષ્ટિએ અલંકાર સંપ્રદાયનું પુનરુજ્જીવન કરનાર વિદ્વાનોમાં દીક્ષિતજી મહત્ત્વનું સ્થાન ધરાવે છે એવો લેખકનો દાવો સર્વથા યથાર્થ છે.

અલંકારશાસ્ત્રના મહાન જ્યોતિર્ધર દીક્ષિતજીના વ્યક્તિત્વને અને વૃત્તિવાર્તિક, ચિત્રમીમાંસા અને કુવલયાનંદના હાર્દને સમજવામાં અલંકારશાસ્ત્રના રસિકો માટે આ ગ્રંથ ઘણો જ ઉપકારક બને તેવો છે. ગ્રંથના અન્તે આપવામાં આવેલી પુરવણીઓ અને સંદર્ભસૂચિ તેમ જ પાદટિપ્પણમાં આપેલાં અવતરણો આ ગ્રંથની ઉપયોગિતામાં ઘણો જ વધારો કરે છે. વિષયનિરૂપણ સ્પષ્ટ અને સુગમ છે.

આ સમગ્ર મહાનિબંધમાં દીક્ષિતજીને કવિ અને આલંકારિક તરીકે ઓળખાવવામાં લેખકનું વ્યાકરણ, વેદાન્ત, સાહિત્ય અને મીમાંસાશાસ્ત્રનું તલસ્પર્શી અધ્યયન અને પાંડિત્ય, સમન્વયગ્રાહી દૃષ્ટિ અને પ્રૌઢિ તેમ જ અથાક પરિશ્રમ અને માર્મિક વિવેચક બુદ્ધિ સ્થળે સ્થળે અભિવ્યક્ત થાય છે એ નિઃશંક છે.

દીક્ષિતજીએ પોતાના વૃત્તિવાર્તિકમાં આપેલા અભિધાના લક્ષણનો પંડિતરાજ જગન્નાથે કરેલો તર્કશુદ્ધ ખંડનનો લેખકે કરેલો નિરાસ ખરેખર ચિન્ત્ય છે. અભિધાથી બીજી કોઈ શક્તિ હોય તેવું કોઈ પ્રમાણ નથી. તૃતીયા વિભક્તિનો અભેદ અર્થ માની નાગેશ ભટ્ટે કરેલું દીક્ષિતના મતનું સમર્થન વધુ ઉચિત લાગે છે. વિદ્વાન લેખકે પોતાના ગ્રંથના પરિશિષ્ટ ૫માં પ્રો. રા. બ. આઠવલેરચિત 'રસગંગાધરની ભૂમિકા'નો નિર્દેશ સંદર્ભસૂચિમાં કર્યો છે. 'રસગંગાધરની ભૂમિકા'માં વિદ્વાન લેખકના માર્ગદર્શક ગુરુવર્ય પ્રો. રા. બ. આઠવલેએ દીક્ષિતને પંડિતરાજ જગન્નાથના જ્યેષ્ઠ સમકાલીન તરીકે સ્વીકાર્યા છે. છતાં લેખકે આ ગ્રંથમાં તે અંગે મૌન સેવ્યું છે તે સ્પષ્ટ છે. વસ્તુતઃ પ્રો. આઠવલેએ પ્રમાણભૂત તરીકે સ્વીકારેલા 'સંપ્રદાય કલ્પદ્રુમ'ની પ્રામાણિકતા સર્વસ્વીકૃત ન બને ત્યાં સુધી અપ્પય દીક્ષિત અને પંડિતરાજ જગન્નાથની સમકાલીનતા વિચારણીય બની રહે છે.

અલંકારશાસ્ત્રના અભ્યાસીઓને આ ગ્રંથ વાંચવાની હું ભલામણ કરું છું અને ગુજરાત યુનિવર્સિટીના અધિકારીઓને આ સુંદર પ્રકાશન બદલ હું ધન્યવાદ આપું છું.

**હરિપ્રસાદ છ. મહેતા**

* * *

**"પ્રીહિસ્ટ્રી એન્ડ પ્રોટોહિસ્ટ્રી ઑફ ઇન્ડિયા એન્ડ પાકિસ્તાન":—**લે.: ડૉ. હસમુખલાલ ધી. સાંકળિયા, પ્ર. ડેક્કન કૉલેજ, પૂના-૬, પૃ. ૫૯૨+૨૩, કિંમત રૂા. ૧૨૦.

વહીવટી જવાબદારીઓ, સંશોધન, અભ્યાસ અને વ્યાખ્યાનમાળાઓ માટે દેશવિદેશના પ્રવાસો, અનેક પ્રકારની સભાઓ અને અનેક પીએચ. ડી.ના વિદ્યાર્થીઓની જવાબદારીથી ઘેરાયેલા ડેક્કન કૉલેજ, પૂનાના આજીવન પ્રોફેસર ડૉ. હ. ધી. સાંકળિયાનું પુસ્તક "Prehistory and Protohistory of India and Pakistan" બહાર પડી ચૂક્યું છે. ૧૯૬૨માં બહાર પડેલા "Prehistory and Protohistory in India and Pakistan"ની આ પુનઃ આવૃત્તિ છે. નવી આવૃત્તિમાં છેલ્લા બાર વર્ષમાં ભારતીય ઉપખંડમાં થયેલ સમગ્ર સંશોધન-પુરાવાઓની ચર્ચાને આવરી લેવામાં આવી છે. ભારતીય પુરાવસ્તુવિદ્યાની અનેક સમસ્યાઓની ચર્ચામાં યુરોપ, આફ્રિકા અને એશિયાના પુરાવાઓની વિસ્તૃતપણે સરખામણી અને ચર્ચા કરવામાં આવી છે. ઘણાં કાર્યોના ભારણ નીચે દબાયેલા પ્રો. સાંકળિયા આટલાં બધાં સંશોધનો અને અભ્યાસપ્રવાસો સહિત અભ્યાસ કરી શક્યા છે તે તેમનો પુરાતત્ત્વવિદ્યા પ્રત્યેનો અનન્ય પ્રેમ, વિષય પ્રત્યેની નિષ્ઠા, બહોળો અભ્યાસ, વિષય પરની તેમની અસાધારણ પકડ અને ઊંડી કાર્યદક્ષતા સૂચવે છે, કારણ કે "upto date research"ના સતત પરિચયમાં રહેવું અને તેની ચર્ચા-ચકાસણીઓ કરવી વગેરે ઘણી મુશ્કેલ બાબતો હોય છે.

જૂના ભારતીય પુરાતત્ત્વશાસ્ત્ર સર્વેક્ષણના અહેવાલોની યાદ અપાવતા આ પુસ્તકમાં સંદર્ભગ્રંથસૂચિને બાદ કરતાં કુલે ૫૬૭ પાનાં છે. પ્રાગ્ ઈતિહાસ અને આદ્ય ઇતિહાસનાં સંસ્કૃતિદર્શક પથ્થરનાં ઓજારો-હથિયારો, નદીઓના ખંડ (River sections), ટીંબાઓ, માટીનાં વાસણો, મકાનોના નકશાઓ અને અન્ય સાંસ્કૃતિક પાસાંઓને આવરી લેતાં કુલે ૩૬૧ (૨૪૭+૧૧૪) ચિત્રો છે. પુસ્તકમાં ઉપયોગી માહિતીઓ આપતા ત્રીસ કરતાં પણ વધુ તો નકશાઓ છે!

કુલે પાંચ પરિશિષ્ટમાં પહેલું અને બીજું પરિશિષ્ટ ઘણી ઉપયોગી માહિતીઓ રજૂ કરે છે. ડૉ. મુઘલ રફીકના તાજેતરના બધા જ સંશોધન-પુરાવાઓને સમાવી લેવામાં આવ્યા છે.

પુસ્તકની કીમત તેમાં વપરાયેલી સાધન-સામગ્રી અને અન્ય વિગતો જોતાં એકદમ નીચી રાખવામાં આવી છે. આની પાછળ પ્રો. સાંકળિયાનો ઉદાર હેતુ તુરત સમજાઈ આવે છે.

પુસ્તકના આમુખ(Introduction)માં તેમણે થોડી અગત્યની સમસ્યાઓની ચર્ચા કરી છે. ભારતની ભૌગોલિક સ્થિતિને લક્ષમાં લઈને સાંસ્કૃતિક પ્રવાહો માટે તેના વિભાગો કેવા અનુકૂળ છે તે તેમણે સમજાવ્યું છે. ગુજરાત, રાજસ્થાન જેવા પ્રદેશો સ્વ. ડૉ. સુબ્બારાવના મતે "Isolated region" છે.[૧] પુરાવાઓની ચકાસણી પછી તેમણે જણાવ્યું છે કે, આ પ્રદેશો "Cal-de Sac" પ્રદેશો નથી, પરંતુ સમગ્ર વિશાળ દરિયાકિનારાને લઈને આ

૧ સુબ્બારાવ બી, ૧૯૫૬, ધી પર્સનાલિટી ઑફ ઇન્ડિયા, પાનાં ૬-૧૧, બરોડા.

પ્રદેશોમાં સમુદ્રરસ્તે સંસ્કૃતિનાં અનેક વહેણો વહ્યાં છે. લેખિકાના સૌરાષ્ટ્ર ઉપરના સંશોધન-અભ્યાસથી પણ પ્રો. સાંકળિયાના મતને ટેકો મળે છે.

ભારતીય પ્રથાઓ અને સમસ્યાઓને લક્ષમાં લઈને તેમણે પ્રાગ્ ઇતિહાસ અને આદ્ય ઇતિહાસની આગવી વ્યાખ્યા કહી છે; જોકે યુરોપના અમુક વિદ્વાનો, પ્રાગ્ ઇતિહાસના આવા વિભાગો સ્વીકારતા નથી. પરંતુ ભારતીય ઉપખંડના પુરાતત્ત્વશાસ્ત્રની સમસ્યાઓને સમજતા પ્રો. સાંકળિયાએ આપેલી વ્યાખ્યાઓ-વિભાગો સચોટ છે એટલું જ નહીં પણ યોગ્ય અને જરૂરી પણ છે.

પુરાતત્ત્વશાસ્ત્રના પ્રશ્નો, વિષયની જરૂરિયાત ઇત્યાદિને અહીં સંક્ષિપ્તમાં સમજાવવાનો સફળ પ્રયત્ન કરવામાં આવ્યો છે. અહીં તે અભ્યાસમાં ઉત્ખનનો, સંશોધન-પ્રવાસો, પુરાતત્ત્વ-શાસ્ત્રનો ઇતિહાસ, ભાવિ પ્રશ્નો અને અન્ય નિષ્ણાતોના જ્ઞાનની મદદ ઇત્યાદિની ચર્ચા કરી છે. આજના તબક્કે પુરાતત્ત્વશાસ્ત્ર માત્ર ઉત્ખનન કે પુરાવાઓ એકત્ર કરવાનો વિષય નથી રહ્યો, કે સંગ્રહાલયો માત્ર સંગ્રહાલયો જ નથી રહ્યાં. માનવજીવનને સ્પર્શતા દરેક પુરાવાઓ અને સંજોગોનો અભ્યાસ તે તે વિષયના નિષ્ણાત દ્વારા કરવાની તેમને હિમાયત કરી છે. અંગ્રેજીમાં આને "Multidisciplinary approach to the Subject" કહેવામાં આવે છે. આ અભ્યાસમાં પ્રો. સાંકળિયા કેન્દ્રસ્થાને માનવઇતિહાસના અભ્યાસનું મહત્ત્વ દર્શાવે છેઃ "Prehistoric archaeology has no longer remained a simple collection of antiquities nor a study and clarification of artifacts of the past. Whether a person is an archaeologist or anthropologist or geologist, or culture-historian, ultimately it is the human-history to which has to dim at in interpreting the artifact (પાન ૧૧-૧૨). નૂતન પુરાતત્ત્વશાસ્ત્રની ચર્ચામાં તેઓએ યોગ્ય જ કહ્યું છે કે મ્યૂઝિયમો માત્ર "Collection places" રહેવાં જોઈએ નહીં, પરંતુ "Study Centres" હોવાં જોઈએ. વિદેશોમાં મ્યૂઝિયમોમાં નિષ્ણાત વિદ્વાનો રાખવામાં આવે છે તેની કીમત એક સંશોધન-ગ્રંથાલય કરતાં પણ વિશેષ હોય છે. આ વિષયને યોગ્ય અને તાત્કાલિક ન્યાય આપવા માટે તેઓ યુનિવર્સિટીઓ, મ્યૂઝિયમો તથા કેન્દ્ર અને રાજ્યનાં પુરાતત્ત્વ ખાતાઓનાં સંશોધનમાં સહકાર અને સહપ્રયાસોની આવશ્યકતા ઉપર ખાસ ભાર મૂકે છે. આ બધી ચર્ચાઓ પછી તેઓ પોતાનો ભૂતકાળ જાણવા પ્રત્યેની ભારતીય પ્રજાની ઉદાસીનતાની નોંધ લેવાનું ભૂલતા નથી.

આમુખના અંતે આવેલું ચાર યુગો (Four Ages)નું સમયપત્રક પછીનાં પ્રકરણો વાંચવામાં માર્ગદર્શક નીવડે છે.

પુસ્તકનો ગર્ભ (Core) તેના બે થી ૭ પ્રકરણો (પાના ૧૪૩-૫૬૭) છે. આમાંનાં પ્રથમ ત્રણ પ્રકરણો પ્રાગ્ ઇતિહાસના પાષાણયુગને સ્પર્શે છે. પાષાણયુગના સમગ્ર વિભાગો માત્ર ઓજારો અને તેની બનાવટને લક્ષમાં લઈને નહીં પરંતુ તે યુગના માનવનું અર્થતંત્ર વાતાવરણ "Ecology" અને અન્ય વિગતોને લક્ષમાં લઈને પાડવામાં આવ્યા છે. આ ચર્ચા પ્રકરણ

પહેલું—આદિ પાષાણયુગ (Lower Palaeolithic Culture), પ્રકરણ બીજું—મધ્ય પાષાણયુગ (Middle Palaeolithic Culture) અને ઉપલો પાષાણયુગ (Upper Palaeolithic Culture) પ્રમાણે કરવામાં આવી છે. ત્રણે યુગોના અભ્યાસમાં તેમણે ઓજારો, હથિયારો તથા નદીઓના ખંડો( River Sections )નો છૂટથી ઉપયોગ કર્યો છે. આથી ચર્ચા વિશેષ સરળ બની છે. સરળતાને ખાતર ઉપખંડનો અભ્યાસ રાજ્યવાર દર્શાવવામાં આવ્યો છે તે યોગ્ય છે. પાષાણયુગોની વ્યાખ્યાઓ, વિસ્તૃત ચર્ચાઓ અને તારણમાં વિદ્વાન લેખકે જગતના પાષાણયુગોના પુરાવાઓની પણ ચર્ચા અને સરખામણી કરી છે. આ સરખામણીમાં ભારત અન્ય દેશો કરતાં કયાં અને કેવી રીતે જુદો પડે છે તે ખાસ સમજાવવામાં આવ્યું છે. આ રજૂઆતમાં લેખકની પ્રાગ્ ઇતિહાસ ઉપરની પકડ, તેનો ઊંડો અને તલસ્પર્શી અભ્યાસ સ્પષ્ટ વરતાઈ આવે છે; જોકે કહેવાની ભાગ્યે જ જરૂર છે કે પ્રો. સાંકળિયા જગતના પ્રાગ્ ઇતિહાસના એક ખ્યાતનામ નિષ્ણાત પુરાતત્ત્વવિદ છે.

આદિ પાષાણયુગો અને નૂતન પાષાણયુગ તથા તામ્ર પાષાણયુગના ગાળાને જોડતો ગાળો "Mesolithic Culture" કહેવાય છે. આ સમયમાં વાતાવરણમાં ફેરફાર થાય છે તેની અસર માનવજીવનનાં સમગ્ર પાસાં ઉપર માલૂમ પડે છે. અહીં હવે પ્રાગ્ ઐતિહાસિક માનવનું અર્થતંત્ર, ઓજારો, હથિયારો જીવનપદ્ધતિ બદલાય છે. આ ગાળાની ચર્ચા તેમણે ચોથા પ્રકરણમાં કરેલી છે. ભારતમાં આ ગાળો કેટલા અંશે માલૂમ પડ્યો છે તેની વિગત તેઓ યુરોપના પુરાવાઓ સાથે ભારતીય ઉપખંડના પુરાવાઓની તુલના કરીને જણાવે છે.

ભારતમાં નૂતન પાષાણયુગ (Neolithic Culture) અને તામ્ર પાષાણયુગ (Chalcolithic Cultures and Bronze Age)ની સમસ્યા ઘણી મોટી છે. આ તબક્કાઓ ક્યારે શરૂ થયા કે ક્યારે પૂરા થયા તેની ચોક્કસ ભેદરેખા દોરી શકાતી નથી. ખાસ કરીને દક્ષિણ ભારતની આ સમસ્યા સમજવી ઘણી મુશ્કેલ છે. પ્રો. સાંકળિયાએ મળી આવેલ દરેક પુરાવશેષીય પુરાવાની અહીં પ્રકરણ પાંચમામાં યોગ્ય વિદ્વત્તાપૂર્વક ચર્ચા કરી છે.

તેની લાક્ષણિકતા, મહત્ત્વ અને સમસ્યાઓને લઈને આદ્ય હડપ્પીય સંસ્કૃતિ (Pre-Harappan Culture) અને હડપ્પીય સંસ્કૃતિએ (Harappan Culture or Indus Valley Civilization) પુરાવિદોમાં સંશોધનના ક્ષેત્રે એક આકર્ષણ ઊભું કર્યું છે. પ્રો. સાંકળિયાએ ઉપર્યુક્ત સંસ્કૃતિઓની સમસ્યાઓ સહિત ભારતની અન્ય તામ્ર પાષાણયુગની સમસ્યાઓની અહીં પાંચમા પ્રકરણમાં વિસ્તારથી ચર્ચા કરી છે. સમગ્ર પુરાવાઓની ચર્ચા કરતાં તેઓ જણાવે છે કે, ભારતમાં જે પ્રથમ શહેરીકરણ (Urbanization) થયું તેનું મૂળ (કે પ્રેરણાસ્થાન) પશ્ચિમ એશિયામાં છે. તેમાં બલુચિસ્તાને અગત્યનો ભાગ ભજવ્યો છે. "Thus in every way Baluchistan has proved to be a corridor for migration of cultures from West Asia and Iran to the Indian subcontinent." (પા. ૩૨૯)

આદ્ય હડપ્પીય અને હડપ્પીય સંસ્કૃતિઓની ચર્ચા ડૉ. અગ્રવાલે પણ કરી છે. તેઓ આ સંસ્કૃતિઓના મૂળના પ્રશ્ને પ્રો. સાંકળિયા સાથે સહમત થાય છે, પરંતુ બધા પુરાવશેષીય

પુરાવાઓની ચર્ચા કરીને તથા રેડિયો કાર્બન–૧૪ની તપાસ પછી તેઓ એવા તારણુ ઉપર આવ્યા છે કે, કહેવાતાં અમુક આદ્ય હડપ્પીય સ્થળો હડપ્પીય સંસ્કૃતિનાં સમકાલીન છે,[૨] જોકે તેમના તારણુનો મોટો આધાર રેડિયો કાર્બન–૧૪ની પદ્ધતિ ઉપર આધારિત છે. ડૉ. રફીક મુઘલ પાકિસ્તાનના એક અગ્રગણ્ય પુરાવિદ છે. તેમણે તાજેતરમાં પાકિસ્તાનમાં ઘણાં સંશોધનો કર્યાં છે. તેઓ અભ્યાસ પછી જણાવે છે કે શહેરીકરણુની પ્રક્રિયા આદ્ય હડપ્પીય સમયથી શરૂ થઈ હતી: "Hence he concludes that a widespread cultural phenomenon had started before the Indus Civilization." (પા. ૩૩૧) મુઘુલના મતે "Kot Dijian occupation was widespread throughout the greater Indus Valley and in the Valleys of northern and central Baluchistan;"[૩] જોકે આ સમસ્યા ઉપર વિશેષ સંશોધનને અવકાશ છે અને તેનો આધુનિક પદ્ધતિથી અભ્યાસ થઈ રહ્યો છે.

સિંધુ સંસ્કૃતિનાં અનેક સ્થળોની અને સમસ્યાઓની વિદ્વાન લેખકે અહીં બધાજ પુરાવાઓને ચકાસીને ચર્ચાઓ કરી છે. આમાં આ સંસ્કૃતિનું મૂળ, કાળ, ફેલાવો અને અંત મુખ્ય છે.

આ સંસ્કૃતિની કાળગણુના વિષે હવે મતભેદ ઊભો થયો છે. મોહેં-જો-દડોના ઉત્ખનનકર્તા જ્હૉન માર્શલે પુરાવશેષીય પુરાવાઓના અધારે તેનો સમય ઈ. સ. પૂ. ૩૨૫૦ થી ઈ.સ.પૂ. ૨૭૫૦ ગણેલો.[૪] પછી તેને ઈ.સ.પૂ. ૨૮૦૦ થી ઈ.સ.પૂ. ૨૨૦૦માં મૂકવામાં આવેલો. આ પછી સર મોર્ટીમર વ્હીલરે પુરાવાઓના આધારે તેનો સમય ઈ.સ.પૂ. ૨૫૦૦ થી ઈ.સ. પૂ. ૧૫૦૦ નો મૂક્યો.[૫] રેડિયોકાર્બન–૧૪ની પદ્ધતિ અસ્તિત્વમાં આવતાં, અગ્રવાલે તપાસેલા પુરાવાઓના આધારે તેનો સમય ઇ.સ.પૂ. ૨૩૫૦ થી ઈ.સ.પૂ. ૧૭૫૦નો ગણવામાં આવ્યો.[૬]

---

૨ અગ્રવાલ ડી. પી., ૧૯૭૧, ધી કૉપર બ્રાન્ઝ એજ ઇન ઇન્ડિયા, પાનાં ૬૪-૯૭, નવી દિલ્હી તથા અગ્રવાલ ડી. પી., કુસુમગર શીલા—૧૯૭૪, પ્રિહીસ્ટોરિક ક્રોનોલોજી ઍન્ડ રેડિયો કાર્બન ડેટીંગ ઇન ઇન્ડિયા, પાના ૭૬-૧૦૪, નવી દિલ્હી.

૩ મુઘલ, રફીક એમ., પ્રેઝન્ટ સ્ટેટ ઑફ રીસર્ચ ઓન ધી ઇન્ડસ વેલી સિવિલિઝેશન, ઇન્ટરનેશનલ, સિમ્પોઝિયમ ઑન મોહેં-જોન્દડો, પાનાં ૧૨-૧૫ કરાંચી, (સાંકળિયા, પાદટીપ, પાનું ૩૩૧માંથી).

૪ સર જ્હૉન માર્શલ, ૧૯૩૧, મોહેં-જો-દડો ઍન્ડ ધી ઇન્ડસ સિવિલિઝેશન, વૉલ્યુમ ૧, પાનાં ૧૦૨–૧૧૨, લંડન.

૫ સર મોર્ટીમર વ્હીલર, ૧૯૬૮, ધી ઇન્ડસ સિવિલિઝેશન, ત્રીજી આવૃત્તિ, ઑકસફર્ડ.

૬ અગ્રવાલ ડી. પી., ૧૯૭૧; એજન, પાનાં ૯૧–૯૬; અગ્રવાલ, ડી. પી. તથા કુસુમગર શીલા, ૧૯૭૪, એજન. તથા બ્રીજિટ ઍન્ડ રેમન્ડ અલ્ચીન્સ, ૧૯૬૮. ધી બર્થ ઑફ ઇન્ડિયન સિવિલિઝેશન, હરમન્ડસ્વર્થ.

હવે રેડિયોકાર્બન-૧૪ની પદ્ધતિનાં પરિણામોમાં શંકા વ્યક્ત કરવામાં આવી છે. અનેક વિદ્વાનોએ તેને ફરીને ચકાસવાની માગણી કરી છે.[૭]

સમગ્ર સિંધુ સંસ્કૃતિની ચર્ચા કરતાં, પ્રો. સાંકળિયાએ બધા જ પુરાવાઓ તપાસ્યા છે અને તેઓ મલ્લોવન, સર વ્હીલર, કારલોવસ્કી, ડૉ. મુઘલ તથા અન્ય વિદ્વાનો સામે સહમત થાય છે. તેઓ આ સંસ્કૃતિના સમયને " update કરવાની તરફેણમાં છે. " The beginnings of the Indus Civilization must be placed around 3000 B.C. as Marshall had originally suggested and its mature phase having contact with Iran and Mesopotamia about 2500 B.C. at least; " (પા. ૩૯૧).

જોકે રેડિયોકાર્બન પદ્ધતિની ઉપયોગિતા અને પરિણામ દર્શાવી પ્રો. અગ્રવાલ હજુ પણ સમગ્ર સંસ્કૃતિનો સમય ઈ. પૂ. ૨૩૫૦ થી ઈ. સ. પૂ. ૧૭૫૦નો મૂકે છે.[૮] મોહેં-જો-દડો માટે તે ઈ. સ. પૂ. ૨૩૦૦ થી ઈ. સ. પૂ. ૨૦૦૦નો અને "Peripheral Region" માટે ઈ. સ. પૂ. ૨૨૦૦ થી ઈ. સ. પૂ. ૧૭૫૦નો ગણે છે. મોહેં-જો-દડોનાં નીચેનાં થરોનું ઉત્ખનન થઈ શકતું નથી. જે તપાસ થઈ છે તે ઉપરના થરોના નમૂનાઓની છે. આથી મોહે-જો-દડોની કાળગણના " Update " થવાની પૂરી શકયતા છે. મોહેં-જો-દડો જેવા શહેર માટે તથા આ સંસ્કૃતિ માટે પ્રો. અગ્રવાલે દર્શાવેલો સમયગાળો ઘણો ટૂંકો લાગે છે.

સિંધુ સંસ્કૃતિના અંત માટે પણ અનેક કારણો ધારવામાં આવ્યાં છે. આમાં (૧) નદીઓનાં પૂરથી નાશ થવાના, (૨) આર્યોના હુમલાઓથી નાશ, (૩) જમીનનો વધારે

---

૭ (૧) લૅમ્બર્ગ કારલોવિસ્કી સી. સી., ૧૯૭૨, "ટ્રેડ મીકેનિઝમ ઇન ઇન્ડસ, મેસોપોટે-મિયન ઇન્ટરરીલેશન્સ", જર્નલ ઑફ ધી અમેરિકન ઓરિએન્ટલ સોસાયટી, વૉલ્યુમ ૯૨, નં. ૨, પાનાં ૨૨૨-૨૨૯, ન્યુયૉર્ક.

(૨) સર મોર્ટીમર વ્હીલર, ૧૯૭૩; એસ. આર. રાવના પુસ્તક, લોથલ ઍન્ડ ધી ઇન્ડસ સિવિલિઝેશનના, આમુખમાં.

(૩) મલ્લોવન, એમ. ઈ. એલ., ૧૯૬૫, ધી મિકેનિકસ ઑફ એન્રસંટ ટ્રેડ ઇન વેસ્ટર્ન એશિયા; રીફ્લેકશન્સ ઑન ધી લોકેશન ઑફ મગન ઍન્ડ મેલુહા", ઈરાન, વૉલ્યુમ ૩, પા. ૫.

(૪) રે, એસ. વી., ૧૯૭૪: "હરપ્પન ક્રોનોલોજી, ઍન ઇન્ટીગ્રેટેડ સ્ટડી", પુરાતત્ત્વ, વૉલ્યુમ ૭, પાનાં ૬૫-૬૭.

(૫) માઈકલ ઍન્ડ રાલ્ફ, ૧૯૭૦; "કરેકશન ફેક્ટર્સ એપ્લાઈડ ટુ ધી ઇજિપ્શીયન રેડિયો-કાર્બન ડેટ્સ ફ્રોમ ઇરા બીફોર ક્રાઇસ્ટ", રેડિયોકાર્બન વેરીએશન ઍન્ડ એબસોલ્યુટ ક્રોનોલોજી, પ્રોસી-ડિંગ ઑફ ધી ટવેલ્ફથ નોબેલ સિમ્પોઝિયમ, પાનાં ૧૦૯-૧૨૦, સ્વીડન.

(૬) સ્ટુઇવર ઍન્ડ સ્યુએસ, ૧૯૭૬ "ઑન ધી રીલેશનશિપ બીટવીન રેડિયો કાર્બન ડેટ્સ, ઍન્ડ ટુ સેમ્પલ એજીઝ", રેડિયોકાર્બન, વૉલ્યુમ ૮, પાનાં ૫૩૪-૫૪૦.

૮ અગ્રવાલ ડી. પી., કુસુમગર શીલા; ૧૯૭૪; ઑન ધી કેલીબ્રેશન ઑફ ધી સી ડેટ્સ, પુરાતત્ત્વ, પાનાં ૭૦-૭૩, નવી દિલ્હી.

ઉપયોગ કરવાથી નાશ વગેરે કારણો મુખ્ય છે. આ વિશે ઘણાં સંશોધન અભ્યાસો થયા છે. પ્રો. સાંકળિયાએ આ બધી ધારણાઓની શક્ય એટલા બધા જ પુરાવાઓ સાથે યોગ્ય છણાવટ કરી છે. તે કોઈ એક ચોક્કસ કારણની સાથે સહમત થતા નથી.

અહીં ગુજરાતનાં ઉત્ખનન કરેલાં સ્થળો જેવાં કે લોથલ (પાના ૩૬૮-૩૭૮), રંગપુર (પાના ૩૭૯-૩૮૧), સુરકોટડા (પાના ૩૫૯-૩૬૮), સોમનાથ (૩૮૧-૩૮૩) તથા માળવણ (પાના ૩૮૬-૩૮૮) ઇત્યાદિની પણ ચર્ચા કરવામાં આવેલી છે.

લોથલના ઉત્ખનનકર્તા શ્રી રાવે અહીંના પુરાવાઓ વિશે ઘણી ઉપયોગી અને સમૃદ્ધ માહિતીઓ પૂરી પાડી છે. તેમના પુસ્તક લોથલ ઍન્ડ ધી ઇન્ડસ સિવિલિઝેશનમાં પુરાવાઓની વિસ્તારથી ચર્ચા કરી છે. પ્રો. સાંકળિયાએ આ પુરાવાઓની ફરીને વિસ્તૃત છણાવટ કરી રાવનાં તારણની પુનઃ વિચારણા કરેલી છે. ચકાસણીના મુદ્દાઓમાં ગોદી (પાના ૩૭૨-૩૭૩), એક્રોપોલીસ વેર હાઉસ (પાના ૩૭૧), ટેક્નિશન (પાના ૩૭૫) તથા સતી પ્રથા (પાના ૩૭૫) તથા "Rotery quern" (પાના ૩૭૫-૩૭૬) નો સમાવેશ થાય છે. અમુક મુદ્દાઓની ચર્ચા લેખિકાએ પણ કરી છે.[૯]

સર મોર્ટીમર વ્હીલરે જેણે પ્રો. સાંકળિયાના જ શબ્દોમાં "Unconditional acceptance of long basin at Lothal as dock" લોથલના ડોકયાર્ડને સ્વીકારી લીધું છે તેથી પ્રો. સાંકળિયા સહિત ઘણા વિદ્વાનોને આશ્ચર્ય થયું છે. "ડોકયાર્ડ"ના પુરાવાઓની છણાવટ કરતાં તેઓ ઉત્ખનનકર્તા શ્રી રાવ, ડૉ. લેશનિક, ડૉ. જનઘૌસ, અને ડૉ. યુ. પી. શાહે રજૂ કરેલા પુરાવાઓ પણ ચકાસે છે; જોકે પ્રો. સાંકળિયા ડૉકયાર્ડને સંતોષકારક કે વિશેષ પુરાવાઓના અભાવે નકારતા નથી, આશાવાદી છે. (પાનાં ૩૭૪-૩૭૫). ગોદીની ચર્ચા અહીં કરવી અસ્થાને છે. પરંતુ પુરાવશેષીય પુરાવાઓ અને અન્ય પુરાવાઓને ચકાસતાં એવું લાગે છે કે શ્રી રાવ કરતાં ડૉ. લેશનીક તથા ડૉ. શાહે પુરાવાઓની તટસ્થતાથી છણાવટ કરી છે.

અન્ય પુરાવાઓની ચર્ચામાં દા. ત. સતીપ્રથા, ટેક્નિશન ઇત્યાદિમાં તેમણે રાવના મતનું ખંડન કર્યું છે એમ કહીએ તો ચાલે. આ યોગ્ય છે, કારણ કે પુરાવિદની નૈતિક ફરજ હોય છે કે તે જે પુરાવાઓનો અભ્યાસ કરે તેમાં તે લાગણીથી પર હોવો જોઈએ. અતિશયોક્તિને અભ્યાસમાં સ્થાન હોવું જોઈએ નહીં.

સુરકોટડા વિષે અહીં મળી આવેલા પુરાવાઓને યોગ્ય રીતે રજૂ કરી તેની સમસ્યાઓની ચર્ચા કરવામાં આવી છે. આથી સુરકોટડાનું મહત્ત્વ સમજી શકાય છે.

હડપ્પીય સંસ્કૃતિના અંત પછી અને ઐતિહાસિક યુગ શરૂ થયો તે પહેલાં ભારતમાં શું પરિસ્થિતિ હતી એ ભારતીય ઇતિહાસની એક મોટી સમસ્યા છે. આ ગાળામાં આપણને સંસ્કૃતિ-દર્શક પુરાવશેષીય ઘણા પુરાવાઓ મળે છે. આ સઘળાની ચર્ચા આ પ્રકરણના અંત ભાગમાં કરવામાં આવી છે. આ સમસ્યાઓમાં ઓ સી. પી. સંસ્કૃતિ (Ochre

---

૯ પંડ્યા સુમન, ૧૯૭૪; લોથલ ઍન્ડ ધી ઇન્ડસ સિવિલિઝેશન, આલોચના, વિદ્યાપીઠ, માર્ચ/એપ્રિલ, અંક ૯૮, પાનાં ૧૯-૨૫, અમદાવાદ.

Coloured Potteey (culture problem)), સીમેટરી-એચ-કલ્ચર (Cemetary-H-Culture), પી. જી. વેર સંસ્કૃતિ (Painted Grey Ware Culture), બનાસ નદીની સંસ્કૃતિ (Banas (Ahar) Culture), માળવા સંસ્કૃતિ, જોરવે સંસ્કૃતિ તથા દક્ષિણની નૂતન પાષાણ યુગ, તામ્રપાષાણ યુગની સંસ્કૃતિઓનો સમાવેશ થાય છે.

આમાં માળવા સંસ્કૃતિનાં નાવડાતોડી(મધ્યપ્રદેશ) અને ચાંદોલી(મહારાષ્ટ્ર)નાં ઉત્ખનનો મોટા પાયા ઉપર થયાં છે. અહીંથી મળી આવેલા પુરાવાઓ ભારતીય તામ્રપાષાણ યુગની અમુક સરળતા ઉપર ઘણો મોટો પ્રકાશ નાખ્યો છે. મળતા પુરાવાઓની ચકાસણી કર્યા પછી પ્રો. સાંકળિયા માનવા પ્રેરાયા છે કે આ માનવવસાહત ઉત્તરમાંથી આવેલી હતી અને તેનો સંબંધ ઈરાન સાથે હતો. આ દર્શાવતાં તેમણે ઈરાન તથા મેસોપોટેમિયાનાં સ્થળોના પુરાવશેષીય પુરાવાઓ સહિત અનેક પુરાવાઓની ચર્ચા કરી છે. પ્રો. અગ્રવાલ પણ આની સાથે અમુક અંગે સહમત થાય છે.[10] માટીનાં વાસણો અને પુરાવશેષીય પુરાવાઓ દ્વારા માની શકાય કે નાવડાતોડી (Period I, phase ii & iii) અને રંગપુર (Period IIc and III) વચ્ચે કોઈ કડી હતી.[11]

પુરાતત્ત્વશાસ્ત્રના અભ્યાસમાં માનવીની સમગ્ર વર્તણુક સમજવા માટે સમાજમાનવવંશ-શાસ્ત્રના અભ્યાસની પણ જરૂર પડે છે. આની મદદથી જાતિઓનો અભ્યાસ તો થઈ શકે પણ સાથે સાથે પ્રાચીન પુરાવશેષીય સમસ્યાઓ સમજવામાં પણ તે વિશેષ ઉપયોગી થઈ પડે છે. ઘણી વાર પ્રાગ્ ઐતિહાસિક કે આદ્ય ઐતિહાસિક પ્રથાઓ આદિવાસીઓમાં જળવાઈ રહેલી માલૂમ પડે છે; જેમ અહીં નાવડાતોડીમાં માટીનાં વાસણો ઉપર ચિત્રો દોરવામાં આવ્યાં છે. તેમાંનાં અમુક પ્રકારનાં ચિત્રો ગુજરાતની આદિવાસી પ્રજાનાં છુંદણા અને ભીંતચિત્રો સાથે મળતાં આવે છે! નાવડાતોડી તથા સિયાલ(ચિત્ર ૧૮૯ ફ. પા. ૪૯૨)નાં માટીનાં વાસણો ઉપર હાથના આંકડા બીડીને જે માનવચિત્રો દોરવામાં આવ્યાં છે તે હાલની આદિવાસી પ્રજાનાં નૃત્યની એક પ્રકારની યાદ અપાવે છે. સંભવ છે કે તે સમયનાં નૃત્યો જે પ્રજાનો એક ભાગ હશે તેને આ પ્રાચીન પ્રજાએ ચિત્રોમાં ઉતારવા દોરવા પ્રયત્ન કર્યો હોય. આ પ્રકારના અભ્યાસને સાંસ્કૃતિક-નૃવંશીય-પુરાવસ્તુવિદ્યા(Ethno-archeaology)નો અભ્યાસ કહેવામાં આવે છે. તેની ચર્ચા અન્ય સ્થળે કરવામાં આવી છે.[12] પ્રો. સાંકળિયા આ પ્રકારના અભ્યાસનું મહત્ત્વ ઓછું આંકતા નથી. આથી તે તેની વિસ્તારથી ચર્ચા કરે છે (પા. ૫૪૬) અને જણાવે છે: "Even if these four essential needs are fulfilled for understanding the very

---

૧૦ અગ્રવાલ અને કુસુમગર, ૧૯૭૨; એજન, પા. ૧૦૬–૧૧૧.

૧૧ પંડયા સુમન; ૧૯૭૩, એન એથનો-આર્કિયોલોજીકલ સ્ટડી ઓફ ધી હરપ્પન એન્ડ પોસ્ટ-હડપ્પન કલ્ચર્સ ઑફ સૌરાષ્ટ્ર, પીએચ.ડી. થિસિસ, ડેક્કન, કૉલેજ લાયબ્રેરી, પૂના તથા પૂના યુનિવર્સિટી, લાયબ્રેરી, પાનાં ૨૩૯–૨૫૦.

૧૨ પંડયા સુમન, ૧૯૭૪. "ગુજરાતમાં સાંસ્કૃતિક નૃવંશીય પુરાવસ્તુવિદ્યાના સંશોધન-અભ્યાસની આવશ્યકતા, પથિક, ગુજરાત ઇતિહાસ પરિષદ (ભૂજ), વિશેષ અંક, પાનાં ૧૫૧–૧૫૭, અમદાવાદ.

remote Stone Age and the not-too-distant Chalcolithic culture, we should have some ethnographic data, so that by a comparative study, vaild analysis can be made." ( પા. ૫૪૬ )

આવી જ હકીકત જોરવે સંસ્કૃતિનાં ચાંદોલી( મહારાષ્ટ્ર ) અને નેવાસ( મહારાષ્ટ્ર )માંથી મળે છે. અહીંથી બળદની આકૃતિરૂપ વાસણો મળી આવ્યાં છે. આવા પ્રકારનાં વાસણો સુરકોટડા( કચ્છ ), ઈરાન અને મેસોપોટેમિયામાંથી પણ મળી આવ્યાં છે. પ્રાણી આકૃતિવાળા વાસણોને અંગ્રેજીમાં "Theriomorphic or Anthropomorphic figures" કહેવામાં આવે છે. ગુજરાતમાં અમુક આદિવાસી પ્રજા પકવેલી માટીની વાઘ, હાથી, ઘોડા, ભેંસ, ઇત્યાદિ આકૃતિઓ બનાવે છે. આ આકૃતિઓનો મોટો ભાગ ચાકડા ઉપર બનાવવામાં આવે છે. આ આકૃતિઓનો ઉપયોગ આદિવાસીઓ અમુક તહેવારે દેવને ધરવામાં ( Votive and offering figures ) કરે છે.[૧૩] પુરાવશેષીય પુરાવાઓમાંથી જે આકૃતિઓ મળી છે એ પ્રો. સાંકળિયા ધારે છે તેમ ( પા. ૪૮૯ ) પૂજા કે ઉત્સવમાં વપરાતી હોવી જોઈએ. તેને ઉપર્યુક્ત સાંસ્કૃતિક નૃવંશશાસ્ત્રના પુરાવાથી ટેકો મળે છે.

આર્યોના આગમનની સમસ્યા તેમણે અહીં વિસ્તારથી "Colonizations"ના મથાળા નીચે ચર્ચી છે. આ અભ્યાસમાં તેમણે વેદો તથા પુરાણોમાં રજૂ થતા પુરાવાઓ તથા ભારતના પુરાવશેષીય પુરાવાઓનો તુલનાત્મક અભ્યાસ કરી અગત્યની સમસ્યા ઉપર પ્રકાશ પાડ્યો છે. આ અભ્યાસમાં તેઓ સાંસ્કૃતિક-નૃવંશ-પુરાવસ્તુશાસ્ત્ર "Ethno-archaeological study" ઉપર ભાર મૂકે છે.

આર્યોનું આગમન એ મોટી સમસ્યા છે. તાજેતરમાં જ પ્રો.. સાંકળિયાએ આ સમસ્યાને સમજાવતાં બે વ્યાખ્યાનો ચારૂતર કેળવણી મંડળમાં 'ભાઈકાકા સ્મારક વ્યાખ્યાન-માળા'માં આપ્યાં છે. તેમણે આ અભ્યાસ તેમના આ પુસ્તકમાં "Colonization"ના શીર્ષક હેઠળ આવરી લીધો છે. ( પાનાં ૫૫૩-૫૭૯ ). વેદો તથા પુરાણોમાં રજૂ થતા પુરાવાઓ તથા પુરાવશેષીય પુરાવાઓનો તુલનાત્મક અભ્યાસ કરી આ સમસ્યા ઉપર તેમણે યોગ્ય પ્રકાશ નાખ્યો છે. આ તથા રામાયણ, મહાભારત જેવા અભ્યાસોમાં તેઓ સાંસ્કૃતિક-નૃવંશ-પુરાવસ્તુવિદ્યા( Ethno-archaeological Study )ની અભ્યાસપદ્ધતિ ઉપર ખાસ ભાર મૂકે છે. ભારતીય સંસ્કૃતિના મૂળની શક્યતા તપાસતાં તેઓ જણાવે છે કે,

"Author's indigenous sources from which civilization might have developed are the various pre-literate tribes.... this line of investigation what I call ethno-archaeology, has to be deligently persued. In addition to tribal population, this work would also take into account, the lifeways of societies yet to come under urbanization. Such a study is extremely useful to our understanding of food producing communities but of the distant food collecting cultures as well". ( પા. ૫૫૮ )

---

૧૩ ગુજરાત વિદ્યાપીઠમાં શ્રી પ્રહ્લાદભાઈ પટેલ અનુસ્નાતક ઉપાધિ માટે ઝોઝગામ-( ગુજરાત )ના આદિવાસીઓની માટીની પશુઆકૃતિઓ ઉપર તપાસ નિબંધ લખી રહ્યા છે. તે નિબંધ તૈયાર થતાં આ મુદ્દા ઉપર વિશેષ પ્રકાશ પડશે.

ભારતીય પુરાતત્ત્વશાસ્ત્રની સમસ્યાઓનો લાંબો ઇતિહાસ અને પ્રથાઓને લક્ષમાં લઈને આ બધાનો અભ્યાસ કરવો આવશ્યક બન્યો છે. આથી વિદેશોમાં વપરાતી એકદમ આધુનિક પદ્ધતિઓ અને તેનાં પરિણામો ભારતમાં ઘણી વાર સંતોષજનક પરિણામો લાવી શકતાં નથી. પ્રો. સાંકળિયા આધુનિક પણ યોગ્ય અને પદ્ધતિઓ વૈજ્ઞાનિક હોય તો તેને સ્વીકારતાં અચકાતાં નથી, પરંતુ ભારતીય સમસ્યાઓને લક્ષમાં લઈ તેનો ઉપયોગ થવો જોઈએ એ વાતનું પુનઃ ઉચ્ચારણ કરતાં અચકાતા નથી.

આપેલાં પરિશિષ્ટોમાં "Antiquity of grains" (પાના ૫૬૦-૫૬૩) વાચકોને અત્યંત ઉપયોગી છે. આમાં પશ્ચિમ એશિયા, ભારતીય ઉપખંડ અને દક્ષિણપૂર્વ એશિયામાં ઉપજતાં અનાજો કેટલા પ્રાચીન સમયથી ત્યાં ઊગે છે તે સમયપત્રક સહિત દર્શાવવામાં આવ્યું છે. આવી અગત્યની માહિતી તૈયાર કરવાનો યશ શ્રી એમ. ડી. કાજળે (ડેક્કન કૉલેજ, પૂના) તથા તેની ઉપયોગિતા લક્ષમાં લઈને પ્રસિદ્ધ કરવાની દીર્ઘદૃષ્ટિનો યશ પ્રો. સાંકળિયાને ફાળે જાય છે.

અન્ય પરિશિષ્ટમાં રેડિયોકાર્બન-૧૪ "Radio carbon dates in Indian Archaeology"(પાનાં ૫૬૪-૫૬૭)ની ચર્ચા કરી અને સિંધુ સંસ્કૃતિનો સમય "up-date" કરવાની હિમાયત કરી છે. આ પરિશિષ્ટમાં આ સમસ્યાની વિસ્તારથી ચર્ચા કરવામાં આવી છે.

પુસ્તકની સંદર્ભ ગ્રન્થસૂચિ (પાના ૫૬૯-૫૭૯) ઘણી ઉપયોગી છે. પ્રાગ્ ઇતિહાસ અને આદ્ય ઇતિહાસને લગતા અગત્યના બધા જ ગ્રન્થો અને લેખોને આવરી લેવામાં આવ્યા છે.

મુખપૃષ્ઠ એકદમ આકર્ષક છે. તેને રજૂ કરવામાં લેખકનું ધ્યેય અને કલાકારની આવડત છતી થાય છે.

પુસ્તકનું નામ "Prehistory and Protohistory in India and Pakistan"માંથી બદલીને "Prehistory and Protohistory of India and Pakistan રાખ્યું છે તે વિષયની ચર્ચા અને સર્વાંગી પુરાવાઓને લક્ષમાં લઈએ તો નવું નામ વધુ યોગ્ય છે.

માહિતીઓ, પુરાવાઓ અને ચર્ચાઓથી ભરપૂર એવા આ પુસ્તકમાં મુદ્દાઓ અને સમસ્યાઓને વધુ સરળ રીતે સમજી શકાય એ માટે અતિ ખર્ચાળ હોવા છતાં અનેક પ્રકારનાં નકશાઓ, આલેખો, ફોટાઓ અને ચિત્રોનો બહોળો ઉપયોગ કરવામાં આવ્યો છે તે અતિ પ્રશંસનીય છે.

ગુજરાતને લાગેવળગે છે ત્યાં સુધી અહીં ગુજરાતનો પ્રાગ્ ઇતિહાસ (આદ્ય હડપ્પીય, હડપ્પીય અને અનુહડપ્પીય સંસ્કૃતિ સહિત) ભારતીય ઉપખંડનો સંદર્ભ રાખીને વિસ્તારથી રજૂ થયો છે. જો ગુજરાતના કોઈ વિદ્વાન કે સંસ્થા ગુજરાત વિષેનો આ અભ્યાસ છૂટો પાડી નાની પુસ્તિકારૂપે બહાર પાડે તો ગુજરાતમાં પુરાતત્ત્વરસિકો, અભ્યાસીઓ અને વિદ્યાર્થીઓને એક ઉતમ પુસ્તિકા મળે.

આ પુસ્તકમાં અમુક સ્થળોએ જોડણીની ભૂલો અને પાનાંની ભૂલ રહી જવા પામી છે. એક સ્થળે નકશામાં ( ચિત્ર ૨૪૬ ) તેને વાંચવા માટેની ચાવીઓ મૂકવી ભુલાઈ ગઈ છે. માત્ર સંસ્કૃતિઓનાં સ્થળ અને ફેલાવો( Location and spread )થી પરિચિત નથી તેઓને નકશો વાંચવામાં મુશ્કેલી પડશે. પરંતુ જ્યારે આ પુસ્તકની સમગ્ર રીતે છણાવટ કરવામાં આવે છે ત્યારે એક નકશાની ભૂલ સિવાય અન્ય ભૂલો ક્ષમ્ય છે. પોતાની આ વાતનો ખુદ સાંકળિયાએ જ નિખાલસતાથી એકરાર કરેલો છે.

ડેક્કન કૉલેજનાં પ્રકાશનો હંમેશાં ઉપયોગી સંશોધનગ્રંથો હોય છે. તેમાં અનેક રીતે સમૃદ્ધ એવું આ પુસ્તક મોખરાનું સ્થાન ધરાવે છે એમાં કોઈ શંકા નથી.

સરળ પરંતુ સચોટ શૈલીમાં બહાર પડેલું આ પુસ્તક ભારતીય ઉપખંડમાં પ્રાગ્ ઇતિહાસ અને આદ્ય ઇતિહાસનાં સમગ્ર પુરાવાઓ અને ચર્ચાઓ પૂરી પાડે છે. જગતના પુરાતત્ત્વશાસ્ત્રના અભ્યાસમાં તે ગ્રંથના એક અગત્યના ભાગરૂપે રજૂ થાય છે. ભારતીય ઉપખંડના પ્રાગ્ ઇતિહાસ અને આદ્ય ઇતિહાસ વિશે સમગ્ર જાણવું એટલે કે આ પુસ્તક વાંચવું. જગતના પુરાવિદો અને અભ્યાસીઓ તે આવકાર પામે એ તદ્દન સ્વાભાવિક છે પરંતુ સમગ્ર રીતે " A monumental work " એવું આ પુસ્તક પુરારસિકોમાં પણ આવકાર પામે તેવું ઉપયોગી છે. પુરાતત્ત્વશાસ્ત્ર કે ઇતિહાસ, સંસ્કૃતિઓ કે સમાજમાનવ નૃવંશશાસ્ત્રના અભ્યાસ–સંશોધનમાં પડેલી કોઈ પણ સંસ્થાને માટે આ પુસ્તકની આવશ્યકતા અનિવાર્ય છે. આવું પુસ્તક આટલા ટૂંકા ગાળામાં રજૂ કરવા માટે પ્રો. સાંકળિયા ખરેખર અભિનંદનને પાત્ર તો છે જ. પરંતુ ડેક્કન કૉલેજ આવું પ્રકાશન બહાર પાડીને પોતાના ગૌરવનું એક વિશેષ સોપાન ચડી છે એ નિઃશંક છે.

**સુમનબહેન પંડ્યા**

*   *   *

## સાભાર સ્વીકાર

૧ **વનપ્રવેશ સ્મરણિકા :** સં. પ્રા. રમેશ ગાનાકર, પ્ર. : રવિ પટેલ, 'જીવનદીપ', ગોપાલબાગ પાસે, રેસકોર્સ સર્કલ ( વેસ્ટ ), વડોદરા-૭, પૃ. ૮૦, કિંમત : છાપી નથી.

૨ **ગુજરાતનો રાજકીય ઇતિહાસ : મૈત્રકકાલ અને અનુમૈત્રકકાલ :** સં. રસિકલાલ છો. પરીખ અને ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, પ્ર.–અધ્યક્ષ, ભો. જે. વિદ્યાભવન, ૨. છો. માર્ગ, અમદાવાદ-૯, પૃ. ૫૨૫ + ૧૩, કિંમત રૂ. ૬ = ૨૦ પૈ.

૩ **નિરાજના :** સં. ડૉ. રમણલાલ સી. શાહ તથા બીજા કેટલાક, પ્ર.–અધ્યક્ષ, ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સૂરત, પૃ. ૩૬૬, કિંમત રૂ. ૧૫ = ૦૦.

૪ **ભારતીય પાઠસમીક્ષા :** લે. ડૉ. એસ. એમ. કત્રે, અનુ. ડૉ. કે. એચ. ત્રિવેદી, પ્ર.–અધ્યક્ષ, યુનિવર્સિટી ગ્રન્થ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬, પૃ. ૧૫૯+૬, કિંમત રૂ. ૬ = ૨૫ પૈ.

૫ **સામાજિક કાર્યની પદ્ધતિઓ :** લે. જયશ્રી બી. ઠાકોર, પ્ર.—કુલસચિવ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯, પૃ. ૭૫ + ૨, કિંમત રૂા. ૫ = ૦૦ પૈ.

૬ **અભિક્રમ :** લે. ચી. ના. પટેલ, પ્ર.—ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, ફુવારા સામે, અમદાવાદ-૧, પૃ. ૨૬૩, કિંમત રૂા. ૧૮ = ૦૦ પૈ.

૭ **કવિતા સૂર્યનો અંકુર :** લે. ભાનુશંકર ઓ. વ્યાસ, પ્ર.—' નીરજ ', પ્રતાપપરા, વાંકાનેર ( સૌરાષ્ટ્ર ), પૃ. ૧૩૬ + ૬, કિંમત : છાપી નથી.

૮ **અરુણ :** લે. અને પ્ર. ઉપર મુજબ, પૃ. ૧૦૦, કિંમત : છાપી નથી.

**આયુ પ્રકાશન, ૬ હરસિદ્ધ ચેમ્બર્સ, બીજો માળ ઇન્કમટેક્ષ ઑફિસ સામે, આશ્રમરોડ, અમદાવાદ-૧૩નાં પ્રકાશનો :**

૯ **કાકડા :** લે. શોભન, પૃ. ૪૮, કિંમત રૂા. ૨=૦૦પૈ.

૧૦ **આયુર્વેદ અનિવાર્ય છે :** લે. શોભન, પૃ. ૬૮, કિંમત રૂા. ૨=૦૦પૈ.

૧૧ **દિવ્ય ઔષધી :** લે. શોભન, પૃ. ૧૨૬, કિંમત રૂા. ૫=૦૦ પૈ.

**માહિતીખાતું, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગરનાં પ્રકાશનો :**

૧૨ **બોરસદ સત્યાગ્રહ :** લે. શિવાભાઈ ગો. પટેલ, પૃ. ૪૪, કિંમત : વિના મૂલ્ય વહેંચણી અર્થે.

૧૩ **ગુજરાતની જૂની રંગભૂમિ :** લે અમૃત જાની, પૃ. ૬૮, કિંમત : વિના મૂલ્ય વહેંચણી અર્થે.

૧૪ **સ્વાતંત્ર્ય આંદોલનમાં રાસ :** લે. ચંદ્રકાન્ત પટેલ, પૃ. ૧૧૬, કિંમત : વિના મૂલ્ય વહેંચણી અર્થે.

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ફુવારા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદનાં પ્રકાશનો :**

૧૫ **ગુજરાતમાં પંચાયતી રાજ :** લે. પીતાંબર પટેલ, પૃ. ૨૬૨, કિંમત રૂા ૧૪=૦૦ પૈ.

૧૬ **કિશોરને :** લે. ફાધર વાલેસ, પૃ. ૧૪૬, કિંમત રૂા. ૬=૦૦ પૈ.

૧૭ **પંચાયતી રાજ :** લે. પીતાંબર પટેલ, પૃ. ૪૯, કિંમત રૂા. ૨=૦૦ પૈ.

૧૮ **ગ્રામ પંચાયત :** લે. પીતાંબર પટેલ, પૃ. ૫૨, કિંમત રૂા. ૨=૨૫ પૈ.

૧૯ **ન્યાય પંચાયત :** લે. પીતાંબર પટેલ, પૃ. ૪૪, કિંમત રૂા. ૨=૦૦ પૈ.

૨૦ **સરપંચ :** લે. પીતાંબર પટેલ, પૃ. ૪૪, કિંમત રૂા. ૨=૦૦ પૈ.

૨૧ **તલાટી–મંત્રી :** લે. પીતાંબર પટેલ, પૃ. ૭૦, કિંમત રૂા. ૩=૨૫ પૈ.

# સ્વાધ્યાય

પુસ્તક ૧૨ : અંક ૩ મે, ૧૯૭૫

અક્ષયતૃતીયા વિ. સં. ૨૦૩૧

## અનુક્રમ

પૃષ્ઠાંક

૧. નયચંદ્રસૂરિકૃત વસંતવિલાસ ફાગુ —અમૃતલાલ મોહનલાલ પંડિત ... ૨૪૧–૨૬૫

૨. ગુરુ શ્રીકૃષ્ણ—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા ... ૨૬૬–૨૮૨

૩. મારા સ્વાધ્યાયની વાનગી—દ્વારકાના પ્રદેશમાંથી જૈન સંસ્કૃતિની છાપવાળા સાંપડેલા બે અભિલેખ—કલ્યાણરાય ન. જોષી ... ૨૮૩–૨૮૪

૪. ખંભાતની દેવયુગલ પ્રતિમાઓ—જે. પી. અમીન ... ૨૮૫–૨૯૭

૫. પદ—રણજિત પટેલ (અનામી) ... ૨૯૮-૩૦૫

૬. શ્રીકૃષ્ણલીલા કાવ્ય અને દશમસ્કંધ—સુભાષ મ. દવે ... ૩૦૬–૩૦૯

૭. ગુજરાતી નવલકથા અને દિવ્યચક્ષુ—મનસુખલાલ ઝવેરી ... ૩૧૦–૩૨૪

૮. ડોલરરાયની સાહિત્યતત્ત્વવિચારણા—હસિત હ. બૂચ ... ૩૨૫–૩૩૧

૯. અષ્ટાવાહારવિધિવિશેષાયતનાનિ—વૈદ્ય મણિભાઈ કાલિદાસ બ્રહ્મભટ્ટ... ૩૩૨–૩૪૯

૧૦. ગ્રન્થાવલોકન :

(૧) ભાષા, સમાજ અને સાહિત્ય ... ૩૫૦–૩૫૫

(૨) અપ્પય દીક્ષિત ... ૩૫૫–૩૫૭

(૩) પ્રીહીસ્ટ્રી ઍન્ડ પ્રોટોહીસ્ટ્રી ઑફ ઇન્ડિયા ઍન્ડ પાકિસ્તાન ... ૩૫૮–૩૬૭

(૪) સાભાર સ્વીકાર ... ૩૬૭–૩૬૮

**Statement about the ownership and other particulars about newspapers**
**'SVĀDHYĀYA' ( स्वाध्याय )**

(To be published in the first issue every year after the last day of February)

FORM IV

(See Rule 8)

| | | |
|---|---|---|
| 1 | *Place of the Publication* : | Oriental Institute,<br>M. S. University of Baroda, Baroda |
| 2 | *Periodicity of its Publication* : | Three Months—November, February, May, August |
| 3 | *Printer's Name* : | Shri Rasiklal G. Patel |
| | *( Whether citizen of India )* | Yes |
| | *( If foreigner, state the country of origin )* | |
| | *Address* : | C/41, Avinash Society,<br>Harni Road, Baroda-390 006 |
| 4 | *Publisher's Name* : | Dr. A. N. Jani |
| | *( Whether citizen of India ? )* | Yes |
| | *( If foreigner, state the country of origin )* | |
| | *Address* : | Sultanpura, Jamkhana's Pole,<br>Baroda-390 001 |
| 5 | *Editor's Name* : | Dr. A. N. Jani |
| | *( Whether citizen of India ? )* | Yes |
| | *( If foreigner, state the country of origin )* | |
| | *Address* : | Sultanpura, Jamkhana's Pole,<br>Baroda-390 001 |
| 6 | *Names & addresses of Individuals who own the newspaper and partners or shareholders holding more than one per cent of the total capital* | The M.S. University of Baroda, Baroda |

I, A. N. Jani, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

**A. N. Jani**
*Signature of Publisher*

## શ્રી સયાજી સાહિત્યમાલા

| | | રૂા. ન.પૈ. |
|---|---|---|
| ૧ | **ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૨ | **આપણું વિશ્વ**—શ્રી. છોટુલાઈ સુથાર | ૯=૦૦ |
| ૩ | **આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ | ૪=૦૦ |
| ૪ | **ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણુલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક | ૪=૦૦ |
| ૫ | **કૈલાસ**—સ્વામી પ્રણુવતીર્થજી | ૧૩=૦૦ |
| ૬ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે | ૫=૫૦ |
| ૭ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૮=૦૦ |
| ૮ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૧૧=૦૦ |
| ૯ | **માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ | ૧૦=૫૦ |
| ૧૦ | **ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા | ૩=૦૦ |
| ૧૧ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા | ૮=૦૦ |
| ૧૨ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા,** ભાગ ૧ | ૯=૦૦ |
| ૧૩ | **આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર | ૯=૦૦ |
| ૧૪ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત | ૭=૫૦ |
| ૧૫ | **ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા | ૧૫=૫૦ |
| ૧૬ | **ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા | ૬=૦૦ |
| ૧૭ | **મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—કરીમ મહંમદ માસ્તર | ૧૭=૦૦ |
| ૧૮ | **ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી | ૧૩=૦૦ |
| ૧૯ | **ગુજરાત: એક દર્શન** (બીજી આવૃત્તિ)—શ્રી શિવપ્રસાદ રાજગોર | ૧૫=૫૦ |
| ૨૦ | **પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ | ૧૩=૦૦ |
| ૨૧ | **પંચદશીતાત્પર્ય**—સ્વામી પ્રણુવતીર્થજી | ૬=૦૦ |
| ૨૨ | **અખો અને મધ્યકાલીન સન્તપરંપરા**—ડૉ. યો. જ. ત્રિપાઠી | ૧૪=૫૦ |
| ૨૩ | **શ્રીમદ્ ભાગવત: ભાગ ૨**—સ્વ. નાગરદાસ અ. પંડ્યા | ૧૧=૫૦ |
| ૨૪ | **ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—શ્રી બાપાલાલ ગ. વૈદ્ય | ૨૬=૦૦ |
| ૨૫ | **આકાશના દીવા**—સ્વ. રજનીકાન્ત મોદી (બાળકો માટે) | ૪=૦૦ |
| ૨૬ | **માતા અને બાળક**—શ્રીમતી વત્સલા મહેતા (શ્રી. માતુશ્રી જમનાબાઈ ગ્રન્થમાળા, પુષ્પ ૫) | ૮=૦૦ |
| ૨૭ | ગુજરાતનો પૉટરી ઉદ્યોગ—શ્રી શાંતિલાલ પી. પુરોહિત | ૮=૭૫ |

પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,**
**રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧**

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....પૌં ૧.૧૦

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટયુટ, વડોદરા, એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શકય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
લોકમાન્ય ટિળક રોડ,
પો. બૉક્સ નં. ૭૫,
**વડોદરા**

**સંપાદક**

મુદ્રક: શ્રી રસિકલાલ છો. પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા; પ્રકાશક: ડૉ. અરુણોદય ન. જાની, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, જૂન, ૧૯૭૫.



પોસ્ટ ઓફિસ રિકરીંગ
ડિપોઝીટ યોજનાથી
આપની વૃદ્ધાવસ્થા અને કુટુંબ
નિશ્ચિત બને છે.
આ યોજનામાં વીમા જેવા લાભો
પણ મળે છે.

**નાની બચત**
**ઘડપણનો સહારો**

વિગત માટે :
કલેકટર કચેરી, પોસ્ટ ઑફિસ
જિલ્લા બચત અધિકારી



# આજ માટે તૈયાર છો, પણ આવતી કાલ નો વિચાર કર્યો છે?

મા-પ્રા-ગુજ. ૩-૧૭૪


નાના
ઉદ્યોગપતિઓ!
જો નાણાં
એ તમારી સમસ્યા હોય, તો
બૅન્ક ઑફ બરોડા
એ તેનો ઉકેલ છે.
ઍક વિચારથી માંડીને...
તેને પૂર્તિ કરવાના...
અને વિકસાવવાના સમગ્ર માર્ગમાં
બૅન્ક ઑફ બરોડા તમારી સાથે છે:
જો નાના પાયા પરનો ઉદ્યોગ શરૂ કરવા માટે અથવા વિકસાવવા માટે તમારામાં ધગશ, કુશળતા અથવા ટૅકનીકલ જ્ઞાન હોય તો બૅન્ક ઑફ બરોડા તમનેજરૂરી નાણાં ધીરશે ... પુનઃ ચુકવણી અંગેની હળવી શરતોએ. વધુ વિગતો માટે બૅન્ક ઑફ બરોડાની નજીકની શાખાનો સંપર્ક સાધો.
BANK OF BARODA
ચિર સમૃદ્ધિનું પ્રતીક
બૅન્ક ઑફ બરોડા
ભારતમાં અને પરદેશો — બ્રિટન, પૂર્વ આફ્રિકા, મોરીશિયસ, ફિજી ટાપુઓ અને ગિયાનામાં — મળીને ૭૦૦ ઉપરાંત શાખાઓનું જૂથ.
Shilpi BOB 25A/72 Guj.




everest/365k/ACW Guj




આપનાં સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપવાનો સમય આવી પહોંચે ત્યારે તેને લગતો ખર્ચ **ઉઠાવવા માટે આપે** તૈયારી કરી લીધી છે?
**દેના બેંકમાં** બચતખાતું અથવા ફિક્સ્ડ ડિપોઝિટ ખાતું ખોલીને <u>અત્યારથી જ નિયમિત</u> **બચત કરવા માંડો.**

**દેના બેંકની બીજી ૬ બચત યોજનાઓ :**
સગીર બચત યોજના • રિકરિંગ ડિપોઝિટ **યોજના • માસિક સેવિંગ્સ** -કમ-એન્યૂઇટી યોજના • **વિવિધલક્ષી ડિપોઝિટ યોજના** કેશ સર્ટિફિકેટ્સ • વીમા સાથે સંકળાયેલી **ખચત ડિપોઝિટ યોજના.**

**દેના બેંક**
(ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા અંડરટેકિંગ)
**હેડ ઓફિસ : હૉર્નિમેન સર્કલ,**
**મુંબઈ ૪૦૦૦૦૧.**

*Ratan Batra/ DB/G/238*

## પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧. | **પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ | ૧૦=૫૦ |
| | વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ | ૬=૫૦ |
| ૨. | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ**—સં. : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા | ૯=૫૦ |
| ૩. | **ભાલણકૃત નલાખ્યાન** (બીજી આવૃત્તિ)—સં. : પ્રો. કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૪. | **ઉદયભાનુકૃત વિક્રમચરિત્ર રાસ**—સંપાદક : સ્વ. પ્રો. બ. ક. ઠાકોર | ૨=૫૦ |
| ૫. | **ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૬. | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા | ૧૦=૫૦ |
| ૭. | **પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ | ૨૪=૦૦ |
| ૮. | **સિંહાસન બત્રીસી**—સં. ડૉ. રણજિત મો. પટેલ | ૧૫=૫૦ |
| ૯. | **હમ્મીર પ્રબન્ધ**—સંપાદકો : ડૉ ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ | ૬=૦૦ |
| ૧૦. | **પંચદંડની વાર્તા**—લેખક : ડૉ. સોમાભાઈ ધૂ. પારેખ | ૩૧=૦૦ |

## સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાળા

| | | |
|---|---|---|
| ૧. | **વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧** | ૨=૫૦ |
| ૨. | ,, ,, ,, ૨ | ૨=૫૦ |
| ૩. | ,, ,, ,, ૩ | ૬=૫૦ |
| ૪. | **નિરુત્તમા** | ૨=૫૦ |
| ૫. | **વિક્રમોર્વશી**—(અનુવાદ : મનનિકા સહિત) | ૨=૫૦ |
| ૬. | **પ્રવેશકો, ગુચ્છ પહેલો** | ૪=૫૦ |
| ૭. | ,, ,, **બીજો** | ૩=૦૦ |
| ૮. | **અંબડ વિદ્યાધર રાસ** | ૪=૦૦ |
| ૯. | **મ્હારાં સૉનેટ** (બીજી આવૃત્તિ : બીજું પુનર્મુદ્રણ) | ૪=૦૦ |
| ૧૦. | **આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છઠ્ઠું પુનર્મુદ્રણ) | ૪=૦૦ |
| ૧૧. | **નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ) | ૪=૦૦ |
| ૧૨. | **પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૧**—સંપાદક : ડૉ. હર્ષદ મ. ત્રિવેદી | ૨=૫૦ |
| ૧૩. | **પ્રો. બ. ક. ઠાકોર અધ્યયન ગ્રન્થ** | ૧૫=૫૦ |


પ્રાપ્તિસ્થાન :

યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,**

**રાજમહેલ રોડ, રાજમહેલ દરવાજા પાસે,**

**વડોદરા–૩૯૦ ૦૦૧**

# વિજેતા બેલડી

હોડ જીતવા માટે ખેડૂત શ્રેષ્ઠ પૈકીના બે બળદની ઉત્તમ જોડને જોતરે છે. જ્યોતિ સર્વશ્રેષ્ઠ પમ્પ અને સર્વશ્રેષ્ઠ મોટરનું ઉત્પાદન કરે છે અને એ બન્નેને એક એકમમાં જોડીને એ યુનિબિલ્ટ પમ્પનું નિર્માણ કરે છે.

પમ્પ મોટરના ઉત્પાદન ક્ષેત્રમાં જ્યોતિની દાયકાઓની તાંત્રિક જાણકારી, વિશેષજ્ઞતા તેમજ ઊંડા સંશોધનના ફલસ્વરૂપ યુનિબિલ્ટ પંપ ઉત્તમ કામગીરી બજાવવામાં મોખરે છે. એ વિપુલ પાણી પૂરું પાડે છે અને ઓછામાં ઓછા વિદ્યુત ખર્ચે ચાલે છે. વધુ અનાજ ઉગાડવા આપ નચિંતપણે યુનિબિલ્ટ પર આધાર રાખી શકો છો!

**જ્યોતિ યુનિબિલ્ટ**



ઉત્પાદક :
જ્યોતિ લિમિટેડ, વડોદરા ૩
***quality is our creed***



everest/716a/JY gj



આકૃતિ ૮

ઉમામહેશ્વર, કૉલેજ-મ્યૂઝિયમ ખંભાત

[ ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં ડૉ. જે. પી. અમીનનો લેખ ]



આકૃતિ ૭

લક્ષ્મીનારાયણ, પ્રતિજ્ઞેશ્વર મહાદેવ, ખંભાત

[ ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં ડૉ. જે. પી. અમીનનો લેખ ]